

## સપનાઓ અને સંવેદનાના કિનારે અડીખમ
## દેશની આર્થિક રાજધાની મુંબઈ


શ્રી

# ફીલિંગ્સ

ઝંખના કેવળ સત્યને પામવાની

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

ફેબ્રુઆરી - માર્ચ ૨૦૨૬ | કિંમત ₹ ૧૦૦/-

Global Edition




# મોજીલું મુંબઈ

## આમચી મુંબઈ

Read online : www.feelingsmultimedia.com

NSE




**ENABLING A BILLION DREAMS**

EMPOWERING **12.7 CRORE** UNIQUE INVESTORS ACROSS **99.85%** OF INDIA'S PIN CODES

ENABLED **Rs. 77 LAKH CRORE** IN FUND-MOBILISATION BETWEEN **FY22-FY26TD***

**488 IPOs** WITH A FUND-RAISING OF **Rs. 3.5 LAKH CRORE** IN 2024-2025

NSE'S EMERGE PLATFORM HAS ENABLED **709 SME IPOs** SINCE INCEPTION

M-CAP OF NSE-LISTED COMPANIES HAS GROWN BY **126x** AND **17% CAGR** SINCE INCEPTION.

*Till January 2026




# BHARAT BHAGYA VIDHATA

A Glorious and Prestigious Awards Function

Launching of **'MOJILU MUMBAI'** Edition
Showcasing Mumbai's Unique Spirit

Announcing **'BHARAT BUSINESS MEETS'**
Shaping the Business Networking of New Age World

**March 7, 2026, Saturday | 4.00 pm onwards**

**Venue:** National Stock Exchange (NSE) Atrium,
BKC, Bandra (E), Mumbai.

## IN ASSOCIATION WITH

Reliance Industries Limited

VENUE PARTNER
NSE

ગુજરાત સરકાર

EXCEL

RATNAMANI METALS & TUBES LTD.

MEDIA PARTNER
ચિત્રલેખા

BRIGHT OUTDOOR MEDIA LIMITED


S.S. WHITE Technologies Inc.

PRIDE HOTELS & RESORTS

Chandan MOUTH FRESHENER
Khaana Ki Happy Ending!

ANJALI Since 1974

**Acharya Devvrat**
Governor, Gujarat
Gandhinagar-382021



**संदेश**

'फीलिंग्स प्राइड ऑफ इंडिया अवॉर्ड' समारोह तथा 'फीलिंग्स' पत्रिका, मुंबई संस्करण के शुभारंभ के इस गौरवपूर्ण अवसर पर मैं आयोजकों, सम्मानित विभूतियों एवं इस पुनीत प्रयास से जुड़े सभी व्यक्तियों को हार्दिक शुभकामनाएं एवं बधाई देता हूं।

विगत अनेक वर्षों से 'फीलिंग्स' पत्रिका समाज के विविध क्षेत्रों में सत्य, संवेदना और संस्कार के मूल्यों को प्रतिबिंबित करती रही है। शिक्षा, संस्कृति, स्वास्थ्य, युवा शक्ति तथा राष्ट्रीय चिंतन जैसे विषयों के माध्यम से इस पत्रिका ने शासन और समाज के बीच आत्मीय संवाद का सशक्त सेतु निर्मित किया है।

'प्राइड ऑफ इंडिया अवॉर्ड' के माध्यम से देश-विदेश में कार्यरत प्रतिभाशाली भारतीयों को सम्मानित करने का यह प्रयास राष्ट्रीय गौरव को और अधिक सुदृढ़ करता है। यह आजादी का अमृतकाल है। प्रधानमंत्री श्री नरेंद्र मोदी जी के नेतृत्व में आत्मनिर्भर भारत निर्माण हेतु किए जा रहे हैं। राष्ट्रकार्य में किए जा रहे ऐसे प्रयास इसमें प्रेरणास्पद योगदान प्रदान करते हैं।

मुझे पूर्ण विश्वास है कि यह समारोह तथा 'फीलिंग्स' के मुंबई संस्करण का शुभारंभ भारतीय प्रतिभा, संस्कृति और मूल्यों को वैश्विक पटल पर और अधिक उजागर करेगा तथा आने वाली पीढ़ियों को सेवा, संकल्प और संवेदना के पथ पर अग्रसर होने की प्रेरणा देगा।

इस भव्य आयोजन की सफलता के लिए मैं सभी को हार्दिक शुभकामनाएं देता हूं।

(आचार्य देवव्रत)



**Bhupendra Patel**
Chief Minister, Gujarat State

**Message**

Different forms of media, such as newspapers, informative magazines and television channels and many more play vital role in dissemination of information to the masses, based on facts and truth. Being proactive promoters and partners in developmental programmes, the media has to play its role for enabling a just pro-governance administration and well-informed community. **Honourable Prime Minister Shree Narendra Modi** said in one of his addresses that *'Media plays a critical and positive role in highlighting Government policies for the people and changing their lives'*. Its contribution in popularizing government initiatives such as ***'Swachh Bharat Mission'*** that reflects the role of media is beyond the political domain. I appreciate dedication of the media fraternity to put the latest updates to people through their unique platforms.

I am much pleased to learn that the Vadodara based lifestyle and entertainment magazine **Feelings** is going to launch its **Mumbai First Edition-2026** in coming days. It is heartening to learn that along with current affairs, engaging articles, features and reviews on cultural, growth of Gujarat and CWG etc. will be published in the upcoming Mumbai editions. I hereby convey my best wishes to the dedicated team of **Feelings** and all the stakeholders for the success of new edition and for their future endeavours.

**(Bhupendra Patel)**

**Shree Atulbhai Shah,** *CMD & Editor,*
*Feelings Magazine,*
102-03-04, Pacific Plaza, Nr. Reliance Digital,
Opp. Urjita Hospital, VIP Road,
Karelibaug, Vadodara-390018.
Email: feelingsahm@yahoo.com

**Harsh Sanghavi**
**Deputy Chief Minister**
**Gujarat State**



It is often said in our scriptures that a person shapes their own destiny through right action. When intent is honest and effort is sincere, outcomes naturally follow. The journey of Feelings over the past 28 years stands as a living example of this belief.

Highly respected in the corporate and social spheres, Feelings has remained committed to positive and purposeful journalism. With a readership of over four million across more than 55 countries, the magazine has earned a place that feels less like a publication and more like a trusted family companion for Gujaratis worldwide.

The launch of the Mumbai edition is a proud and meaningful milestone. Mumbai is a city of influence, aspiration and cultural depth and your expansion into this vibrant landscape feels both timely and impactful. Reaching an affluent, educated and influential Gujarati community, supported by wide circulation across hotels, government offices, corporate houses and bookstores, reflects a clear and confident vision.

Your strong digital presence with over 100,000 followers, along with rich editorial content covering culture, Gujarat's growth journey and contemporary thought leadership, positions Feelings to make a lasting connection with readers in Mumbai and beyond.


**I extend my heartfelt best wishes to the entire Feelings family for the successful launch of the Mumbai edition. May this new chapter strengthen your mission, expand your influence and continue to inspire positive thinking and pride in Gujarati identity across the globe.**

Yours sincerely,

**(Harsh Sanghavi)**

**To,**
**Mr. Atul Shah, CMD & Editor,**
**Team Feelings Magazine.**

Kiran Asher,
Al-Ansari Group,
Muscat,
Oman.



Namaskar. Warm greetings from Muscat to Feelings Multimedia Ltd. and its entire team. I am happy toconvey my warm wishes and continued goodwill for Bharat Bhagya Vidhata. My compliments to all the distinguished guests, awardees and well-wishers of the Bharat Bhagya Vidhata.

My heart is very much with you all on this special occasion celebrating India's values, leadership and civilisation ethos. Feelings Multimedia has over the years built much more than a media house. It has built a movement of positive thought, dialogue and recognition. Bharat Bhagya Vidhata is a reflection of that vision reminding us of who we are, where we come from and the responsibility we carry as Indians wherever we are in this world. Today, as you gather leaders, achievers and change makers under one roof, I am confident this conclave will inspire meaningful dialogue and reinforce the spirit of Vasudeva Kutumbakam, a thought that world needs now more than ever.

Once again congratulations to all the awardees and my compliments to the Feelings Multimedia team for sustaining such a respected platform year after year. I wish Bharat Bhagya Vidhata 2026 a great success and look forward to connecting again in the near future.

With warm regards and Pranams to all.

Jai Hind.

To,
Mr. Atul Shah, CMD - Editor
Feelings Multimedia Ltd.








# અ નુ ક્ર મ ણિ કા


૧૦ પ્રાર્થનાની શક્તિ
- **ડૉ. આઇ.કે. વીજળીવાળા**

૧૨ એક જ કુળમાંથી ઉદ્ભવેલા ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ છાપ – અલગ છબી
- **ચાણક્ય**

૧૪ મુંબઈનો પ્રભાવશાળી ઈતિહાસઃ જ્ઞાન અને ગરિમાનો સમન્વય
- **માધવી ભુતા**

૨૦ અમે મુંબઈના રહેવાસી....!
- **પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા**

૨૨ ઈતિહાસના ઝાંખા અજવાળામાં ભાસતું મુંબઈ
- **સૌજન્યઃ પ્રદીપ પરમાર**

૨૪ મુંબઈની લાઇફલાઇન ગણાતા રેલવે સ્ટેશનોના નામનો રોચક ઈતિહાસ
- **નવીનકુમાર વજાણી**

૨૮ મુંબઈ મોરી મોરી રે...
- **દિલીપ રાવલ** (લેખક, અભિનેતા, ગીતકાર, કવિ, સંચાલક)

30 મુંબઈની મોનો રેલથી મેટ્રો સુધીની સફર
- **ફીલિંગ્સ ટીમ**

૩૨ અનેક ક્ષેત્રોનું કોર્પોરેટ હબ છે મુંબઈ
- **કાજોલ વજાણી**

૩૬ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) નવા યુગનું તાલિસ્માન
- **પરિમલ નથવાણી - ડાયરેક્ટર - કોર્પોરેટ અફેર્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તથા રાજ્યસભા સાંસદ**

૩૮ સીએસઆર કરતી કંપનીઓની મુંબઈમાં ખોટ નથી
- **નેહા વજાણી**

૪૨ સ્વપ્ન નગરી મુંબઈની શાન વધારતા આ દર્શનીય સ્થળોને કેમ ભૂલાય!
- **કેતન નાણાવટી**

૪૮ મુંબઈના તહેવારો
- **સંજય થોરાત 'સ્વજન'**

૫૨ સૂરોની નગરી મુંબઈઃ સંગીતકારોથી સજીવ બનેલું સ્વપ્ન
- **ફીલિંગ્સ ટીમ**

૫૮ કોરી આંખોમાં સપનાના વાવેતર કરતી ફિલ્મનગરી મુંબઈ
- **આર.જે. સચીન વજાણી**

૬૨ એક્ટરને રાતોરાત સુપર સ્ટાર બનાવતી બોલિવૂડની લોકપ્રિય ફિલ્મો
- **મિલન ઝાંખરા**

૬૪ વિજયગિરી બાવાઃ એક ચિંતનશીલ અને ધૈર્યશીલ સિનેમા સર્જક
- **શ્યામ પટેલ**

૬૮ મુંબઈની ખ્યાતનામ હોસ્પિટલોની સુવર્ણયુગની સફર
- **આર.જે. સચીન વજાણી**

૭૨ મુંબઈમાં જેવું માંગશો એવું ભણતર મળશે
- **કાજોલ વજાણી**


**લેખકો-પ્રકાશકો જોગઃ આપના તાજેતરમાં પ્રગટ થયેલાં પુસ્તકો અવલોકન/રિવ્યૂ માટે અમોને મોકલી શકશો....**







૭૮ મંત્રમુગ્ધ કરી દેતા મુંબઈ નજીકના આ હિલ સ્ટેશનો

**- મુકેશ પારેખ**

૮૬ બહુભાષી પ્રજાની પચરંગી નગરી મુંબઈની અખબારી આલમનો આયનો

**- યજ્ઞેશ આચાર્ય**

૮૯ જિનશાસનનું ગૌરવ વધારતા વિનમ્ર અને વિચક્ષણ દાનવીર એવા ભાઈશ્રી.....

**- ફીલિંગ્સ ટીમ**

૯૦ મુંબઈના આ મહાનુભાવોની નજરે નીરખીએ... દરિયાદિલ મુંબઈને

**- દીપા દેસાઈ**

૯૪ ધોળા દિવસે પણ જતાં ડર લાગે તેવા મુંબઈના ડરામણાં સ્થળો

**- મિહિર આર. ઓઝા**

૯૮ જીવનથી પ્રેરિત કળાના અનોખા આર્ટિસ્ટ કાનન ખાંટ

**- કૃપાલી પટેલ**

૧૦૪ મસ્તીમાં કૉન્સ્યુલેટ, કૉન્સ્યુલેટમાં મસ્તીઃ અમેરિકન વિઝા મેળવવાના ખટ–મધુરા અનુભવો શેર કરતાં કલાકારો

**- સ્વ. ડૉ. સુધીર શાહ (મુંબઈ)**

૧૦૭ મુંબઈની ઓળખ જેના વગર અધુરી લાગે તે 'બોમ્બે હલવો' સ્વાદ, પરંપરા અને મીઠાશનું અદ્‌ભૂત સંયોજન

**- ફીલિંગ્સ ટીમ**

૧૦૮ મુંબઈની ફેશન સ્ટ્રીટઃ રસ્તા પર ચાલતું જીવન

**- પ્રિયદર્શી**

૧૧૦ ઉત્તમ મેનેજમેન્ટનું આદર્શ ઉદાહરણ મુંબઈના ડબ્બાવાળા

**- ફીલિંગ્સ ટીમ**

૧૧૨ આમચી મુંબઈ – આમચા વડાપાવ..!

**- સંજય થોરાત 'સ્વજન'**

૧૧૪ અમદાવાદમાં યોજાયો લાઠી ગ્રૂપ પરિવારનો સ્નેહમિલન સમારંભ

**- રાજેશ પટેલ**

૧૧૫ ફાસ્ટ લાઈફ : સમયને પકડવાની રેસ

**- 'બધિર' અમદાવાદી**

૧૧૬ મુંબઈની વરવી વાસ્તવિકતા 'ધારાવી'

**- ડૉ. ભરત જાદવ 'નિરપેક્ષ'**

૧૧૮ અનેક પ્રજ્ઞાચક્ષુ આંખોમાં દ્રષ્ટિનો પ્રકાશ રેલાવનાર મુંબઈના 'મહામાનવ' શ્રી જશવંત મહેતા

**- ફીલિંગ્સ ટીમ**

૧૨૧ રાશી ભવિષ્ય

૧૨૪ ફીલિંગ્સ મિર્ચી



**ફીલિંગ્સ મલ્ટીમિડીયા લી. ૧૦૨-૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (મો.) ૯૮૨૫૫૩ ૨૮૪૮૮**

# PRIDE HOTELS & RESORTS

PRIDE HOTELS LIMITED

PRIDE PLAZA | PRIDE PREMIER | PRIDE ELITE | Biznotel BY PRIDE

## TRULY INDIAN. TRADITIONALLY LUXURIOUS.

Over 38 years of experience managing a diverse range of hotels and resorts.



Pride Plaza Aerocity New Delhi



Pride Plaza Ahmedabad


Pride Premier Udaipur



Pride Premier Nagpur


Pride Premier Bhopal

## Own. Develop. Manage. Operate.

- 2,723 keys across 34 operational hotels and resorts in 32 cities*
- A confirmed upcoming addition of 32 hotels and 2341 keys across 30 cities in India
- Operate more than 90+ Banquets & 50 F&B outlets (Restaurants, Bars, Coffee shops and Bakeries)**
- 4th largest among domestic chains within family promoted hotel companies*
- 6th Largest hotel chain in India in terms of chain-owned inventory in the upscale, upper midscale and midscale segments
- Presence in major cities, including Delhi, Ahmedabad, Kolkata, Pune, Bengaluru, Chennai,

*As of June 30, 2025 | **As on date of this Draft Herring Prospectus

1800 209 1400 pridehotel.com

centralreservations@pridehotel.com

USE Promocode :
**PRIDE26**for exclusive offers


PRIDE HOTELS LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the DRHP dated September 30, 2025, with SEBI and the Stock Exchanges on September 30, 2025. The DRHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.pridehotel.com and on the websites of the Book Running Lead Managers ("BRLMs"), i.e. Motilal Oswal Investment Advisors Limited and JM Financial Limited at www.motilaloswalgroup.com and www.jmfl.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see 'Risk Factors' on page 41 of the DRHP filed with SEBI and the Stock Exchanges. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision. The Equity Shares offered in the Offer have not been have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act"), and may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside of the United States in "offshore transactions" in reliance on Regulation S and the applicable laws of thejurisdiction where those offers and sales occur.

# વાચકોના પ્રતિભાવ, વાચકોની કલમે...

## પ્રતિભાવ મોકલાવો આ રીતે


**આપના પ્રતિભાવ ફોટા સાથે અહીં મોકલો**

૧૦૨-૦૩-૦૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત.
મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**ઈ-મેલ દ્વારા**

info@feelingsmultimedia.com
atulshah496@gmail.com

**વેબસાઈટ /ઈ-મેગેઝિન દ્વારા**

www.feelingsmultimedia.com

**FOLLOW US ON:**

**@feelingsmultimedia**


After reading the January–2026 edition of Feelings magazine, we feel proud to be its regular readers. Its wide national and international reach and insightful articles make it a truly enriching family reading experience.


**- Swati Patel (UK)**

Best wishes to Feelings magazine for the 'Mojilu Mumbai' March–2026 edition, may our bond grow stronger as it continues to inspire and delight readers.

**- Abhishek Tyagi (NJ, USA)**

ફીલિંગ્સનો જાન્યુઆરી-૨૦૨૬નો અંક ખરેખર અત્યંત મનોરંજક અને વિચારપ્રેરક રહ્યો. ઋતુરાજ વસંતના સૌંદર્યને શબ્દોમાં પાથરતો ડૉ. ભરત જાદવનો લેખ વાંચતાં જાણે પ્રકૃતિ પોતે વાચકને પોતાના ખોળામાં આમંત્રિત કરતી હોય તેવો અનુભવ થાય છે. પ્રિન્ટ થયેલા પાનાંઓમાંથી કેસૂડાના ફૂલોના રંગો અને સૌંદર્ય જીવંત બનીને મનને આહલાદિત કરે છે. કવર પેજ પણ એટલું જ આકર્ષક અને મનોહર છે.

**– મનોજ મિસ્ત્રી, ચેતના સુથાર**
**(કપડવંજ)**




ફીલિંગ્સ મેગેઝિનના જાન્યુઆરી-૨૦૨૬ના અંકમાં આવરી લેવાયેલા સામાજિક જવાબદારીને ઉજાગર કરતા લેખો વાંચીને હૃદયમાં ભારતીય હોવાનો ગર્વ થયો. સમાજસેવાના ક્ષેત્રે શ્રીમતી નીતાબેન અંબાણી દ્વારા કરવામાં આવતી અવિરત સેવાકાર્યોની અસરકારક રજૂઆત પ્રશંસનીય છે. રમત-જગતના ખેલાડીઓને સન્માનિત કરીને તેમણે સમાજ પ્રત્યેના પોતાના ઋણને સમર્પણભાવથી અદા કર્યું છે.

**– ઈનાયત મન્સુરી, ઝુબેદા મન્સુરી**
**(હિંમતનગર)**

પચાસ વર્ષ બાદ પણ ફિલ્મ શોલે આજે પણ એટલી જ યુવાન લાગે છે અને દરેક વયના દર્શકોને પોતાની તરફ આકર્ષે છે – એ ભારતીય સિનેમાનું ગૌરવ છે. આવી અમર ફિલ્મોની રસસભર વાતો ફીલિંગ્સમાં વાંચવા મળી તેનો આનંદ છે. ફીલિંગ્સ ટીમને અભિનંદન.

**– ભારતી જોબનપુત્રા, રેખા ઠક્કર**
**(નખત્રાણા, કચ્છ)**

દેશ-વિદેશમાં ફેલાયેલા ૭૫,૦૦૦ થી વધુ સભ્યો ધરાવતા જૈન સોશિયલ ગ્રૂપ્સના હીરક મહોત્સવની ઉજવણી અને તેમની સેવા પ્રવૃત્તિઓ વિશેની વિગતવાર માહિતી આપતો લેખ અત્યંત પ્રશંસનીય રહ્યો. સામાજિક સેવા ક્ષેત્રે જૈન સમુદાયનું યોગદાન હંમેશા પ્રેરણાદાયક રહ્યું છે, જેનું સુંદર પ્રતિબિંબ આ લેખમાં જોવા મળ્યું. ફીલિંગ્સ દ્વારા કરાયેલું કવરેજ અભિનંદનીય છે.

**– શાંતિલાલ મહેતા, શ્રેયાંસ મહેતા,**
**પલ્લવી શાહ (ઘાટકોપર, મુંબઈ)**

ફીલિંગ્સનો જાન્યુઆરી-૨૦૨૬નો અંક, તેનું સુંદર લેઆઉટ, આકર્ષક ફોટોગ્રાફ્સ અને વિવિધ માહિતીસભર લેખો વાંચીને મન સંપૂર્ણ રીતે તૃપ્ત થયું. 'પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશિયલી એબલ્ડ'ના વાર્ષિક ઉત્સવ અંગેનો લેખ, ખાસ કરીને હૃદયને સ્પર્શી ગયો. આવા બાળકોને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો સતત થવા જોઈએ.

**– ચિન્મય પટેલ, રક્ષા પટેલ**
**(વાસણા, અમદાવાદ)**

વિદ્યાર્થી જગત માટે ઉપયોગી એવો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિષયક લેખ શિક્ષકો અને વાલીઓને પણ વિદ્યાર્થીઓના ભવિષ્ય અંગે ચિંતામુક્ત બનાવતો અત્યંત રસપ્રદ રહ્યો. આવી સમયોચિત અને માર્ગદર્શક માહિતી આપતા રહો તેવી ફીલિંગ્સના લેખકવર્ગ પાસેથી અપેક્ષા છે.

**– કેતકીબેન માલસરીયા, આર. ટી. ઝાલા,**
**શુભાંગી ઠાકોર (પોરબંદર)**

જાન્યુઆરી-૨૦૨૬નો અંક વાંચીને એવું લાગ્યું કે જાણે એક જ અંકમાં સાહિત્ય, સમાજ, સંસ્કૃતિ અને સમયની નાડી એકસાથે સ્પર્શી ગઈ. ખાસ કરીને મહિલા સશક્તિકરણ અને સમાજલક્ષી વિષયોની સંતુલિત અને સંવેદનશીલ વાતો પ્રશંસનીય છે.

**– મીનાબેન શાહ, દીપક શાહ (સુરત)**

આ અંકના ફોટોગ્રાફ્સ અને ડિઝાઇન એટલા જીવંત છે કે દરેક પાનું વાંચવાનું મન થાય. માત્ર વાંચન નહીં, પરંતુ જોવાની પણ એક સુંદર અનુભૂતિ ફીલિંગ્સ આપે છે – જે આજના મેગેઝિન જગતમાં દુર્લભ છે.

**– પ્રફુલ પટેલ, સ્નેહલબેન ત્રિવેદી,**
**હર્ષદ દવે (રાજકોટ)**

ફીલિંગ્સના લેખોમાં દેખાતી ભાષાની સરળતા અને ભાવની ઊંડાઈ વાચકને સતત જોડીને રાખે છે. આ અંક વાંચીને એવું લાગ્યું કે ફીલિંગ્સ માત્ર મેગેઝિન નથી, પરંતુ વિચારધારા છે.

**– મુકેશ પંડ્યા (ભાવનગર)**

**સમગ્ર વિશ્વ આજે યુદ્ધ, આતંકવાદ અને કુદરતી આફતોથી ઘવાયેલું છે. જળ-વાયુ પરિવર્તનના કારણે માનવજાતિ તન, મન, ધનથી નિર્બળ બની રહી છે. મનુષ્ય અજંપો, બેચેની, હતાશા જેવી માનસિક સમસ્યાઓનો શિકાર બનતો જાય છે. સમાજમાં આત્મહત્યાના કિસ્સા વધી રહ્યાં છે. 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' આવી પરિસ્થિતિમાં મુકાયેલા આબાલ-વૃદ્ધ દરેક વ્યક્તિઓની સહાયતા માટે 24x7 સદૈવ તત્પર છે. જો આપ આવી કોઈપણ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે દર્શાવિલ નંબર પર વોટ્સઅપ મેસેજ/ઈ-મેલ કરશો. ફીલિંગ્સ આપના માટે હર સંભવ તમામ પ્રયાસો કરશે. આપની ઓળખ અને સમસ્યા સંપૂર્ણપણે ગોપનીય રહેશે.**

Whatsapp No
+91-98253 28488

Feelings Foundation

Email
feelingsfoundation2010@gmail.com

૯૦ વર્ષોથી

Since 1935
રેંટિયો®
દેસી તુવેર દાળ

# ફાસ્ટર કુકીંગ... ટેસ્ટીઅર...

સીઝનની
નવી

અનપોલિશ્ડ
ડ્રાય પ્રોસેસ્ડ




PROMSERVE/23022026

Customer Care: 9429313115
Follow Us : @RENTIOFOODS • www.rentiofoods.com

'Feelings'-International Gujarati Family Magazine

# ફીલિંગ્સ

સ્પંદના કેવળ સત્યને પામવાની

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**તંત્રી-માલિક-પ્રકાશક : અતુલ શાહ**

| | |
|---|---|
| ડાયરેક્ટર | : સંગીતા શાહ, ખ્યાતિ શાહ |
| એક્ઝિ. ડાયરેક્ટર | : દીપ્તિ દેઢિયા |
| ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ | : દેવાંશી શાહ |
| માર્કેટિંગ કન્સલ્ટન્ટ | : અરવિંદ પુરોહિત |
| એડવાઈઝર | : મહેન્દ્ર શાહ |
| સરક્યુલેશન | : નિલેશ બારીયા |
| ફોટોગ્રાફર | : ચેતન મિસ્ત્રી |

**ઈન્ટરનેશનલ ઓફિસ**

**FEELINGS MULTIMEDIA LTD**

USA

**Atlanta Georgia**

**Khyati Shah (Director)** Ph.: +001 404 952 5304

**Email** - khyatishah88@gmail.com

**New Jersey :** Sanjeev Pandya

Dr. Arun Mehta - Promotional Exe. PH.: 732-261-8392

**California (West Coast) :** Vijay Shah Journalist

**Chicago :** 2609 W. Devon Avenue, Chicago IL 60659

**U.K. :** Mkt. Head - Ashish Popat - M.: +44(O)7753386909

**KENYA OFFICE :**

P. O. BOX 1980-00232 - Ruiru (Nairobi) - KENYA-E.AFRICA

**રિજિયોનલ ઓફિસ**

**મુંબઈ**

૫૯, બીજો માળ, રત્નજ્યોત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઈરલા લેન, અંબા માતા ચોક, વિલે-પારલે (પૂર્વ) મુંબઈ ૪૦૦૦૫૬. મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**અમદાવાદ**

બ્યુરો ચીફ : જિજ્ઞા પુજારા - મો. ૯૦૯૯૦ ૧૦૩૦૯

સુરેશ ઠક્કર - મો. ૯૮૨૫૦ ૦૮૫૭૭,

જર્નાલિસ્ટ : અપુર્વ ઠક્કર - મો. ૭૪૩૫૦ ૧૭૮૫૦

**ગાંધીનગર** - કેતન નાણાવટી - મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫

**સુરત** - મો. ૦૯૮૨૪૩ ૧૩૧૩૨

**રાજકોટ** (સૌરાષ્ટ્ર) :

માર્કેટિંગ એડવાઈઝર : નીતિન વસાણી - મો. ૯૮૨૫૨ ૫૮૪૫૧

પ્રદીપસિંહ જાડેજા - મો. ૯૪૨૬૨ ૬૩૪૪૬

**આણંદ :** બી.આર. રાઠોડ - મો. ૭૬૦૦૭ ૬૮૧૨૦

મેગેઝિન વર્લ્ડ - ફો. ૦૨૬૯૨-૨૪૪૫૮૨

**વાર્ષિક લવાજમ**

ભારતમાં : રૂા. ૧૧૦૦/-

વિદેશમાં : **100 US Dollars**

**આજીવન સભ્યપદ**

ભારતમાં : રૂા. ૫૧,૦૦૦/- વિદેશમાં : **7000 US Dollars**

ચેક/ડ્રાફ્ટ **Feelings Multimedia Ltd.**ના નામે મોકલવો

**ફેબ્રુઆરી – માર્ચ – ૨૦૨૬**

**વર્ષ-૨૮ સળંગ અંક : ૫૬૯**

**મુખ્ય કાર્યાલય**

**FEELINGS** MULTIMEDIA LIMITED

૧૦૨-૩-૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત. (મો.) ૦૯૮૨૫૩ ૨૮૪૮૮

E-mail : info@feelingsmultimedia.com

atulshah496@gmail.com

Web : www.feelingsmultimedia.com

**Feelings Foundation**

80-G(5)No BRD/CIT-III/104/80-G/119-F/2011-12/486

Member

INS **THE INDIAN NEWSPAPER SOCIETY**



## તંત્રીસ્થાનેથી



# મોજીલું મુંબઈ... મારું મુંબઈ... આમચી મુંબઈ

ગુજરાત અને મહારાષ્ટ્ર એવા બે રાજ્યો છે. જેનો ઈતિહાસ, જેની સંસ્કૃતિ અને જેનો રાજકીય વારસો લાંબા સમય સુધી એકબીજા સાથે જોડાયેલો રહ્યો છે. એક જ કુળમાંથી ઉદ્‌ભવેલા આ બંને રાજ્યોએ આજે પોતાની એક આગવી પ્રતિભાશાળી ઓળખ ઉભી કરી છે. સ્વતંત્રતા પછી ભાષાવાર રાજ્યોની માંગના કારણે ૧૯૬૦માં મુંબઈ રાજ્યનું વિભાજન થતાં ગુજરાત અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું. વિભાજન પછી આ બંને રાજ્યો વિકાસના રાજમાર્ગે અવિરત દોડતા રહ્યા છે.

'ફીલિંગ્સ' પોતાની મુંબઈ આવૃત્તિના આ પ્રથમ અંકમાં લાવ્યું છે, દેશની આર્થિક રાજધાની ગણાતા મોજીલા મુંબઈની અવનવી વાતોનો રસથાળ. જેમાં માણશો મુંબઈનો પ્રભાવશાળી ઈતિહાસ માધવી ભુતાની કલમે. સ્વપ્નનગરી મુંબઈના દર્શનીય સ્થળોની સાથો-સાથ મુંબઈ નજીકના હિલસ્ટેશનો પણ મંત્રમુગ્ધ કરી દે તેવા છે. મોનોરેલથી મેટ્રો સુધીની સફર કરેલ આ મહાનગરની 'લાઈફલાઈન' ગણાતા રેલ્વે સ્ટેશનોનો રોચક ઈતિહાસ સાચે જ નોલેજેબલ છે. કોરી આંખોમાં સપનાના વાવેતર કરતી અહીંની ફિલ્મી દુનિયાની સાથે મુંબઈના મહાનુભાવોની નજરે 'દરિયાદિલ મુંબઈ'ને નિહાળવાનો પણ એક અનોખો આનંદ છે.

જેવું માંગો તેવું ભણતર પણ અહીં ઉપલબ્ધ છે. અહીંની સુપ્રસિદ્ધ હોસ્પિટલોના સુવર્ણ યુગની સફર જાણે કહી રહી છે કે, મુંબઈ...મોરી...મોરી રે....


સૂરોની આ નગરી આજે અનેક સંગીતકારોના સજીવ બનેલા સપનાઓની સાક્ષી બનીને ઉભી છે. દેશની આર્થિક રાજધાની ગણાતું મુંબઈ અનેક ક્ષેત્રોનું કોર્પોરેટ હબ બન્યું છે. બહુભાષી પ્રજાની આ પચરંગી નગરીના અખબારી આલમનો આયનો યજ્ઞેશ આચાર્યની કલમે નીરખવા જેવો છે હોં...

છેલ્લા અઠ્ઠાવીસ વર્ષોથી પોતાની સફળ શબ્દયાત્રાનો વ્યાપ વધારતું 'ફીલિંગ્સ' મેગેઝિન હવે બનશે મુંબઈનો પોતાનો અવાજ. 'પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ' સમારોહના મંગલપર્વે 'ફીલિંગ્સ'ની મુંબઈ આવૃત્તિનો થતો શુભ આરંભ મુંબઈ સહિત દેશ-વિદેશના ગુજરાતીઓ માટે ગર્વ અને ગૌરવનો અવસર બન્યો જેનો અનહદ આનંદ છે.

ઉનાળો હવે પોતાનો પ્રભાવ વધારી રહ્યો છે ત્યારે પક્ષીઓ માટે ચણ અને પાણીની વ્યવસ્થા કરી 'જીવદયા'માં સહભાગી બનીએ તેમજ ખાન-પાનની વિશેષ કાળજી લઈ તંદુરસ્તી જાળવીએ એ જ અભ્યર્થના સહ.... અસ્તુ.

અતુલ શાહ

એડિટર




AsoPalav®
Celebrating 50 Years

50 Years • 5 Eras • One Legacy
An ode to the Women who chose
Us through the Years

AHMEDABAD I SURAT I VADODARA
asopalav.com I follow us on



ડૉ. આઈ.કે. વીજળીવાળા

# પ્રાર્થનાની શક્તિ

અમેરિકાના મિશિગન રાજ્યના એક ચર્ચના પાદરી ખૂબ જ ભલા માણસ હતા. ત્યાંના લોકોને એમના માટે ખૂબ જ આદર હતો. એમણે પોતાની યુવાનીના દિવસો આફ્રિકાના એક અંતરિયાળ વિસ્તારના અત્યંત પછાત આદિવાસી લોકોની સેવા કરવા માટે ગાળેલા. એ વખતે પાદરી જંગલની બાજુના શહેરમાં આવેલી બેંકમાંથી નાણાં ઉપાડી જરૂરી વસ્તુઓ ખરીદી સાઈકલ પર જંગલમાં પાછા આવી જતા. શહેરની દુકાનવાળો પોતાના વાહનમાં બીજા દિવસે અનાજ-કરિયાણું મૂકી જતો. પાદરી ફક્ત રોકડ રકમ અને દવાઓ જોડે સાઈકલ પર લઈ આવતા જતા અને પાછા ફરતાં એમને જંગલમાં એક રાત્રિનું રોકાણ કરવું પડતું. પોતે નાનકડો તંબૂ સાઈકલ પર સાથે જ રાખતા. આમ ને આમ એમણે વરસો સુધી એ વિસ્તારના લોકોની સેવા કરેલી. ઉંમર થતાં હવે એ મિશિગન પાછા આવી ગયા હતા.

એક દિવસ રવિવારે સામૂહિક પ્રાર્થના વખતે એ ભગવાનની અપાર લીલાની વાતો કરતા હતા. એ વખતે એમણે પોતે જ્યારે આફ્રિકાના જંગલમાં સેવા કરતા હતા ત્યારે બનેલો એક પ્રસંગ કહ્યો. ભગવાનની ઘણી વાતો આપણને ક્યારેય ન સમજાય છતાં બનતી હોય છે તેવું જણાવવા માટે જ એમણે આ કિસ્સો કહેલો.

એમના કહેવા પ્રમાણે એક દિવસ પાદરી પોતે જ્યારે વસ્તુઓ લેવા શહેરમાં પહોંચ્યા ત્યારે એક માણસને એમણે વાહન અકસ્માતમાં ઘવાયેલો જોયો. ફાધરે એની સારવાર કરેલી અને એ માણસને ખવડાવેલું પણ ખરું. એમનો આભાર માનીને એ ત્યારે તો જતો રહેલો પણ પંદરેક દિવસ પછી પાદરી જ્યારે પાછા એ શહેરમાં આવ્યા ત્યારે એ જ માણસ રસ્તાની વચ્ચે એમના પગ પકડીને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યો. કારણ પૂછતાં એણે જણાવેલું કે ફાધર બેંકમાંથી પૈસા લઈને કાયમ પાછા જાય છે એની એને અને એના બીજા બે સાથીઓને જાણ હતી. એમણે ફાધરને એક રાતે મારી નાખવાની યોજના કરેલી. પણ રાતે ફાધરના તંબૂ પાસે પહોંચીને જોયું તો છવ્વીસ માણસો આધુનિક શસ્ત્રો ધારણ કરીને તંબુની રક્ષા કરી રહ્યા હતા. એ જોઈ લૂંટવાનો વિચાર પડતો મૂકીને એ લોકો પાછા આવી ગયેલા. આવ્યા પછી એ માણસને ખૂબ જ પસ્તાવો થયો હતો. પાદરીના ઉપકારની સામે પોતાનું કૃત્ય એને ખૂબ જ હીન લાગતાં એ આજે માફી માંગવા આવ્યો હતો.

આટલી વાત કરીને પાદરીએ ત્યાં હાજર રહેલા માણસોને કહ્યું આને તમે પ્રભુની અપાર લીલા ન ગણો તો બીજું શું ગણો? હું તો એ જંગલમાં સાવ એકલો અને નિઃશસ્ત્ર સૂતેલો પણ પેલા માણસને મારી રક્ષા કરતાં છવ્વીસ સૈનિકો દેખાયા! આ ભ્રમ એમના મગજમાં ભગવાને જ ઊભો કરેલો કે બીજું કાંઈ? એટલે એની લીલા ખરેખર અપાર છે.

હજુ તો પાદરી પોતાનું વક્તવ્ય પૂરું કરે એ પહેલાં તો શ્રોતાઓમાંથી એક ઊભો થઈને બોલ્યો, ફાધર! આ ઘટના ફલાણા વરસની ફેબ્રુઆરીની પચીસ તારીખની છે?

પાદરી તેમજ ત્યાં ઉપસ્થિત અન્ય શ્રોતાઓને આશ્ચર્ય થયું. પાદરીએ હા પાડી કે સાચ્ચે જ એ વાત જે-તે વરસના ફેબ્રુઆરી મહિનાની પચીસ તારીખની રાતની જ છે! પાદરીને બીજું આશ્ચર્ય એ પણ થયું કે હજારો કિલોમીટર્સ દૂર બેઠેલા આ માણસને આ વાતની કેમ ખબર પડી, કારણ કે પોતાના અને પેલા આફ્રિકન માણસ સિવાય કોઈ ત્રીજી વ્યક્તિ તો આ વાત જાણતી નહોતી. પાદરીએ એ માણસને મંચ પર આવવા કહ્યું.

એ માણસે આવીને પાદરી તેમજ અન્ય શ્રોતાઓને ઉદ્દેશીને કહ્યું, એ દિવસે ૨૫ ફેબ્રુઆરીનો બપોરનો સમય હતો. આફ્રિકામાં ત્યારે રાત હશે. આ ફાધર માટે અમને થોડાક મિત્રોને પહેલાથી જ ખૂબ આદર. એ જ્યારે પણ આફ્રિકાથી આવીને ત્યાંની વાતો કરતા ત્યારે અમે અચૂક હાજર રહેતા. ફાધર પણ આ વાત નહીં જાણતા હોય પણ અમે એમની સલામતી અને તંદુરસ્તી માટે હંમેશાં પ્રાર્થના કરતાં.

એ દિવસે બપોરે લોકલ ગોલ્ફ કલબ જે બાજુમાં જ આવેલી છે ત્યાં અમે સૌ ગોલ્ફ રમી રહ્યા હતા. ખબર નહીં કે શું થયું પણ અમને સૌને આ ફાધર માટે પ્રાર્થના કરવાની અદમ્ય ઈચ્છા થઈ આવી. નવાઈની વાત તો એ હતી કે અમને સૌને આવી ઈચ્છા એકસાથે થઈ આવી હતી. અમે બધા મિત્રો આ ચર્ચમાં આવ્યા અને ફાધરની સલામતી માટે લગભગ એકાદ કલાક પ્રાર્થના કરી. એ વખતે એવા ભાવથી અને સાચા દિલથી અમે પ્રાર્થના કરેલી કે દરેકની આંખમાંથી આંસુ વહેતાં હતાં. હું એ દિવસે મારી જોડે ચર્ચમાં હાજર રહેલા મારા મિત્રોને વિનંતી કરું છું કે એ લોકો જો આજે હાજર હોય તો ઊભા થાય.


ચર્ચમાં દિવ્ય શાંતિ છવાઈ ગઈ. થોડાક માણસો ઊભા થયાં. ફાધરે એમની સંખ્યા ગણી. મંચ પર ઊભેલો માણસ મળીને એ સંખ્યા હતી પૂરી છવ્વીસ!


NK Proteins
ખાના બનાયે હેલ્ધી
ફેમિલી રહે હેપ્પી
Refined
TIRUPATI
Cottonseed Oil
REFINED COTTONSEED OIL
TIRUPATI
Edible Oils
HEALTHY WAALI
HAPPINESS
જે પરિવારમાં પૌષ્ટિક ભોજન બને છે તે પરિવાર હંમેશા ખુશ-ખુશાલ રહે છે. મહત્વપૂર્ણ ન્યુટ્રીયંટ્સ અને વિટામિન્સથી
ભરપૂર તિરુપતિ ઓઈલ થી તમે જે પણ બનાવશો તે બનશે હળવું, સ્વાદિષ્ટ અને પોષણથી ભરપૂર.
તો પ્રેમથી બનાવો અને દરરોજ ખુશી પીરસો.
ટોકોફેરોલ, વિટામિન્સ અને ન્યુટ્રીયંટ્સથી ભરપૂર, સારા કોલેસ્ટ્રોલને વધારે.
''હેલ્થી વાળી હેપીનેસ'' આવે છે હેલ્થી લાઇફ સ્ટાઇલથી. તિરુપતિ એડીબલ ઓઇલ્સ એક હેલ્થી લાઇફ સ્ટાઇલની ભલામણ કરે છે, જેમાં ઓઇલનો સંતુલિત ઉપયોગ, પૌષ્ટિક આહાર અને નિયમિત વ્યાયામનો સમાવેશ થાય છે. ક્લિનિકલ પરીક્ષણના આધારે. વ્યક્તિગત પરિણામો અલગ અલગ હોઈ શકે છે.

### એક જ કુળમાંથી ઉદ્ભવેલા

# ગુજરાત અને મહારાષ્ટ્ર

## અલગ છાપ - અલગ છબી




ભારતની ઓળખ તેની વૈવિધ્યસભર સંસ્કૃતિ, ભાષાઓ અને પ્રાદેશિક સ્વભાવમાં છુપાયેલી છે. આ વૈવિધ્યમાં ઘણી વાર એવું જોવા મળે છે કે એક જ ઐતિહાસિક પૃષ્ઠભૂમિમાંથી ઉદ્ભવેલા પ્રદેશો સમય જતાં પોતાની અલગ ઓળખ, છાપ અને પ્રતિમા ઊભી કરે છે. ગુજરાત અને મહારાષ્ટ્ર એવાં બે રાજ્યો છે, જેનો ઈતિહાસ, સંસ્કૃતિ અને રાજકીય વારસો લાંબા સમય સુધી એકબીજા સાથે જોડાયેલો રહ્યો છે, છતાં આજના સમયમાં બંને રાજ્યોની છબી અને સામાજિક છાપ અલગ અલગ રીતે ઉભરી આવી છે. આ બંને રાજ્યોને 'એક જ કુળ'માંથી ઉદ્ભવેલા કહેવાં અયોગ્ય નથી, કારણ કે તેમની મૂળ ઐતિહાસિક, રાજકીય અને સાંસ્કૃતિક ધારા એક જ રહી છે.

**એક જ ઐતિહાસિક મૂળ : એક કુળની શરૂઆત**

પ્રાચીન અને મધ્યયુગીન સમયમાં ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ અલગ રાજ્યો તરીકે અસ્તિત્વમાં નહોતા. મૌર્ય, ગુપ્ત, ચાલુક્ય, રાષ્ટ્રકૂટ અને બાદમાં મુઘલ શાસન હેઠળ આ બંને પ્રદેશો એક જ રાજકીય વ્યવસ્થાનો ભાગ રહ્યા. વેપાર માર્ગો, યાત્રાધામો અને સાંસ્કૃતિક પ્રવાહો બંને પ્રદેશોમાં સહજ રીતે વહેતા. સમુદ્રી વેપાર માટે ગુજરાત અને આંતરિક વેપાર માટે મહારાષ્ટ્ર એકબીજાના પૂરક હતા.

બ્રિટિશ શાસન દરમિયાન આ સામ્ય વધુ સ્પષ્ટ થયું, જ્યારે બંને પ્રદેશોને એક કરી 'બોમ્બે પ્રેસિડેન્સી' બનાવવામાં આવી. વહીવટી દૃષ્ટિએ આ એક રાજ્ય હતું, જ્યાં ગુજરાતી અને મરાઠી ભાષી લોકો એક જ રાજકીય માળખામાં રહેતા. આ સમયગાળામાં બંને પ્રદેશોની આર્થિક અને શૈક્ષણિક ગતિ એકબીજાથી ગાઢ રીતે જોડાઈ ગઈ.

**વિભાજન પછીની ઓળખ : એક કુળમાંથી બે માર્ગ**

૧૯૪૭ પછી જ્યારે ભારત સ્વતંત્ર બન્યું ત્યારે ભાષાવાર રાજ્યોની માંગ ઊઠી. ૧૯૬૦માં મુંબઈ રાજ્યનું વિભાજન થયું અને અલગ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યો રચાયા. અહીંથી એક જ કુળમાંથી ઉદ્ભવેલા આ બે 'ભાઈ' રાજ્યો અલગ અલગ માર્ગે આગળ વધવા લાગ્યા.



આ વિભાજન માત્ર વહીવટી ન હતું, પરંતુ માનસિક અને સાંસ્કૃતિક સ્તરે પણ નવી ઓળખ ઘડનારું સાબિત થયું. ત્યારપછી બંને રાજ્યોની પોતાની છબી રચાવા લાગી, જે આજે સ્પષ્ટ રીતે અલગ દેખાય છે.

**ગુજરાતની છબી : ઉદ્યોગ, શિસ્ત અને વ્યવસાયિકતા**

ગુજરાતની છબી સામાન્ય રીતે એક ઉદ્યોગપ્રધાન, વ્યવસાયિક અને શિસ્તબદ્ધ રાજ્ય તરીકે ઉભરી આવે છે. અહીંના લોકો વેપાર, ઉદ્યોગ અને સાહસિકતા માટે ઓળખાય છે. 'ગુજરાતી વેપારી' અથવા 'બિઝનેસ માઈન્ડ' જેવી છાપ સમગ્ર ભારતમાં જાણીતી છે.

ગુજરાતમાં વિકાસને આયોજન, ઝડપ અને કાર્યક્ષમતાથી જોડીને જોવામાં આવે છે. બંદરો, ઔદ્યોગિક વિસ્તારો,

એક્સપોર્ટ હબ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર રાજ્યની છબીને વધુ મજબૂત કરે છે. સામાજિક સ્તરે ગુજરાતમાં સમાજ કલ્યાણ આધારિત જીવન, પરિવારપ્રધાન સંસ્કૃતિ અને સામૂહિક શિસ્તને મહત્વ આપવામાં આવે છે. આ બધું મળીને ગુજરાતની એક એવી છબી બનાવે છે કે જે સ્થિર, વ્યવહારુ અને પરિણામલક્ષી લાગે છે.

**મહારાષ્ટ્રની છબી : વૈવિધ્ય, સંઘર્ષ અને મહત્ત્વાકાંક્ષા**

મહારાષ્ટ્રની છબી ગુજરાતથી અલગ છે. અહીં વૈવિધ્ય, સંઘર્ષ અને મહત્ત્વાકાંક્ષા મુખ્ય લક્ષણો તરીકે દેખાય છે. મુંબઈ જેવા મહાનગર આ રાજ્યની છબી પર બહુ મોટી અસર કરે છે. મુંબઈ સપનાઓનું શહેર છે, જ્યાં સફળતા માટે સંઘર્ષ અનિવાર્ય છે.



મહારાષ્ટ્રને એક એવું રાજ્ય માનવામાં આવે છે જ્યાં તક છે, પરંતુ સ્પર્ધા પણ ભારે છે. અહીં રાજકીય ચેતના વધુ સક્રિય છે, સામાજિક આંદોલનો અને વિચારધારાત્મક ચર્ચાઓ જીવંત છે. છત્રપતિ શિવાજી મહારાજની વારસાગાથા રાજ્યને આત્મગૌરવ, સંઘર્ષ અને સ્વાભિમાનની છબી આપે છે. આ કારણે મહારાષ્ટ્રની છબી થોડી અસ્થિર પરંતુ શક્તિશાળી, થોડી અશાંત પરંતુ જીવંત લાગે છે.

**સાંસ્કૃતિક અભિવ્યક્તિમાં તફાવત**

એક જ ઐતિહાસિક કુળ હોવા છતાં, બંને રાજ્યોની સાંસ્કૃતિક અભિવ્યક્તિ અલગ રીતે વિકસેલી છે. ગુજરાતમાં ઉત્સવો વધુ વ્યવસ્થિત, સામૂહિક અને શિસ્તબદ્ધ રીતે ઉજવાય છે, જેમ કે નવરાત્રી. જ્યારે





મહારાષ્ટ્રમાં ઉત્સવો ભાવનાત્મક, જાહેર અને શક્તિશાળી પ્રદર્શનરૂપ હોય છે, જેમ કે ગણેશોત્સવ.

ગુજરાતી સંસ્કૃતિમાં સંયમ, મર્યાદા અને સામાજિક સંતુલન વધુ જોવા મળે છે, જ્યારે મરાઠી સંસ્કૃતિમાં ખુલ્લી અભિવ્યક્તિ, વિવાદ અને આત્મપ્રકાશ વધુ સ્પષ્ટ છે.

**રાજકીય છાપ અને નેતૃત્વ શૈલી**

ગુજરાત અને મહારાષ્ટ્રની રાજકીય છબી પણ અલગ છે. ગુજરાતમાં રાજકારણને સ્થિરતા, વિકાસ અને એકરેખીય નેતૃત્વ સાથે જોડવામાં આવે છે. મહારાષ્ટ્રમાં રાજકારણ વધુ બહુવિધ, ગઠબંધનપ્રધાન અને ચર્ચાસભર હોય છે.

આ તફાવત બંને રાજ્યોની સામાજિક રચના અને ઐતિહાસિક અનુભવમાંથી જન્મેલો છે. એક રાજ્ય વ્યવસ્થિત કાર્યક્ષમતાને મહત્વ આપે છે, તો બીજું લોકશાહી ચર્ચા અને વિવિધતાને.

**એક જ કુળ, અલગ પ્રતિબિંબ**

મૂળમાં જોવામાં આવે તો ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચેનો તફાવત વિરોધાભાસ નથી, પરંતુ વિકાસની અલગ દિશાઓનું પરિણામ છે. બંને રાજ્યો એક જ ઐતિહાસિક કુળમાંથી ઉદ્ભવેલા છે, પરંતુ સમય, પરિસ્થિતિ અને પસંદગીઓએ તેમને અલગ પ્રતિબિંબ આપ્યા છે.

એક રાજ્ય વ્યવસાયિક શિસ્ત અને સ્થિરતા દ્વારા ઓળખાય છે, તો બીજું સંઘર્ષ, વૈવિધ્ય અને મહત્ત્વાકાંક્ષા દ્વારા. બંનેની આ છબીઓ ભારતની સમૃદ્ધ વૈવિધ્યતાનું પ્રતિબિંબ છે.

ગુજરાત અને મહારાષ્ટ્રની અલગ અલગ છાપ અને છબી એ દર્શાવે છે કે ઓળખ માત્ર વારસામાં મળતી નથી, પરંતુ સમય સાથે ઘડાય છે. એક જ કુળમાંથી ઉદ્ભવેલા હોવા છતાં, બંને રાજ્યો પોતાની પોતાની પરિસ્થિતિઓ અનુસાર વિકસ્યા છે. આ તફાવતને વિભાજન તરીકે નહીં, પરંતુ પરિપક્વતા તરીકે જોવું જોઈએ. ગુજરાત અને મહારાષ્ટ્ર બંને ભારતના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને સાથે મળીને ભારતીય સંસ્કૃતિની બહુઆયામી ઓળખને સમૃદ્ધ બનાવે છે.









# મુંબઈનો પ્રભાવશાળી ઈતિહાસઃ જ્ઞાન અને ગરિમાનો સમન્વય

મુંબઈ ધમ-ધમતું શહેર છે. તેના મૂળિયા લગભગ ૧૦૦થી ૮૦ મિલિયન વર્ષો પહેલાના પ્રાચીન યુગમાં છે, જ્યારે ૬૬ મિલિયન વર્ષ પહેલાં, જવાળામુખીના વિસ્ફોટના પરિણામે, ભારતના પશ્ચિમ કિનારે અને મેડાગાસ્કરથી અલગ થઈને ડેક્કન ટ્રેપ્સના પાયા નાખ્યા હતા. પ્લેઈસ્ટોસીન એ ભૂસ્તરશાસ્ત્રીય યુગ છે જે આશરે ૫૮ મિલિયનથી ૧૧,૭૦૦ વર્ષ પહેલાના છે. બ્રિટિશ પુરાતત્વવિદ્ માલ્કમ ટોડ દ્વારા થયેલ સંશોધનમાં જાણવા મળ્યું કે, ૧૯૩૯માં ઉત્તર મુંબઈમાં કાંદિવલી નજીક પ્લેઈસ્ટોસીન કાંપ (થાપણો) સ્થિત હતા જે પથ્થર યુગથી અહીં વસવાટ દર્શાવે છે.

મુંબઈ સાત અલગ ટાપુઓથી બનેલું છે. આ સાત ટાપુઓ હતા - કોલાબા, લિટલ કોલાબા, મઝગાંવ, પરેલ, વરલી, માહિમ અને મુંબઈ. આ ટાપુઓના રહેવાસીઓ દ્રવિડ મૂળના માછીમાર સમુદાયો હતા. ત્રીજી સદીના મધ્યમાં મગધ સમ્રાટ અશોકના શાસનકાળમાં આ ટાપુઓનો સમાવેશ મૌર્ય સામ્રાજ્યમાં કરવામાં આવ્યો હતો. સમ્રાટ અશોકના બૌદ્ધ ધમ આશ્રયથી અહીં બૌદ્ધ ધર્મના ધાર્મિક અને સાંસ્કૃતિક કેન્દ્રનો ઉદભવ થયો હતો. બૌદ્ધ સાધુઓ, વિદ્વાનો તથા કલાકારોએ કાન્હેરી ગુફાઓ અને મહાકાળી ગુફાઓમાં શિલ્પો અને કલાકૃતિઓનું નિર્માણ કર્યું હતું.

મૌર્ય શાસનના પતન પછી, આ ટાપુઓ સતવાહન વંશના શાસન હેઠળ આવ્યા. સોપારા (હાલના નાલાસોપારા) બંદરની સ્થાપના પહેલી સદી બીસીઈમાં થઈ હતી અને તેણે રોમ સાથેના વેપારને પ્રોત્સાહન આપ્યું હતું. ૨૫૦ સીઈમાં, વિદર્ભના વાકાટક અને પશ્ચિમ મહારાષ્ટ્રના અભિરાસે સતવાહનના શાસન પર આક્રમણ કરી આ ટાપુઓ પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું. તેમના શાસન પછી પાંચમી સદીમાં મધ્ય ભારતના કાલાચુરીઓએ પણ આ ટાપુઓ પર શાસન કર્યું. છઠ્ઠી અને સાતમી સદીની શરૂઆતમાં કોંકણના મૌર્ય દ્વારા તેને જીતી લેવામાં આવ્યા. જોગશ્વરીની ગુફાઓ કાલાચુરી યુગ દરમિયાન લગભગ ઈ.સ. ૫૨૦થી ૫૨૫ દરમિયાન નિર્માણ પામેલી છે. મુંબઈની આસપાસના વિસ્તારોમાં આવેલી એલિફન્ટા ગુફાઓ પણ છઠ્ઠી સદીમાં નિર્માણ પામી છે.

પુલકેશીના નેતૃત્વ હેઠળ કર્ણાટકના (બદામીના) ચાલુક્યોએ ઈ.સ. ૬૧૦માં આ ટાપુઓ પર કબજો કર્યો. બાદમાં રાષ્ટ્રકુટ વંશના દંતીદુર્ગે જે કર્ણાટકનો હતો, ઈ.સ. ૭૪૯-૭૫૦ દરમિયાન આ ટાપુઓ પર વિજય મેળવ્યો હતો. ૭મી સદીમાં, બૌદ્ધ સાધુ, વિદ્વાન અને ચીની પ્રવાસી હ્યુએન ત્સંગે તેમના પ્રવાસ વર્ણનમાં નોંધ્યું છે કે, 'ગુર્જરદેશા, જે હાલનો જાલોર જિલ્લો છે, તેની રાજધાની ભીનમળ હતી. જે શ્રીમલ નાગર તરીકે પણ ઓળખાતું. પ્રખ્યાત સંસ્કૃત કવિ અને વિદ્વાન માઘ તથા ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી બ્રહ્મગુપ્તનું આ જન્મસ્થળ રહ્યું છે, તેના પ્રદેશો ટાપુઓ સુધી વિસ્તરેલા હતા. હાલનું મુંબઈ, રાજસ્થાનના જાલોરથી ૭૦૬ કિમી દૂર છે છતાં તેનો વિશાળ વિસ્તાર ભીનમળ રાજવંશ માટે સાંસ્કૃતિક અને આર્થિક સદ્ધરતા તરીકે કામ કરતો હતો.'

કોંકણના સિલ્હારા રાજવંશે ઈ.સ. ૮૧૦થી ૧૨૬૦ સુધી મુંબઈના ટાપુઓ પર શાસન કર્યું હતું. તેઓના શાસનકાળ દરમિયાન, બાણગંગા તળાવ અને વાલ્કેશ્વર મંદિર પણ બનાવવામાં આવ્યા હતા જે શહેરના પ્રાચીન સાંસ્કૃતિક વારસા વિશે ઘણું બધું કહે છે.

તેરમી સદીમાં રાજા ભીમદેવ અણહિલવાડ (હાલનું પાટણ)ના સોલંકી વંશના રાજાએ પોતાનું રાજ્ય આ ટાપુઓ સુધી વિસ્તાર્યું અને મહિકાવતી (હાલનું માહિમ)માં પોતાની રાજધાની સ્થાપી હતી. પ્રખ્યાત બાબુલનાથ મંદિર (હાલનું ચોપાટી નજીક) તેમના દ્વારા બનાવવામાં આવ્યું હતું અને તે આજે પણ વીતેલા યુગના મહિમાની સાક્ષી પૂરે છે. પઠારે પ્રભુ એ પહેલા વસાહતીઓમાંના એક હતા જેમને રાજા ભીમદેવ દ્વારા ૧૨૯૮ની આસપાસ પાટણ અને સૌરાષ્ટ્રના અન્ય ભાગોથી માહિમ લાવવામાં આવ્યા હતા. તેમણે ભોળ,

પાલશી, વડવાલ, ભંડારી અને બ્રાહ્મણોને આ ટાપુઓ પર વસાવવાનું શરૂ કર્યું અને તેમને અહીંના મૂળ રહેવાસીઓ – માછીમારોના આગ્રી અને કોળી સમુદાયો સાથે ભેળવી દીધા.

ભીમદેવના મૃત્યુ પછી, તેમના પુત્ર પ્રતાપબિંબ ગાદી પર આવ્યા અને તેમણે સાલસેટના મરોલ ખાતે પોતાની રાજધાની ખસેડી અને તેનું નામ પ્રતાપપુર રાખ્યું. ૧૩૧૮ સીઈમાં, જ્યારે ખિલજી વંશના સ્વ-ઘોષિત કારભારી મુબારક ખાને માહિમ અને સાલસેટ પર આક્રમણ કર્યું, ત્યારે રાજા પ્રતાપબિંબને ગાદી પરથી ઉતારી દેવામાં આવ્યા. પરંતુ તેમણે ટાપુઓ ફરીથી મેળવ્યા અને બીજા ૧૨ વર્ષ શાસન કર્યું હતું. ૧૩૪૮માં ઈસ્લામિક શાસકોએ આ ટાપુઓ પર આક્રમણ કર્યું, જેનાથી હિન્દુ સાર્વભૌમત્વનો અહીં અંત આવ્યો.

મુસ્લિમ શાસકોએ ૧૩૯૧ સુધી અહીં શાસન કર્યું હતું. જેમાં, ગુજરાત સલ્તનતની સ્થાપના થઈ અને મુઝફ્ફર શાહને ઉત્તર કોંકણના વાઈસરોય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેઓએ માહિમના વહીવટી હેતુ માટે ગવર્નરની નિમણૂક કરી હતી.

૧૫મી સદીની શરૂઆતમાં, ભંડારીઓએ માહિમ ટાપુ પર કબજો કર્યો અને આઠ વર્ષ સુધી શાસન કર્યું. ગુજરાત સલ્તનતના રાય કુતુબે તેને ફરીથી હસ્તગત કર્યું હતું. ભારતમાં સ્થાયી થયેલા અને દરબાર ઈતિહાસકાર તરીકે દખ્ખણ સલ્તનતની સેવામાં રહેલા પર્શિયન ઈતિહાસકાર ફિરિશ્તાએ નોંધ્યું છે કે, ૧૪૨૯માં, ઉત્તર કોંકણમાં ગુજરાત સલ્તનતની સરકારનું મથક થાણેથી માહિમ ખસેડવામાં આવ્યું હતું. ૧૪૨૯-૩૦માં રાય કુતુબનું અવસાન થતાં, દખ્ખણની બહમાની સલ્તનતના અહમદ શાહ વલીએ માહિમ અને સાલસેટ પર કબજો કર્યો. ત્યારપછી ૧૪૩૧માં ગુજરાત સલ્તનત દ્વારા માહિમ પર ફરીથી કબજો કરવામાં આવ્યો જેના કારણે મુંબઈમાં અનેક મસ્જિદોનું નિર્માણ થયું. જેમાં મુખ્ય હાજી અલી દરગાહ છે, જે વર્લીના કિનારે નાના ટાપુ પર સ્થિત છે. તે એક સૂફી દરગાહ અને પીર હાજી અલી શાહ બુખારીનું સ્મારક છે.

ઈ.સ. ૧૪૯૧થી ૧૪૯૪ના સમયગાળા દરમિયાન ગુજરાત સલ્તનતના ઉમરાવ બહાદુર ખાન ગિલાનીને આ ટાપુઓ પર દરિયાઈ ચાંચિયાઓનો સામનો કરવો પડ્યો હતો અને બહમાની સેનાપતિ મહમૂદ ગવાન દ્વારા ગિલાનીના નિયંત્રણમાંથી આ



ટાપુઓ છીનવી લેવામાં આવ્યા હતા.

ઈ.સ. ૧૫૦૮માં પોર્ટુગીઝ સંશોધક ફ્રાન્સિસ્કો ડી અલ્મેડાનું જહાજ ટાપુના ઊંડા, કુદરતી બંદરમાં ગયું. તેમણે બૂમ પાડીને તેને સંબોધ્યું – 'બોમ બૈયા' (સારી ખાડી). ૨૧ જાન્યુઆરી ૧૫૦૯ના રોજ પોર્ટુગીઝો માહિમ ખાતે ઉતર્યા હતા. ૧૫૨૬માં પોર્ટુગીઝોએ બસેન ખાતે એક ફેક્ટરી બનાવી હતી. ૧૫૨૮-૨૯ દરમિયાન, પોર્ટુગીઝના છઠ્ઠા ગવર્નર લાપો વાઝ ડી સાંપાલોએ ગુજરાત સલ્તનત પાસેથી માહિમનો કિલ્લો કબજે કર્યો હતો.

આ દરમિયાન, મુઘલ રાજવંશ ભારતમાં પોતાનો પગ પેસારો કરી રહ્યો હતો. મુઘલ રાજા હુમાયુ સત્તામાં આવ્યો તેનાથી બહાદુર શાહને ચિંતા થતાં તેને પોર્ટુગીઝ સાથે સંધિ કરવાની ફરજ પડી. ૨૩ ડિસેમ્બર ૧૫૩૪ના રોજ પોર્ટુગીઝ સાથે 'બસેઈનની સંધિ' પર હસ્તાક્ષર કરવામાં આવેલા. આ સંધિ મુજબ શાંતિ અને વેપાર-ધંધા માટે સુલતાન બહાદુર શાહ દ્વારા મુંબઈ અને બસેઈન ટાપુઓ પોર્ટુગીઝને સોંપવામાં આવ્યા હતાં. ૨૫ ઓક્ટોબર ૧૫૩૫ના રોજ સુલતાન બહાદુર શાહ અને પોર્ટુગીઝોએ ભારતના વાઈસરોય નુનો દા કુન્હા વચ્ચે કરેલી સંધિથી મુંબઈમાં ઈસ્લામિક શાસનનો અંત આવ્યો હતો. ત્યારપછી માહિમમાં સાન મિગુએલ ચર્ચ (સેન્ટ માઈકલ ચર્ચ) ૧૫૪૦ સીઈમાં પોર્ટુગીઝો દ્વારા બાંધવામાં આવ્યું હતું. આ લોકોએ સ્થાનિક વસ્તી સાથે આંતરવિવાહને પ્રેરણા આપી રોમન કેથોલિક ચર્ચને મજબૂત ટેકો આપ્યો. ૧૫૬૦માં વડાલા, માહિમ, વર્લી અને બસેનમાં સ્થાનિક કોળી, કુંભાર વસ્તીને તેમણે ધર્માંતરિત કરવાનું શરૂ કર્યું. આ ધર્માંતરિત ખ્રિસ્તીઓને બ્રિટિશરો દ્વારા પોર્ટુગીઝ ખ્રિસ્તીઓ તરીકે ઓળખવામાં આવતા હતા, જોકે તેઓ વાસ્તવમાં નેસ્ટોરિયન ખ્રિસ્તીઓ હતા જેમણે રોમન કેથોલિક ચર્ચ સાથે સંબંધો સ્થાપિત કર્યા હતાં.

૧૮૮૫માં પોર્ટુગીઝ ફ્રાન્સિકનોએ સાલસેટ અને માહિમ પર વહીવટી કબજો કર્યો અને ૧૫૯૬માં સાયન ખાતે 'અવર લેડી ઓફ ગુડ કાઉન્સિલ' અને ૧૫૯૬માં દાદર ખાતે 'અવર લેડી ઓફ સેલ્વેશન'નું નિર્માણ કરેલું. મુંબઈ પર કબજો કરવા સુરત ખાતે પોર્ટુગીઝ અને બ્રિટિશરો વચ્ચે સ્વાલીનું યુદ્ધ પણ થયું હતું. ૧૬૪૦માં બાંદ્રા ખાતે પોર્ટુગીઝોએ વોટરપોઈન્ટનો કિલ્લો બનાવ્યો. સત્તરમી સદીમાં ડચ લોકોની તાકાત પણ ઝડપથી વધી રહી હતી એટલે બ્રિટિશ સામ્રાજ્યની સુરત કાઉન્સિલ માટે મુંબઈનું શાસન જાળવી રાખવું જરૂરી હતું.

ચાર્લ્સની લગ્ન સંધિ જોઈએ તો પોર્ટુગલની કેથરિન (કિંગ જોન ચતુર્થની પુત્રી) સાથે ઈંગ્લેન્ડનો રાજગાદી કરાર ૮ મે ૧૬૬૧ના રોજ થયેલો જેમાં કેથરિના દહેજના ભાગ રૂપે, મુંબઈ (તે વખતનું બોમ્બે) બ્રિટિશરોને ભેટમાં આપવામાં આવ્યું હતું.

૧૯ માર્ચ ૧૬૬૨ના રોજ અબ્રાહમ શિપમેનને મુંબઈ શહેરના પ્રથમ ગવર્નર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઓક્ટોબર ૧૬૬૨માં તેમના આગમન પર, તેમણે લગ્ન સંધિમાં કરાર થયા મુજબ, મુંબઈ અને સાલસેટ બ્રિટિશરોને સોંપવાની માંગ કરી. પોર્ટુગીઝ ગવર્નરે દાવો કરતાં કહ્યું કે, 'મુંબઈ ટાપુ, એકલો જ સોંપવામાં આવે.' પોર્ટુગીઝ વાઈસરોયે



આમાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો અને શિપમેનને મુંબઈમાં ઉતરતા અટકાવવામાં આવ્યો હતો. તેમની પાસે ઉત્તર કેનેરાના અંજેદિવામાં ઉતરવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. ૨૧ સપ્ટેમ્બર ૧૬૬૭ના રોજ થયેલ શાહી કરારને કારણે, મુંબઈ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને ટ્રાન્સફર થયું. જેનું વાર્ષિક ભાડું ૧૦ પાઉન્ડ પરસ્પર સંમતિથી નક્કી કરવામાં આવ્યું હતું. (એટલે કે ૧,૪૮,૦૦૦ ભારતીય રૂપિયા) ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તાત્કાલિક માળખાકીય સુવિધાઓના ભાગરૂપે વેરહાઉસ અને ખાડીનું બાંધકામ શરૂ કર્યું હતું. બોમ્બે કિલ્લાની આસપાસ કિલ્લેબંધી કરવામાં આવી. સુગમ સંચાલન અને નાગરિક વહીવટ માટે ન્યાયાધીશ અને વકીલની નિમણૂક પણ કરવામાં આવેલી.

મુંબઈમાં પ્રથમ ટંકશાળ ઈ.સ. ૧૬૭૦માં સ્થાપિત થઈ હતી. પ્રથમ ગવર્નર ગેરાલ્ડ ઑંગિયરે વ્યવસાયિક પ્રોત્સાહનો આપ્યા હતાં પરિણામે સુરત અને દીવના પારસીઓ, ગોવાના યહૂદીઓ, દાઉદી વોરા તથા ગુજરાતી વાણિયાઓ માટે મુંબઈ મુખ્ય આકર્ષણ બન્યું હતું.

સુરતના ઉદ્યોગપતિ ભીમજી પારેખે ઈ.સ. ૧૬૭૪-૭૫માં મુંબઈમાં પ્રથમ પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કરેલો. જેનો ઉમદા હેતુ હસ્તપ્રતો છાપવાનો હતો.

પડોશી દેશોમાંથી પણ ઘણા ભારતીય વેપારીઓનું આગમન થતાં મુંબઈના વેપારને વેગ મળ્યો. સત્તરમી સદીના અંત સુધીમાં તો ઘણા ભારતીય બંદરોએથી અરબી શહેરો મક્કા અને બસરામાં મીઠું, ચોખા, હાથીદાંત, કાપડ, સીસું અને તલવારોનો મોટો જથ્થો નિકાસ કરવામાં આવતો હતો.

૧૭૨૮માં મહાલક્ષ્મી અને વરલી ટાપુને મુંબઈ સાથે જોડવામાં આવ્યા હતાં. ૧૭૩૫માં મુંબઈમાં જહાજ નિર્માણ ઉદ્યોગની શરૂઆત થઈ અને ટૂંક સમયમાં જ નેવલ ડોકયાર્ડની સ્થાપના થઈ. સુરતના નૌકાદળના આર્કિટેક્ટ લવજી નુસેરવાનજી વાડિયાએ ઈ.સ. ૧૭૫૦માં મુંબઈ ડોક બનાવ્યું જે એશિયામાં કાર્યરત થયેલું પ્રથમ ડ્રાય ડોક હતું.

૧૭૮૨માં વિલિયમ હોર્નબીને મુંબઈના ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને તેમણે આ સાત ટાપુઓને એક કરવા માટે હોર્નબી વેલાર્ડ એન્જિનિયરિંગ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો.

મુંબઈમાં પત્રકારત્વનો ઈતિહાસ ૧૭૮૯માં શરૂ થયો હતો જ્યારે બોમ્બે હેરાલ્ડનું પ્રકાશન શરૂ થયું હતું. ત્યારબાદ ૧૭૯૦માં 'બોમ્બે કુરિયર' પ્રકાશિત થયું હતું. ૧૮૨૨માં પહેલું ગુજરાતી અખબાર, 'મુંબઈ સમાચાર', (જે બોમ્બે સમાચાર તરીકે ઓળખાતું હતું) ૧ જુલાઈ ૧૮૨૨ના રોજ ફરદુનજી મર્ઝબાન નામના પારસી દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. જે આજ સુધી સફળતાપૂર્વક ચાલી રહ્યું છે. તેને એશિયામાં સૌથી જૂનું સતત ચાલતું અખબાર માનવામાં આવે છે. તે હજુ પણ ફ્લોરા ફાઉન્ટેન ખાતે હોર્નિમોન સર્કલ ખાતેના પ્રતિષ્ઠિત લાલ મકાનમાંથી દરરોજ પ્રકાશિત થાય છે.

૧૭૯૫માં, મરાઠા સૈન્યએ હૈદરાબાદના નિઝામને હરાવ્યો હતો તેથી આંધ્રપ્રદેશના ઘણા કારીગરો અને વણકરો મુંબઈમાં સ્થળાંતર કરીને હોર્ની વેલાર્ડ દ્વારા નવી બાંધવામાં આવેલી વસાહતોમાં સ્થાયી થયા હતા. આ કામદારોને કમાઠી કહેવાતા તેથી તેમનો વિસ્તાર કમાઠીપુરા તરીકે ઓળખાવા લાગ્યો. વેલિંગ્ટન પિયર (અગાઉ એપોલો બંદર તરીકે ઓળખાતું) ટાપુ શહેરમાં મુસાફરો અને માલસામાનને વહાણમાં ચઢાવવા અને ઉતારવા માટે એક મહત્વપૂર્ણ મથક હતું. આ સ્થાન હાલમાં 'ગેટવે ઓફ ઈન્ડિયા' તરીકે વિશ્વમાં પ્રખ્યાત છે.

મુંબઈની એશિયાટિક સોસાયટી ઈ.સ. ૧૮૩૩માં અસ્તિત્વમાં આવી હતી. આ સોસાયટીનું પુસ્તકાલય કોલાબા નજીક આવેલું છે. જેમાં એક લાખથી વધુ પુસ્તકો છે, જેમાં ૧૫,૦૦૦ દુર્લભ ગ્રંથોને મૂલ્યવાન ગ્રંથો તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. અમૂલ્ય કલાકૃતિઓ તથા સંસ્કૃત, ફારસી અને પ્રાકૃતમાં લખાયેલી ૩,૦૦૦થી વધુ પુસ્તકોની હસ્તપ્રતો પણ અહીં સચવાયેલી છે. ૧૧,૮૨૯ સિક્કાઓના સંગ્રહમાં અકબરની દુર્લભ સોનાની મહોર, કુમારગુપ્તનો સોનાનો સિક્કો અને છત્રપતિ શિવાજી મહારાજ દ્વારા બહાર પાડવામાં આવેલા અનેક સિક્કાઓનો સમાવેશ થાય છે. તેના નકશા સંગ્રહાલયમાં ૧૩૦૦ નકશાઓનો સંગ્રહ છે.

મુંબઈમાં ઉચ્ચ અભ્યાસ માટેની પ્રથમ શૈક્ષણિક સંસ્થા - ધ એલ્ફિન્સ્ટન કોલેજની સ્થાપના ઈ.સ. ૧૮૩૫માં થયેલી. જગન્નાથ શંકરશેઠે, ગુજરાતી વેપારી સમુદાય સાથે સહયોગ કરીને પ્રાચીન યુગના સંસ્મરણોને સાચવવા માટે ભાઉ દાજી લાડ મ્યુઝિયમનું પણ નિર્માણ કર્યું હતું.

મુંબઈ શહેરમાં વધતા વ્યવસાયો અને વેપાર પ્રવૃત્તિઓ સાથે, બેંકિંગ સુવિધાની જરૂરિયાત પ્રબળ બનતાં ઈ.સ. ૧૮૪૦માં 'બેંક ઓફ બોમ્બે'ની સ્થાપના કરવામાં આવી. તે બ્રિટિશ સામ્રાજ્યની ત્રણ પ્રેસિડેન્સી બેંકો પૈકીની એક હતી. (બેંક ઓફ કલકત્તા અને બેંક ઓફ મદ્રાસ, અન્ય બે હતી.)

જાન્યુઆરી ૧૯૨૧માં આ ત્રણેય પ્રેસિડેન્સી બેંકોનો વિલય કરી 'ઈમ્પિરિયલ બેંક ઓફ ઈન્ડિયા' તરીકે તેનું પુનર્ગઠન કરવામાં આવ્યું હતું. સ્વતંત્રતા પછી, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ઈમ્પિરિયલ બેંક ઓફ ઈન્ડિયાને પોતાના હસ્તક લઈ ૧૯૫૫માં તેનું નામ 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા' રાખ્યું. આમ સ્ટેટ બેંકના મૂળ બેંક ઓફ બોમ્બેમાં છે.

ગુજરાતના વેપારી સમુદાયો

# વર્ષોથી જુના અને જાણીતા ભાવસાર ફાર્માસ્યુટીકલ વર્કસના ઉત્કૃષ્ટ ઉત્પાદન




## ભાવસારનું આયુર્વેદિક
## જય બજરંગ માલિશ તેલ

- ઘુટણ
- સાંધાના દુખાવા
- સોજા
- ગરદન
- કમરના દુખાવા માટે ઉપયોગી

## ભાવસારનો આયુર્વેદિક
## બજરંગલેપ

- મુઢમાર
- સોજો
- મચકોડ,
- અન્ય દુઃખાવા માટે ઉપયોગી








## ભાવસારનો આયુર્વેદિક
## ખાખરાના મુળનો અર્ક
(નેત્રબિંદુ)

- આંખોની બળતરા
- આંખો આવવી,
- ચેપડા
- ઉજાગરા
- ગરમી અને
- કોમ્પ્યુટરથી થતી તકલીફ દૂર કરી આંખોમાં ઠંડક આપે.




- વાવડી
- અજીર્ણ
- ઉલ્ટી
- કબજીયાત
- ઝાડા
- કરમી
- સુક્તાન
- લાળ ગળવી
- આફરા
- હેકડી
- ઉધરસ દરેક માટે ઉપયોગી

## ભાવસારની આયુર્વેદિક
## ૭૨ લક્ષણ
## બાલ સોગઠી




PROMSERVE/23022026

**ભાવસાર ફાર્માસ્યુટીકલ વર્કસ** - વ્યારા, ગુજરાત • Customer Care: 9099275499

email: bhawsarpharma@gmail.com

વોરા, ખોજા અને મેમણોએ પણ આ શહેરમાં ધંધા-રોજગારને વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેના થોડા ઉદાહરણો આ રહ્યા..

જમશેદજી જીજીભોય, એક અગ્રણી પારસી વેપારી અને સેવાભાવી સજ્જને માતબર રકમનું દાન કરી આઈકોનિક માળખાકીય સુવિધાઓનું મુંબઈમાં નિર્માણ કરી આ શહેરને મજબૂત બનાવ્યું છે. સર જે જે સ્કૂલ ઓફ આર્ટ્સ અને સર જે જે હોસ્પિટલનું નિર્માણ આ સજ્જને કરાવેલું છે.


કાવસજી નાનાભાઈ દાવરે ૧૮૫૪માં પ્રથમ કોટન મિલ, બોમ્બે સ્પિનિંગ મિલ્સની સ્થાપના કરેલી. ભારતમાં સૌપ્રથમ રેલવે ૧૬ એપ્રિલ ૧૮૫૩ના રોજ મુંબઈ અને થાણે વચ્ચે દોડતી થઈ હતી.

ભારતમાં ઉચ્ચ શિક્ષણ માટે સૌ પ્રથમ બોમ્બે યુનિવર્સિટી, ઈ.સ. ૧૮૫૭માં સ્થાપિત થઈ હતી. વિક્ટોરિયા ગાર્ડન ૧૮૬૨માં શરૂ થયું હતું. 'બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન', જે હવે બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) તરીકે ઓળખાય છે, તેની સ્થાપના ઈ.સ. ૧૮૭૨માં ઝડપથી વિકસતા આ શહેરના વહીવટને સરળ બનાવવા માટે કરવામાં આવી હતી. આજે BMCનું વાર્ષિક બજેટ દેશના કેટલાક નાના રાજ્યો કરતાં વધારે છે.



સર ફિરોઝશાહ મેરવાનજી મહેતા, મુંબઈના એક ભારતીય વકીલ અને રાજકારણી હતા. કાયદાના ક્ષેત્રમાં તેમની સેવાઓ માટે ભારતમાં બ્રિટિશ સરકારે તેમને નાઈટની ઉપાધિ આપી હતી. તેઓ ૧૮૭૩માં મુંબઈના મ્યુનિસિપલ કમિશનર બન્યા હતાં.

બોમ્બે ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (BEST)ની સ્થાપના મૂળ રૂપે ટ્રામવે કંપની તરીકે ૧૮૭૩માં કરવામાં આવી હતી. મુંબઈનું વીજળીકરણ ૧૮૮૨માં કરવામાં આવ્યું હતું જેમાં ક્રોફર્ડ માર્કેટ





વીજળીથી પ્રકાશિત થનારી પ્રથમ જગ્યા હતી. 'બોમ્બે પોર્ટ ટ્રસ્ટ', ૧૮૭૦માં અસ્તિત્વમાં આવ્યું હતું. પછી બોમ્બે જીમખાનાની સ્થાપના ૧૮૭૫માં કરવામાં આવી હતી. તે જ વર્ષે, એશિયાના સૌથી જૂના સ્ટોક એક્સચેન્જ, બોમ્બે સ્ટોક એક્સચેન્જની સ્થાપના જૈન ઉદ્યોગપતિ પ્રેમચંદ રાયચંદ દ્વારા કરાયેલી. બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીની સ્થાપના ૧૮૮૩માં થયેલી જ્યારે બ્રિટિશ ભારતના સત્તાવાર ટાઈમ ઝોનમાં બોમ્બે સમય, ૧૮૮૪માં સ્થાપિત થયો હતો. વોશિંગ્ટન ડી. સી. ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય મેરિડીયન કોન્ફરન્સમાં, બોમ્બે સમય ગ્રીનવિચ મીન ટાઇમ (GMT) કરતા ૪ કલાક અને ૫૧ મિનિટ આગળ નક્કી કરવામાં આવ્યો હતો.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં મુંબઈ શહેર અને આસપાસના નગરોમાં વિશાળ કાપડ ઉદ્યોગનો વિકાસ થયેલો. જે મોટાભાગે ગુજરાતી અને મારવાડી વેપારીઓ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. ૧૯૯૫માં ભૂતપૂર્વ પેટ્રોલિયમ અને રેલવે મંત્રી શ્રી રામ નાઈકજીના પ્રયાસોથી શહેરનું નામ બદલીને તેનું મૂળ નામ - મુંબઈ રાખવામાં આવ્યું.

હાલમાં આ શહેર રોકેટગતિથી માન.મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસજીના નેતૃત્વમાં પ્રગતિ કરી રહ્યું છે. તેનો આનંદ છે.






**ANJALI KITCHENWARE PVT. LTD.**
Anjali House, Liberty Garden Rd. No. 1, Malad (W), Mumbai 400 064. Fax : 022 28807713.
Web: anjalikitchenware.net, email:feedback@anjalikitchenware.net



પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા

# "અમે મુંબઈના રહેવાસી....!"

ઘણા વર્ષો પહેલાં આ ગુજરાતી ગીત પ્રચલિત હતું. રંગભૂમિ અને ફિલ્મ બંનેમાં તેનું અસ્તિત્વ!

'રામા આજે રવિવાર છે,
નાટક જોવા જાશું.
રાંધી રાખજે પૂરી-બટાકા,
મોડા આવી ખાશું!'

આજે તો રામો, નાટક અને પૂરી બટાકાની થાળીનું સ્વરૂપ બદલાઈ ગયું છે. મુંબઈનો સમાજ અને ઈતિહાસ દુનિયાના કોઈ પણ નગરથી આગવો છે. અમારા મહેતા પરિવારની અભ્યાસી મહિલા આગેવાન માધવી ભુતા નોંધે છે તેમ ૧૦૦ મિલિયન વર્ષ પૂર્વે ભૌગોલિક ફેરફારથી મુંબઈનો જન્મ થયો. મડાગાસ્કર સાથે આ ભૂ-ભાગ જોડાયેલો હતો તે તૂટયો. ગિલ્બર્ટ ટેકરી તેની નિશાની છે. ૧૧,૭૦૦ વર્ષ પહેલાની તેની આકૃતિ બદલાતી રહી છે. વર્ષો પહેલાં આ સાત અલગ-અલગ ટાપુ હતા. કોલાબા, મઝગાવ, પરેલ, વરલી, માહિમ, લિટલ કોલાબા અને મુંબઈ. દ્રવિડ સમુદાયનું આ માછીમારી મથક. પછી મૌર્યો આવ્યા, બૌદ્ધ સમુદાય પણ સક્રિય થયો. સતવાહન વંશનું રાજ્ય સ્થાપિત થયું.

નાલા સોપારા એક સમયનું આંતરરાષ્ટ્રીય વ્યાપાર મથક હતું. કલચૂરી વંશ પણ સત્તા પર રહ્યો. છેક છઠ્ઠી સદીની એલિફન્ટા ગુફા અને તેના ચિત્રો પણ અજોડ છે. ચાલુક્ય, રાષ્ટ્રકુટ, ગુર્જર, સિલહાર, સોલંકી વગેરેની સત્તા આ ટાપુઓ પર રહી. માધવી એક રસપ્રદ વાત નોંધે છે કે, શરૂઆતમાં પાળશી, ભંડારી, ભોઈ, બ્રાહ્મણ વગેરે અહીં સ્થળાંતરિત થયા તેની સાથે અગરી અને કોળી પણ આવ્યા. ભીમદેવ સોલંકી અને તેના વંશ પછી ઈસ્લામી પગપેસારો થયો. ભયાનક યુદ્ધમાં તેમણે પીછેહઠ કરવી પડી હતી.

નાગરદેવે ૧૭ વર્ષ રાજ કર્યું પછી સુલતાનો સ્થાપિત થયા. માહિમ તેનું મુખ્ય મથક હતું. હાજી અલી શાહ બુખારીની દરગાહ ત્યારે અસ્તિત્વમાં આવી હતી. પોર્ટુગીઝો આવ્યા, મુઘલ અને તેમની વચ્ચે લડાઈ અને સમજૂતી થઈ. સત્તરમી સદી ડચ રાજવીઓની સાબિત થઈ. જાણીતી કથા મુજબ અંગ્રેજોને ચાર્લ્સના લગ્ન નિમિત્તે કેથેરીનને દહેજમાં જે સાત ટાપુઓ મળ્યા... તે મુંબઈ.

૨૧ સપ્ટેમ્બર, ૧૬૬૭માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના હાથમાં મુંબઈ આવ્યું. માત્ર ૧,૪૮,૦૦૦ રૂપિયામાં આ ખરીદી થઈ હતી. ૧૯૭૦માં સુરતના ભીમજી પારેખે પહેલાં છાપખાનાની શરૂઆત અહીં કરેલી. આમ સત્તરમી સદી ગુજરાતી વ્યાપારીઓની રહી. વરલીને મુંબઈ મહાલક્ષ્મીની સાથે જોડવામાં આવ્યું. ૧૮૨૨માં પારસી સાહસિક ફરદૂનજી મર્જબાનનો પત્રકારત્વનો પહેલો પડાવ 'મુંબઈ સમાચાર' નામે થયો. ૧૮૫૩માં મુંબઈથી થાણા સુધી ચાલતી છૂકછૂક ગાડી આવી. ૧૮૫૭માં યુનિવર્સિટી, ભાઉ દાજીનો ટાવર, કોર્પોરેશન, વીજળી, સ્ટોક એકસચેન્જ, ભારત છોડો આંદોલન, નૌસેના વિદ્રોહ સંયુકત મહારાષ્ટ્ર, દ્વિભાષી



રાજ્ય રચના, આમચી મુંબઈની લડત ત્યારપછી મહારાષ્ટ્ર અને ગુજરાત બંને રાજ્યો અલગ થયા.

મહાનગરી મુંબઈએ ગુજરાતને સમાજ સુધારકો અને સાહિત્યકારો પણ આપ્યા છે. કોંગ્રેસની સ્થાપના એક ગુજરાતી શ્રેષ્ઠીની સંસ્થામાં થઈ હતી. જનસંઘનું અધિવેશન પણ અહીં મુંબઈમાં જ યોજાયું હતું. ભારત છોડો આંદોલન ગોવાલિયા ટેન્ક મેદાનમાં, મોહમ્મદઅલી ઝીણાનું પ્રિય સ્થાન 'ઝીણા હાઉસ' અને




તેની પત્નીની કબર પણ અહીં. વલ્લભભાઈની વિદાય પણ આ મુંબઈમાં અને શિવસેનાનો પ્રારંભ પણ મુંબઈથી જ થયેલો. આમ મુંબઈ ઘણી બધી ઘટનાઓનું સાક્ષી છે.

**મારા મુંબઈના સુખદ સંસ્મરણો**

મારું મુંબઈ પત્રકારત્વથી સાહિત્ય સુધીનું સક્રિય સાક્ષી છે. મુંબઈમાં આ લેખકનું પુસ્તક 'રંગ દે બસંતી ચોલા'નું લોકાર્પણ કરવા અટલ બિહારી વાજપેયી ખાસ આવ્યા હતા. મિત્ર અમર જરીવાલાએ જૈન સંઘના ઉપક્રમે 'ક્રાંતિ'ની વ્યાખ્યાનમાલા યોજી હતી. સ્વ. આરતીએ તે સમયે ભારતીય ક્રાંતિકારો વિષેનું ચિત્ર પ્રદર્શન યોજ્યું ત્યારે અટલજી, નાનાસાહેબ ગોરે, વિષ્ણુકાંત શાસ્ત્રી, વીરેન શાહ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના માલિક શાહુ જી, હરીન્દ્ર દવે તથા ન્યાયમૂર્તિ નરેન્દ્ર નથવાણી પણ આવ્યા હતા. ૧૯૮૯માં 'ભારતીય જનતા પક્ષ'ના રાષ્ટ્રીય અધિવેશન દરમિયાન પ્રમોદ મહાજને શિવ સેનાની સાથે સમજૂતીનો આગ્રહ રાખ્યો તેનો સાક્ષી છું. આ અધિવેશનમાં છેલ્લા દિવસે કવિ સમ્મેલન થયું, તેના અધ્યક્ષ તરીકે વર્તમાન કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયેલના પિતાજી હતા. અટલજી સહિતના કવિઓ અને શ્રોતાઓમાં અડવાણી, રાજમાતા વિજયરાજે, સુંદરસિંહ ભંડારી અને દેશવ્યાપી નેતાઓ તેમજ કાર્યકર્તાઓની હાજરી હતી.

ગુજરાત એજન્ડા પર એક વિસ્ફોટક પરિષદ નગીનદાસ સંઘવી અને અમર જરીવાલાએ બોલાવી તેમાં બાબુભાઈ જશભાઈ પટેલ, સનત મહેતા, આર.કે. નહેરુ વગેરેની સાથે એક સત્ર મારું પણ થયું. આ નગરના 'ઈન્ડિયન એક્સપ્રેસ'માં રામનાથ ગોએન્કાને મળ્યો અને ગુજરાતી અખબાર 'જનસત્તા'માં જોડાઈ જવાનું કહ્યું હતું! એવું ટાઈમ્સની ગુજરાતી આવૃત્તિ માટે થયું. 'જન્મભૂમિ'ના હરીન્દ્ર દવે, 'ચિત્રલેખા'ના હરકિશન મહેતા, મયૂરી બહેન કોટક, 'નવનીત'માં કુંદનિકા કાપડિયા, વિવેકના તંત્રી રાજાભાઈ નેને, સાહિત્યિક વિવેચક કૃષ્ણવીર દિક્ષિત, 'સંદેશ'ના સુધીર માંકડ, હિંદુસ્તાન આંદોલનના મધુ મહેતા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સમર્પિત રમેશ મહેતા અને પરિવાર, એક્સેલ ઉદ્યોગના કાન્તિસેન શ્રોફ, ગોવિંદજીભાઈ શ્રોફ અને પરિવાર....

મકરંદ દવેને કેમ ભૂલી શકાય? લેખન અને પત્રોથી તો પરિચય હતો પણ પ્રત્યક્ષ અંધેરીમાં તેમના નિવાસસ્થાને, પછી 'નંદીગ્રામ'માં એટલી અનન્ય લાગણી કે મુંબઈથી ૫ મે, ૧૯૮૧માં મને સંબોધીને કાવ્ય લખીને મોકલ્યું! તેના શબ્દો અવિસ્મૃત બની રહ્યા છે. 'રાતનો અંધાર કાળો મેશ જામે, વાટ પણ સૂઝે નહીં, ને વાટ ભયઘોર સામે, ભૈરવી વૈતાળ ચકરાવે ચડી માથાં ઉગામે, એ સમે, ભાઈ તારી આ ધજા નભે લગીરે ના નમે, અણથંભ તારી જાતરા સંગે, કળાયેલ કેસરી રંગે, સદા આગે અને આગે અને આગે, હજારો કંઠ ગાતા આવશે ગુલતાન રાગે, ને અનામી દોસ્ત કેરું, સાથ હો ઝીણું પગેરું, હર કટારીની મજલ પર, હર કટોરીના મુકામે, સર્જાતા ઈતિહાસનો આ ઉપહાર, એક ઓલિયા અવધૂત કવિની કલમે, તે મુંબઈનું શ્રેષ્ઠ નજરાણું, પછીથી નંદીગ્રામમાં એકવાર મેં સવિનય પૃચ્છા કરી ત્યારે તેમણે ભેદ ખોલ્યો કે, અરે આ તો કટોકટી અને સેન્સરશિપ સમયે જેલમાં હતો ત્યારે ૧૯૭૬માં લખી હતી, પણ કાગળના થોકડામાં ક્યાંક પડી રહી તે આટલા વર્ષે મળી તો મોકલી... તેનું પણ નસીબ હશે ને?






www.btex.in
Now also available on: **Flipkart** | **Healthmug** | **Jiomart** | **1mg** | **shopbtex.com**




# ઈતિહાસના ઝાંખા અજવાળામાં ભાસતું મુંબઈ

એક સમય એવો હતો જ્યારે પારસીઓ અને સાહસિક ભાટિયાઓએ વસાવેલા મુંબઈના સમગ્ર મલબાર હિલનું વાર્ષિક ભાડું માત્ર રૂપિયા ૧૩૦ હતું.

એ જમાનો એવો હતો કે મુંબઈમાં ઈરોઝ સિનેમા અને ચર્ચગેટ સ્ટેશન સુધી સમુદ્ર ઘૂઘવતો હતો. જૂહુ-વિલેપાર્લે ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ રૂપિયા દસ હજારના ખર્ચે બંગલો બની જતો અને થોડાક સો રૂપિયામાં આખું મલબાર હિલ ભાડે રાખી શકાય તેમ હતું. મૂલચંદ વર્માએ મુંબઈના વેરવિખેર પડેલા ઈતિહાસને એક ખંતીલા સંશોધકની મહેનત અને દ્રષ્ટિથી ભેગો કરી 'નરીમાન પોઈન્ટની પાળ પરથી' નામે દળદાર પુસ્તકરૂપે પ્રગટ કર્યો છે.

આજે, દરેક ગુજરાતીએ જાણવું જોઈએ કે, મુંબઈ અને તેના ઘડતરમાં ગુજરાતીઓએ સદીઓથી કેટલો મોટો ફાળો આપ્યો છે. જ્યારે આક્રમણકારો લૂંટના ઈરાદે મુંબઈ પર ચઢાઈ કરતા, ત્યારે અંગ્રેજ સરકાર મુંબઈના મૂળ વતની એવા ગુજરાતીઓની મદદ લેતી હતી.

ગુજરાતના સોલંકી રાજા ભીમદેવે ઈ.સ. ૧૦૨૫માં માહિમ પ્રદેશ જીતી ત્યાં નાની રાજધાની સ્થાપી હતી. અહીંથી મુંબઈના ઈતિહાસની શરૂઆત થાય છે, એવું મૂલચંદ વર્મા લખે છે. રાજા ભીમદેવ સાથે આબુ-નહરવાલના રાજપૂતો પણ અહીં આવ્યા હતા. તેમણે આજના સી.એસ.ટી. સ્ટેશન વિસ્તાર પાસે આબુ પર્વતસ્થિત અંબાજી માતાની સ્થાપના કરી હતી. તેઓ 'હે મહા અંબાદેવી મા' કહીને પૂજા કરતા. સ્થાનિક આદિવાસીઓએ આ સંબોધનને 'મા અંબા આઈ' કર્યું, અને એમાંથી 'મુંબાઈ' નામ પ્રચલિત થયું.

આજે મરીન લાઈન્સ સ્ટેશનના પૂર્વે આવેલું સોનાપુર સ્મશાન એક સમયે દરિયાકિનારો ગણાતું. સમય જતાં દરિયો પૂરાયો અને ક્વીન્સ રોડ, રેલવેના પાટા તથા નેતાજી સુભાષ રોડ જેટલી પહોળી જમીન ઉમેરાઈ. સદભાગ્યે, તે સમયે પર્યાવરણવાદીઓ નહોતા; નહિતર મુંબઈના ઘરેણા સમાન ક્વીન્સ નેકલેસ આપણે કદી જોઈ શક્યા ન હોત.

નામદાર આગાખાને મુંબઈમાં પ્રથમ વખત ઘોડાની રેસ અને ઘોડા ઉછેરની પરંપરા શરૂ કરી હતી. ખુદ મોરારજી દેસાઈ પણ એક વખત મહાલક્ષ્મી રેસકોર્સ પર ઘોડાદોડ જોવા ગયા હતા. ૧૯૩૦ના દાયકામાં સાયન્સ ફિક્શનના મહાન લેખક એચ. જી. વેલ્સ મુંબઈ આવ્યા ત્યારે આમંત્રણ હોવા છતાં મોરારજીભાઈ તેમને મળવા ગયા નહોતા, જ્યારે કવિ બ.ક. ઠાકોર વેલ્સને મળ્યા હતા.

ભૂસ્તરશાસ્ત્રીઓના મતે, મુંબઈની ધરતીના પેટાળમાં ક્યારેક જ્વાળામુખી પર્વત હતો, જેના અવશેષો આજે પણ ભૂગર્ભમાં દટાયેલા છે. પાષાણયુગમાં મુંબઈ સાત ટાપુઓનું સમૂહ નહોતું, પરંતુ ભારતની મુખ્ય જમીન સાથે જોડાયેલો ભાગ હતો. જ્વાળામુખી ફાટતાં આ જમીનભાગ ધીમે ધીમે સાત ટાપુઓમાં વિભાજિત થયો. પાષાણયુગના માનવો વાપરતા હતા તેવા સાધનો બેક-બે સહિતના વિસ્તારોમાંથી મળ્યા છે.

ઈ.સ. ૧૭૨૮માં આખા મલબાર હિલનું વાર્ષિક ભાડું માત્ર રૂપિયા ૧૩૦ હતું. આજે આ રકમમાં મલબાર હિલમાં એક કલાક માટે બાથરૂમ પણ ભાડે ન મળે. ગુજરાતી અખબારોમાં મરણનોંધ છાપવાની પ્રથા ઈ.સ. ૧૮૨૨માં સ્થાપિત 'મુંબઈ સમાચાર' દ્વારા શરૂ થયેલી. શરૂઆતના લગભગ વીસ વર્ષ સુધી તેમાં સ્ત્રીઓની મરણનોંધ છપાતી નહોતી.

આધુનિક મુંબઈના વિકાસની શરૂઆત ૧૬૬૧થી થઈ, જ્યારે પોર્ટુગીઝોએ મુંબઈ અંગ્રેજોને દહેજરૂપે આપ્યું હતું. ઈંગ્લેન્ડના રાજા ચાર્લ્સ બીજો પોર્ટુગીઝ રાજકુટુંબના જમાઈ હતા.

ઈ.સ. ૧૮૮૧-૮૨ દરમિયાન મુંબઈમાં માત્ર ૯૦ ટેલિફોન ધારકો હતા. ૧૯૫૧ સુધીમાં આ સંખ્યા વધીને ૨૯,૩૦૦ થઈ ગઈ. આજે તો એક જ અટક ધરાવતા પરિવારો પાસે પણ એના કરતાં અનેકગણા ફોન જોવા મળે છે. ૧૮૭૩ પહેલાં મુંબઈમાં વાહનવ્યવહાર માટે પાલખી અને બળદગાડીનો ઉપયોગ થતો. પાલખી બનાવવામાં પારસીઓ નિપુણ હતા એટલે 'પાલખીવાળા' જેવી અટકો એ વ્યવસાયમાંથી જ પ્રચલિત થઈ છે. ૧૮૭૩માં ઘોડાગાડી આવી અને વીસમી સદીમાં

મોટરગાડીઓનો યુગ શરૂ થયો. ૧૯૦૧માં જમશેદજી તાતા મુંબઈના જ નહીં, પરંતુ સમગ્ર ભારતના પ્રથમ કારમાલિક બન્યા હતાં.

૧૯૪૫-૪૬ના સમયગાળા દરમિયાન વિલેપાર્લેના પશ્ચિમ ભાગમાં ખારા પાણી, કાદવ અને ખાડાટેકરાવાળી ઉજ્જડ જમીન હતી. ૧૯૬૦-૬૧માં વિષ્ણુભાઈ દેસાઈ અને વૈકુંઠભાઈ મહેતાની પહેલથી જૂહુ-વિલેપાર્લે ડેવલપમેન્ટ સ્કીમ (Juhu Scheme) અમલમાં આવી. શરૂઆતમાં માત્ર રૂપિયા પાંચસો ભરવાના રહેતા અને પછી હપ્તાઓમાં ચૂકવણી થતી. તે સમયમાં રૂપિયા દસ હજારમાં બંગલો બની જતો. આજે એ જ બંગલાની કિંમત કરોડોમાં પહોંચી ગઈ છે.

એક સમય એવો હતો જ્યારે મલબાર હિલની ટેકરીઓ પર ગોવાળો ઢોર ચરાવવા જતા. ટેકરીની નીચે એક તળાવ હતું, જ્યાં ઢોરો પાણી પીતા. આ તળાવ 'ગોવાલિયા ટેન્ક' તરીકે ઓળખાયું. વીસમી સદીમાં આ તળાવ પુરાઈ ગયું અને તેની જગ્યા પર બગીચા બનાવાયા, જેને પછી 'ઑગસ્ટ ક્રાંતિ મેદાન' નામ આપવામાં આવ્યું.

૧૭૮૭માં મુંબઈમાં પહેલી પોસ્ટ ઑફિસ શરૂ થઈ હતી. તે સમયના પોસ્ટમાસ્ટરને કોઈ નિશ્ચિત પગાર મળતો નહોતો; પત્ર મોકલવાથી મળતી ફી પર જ તેમનો જીવનનિર્વાહ ચાલતો.

૧૮૨૨માં મલબાર હિલ પરથી એક વાઘ ઊતરીને ગામદેવી વિસ્તારમાં આવેલા ગોવાલિયા ટેન્ક પાસે પાણી પીવા આવ્યો હોવાના પણ ઉલ્લેખો મળે છે. વીસમી સદીના આરંભમાં તાડદેવ વિસ્તારમાં પણ એક વાઘ ઝાડીમાં જોવા મળ્યો હતો. વાઘોના અદશ્ય થયા પછી, આ જ તાડદેવ-ફોરજેટ હિલ વિસ્તારમાં પાછળથી જ્યોતીન્દ્ર દવે, હરીન્દ્ર દવે અને તારક મહેતા જેવા વિદ્વાન સાહિત્યકારો વસ્યા હતાં.

૧૬૬૪માં જ્યારે અંગ્રેજોએ મુંબઈને પોતાના કબજામાં લીધું ત્યારે અહીંની કુલ વસતી આશરે ૧૫,૦૦૦ હતી. આજે એકલા બોરીવલીના યોગીનગર વિસ્તારમાં આનાથી વધુ વસતી જોવા મળે છે. ૧૬૯૭માં મુંબઈની વસતી વધીને લગભગ ૭૦,૦૦૦ થઈ ગઈ હતી. ૧૮૯૧માં આ સંખ્યા ૮,૨૧,૭૬૪ સુધી પહોંચી હતી.

આજના સમયમાં જ્યારે આપણે ચર્ચગેટથી ઉપડતી 'આઠ-પાંચ'ની લોકલમાં મુંબઈનો ઈતિહાસ વાંચીએ છીએ અને તેમાં કોઈ રાજાએ માહિમ પર ચઢાઈ કરી કે બીજાએ બાંદ્રા કબ્જે કર્યું એવા ઉલ્લેખો વાંચીએ છીએ, ત્યારે એ જ સ્ટેશનો બારીની બહારથી પસાર થઈ જાય છે. ઈતિહાસ અને વર્તમાન વચ્ચેનો આ સંયોગ વાચકના મનમાં એક અનોખો રોમાંચ જગાવે છે.

'મલબાર હિલ' નામ કેવી રીતે પડ્યું તે પણ જાણીએ. મલબારી ચાંચિયાઓ અરબી સમુદ્રમાં ફરતાં વહાણો લૂંટતા અને આજના 'મલબાર હિલ' તરીકે ઓળખાતી ટેકરીની આસપાસ પોતાના વહાણો લાંગરી લૂંટના માલ સાથે તેઓ જંગલોમાં છુપાઈ જતા, એ પરથી આ વિસ્તાર 'મલબાર હિલ' તરીકે ઓળખાયો.

મુંબઈને સમજવા માટે એક વિશેષ દષ્ટિ જોઈએ. બોરીવલી સ્ટેશનથી ઉત્તર-પશ્ચિમ તરફ અંદાજે બે કિલોમીટરના અંતરે એક્સર વિસ્તાર આવે છે. ત્યાં પથ્થરની ભીંત પર ચાર લાંબા વહાણોનો કાફલો ચીતરાયેલો છે, જે જાણે સામસામે આક્રમણ કરવા આવી રહ્યા હોય એવું લાગે છે. ઈતિહાસકારોના મતે આ ચિત્ર બારમી સદીનું છે. આ ચિત્રો આજકાલ આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયાની ઑફિસમાં સંગ્રહિત છે. બોરીવલી એક સમયે ધીકતું બંદર હતું અને અહીંથી મોટા વહાણોમાં હાથીઓ તથા ઘોડાઓ ભરવામાં આવતા.

ઓગણીસમી સદીમાં મુંબઈમાં પ્લોટ ખરીદવાની પ્રથા નહોતી; આખાં ગામ ખરીદવામાં આવતાં. ફરામજી કાવસજી બનાજીએ ૧૮૨૯માં પવઈ ગામ ખરીદ્યું હતું. કાવસજી માણેકજી એશબર્નરે ૧૮૧૭માં ભાંડુપ લીધું, હોરમસજી બમનજી વાડિયાએ ૧૮૦૮માં કુર્લા ખરીદ્યું, બેરામજી જીજીભાઈએ ૧૮૬૯માં આખું ગોરેગામ લીધું અને ૧૮૦૬માં અરદેશર દાદી શેઠ મલાડના માલિક બન્યા હતાં.

આજે દાદી શેઠના નામે મલાડમાં એસ.વી.રોડ પરથી ન્યુ ઈરા ટોકીઝ તરફ જતાં એક નાનકડી ગલી જોવા મળે છે.

જમશેદજી ન. તાતાએ ૧૯૦૪માં પાંચ લાખ પાઉન્ડના ખર્ચે તાજમહાલ હોટેલનું નિર્માણ કરાવ્યું હતું. તે સમયે 'તાજ હોટેલ'ના પંખાવિહોણા ડબલ રૂમનું ભાડું રોજના રૂપિયા ૧૨થી ૧૮ હતું અને મહિને રૂપિયા ૩૦૦થી ૪૫૦ લાગતું, જેમાં દિવસના ત્રણ વખતનું ભોજન પણ સામેલ હતું. પંખાવાળા રૂમનું ભાડું રોજના રૂપિયા ૨૮ અને મહિને રૂપિયા ૫૫૦થી ૭૬૦ હતું, જેમાં બે વ્યક્તિ રહી શકતી.

મુંબઈમાં અમીચંદ ગોવિંદજીએ ૧૭૮૦માં મીઠાઈની પ્રથમ દુકાન શરૂ કરી હતી. ત્યાંનો હલવો 'મુંબઈનો હલવો' તરીકે દેશ-વિદેશમાં પ્રસિદ્ધ થયો. આ એ મુંબઈ છે જ્યાં ગાંધીજી મહાત્મા બનતાં પહેલાં 'મિસ્ટર એમ. કે. ગાંધી' તરીકે ઓળખાતા અને શાકભાજી ખરીદી પોતાની બ્રીફકેસમાં ભરીને લઈ જતા-એવો ઉલ્લેખ મૂલચંદ વર્માએ પોતાના પુસ્તક 'નરીમાન પોઈન્ટની પાળ પરથી'માં કર્યો છે. ઈતિહાસના ઝાંખા અજવાળામાં ભાસતું મુંબઈ ત્યારે આવું દેખાતું હતું અહો આશ્ચર્યમ્!






નવીનકુમાર વજાણી

# મુંબઈની લાઈફલાઈન ગણાતા રેલવે સ્ટેશનોના નામનો રોચક ઈતિહાસ

મુંબઈના જે રેલ્વે સ્ટેશનોના નામ આજે જાણીતા છે એમાંના કેટલાક નામ તો અપભ્રંશ થયેલાં છે, તો વળી કેટલાક નામ ફળોના બાગને લીધે અસ્તિત્વમાં આવ્યા છે.

'ગાડી બુલા રહી હૈ, સીટી બજા રહી હૈ
ચલના હી જિંદગી હૈ, ચલતી હી જા રહી હૈ'

૧૯૭૪માં આવેલી ફિલ્મ 'દોસ્ત'નું ઉપરોક્ત ગીત આજે પણ ટ્રેન દ્વારા થતા પ્રવાસ માટે યાદ કરવામાં આવે છે. માયાનગરી મુંબઈ માટે તો રેલવે એટલે એની જીવાદોરી. રેલવે વિના મુંબઈનું જીવન કલ્પી શકાય એવું નથી. મહાનગરી મુંબઈને રેલવે વિના દોડતી જોવી સંભવ નથી. મુંબઈ અને રેલવેનો સંબંધ આજનો નહીં પણ વર્ષો જૂનો છે. જ્યાં સૌથી પહેલી પેસેન્જર ટ્રેન બોરીબંદરથી થાણા સુધી દોડી હતી.

આવક-જાવકના બે છેડાને ભેગા કરવા રોજ લાખોની સંખ્યામાં મુંબઈગરાઓ આ રેલવેનો જ સહારો લેતા હોય છે. બોરીવલી, વિરાર, પાલઘર, દહાણુથી માંડીને સુરત સુધી રોજ અપડાઉન કરનારા અસંખ્ય લોકો માટે આ રેલવે જીવનનું કેન્દ્ર બની જાય છે. ટ્રેનમાં ગમે તેટલી ભીડ હોય પણ ગમે તેમ કરીને, જે વ્યક્તિ અહીં પ્રવાસ કરી શકે એ જ વ્યક્તિ મુંબઈમાં ટકી શકે એવી વાતો પણ આપણે અવારનવાર સાંભળી જ છે.

અન્ય શહેરોમાંથી મુંબઈ આવનારા લોકો માટે મુંબઈ દર્શન વધારે યાદગાર ત્યારે બની જાય જ્યારે તમારો પ્રવાસ ટ્રેન દ્વારા થયો હોય. જે પ્રમાણે મુંબઈ પોતાનો એક વિસ્તૃત ઈતિહાસ ધરાવે છે એ જ પ્રમાણે મુંબઈના વિવિધ રેલવે સ્ટેશનોના નામ પાછળ પણ ઈતિહાસ છુપાયેલો છે. આવો આ લેખમાં આપણે એ જાણવાનો પ્રયાસ કરીએ કે મુંબઈના જે વિસ્તારોને આજે આપણે મોટા ભાગે જાણીએ છીએ તેમના નામ પાછળનો વાસ્તવિક ઈતિહાસ શું છે અને આજના નવા નામ અસ્તિત્વમાં આવ્યા, એ પહેલાં એ કયા નામે જાણીતા હતા.

## બોરી બંદરથી CSMT સુધીની સફર

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSMT), જે પહેલાં વિક્ટોરિયા ટર્મિનસ તરીકે ઓળખાતું હતું, મુંબઈનું આ એક પ્રસિદ્ધ અને ઐતિહાસિક રેલવે સ્ટેશન છે. તેનું નિર્માણકાર્ય ૧૮૭૮માં બ્રિટિશ આર્કિટેક્ટ ફ્રેડરિક વિલિયમ સ્ટીવન્સ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું જે ૧૮૮૭માં પૂરુ થયું હતું. આ સ્ટેશન ક્વિન વિક્ટોરિયાના ગોલ્ડન જ્યુબિલીનો ઉત્સવ મનાવવા માટે બનાવાયું હતું. CSTની ભવ્ય ડિઝાઈન વિક્ટોરિયન ગોથિક રિવાઈવલ શૈલીમાં છે, જેમાં ભારતીય અને પશ્ચિમી શૈલીઓનું સુંદર સંમિશ્રણ જોવા મળે છે. આ સ્ટેશન મુંબઈના સેન્ટ્રલ રેલવે માટે એક મહત્ત્વપૂર્ણ હબ છે, જે મુંબઈને મહારાષ્ટ્રના અનેક શહેરો તથા દૂરસુદૂરના શહેરો સાથે જોડે છે. તેનું ઐતિહાસિક મહત્વ પણ અનેરું છે, અને ૨૦૦૪માં તેને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું, જે તેના કલાત્મક અને સાંસ્કૃતિક મહત્વને દર્શાવે છે.

૧૮૫૩માં બોરી બંદરથી થાણા સુધી પહેલી પેસેન્જર ટ્રેન દોડાવવામાં આવી હતી. આ બોરી બંદર નામ ૧૮૫૩થી ૧૮૮૮ સુધી અમલમાં રહ્યું અને ત્યાર બાદ ક્વિન વિક્ટોરીયાની ગોલ્ડન જ્યુબિલીના ઉપલક્ષમાં આ સ્ટેશન તેમના નામે સમર્પિત કરી તેનું નામ બોરી બંદરથી બદલી વિક્ટોરિયા ટર્મિનસ કરાયું. સમય બદલાયો અને ૧૯૯૬માં આ નામને બદલીને છત્રપતિ શિવાજી ટર્મિનસ (CST) નામ અપાયું, જેમણે ૧૭મી સદીમાં મહારાષ્ટ્રમાં એક મહત્ત્વપૂર્ણ શાસન સ્થાપ્યું હતું. તેઓએ મરાઠા સામ્રાજ્યની સ્થાપના કરી હતી. તેમનો પ્રભાવ મહારાષ્ટ્રના ઈતિહાસ અને સંસ્કૃતિ પર ઊંડો રહ્યો છે. જે આજની તારીખે પણ જોવા મળે છે.

આજનું છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ એટલે કે CSMT અદ્ભૂત



જૂનું ચર્ચગેટ રેલવે સ્ટેશન

બાંધકામ અને સ્થાપત્યને લીધે આજે પણ દેશ-વિદેશથી લોકો આ સ્ટેશનની મુલાકાતે આવે છે. ખુદ બોલીવૂડ પણ ઘણી વખત પોતાના કેમેરામાં આ સ્થાપત્યને કંડારી ચૂક્યું છે.

### ચર્ચનો ગેટ શોધો તો મળશે ચર્ચગેટ

ચર્ચગેટ રેલવે સ્ટેશન જે મુંબઈના દક્ષિણ વિસ્તારમાં આવેલું છેલ્લું રેલવે સ્ટેશન છે. મુંબઈ સબર્બન રેલવેના પશ્ચિમી લાઈનનું આ મુખ્ય ટર્મિનસ છે. ૧૯૩૦માં ખુલ્લું મૂકવામાં આવેલું આ સ્ટેશન રેલવેના વહીવટ માટે મહત્ત્વપૂર્ણ બની ગયું હતું, ખાસ કરીને અંધેરી, બોરીવલી અને વિરાર જેવા ઉપનગરો તરફ જતી અને આવતી લોકલ ટ્રેનો માટે.

મુંબઈનો ફોર્ટ વિસ્તાર શરૂઆતના સમયમાં એક વાસ્તવિક કિલ્લો હતો જેનું નામ 'ઈંગ્લિશ ફોર્ટ ઓફ બોમ્બે' હતું. આ કિલ્લામાં ત્રણ મુખ્ય દરવાજાઓ હતા. આમાંનો એક દરવાજો સીધો સેન્ટ થોમસ કેથેડ્રલ ચર્ચ સુધી જતો હતો, તેથી તેને 'ચર્ચગેટ' નામ આપવામાં આવ્યું. શહેરના વધતા વિસ્તાર અને શહેરના વિકાસ માટે આ કિલ્લાને ૧૮૬૦ના દાયકામાં નષ્ટ કરી દેવાયો જોકે તેના અવશેષ આજે પણ ચર્ચગેટ અને ફોર્ટ વિસ્તારમાં જર્જરિત હાલતમાં જોવા મળે છે.

આ રેલવે સ્ટેશન ૧૮૭૦માં બનાવવામાં આવ્યું હતું જે નષ્ટ થયેલા દરવાજાની નજીક હતું તેથી તેને આ નામ મળ્યું. ચર્ચગેટનું આર્કિટેક્ચર કોલોનિયલ યુગની નિશાની છે. આ સ્ટેશન મુંબઈના સૌથી વ્યસ્ત સ્ટેશનોમાંથી એક છે, જે દર રોજ લાખો મુસાફરોને પોતાની મંઝિલ સુધી પહોંચાડે છે, એ પણ સસ્તા ભાવે. આ સ્ટેશનના બાંધકામમાં પાછળથી અનેક સુધારા કરવામાં આવ્યા છે, જેમ કે વેઈટિંગ રૂમ, ટિકિટ કાઉન્ટર અને સ્વચ્છતા સુવિધાઓમાં વધારો વગેરે. ફેમસ મરીન ડ્રાઈવ અને બોમ્બે હાઈકોર્ટ જેવા મહત્ત્વપૂર્ણ સ્થળોથી નજીક હોવાને કારણે આ સ્ટેશનનું મહત્વ વધારે છે. ચર્ચગેટ સ્ટેશન, દક્ષિણ મુંબઈને ઉત્તર પ્રાંત સાથે જોડતી એક એવી જીવાદોરી છે જેના વગર મુંબઈ શ્વસી ન શકે.

### દાદર – વેસ્ટર્ન અને સેન્ટ્રલ લાઈનનું હાર્ટ

દાદર રેલવે સ્ટેશન જે મુંબઈના સૌથી વ્યસ્ત હબ્સમાંનું એક છે તેનો ઐતિહાસિક વારસો ખૂબ જ સમૃદ્ધ છે. શરૂઆતમાં ગ્રેટ ઈન્ડિયન પેનેસ્યુલા રેલવે (GIPR)ના ભાગ તરીકે આ સ્ટેશન ૧૮૫૩માં મહિમ રોડ સ્ટેશન તરીકે શરૂ થયું હતું ત્યારબાદ ૧ ઓક્ટોબર ૧૮૫૬ના રોજ 'દાદર' નામ આપવામાં આવ્યું હતું. વેસ્ટર્ન લાઈન પર તેને 'દાદુર' તરીકે ઓળખવામાં આવતું હતું, જ્યાં BBCI રેલવે (આજનું પશ્ચિમ રેલવે) દ્વારા ૧૨ એપ્રિલ ૧૮૬૭ના રોજ પહેલી સબર્બન ટ્રેન સેવા શરૂ કરવામાં આવી હતી.



જૂનું દાદર રેલવે સ્ટેશન

૧૮૮૫માં GIPR અને BBCIR વચ્ચે ટ્રેનના કોચ અને માલના વિનિમયને મંજૂરી આપતો એક કરાર થયો હતો. જેના પરિણામે વિક્ટોરિયા ટર્મિનસ અને બાંદ્રા વચ્ચે એક સ્થાનિક મુસાફરી સેવા શરૂ કરવામાં આવેલ જે દાદર જંક્શનથી પસાર થતી હતી. આ કરારને લીધે દાદર એક કોમર્શિયલ અને પશ્ચિમ લાઈન માટે મહત્ત્વપૂર્ણ જંક્શન બની ગયું છે. સમય સાથે અનેક સુધારાઓ થતા તે એક મુખ્ય સ્થાનકમાં પરિણમ્યું. દાદર સૌથી પહેલું એવું રેલવે સ્ટેશન હતું જેણે ૧૯૨૦માં કલર લાઈટ સિગ્નલિંગ લાગુ કરી હતી અને ૧૯૨૫માં તિલક બ્રિજ બન્યા બાદ જૂના લેવલ ક્રોસિંગના કામકાજને પણ મોટાભાગે બદલી દેવામાં આવ્યું.

૧૯૪૨ના 'ભારતછોડો આંદોલન' દરમિયાન પણ દાદર ઘણી-બધી રાજકીય ઘટનાઓનું સાક્ષી બન્યું છે. જ્યાં અનેક પ્રતિબંધોની વચ્ચે પોલીસની ગોળીબારી થઈ હતી. ૧૯૬૮માં સેન્ટ્રલ લાઈન પર એક્સપ્રેસ ટ્રેન માટેનું ટર્મિનસ બનાવવામાં આવ્યું, ૨૦૦૯માં વધતી જતી ટ્રાફિકની સમસ્યાને પહોંચી વળવા મિડટાઉન ટર્મિનસને વેસ્ટર્ન લાઈન પર શરૂ કરવામાં આવ્યું. આજે દાદર રેલવે સ્ટેશન મુંબઈના ટ્રાંઝિટ હબ્સમાં અગત્યનું સ્થાન ધરાવે છે જે દરરોજ લાખો મુસાફરોને સેવા આપે છે.

### બંદર ક્યા જાને બાંદ્રા કા નામ

મુંબઈનો સબર્બન કોસ્ટલ એરીયા એટલે કે બાંદ્રા મુંબઈના જાણીતા વિસ્તારોમાંનો એક છે. વાંદ્રે (એટલે કે વાંદરા) એવા મરાઠી નામ પરથી આ નામ ઉતરી આવ્યું હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત બીજી એક થીયરી એમ કહે છે કે પર્શિયન શબ્દ 'બંદર' એટલે કે જેનો અર્થ પોર્ટ થાય છે, તેના પરથી આ વિસ્તારનું નામ સમય જતાં અપભ્રંશ થઈને બાંદ્રા પડ્યું. કોંકણી ભાષામાં પણ 'બંદર' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે જેનો સંબંધ




'પોર્ટ' સાથે જ જોડાયેલો છે. ટૂંકમાં એમ કહી શકાય કે એક સમયે આ વિસ્તાર વેપાર માટેનું એક મહત્વનું મથક હોવાને કારણે 'બંદર' નામ પરથી એની શરૂઆત થઈ હશે.

ઈતિહાસ પ્રમાણે બાંદ્રા માછીમારોનું એક નાનકડું ગામ હતું. અહીં મોટાભાગે કોળી સમાજ રહેતો હતો. ૧૫૩૪માં પોર્ટુગીઝોએ આ વિસ્તારને પોતાના તાબા હેઠળ લીધો હતો. ૧૫૭૫માં અહીં સેન્ટ એન્ડ્રુઝ ચર્ચ બન્યું અને ખ્રિસ્તી પ્રજાએ પોતાનો વિસ્તાર કર્યો. ઇ.સ. ૧૬૬૧માં જ્યારે મોટાભાગના મુંબઈની આજુબાજુના ટાપુઓ અંગ્રેજોને દહેજ રૂપે આપવામાં આવ્યા હતાં એમાં આ વિસ્તારનો પણ સમાવેશ થતો હતો. ઈ.સ.૧૭૭૪ સુધી આ સમગ્ર વિસ્તાર પોર્ટુગીઝોના તાબા હેઠળ રહ્યો હતો.

રેલવેની વાત કરીએ તો બાંદ્રા રેલવે સ્ટેશન ૧૮૬૭માં શરૂ કરવામાં આવ્યું હતું. ધીમે ધીમે અહીં કોમર્શિયલ કામકાજ પણ વધવા લાગ્યું અને ૧૯૨૪માં ખાર રોડ સ્ટેશન પણ શરૂ કરી દેવામાં આવ્યું જેને કારણે બાંદ્રાની ગીચ વસ્તીને થોડી ઘણી અન્યત્ર ડાઈવર્ટ કરી શકાઈ.

## 'અંધેરી' નામ તો સુના હોગા

'અંધેરી' નામ એ મરાઠી શબ્દ 'અંધેર' પરથી આવ્યો છે, જેનો અર્થ 'અંધકાર' અથવા 'અસ્પષ્ટ' થાય છે. શરૂઆતના સમયમાં અંધેરી એક નાનું ગામ હતું જે ગીચ જંગલોથી ઢંકાયેલું હતું અને અવાવરું સ્થાન ધરાવતું હતું.

એવું માનવામાં આવે છે કે, 'અંધેરી' નામ આ વિસ્તારના અંધકારમય અને ગીચ પરિસરથી આવ્યો છે, ખાસ કરીને ગીચ જંગલો અને ગુફાઓની હાજરીને લીધે આજની તારીખે પણ અહીં મહાકાલી કેવ્સ અને પવઈની આજુબાજુના વિસ્તારમાં જંગલોનું સામ્રાજ્ય છે.

એક સમયે, અંધેરી પોર્ટુગીઝોના નેજા હેઠળ આવેલો પ્રદેશ હતો. જે પાછળથી ૧૭૭૪માં બ્રિટિશર્સને સોંપી દેવામાં આવ્યો હતો. કોલોનિયલ સમય દરમિયાન, અંધેરી મુંબઈ શહેરની નજીક હોવાથી તેના કામકાજમાં મહત્વની વૃદ્ધિ જોવા મળી અને આ વિસ્તારનો વિકાસ આગળ વધવા લાગ્યો. ૨૦મી સદીની શરૂઆતમાં રેલવે સ્ટેશનનો જે વિકાસ થયો તે ખાસ કરીને ૧૮૬૭માં પશ્ચિમી રેલવેના વિસ્તરણ પછી આ વિસ્તારનો ખૂબ વિકાસ કરવામાં આવ્યો. આજે અંધેરી, મેટ્રો સ્ટેશન સહિત કોર્પોરેટ અને બોલીવૂડની અનેક કંપનીઓની ઓફિસ ધરાવતું વહીવટી મથક બની ગયું છે.


## બોરના બગીચાને લીધે બન્યું 'બોરીવલી'


બોરીવલી નામનો ઉદ્ભવ આ વિસ્તારમાં બોરના (જુઝુબ) ઝાડોને લીધે થયો હોવાનું માનવામાં આવે છે. આ નામ પૌરાણિક ગ્રંથોમાં 'બોરિવળી' અને 'બોરીયલી-ગ્રામ' તરીકે રજૂ કરવામાં આવ્યું છે, જે બોરના ઝાડોની શ્રૃંખલા દર્શાવે છે. 'બોર' શબ્દ જુઝુબ ફળ તરફ સંકેત કરે છે. તેથી બોરીવલીનો અર્થ 'બોરના ઝાડોની જગ્યા' અથવા 'બોરના ઝાડોનો બાગ' ગણાવી શકાય છે. જ્યારે BB&CI રેલવે (હાલનું વેસ્ટર્ન રેલવે) એ ૧૮૬૭માં તેની પહેલી સબર્બન સેવાઓ શરૂ કરી હતી ત્યારે આ સ્ટેશનનું નામ 'બેરેવાલા' હતું જે સમય જતાં બોરીવલીમાં બદલાયું. બોરના ઝાડોને લીધે આ સ્ટેશન બોરીવલી બન્યું અને આ જ સ્ટેશનના એક વિસ્તારમાં ચીકુના ઝાડ મોટા પ્રમાણમાં ઉગતા હોવાને લીધે એ વિસ્તારને આજે ચીકુવાડીના નામે ઓળખવામાં આવે છે.

નોંધનીય છે કે બોર અને ચીકુ આ બંને ફળો આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ઉગતાં હોવાને લીધે એનાં નવા નામકરણને લઈને અંગ્રેજો ઘણાં વિમાસણમાં હતા પણ આખરે બોલવામાં સરળ હોવાને કારણે બોરીવલી પર તેમણે પસંદગીનો કળશ ઢોળ્યો.

આ પ્રમાણે જોવા જઈએ તો મુંબઈના દરેક રેલવે સ્ટેશનના નામ પાછળનો ઈતિહાસ ખાસ છે. જેમ કે આજના કુર્લામાં એક સમયે કરચલાનો ઉપદ્રવ વધારે હોવાને લીધે એ વિસ્તારનું નામ આજે 'કુર્લા' પડ્યું કેમ કે મરાઠીમાં કરચલાને 'કુર્લી' કહેવામાં આવે છે. જે વિસ્તારમાં ગાયો ચરવા આવતી તે આજે ગોવાલિયા ટેન્ક તરીકે ઓળખાય છે. જે વિસ્તારમાં કાંદાનો પાક વધારે પ્રમાણે થતો એ કાંદિવલી બન્યું અને આ જ કાંદિવલીમાં એક એવું સર્કલ બન્યું જ્યાંથી ચારેય દિશામાં જવાનો માર્ગ નીકળતો હતો એ વિસ્તાર બન્યો આજનો ચારકોપ.

મુંબઈના અલગ અલગ વિસ્તારો અને રેલવે સ્ટેશનોના નામ પાછળનો આ ઈતિહાસ ખરેખર રોમાંચક છે એ ચોક્કસ વાત છે.



Chandan®

MOUTH FRESHENER

Khaane ki Happy Ending!

AAM PAPAD

STRAWBERRY PAPAD

PERU PAPAD




SCAN TO BUY

For Export Dept
: exports@chandanmukhwas.com
: +91 8104107284

For Modern Trade Dept
: moderntrade@chandanmukhwas.com
: +91 8104107287

For Retail Dept
: retail@chandanmukhwas.com
: +91 8104107285

**The house of Chandan hereby solicit enquiries for:**
• Distributor / Retail Sales • Institutional Sales
• Hospitality • Pharmaceutical Chains • Corporate Gifts

Premium | Natural | Ethnic

- Mouth Freshener,
- Digestives,
- Paan
- Confectioneries
- Superfood
- Snacks

*Reach us on* /chandan.mukhwas /chandanmukhwas /chandanmukhwas

*Products are also Available at* /www.chandanmukhwas.com

blinkit | zepto | bigbasket A TATA Enterprise | instamart | D-Mart | Reliance SMART SUPERSTORE | METRO | Walmart | A TATA and TESCO Enterprise star | amazon.in



દિલીપ રાવલ
(લેખક, અભિનેતા, ગીતકાર, કવિ, સંચાલક)

# મુંબઈ મોરી મોરી રે...

**'સૂટબૂટમાંથી છટકી ક્યાં નાશો જેન્ટલમેન
છપ્પન છપ્પન વરસ ખાઈ ગઈ છ
છપ્પનની ટ્રેન'**

મુંબઈ માટે અમદાવાદના કવિ કૃષ્ણ દવે એ બે પંક્તિમાં કેટલો સચોટ ચિતાર આપ્યો છે! મુંબઈની લોકલ ટ્રેન એ મુંબઈની જીવાદોરી અને મુંબઈનો શ્વાસ એ અટકે તો આખા મુંબઈને કોઈએ 'સ્ટેચ્યુ' કહી દીધું હોય ને પછી 'ઓવર' કહેવાનું ભૂલી ગયા હોય એવું લાગે. પ્લેટફોર્મ પર રશ અવર્સમાં કીડિયારું ઊભરાતું લાગે. ટ્રેન આવે બે પળમાં 'પહલે ઉતરને દો.. ઉતરને દો.. એ બાજુ હટના બે.. દિખતા નહીં હૈ કયા?' જેવા સમૂહ સ્વરો પડઘાય. એ કાને માત્ર અથડાતા હોય. કોઈને સાંભળવાની તમા ન હોય. કારણ કે જેને સંબોધીને આ કહેવામાં આવ્યું છે એ ટ્રેનમાં ચડનાર લોકો 'અર્જુન'ની જેમ ધ્યાનસ્થ હોય છે. એમને માટે ટ્રેનમાં પ્રવેશી લેવાનું લક્ષ્ય જ માછલીની આંખ સમાન હોય છે.

બહારગામ જતી વખતે આપણી બેગ આપણે ઠાંસીને ભરીએ ને પછી બંધ ના થાય તો શ્રીમતી પોતાના શ્રીમાનને કહે આની ઉપર જરા બેસી જાઓને? પતિ બેસે. એના વજનથી બેગ બંધ થઈ જાય અને પતિ ગર્વ સાથે એક ઊંડો શ્વાસ લે કે 'હાશ ક્યાંય તો મારું વજન પડે છે.' બસ આ જ રીતે ઠાંસી ઠાંસીને સ્ટેશનથી પોતાના મુસાફરોને પોતાનામાં ભરીને, સમાવીને આ લોકલ ટ્રેન ચર્ચગેટ ટુ વિરાટ કે સી.એસ.ટી.થી કલ્યાણ દોડ દોડ કર્યા કરે. બસ ફરક એટલો કે ડબ્બામાં દબાવીને અંદર ઘૂસાડવામાં આવતું પેલું 'પતિ' નામનું તત્ત્વ ક્યું છે એ કોઈ સમજી નથી શક્યું.

દરવાજાની બહાર સુધી લટકતો આ માનવ મહેરામણ આગલું સ્ટેશન આવે ત્યાં સુધીમાં તો સેટલ થઈ ગયું હોય અને 'નવી ઘોડી નવા દાવ' ની જેમ આગલું સ્ટેશન આ આખી પ્રવૃત્તિની પુનરાવૃત્તિ માટે સજ્જ બેઠું હોય. એની વચ્ચેના સમયગાળામાં 'એય આગે બઢના', 'તેરા પૈર હટા મેરે પેર પે સે', 'કૌનસા તેલ ડાલકે આયા હૈ, કિતની બાસ મારતા હૈ'. જેવા સંવાદોની આપ લે ચાલ્યા કરે અને મનોરંજન આપ્યા કરે પેસેજમાં ઊભેલા અને હૈયે હૈયું દળાય એવી ગરદીમાં પીસાતા લોકોને.

દરેક સ્ટેશને કોઈને કોઈ ભોળપણની પરાકાષ્ઠા જેવું પેસેન્જર એવું બોલતા સંભળાય જ. 'અંધેરી કઈ તરફ આવશે ભાઈ?' અને જે તરફ ઉભો હોય એની વિરુદ્ધ દિશામાં અંધેરી આવવાનું હોય તો બધાં અચાનક એના 'મસીહા' બની જાય. 'ઉસકો જાને દો યાર બિચારા નયા હૈ' અને કે.લાલના જાદુની જેમ જ્યાં શ્વાસને ઉચ્છવાસ બનીને નીકળવાની જગ્યા ન હોય ત્યાં આ ભોળા મુસાફર માટે જગ્યા થઈ જાય અને એને અંધેરી ઉતારવામાં હું નિમિત્ત બન્યો એવા 'પુણ્ય કમાયાના' ભાવ સાથે સ્વેચ્છાએ બની બેઠેલા આ મસીહાઓના ચહેરા પર સ્મિત ફરી વળે.

તમે 'ચાર્લીનું' Perform છાંટીને નીકળ્યા હો અને ટ્રેનમાંથી ઉતરો ત્યારે તમે 'કોબ્રા'થી મહેકતા હોય એવું બને. પ્રસ્વેદની



ગંધ અને પરફ્યુમની સુગંધની આવી 'બાર્ટર સિસ્ટમ' કોઈપણ જાતની રોકટોક વગર લોકલ ટ્રેનમાં ચાલ્યા જ કરે. શ્રીમતી મુંબઈના જ હોય અને એની ઘ્રાણેન્દ્રીય એકદમ સતેજ હોય અને એને વગર કીધે પેલી 'કોબ્રાની' સુગંધે આ આપ-લેની વાત કરીયે દીધી હોય તો પણ એ હરક સુધ્ધા ન ઉચ્ચારે અને પોતાના પંથવરને પૂછે નહીં કે 'કાનજી ક્યાં રમી આવ્યા રાસ', ઈસ્ત્રી કરેલા શર્ટનો ડૂચો વળી ગયો હોય સેંકડો કરચલીઓએ શર્ટ પર સામુહિક અતિક્રમણ કર્યુ હોય, અરીસામાં જોઈને સરસ રીતે ઓળાવેલા (અમુક કેસમાં ગોઠવેલા) વાળ પોતાની ગોઠવણનું સૌદર્ય ગુમાવી બેઠા હોય અને એટલે જ સ્ટેશન પર જેવી ટ્રેન ઊભી રહે એટલે ઉતરનારાઓમાં વીસેક ટકા લોકોના હાથ તરત ખિસ્સામાં જતા જોવા મળે, એમાંથી નાનો કાંસકો નીકળે અને વગર અરીસે એ પેલી ભૂતકાળની ગોઠવણની મથામણમાં લાગી જાય.



હજુ તો ઘણાં કોઠા ભેદવાના હોય આ મુંબઈગરા એ. માથું ઓળાવ્યા બાદ બીજો હાથ ખિસ્સામાં જઈને ચેક કરે કે મોબાઈલ તો સલામત છે ને અને બ્રિજ પરના માનવ મહેરામણમાં પોતાની જાતને ધકેલીને ઓફિસ તરફ દોટ મૂકે. એકાદી ટ્રેન ચૂકી જવાઈ હોય તો આજે બોસ કેવું કેવું અને 'કેટકેટલું' સંભળાવશે એના 'સ્ક્રીનપ્લે અને ડાયલોગ' ફફડાટની સાથે મનમાં ગોઠવાતા જાય. સવારે પત્નીએ આપેલો 'શાક રોટલી'નો ડબ્બો સલામત હશે કે નહીં, એમાંથી તેલ બહાર તો નહીં આવ્યું હોય ને? આ વધારાના ભયનું જીએસટી પણ માથે મરાય.

આજે ચોથી સીટ પણ ન મળી બેસવા માટે.. એના પારાવાર રંજ ઓફિસની ખુરશીમાં બેસીને હાશ ન થાય ત્યાં સુધી પીડે. કાં તો આજે બારી પાસેની સીટ બેસવા માટે મળીનો આનંદ હૈયામાં હિલ્લોળે લેતો હોય. આખું વિશ્વ જીતીને 'નેપોલિયન બોનાપાર્ટ'ને જે આનંદ થયો તો એ આનંદ આ ચોથી સીટ મળ્યાના આનંદ સામે પાણી ભરે. મુંબઈની જ ભાષામાં કહેવું હોય તો 'પાની કમ ચાય.'

પણ આ બધી ધમાલ, અવરોધો કે આડખીલીઓની વચ્ચે પણ મુંબઈગરો પોતાના નાના નાના આનંદ લેવાનું ચૂકે નહીં. ભજન મંડળીમાં ગાતા ન આવડતું હોય તોયે 'હાલાજી તારા હાથ વખાણું કે પટી તારા પગલા વખાણું' લલકારી લે, સ્ટેશનના વ્હીલર પરથી છાપુ ખરીદે, એકાદી કટિંગ ચા કે ગરમા ગરમ વડાપાંઉનું સુખ કેપ્ચર કરી લે, પચાસ રૂપિયામાં ઈયરફોન કોઈ ફેરિયા પાસે મળી જાય અને ઓનલાઈનના ભાવ કરતા સસ્તામાં મળ્યું છે એ જાણીને રાજીનો રેડ થઈ જાય આ મુંબઈગરો. કોઈ ઘરડી સ્ત્રી પોતાના આંધળા પતિ સાથે 'ડ્યુએટ' ગાતી ચાલુ ટ્રેનમાં ડબ્બે ડબ્બે ફરે.. તો 'કેશવા... માધવા.. તુઝા નાવાત રે ગોડવા' સાંભળીને પાંચનો સિક્કો ખિસ્સામાંથી કાઢીને આપી દે અને પાંચસો પૈસાનું પુણ્ય પ્રાપ્ત કર્યાની ખુશીમાં ચહેરા પર સ્મિત ફરકાવી છે.

**'નથી કાળી નથી ગોરી રે**
**આ મુંબઈ મોરી મોરી રે.'**



ફીલિંગ્સ ટીમ




# મુંબઈની મોનો રેલથી મેટ્રો સુધીની સફર

ઈ.સ. ૨૦૦૫માં મુંબઈ મેટ્રોપોલિટન રિજિયન ડેવલપમેન્ટ ઓથોરિટી (MMRDA) એ સૌ પ્રથમ મોનો રેલનો પ્રસ્તાવ મૂક્યો હતો. ૧૧ નવેમ્બર ૨૦૦૮ના રોજ લાર્સન એન્ડ ટુબ્રો, અને સ્કોમી ગ્રૂપ (બીએચડી) (મલેશિયન કંપની) અને જોઈન્ટ વેન્ચર (JV)ને રૂ.૨૪.૬ મિલિયનનો બાંધકામ, સંચાલન અને જાળવણી કરવાના હેતુથી કુલ ૮ મોનો રેલ માટેનો કોન્ટ્રાક્ટ ૨૦૨૯ સુધીમાં આ કાર્ય પૂર્ણ કરવાની શરતે આપેલ. મુખ્યત્વે આ રૂટમાં ચેમ્બુરથી શરૂ કરી વડાલા થઈને સંત ગાડગે મહારાજ ચોક સુધીનો માર્ગ આવરી લેવાયો છે. જેનાથી હાર્બર લાઈન, સેન્ટ્રલ લાઈન અને વેસ્ટર્ન લાઈન સાંકળી શકાય. મોનો રેલની શરૂઆત ૨૦૧૪માં થઈ હતી, પરંતુ વધુ પડતો ખર્ચ, બિનજરૂરી સંકલન અને અયોગ્ય જાળવણીને કારણે માંડ ૧૦% મુસાફરોની સંખ્યા પ્રાપ્ત થઈ શકી.

તે સમયના મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી અશોક ચવાણે ૯મી ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ મોનો રેલ પ્રોજેક્ટનું શિલારોપણ કર્યું હતું. તા.૧ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ મહારાષ્ટ્રના તે સમયના મુખ્યમંત્રી શ્રી પૃથ્વીરાજ ચવાણે વડાલા ડેપો મોનો રેલ સ્ટેશનથી ચેમ્બુર સુધીની ૨૦ મિનિટની મુસાફરી માણી હતી. જેના બીજા દિવસે જાહેર જનતા માટે આ સુવિધા ઉપયોગમાં લેવાની શરૂઆત થયેલી.

મોનો રેલના રોજબરોજના કાર્ય અને સંચાલન માટે વડાલા ખાતે ૬.૫ હેક્ટર જમીનમાં ડેપો બનાવવામાં આવ્યો છે. મોનો રેલ ટિકિટનો દર કિલોમીટરના હિસાબે ૩ કિલોમીટર સુધી રૂ.૧૦, ૩થી ૧૨ કિલોમીટર સુધી રૂ.૨૦, ૧૨થી ૧૮ કિલોમીટર સુધી રૂ.૩૦ તથા ૧૮થી ૨૪ કિલોમીટર સુધી રૂ.૪૦ નક્કી કરવામાં આવ્યો છે. શરૂઆતમાં આ રેલ સેવા સવારે ૭ થી બપોરે ૩ વાગ્યા સુધી ચલાવવામાં આવતી, જે થકી પ્રતિદિન ૬૪ જેટલી ટ્રીપ અમલમાં મૂકાઈ હતી. ત્યારબાદ દર ૧૫ મિનિટે સવારના ૬થી રાતના ૧૦ દરમિયાન મોનો રેલ સેવા ચાલુ કરવામાં આવેલી. આ રેલ સેવા ચેમ્બુરથી સંત ગાડગે મહારાજ ચોકના વિસ્તારને આવરી લેતી હતી. આ રેલ સેવાના દરેક સ્ટેશનો મેટલ ડિટેક્ટર, એક્સ-રે બેગેજ સ્કેનર્સ અને સીસીટીવી કેમેરાથી સજ્જ છે. આ ઉપરાંત હાથવગા મેટલ ડિટેક્ટર્સ સ્ટેશન પર સુરક્ષામાં તૈનાત દરેક કર્મચારી ધરાવે છે. બોમ્બ શોધખોળ અને તેની શમનક્રિયા તથા સ્નીફરડોગની સેવાઓ પણ દરેક સ્ટેશને ઉપલબ્ધ છે.

સામાન્ય રીતે દુનિયામાં કોઈપણ મોનો રેલ સ્ટેશને ટોયલેટ સુવિધા ઉપલબ્ધ નહીં હોવાના કારણે, મુંબઈના મોનો રેલ સ્ટેશનોએ પણ આ વ્યવસ્થા નથી પૂરી પડાઈ. એક એવો પણ નિર્ણય લેવાયો છે કે બસ-સ્ટેન્ડ તથા ટેક્સી સ્ટેન્ડ મોનો રેલ સ્ટેશનથી ૪૦-૫૦ મીટર દૂર ગોઠવવામાં આવે જેથી નાગરિકોને હરવા ફરવામાં સરળતા રહે અને ખોટી ભીડભાડ વધે નહીં. મોનો રેલમાં મુસાફરોની સુરક્ષા રહે તે હેતુથી ટ્રેન ચાલકો માટે બ્રેથ એનેલાઈઝરનો કાયદો અમલમાં છે, જેથી નોકરી પર આવતા પહેલાં ચાલકની સ્થિતિ નિશ્ચિત થઈ જાય અને દુર્ઘટના ઘટતી અટકાવી શકાય. ૨૦૧૮ના મધ્યભાગમાં MMRDA અને મલેશિયન કંપની વચ્ચેનો ગજગ્રાહ વધતાં બન્ને એ આ કોન્ટ્રાક્ટનો અંત લાવવાનો નિર્ણય કર્યો હતો. ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ પછી મોનો રેલમાં મોટાભાગના સુધારા-વધારા હાલમાં બંધ જેવી સ્થિતિમાં છે.

**મુંબઈ મેટ્રો રેલ**

મુંબઈની મેટ્રો રેલવે સિસ્ટમ હાલમાં ઝડપથી વિકાસ પામી રહી છે, જમીન ઉપર તથા ભૂગર્ભમાં દોડતી મેટ્રોરેલ મુંબઈના મુખ્ય વિસ્તારોને જોડે છે. જેનાથી મુસાફરીનો સમય બચે છે તેમજ લોકલ ટ્રેનો પર મુસાફરોનો ધસારો ઘટે છે. આ મેટ્રો સેવાઓમાં વ્યાપારિક વિસ્તારો, એરપોર્ટ, થાણે તથા નવી મુંબઈ જેવા વિસ્તારોને આવરી લેવાયા છે.

મેટ્રો રેલ વ્યવહારને મુખ્ય વાહન વ્યવહારની રેખાઓમાં આ પ્રમાણે વહેંચી દેવામાં આવેલ છે:

મેટ્રો લાઈન ૧(રેડ લાઈન): વર્સોવા, અંધેરી અને ઘાટકોપરને જોડતી પૂર્વ-પશ્ચિમના જોડાણ માટે આ મેટ્રો રેલવે ઘણી જ ઉપયોગી છે.

મેટ્રો લાઈન ૩ એક્વાલાઈન: મુંબઈની પ્રથમ ભૂગર્ભ રેલવે લાઈન, જે ઉત્તર-દક્ષિણના વિસ્તાર માટે ખૂબ ઉપયોગી બની છે અને કફ પરેડથી લઈને બીકેસી, નરીમાન પોઈન્ટ તથા એરપોર્ટ ટર્મિનલને જોડે છે.

મેટ્રો લાઈન ૭ (રેડ લાઈન) વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર વાહન વ્યવહારનું ભારણ ઘટાડતી આ રેલ સેવા દહીંસર(પૂર્વ)થી ગૂંદીવલી (અંધેરી ઈસ્ટ)ને જોડે છે.

મેટ્રો લાઈન ૨ એ (યલો લાઈન) દહીંસર અને ડીએન નગર વચ્ચે દોડે છે. આ રીતે આજનું મુંબઈ હવે મોનો રેલથી લઈને મેટ્રો રેલની મજા માણી રહ્યું છે.

*Best wishes from*

**S.S. WHITE Technologies Inc.** & **SHUKLA MEDICAL®**

Universal Orthopedic Extraction Technologies

***175 years of rich history in manufacturing innovations***

S.S. White products are used in 98% of aircrafts flying today, in millions of automobiles, on the International Space Station, and have even gone to the moon.

SHUKLA Medical manufactures orthopedic surgical instruments such as hip and knee implant-extraction systems, used at all major U.S. hospitals.



**S.S. White Technologies** Milton Keynes, UK



**S.S. White Technologies** Wadhwan, Gujarat, India



**S.S. White Technologies Inc.** **Headquarters:** St. Petersburg, FL USA

**Rahul Shukla**
President & CEO

8300 Sheen Drive, St. Petersburg, FL 33709
**Phone: (727) 626-2800**

www.sswhite.net www.sswhiteaerospace.com www.shuklamedical.com



કાજોલ વજાણી

# અનેક ક્ષેત્રોનું કોર્પોરેટ હબ છે મુંબઈ

**જે પણ સેક્ટરનું નામ મગજમાં આવે એ દરેક સેક્ટરનું મથક મુંબઈમાં હશે જ. બેન્કિંગ સેવાઓથી માંડી બીગ ૪ સુધી FMCGથી લઈને મીડિયા અને એવાં તો અનેક સેક્ટર છે જેનું કેન્દ્રબિંદુ દેશની આર્થિક રાજધાની મુંબઈથી સંચાલિત થાય છે.**

મુંબઈ પાસે જે માંગો તે આપે એવું શહેર છે. જે લોકો સપના પૂરા કરવા માટે આ શહેરમાં આવે છે તેમને તેમના સપના પૂરા કરાવી આપે છે. અહીં કોઈક વડાપાઉં ખાઈને પોતાનો દિવસ પસાર કરે છે તો કોઈક 'તાજ' જેવી મોંઘીદાટ હોટલમાં બેસીને પેટ ભરે છે. ટૂંકમાં એમ કહી શકાય કે આ શહેર ગરીબથી માંડીને અમીર દરેક વ્યક્તિને સાચવી રાખે તેવું છે. એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી પણ આ જ શહેરમાં આવેલી છે અને વિશ્વના અગ્રણી ધનકુબેરો પણ આ જ શહેરમાં વસવાટ કરવાનું પસંદ કરે છે.

આજે મુંબઈ અનેક કોર્પોરેટ કંપનીઓનું હબ બન્યું છે. કોઈપણ ક્ષેત્રની કોઈપણ કંપની તેની એકાદી બ્રાન્ચ તો આ શહેરમાં તમને મળી જ રહેશે. બીજી બાજુ કેટલીક કંપનીઓ તો આ શહેરને પોતાનું મુખ્ય મથક બનાવીને બેઠી છે. કેટલીક એવી કંપનીઓને આ લેખમાં જાણવાનો પ્રયાસ કરીએ જે મુંબઈને આર્થિક રીતે ધબકતું રાખે છે.

**ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG)**

FMCG ક્ષેત્ર મુંબઈના ગ્રાહક-કેન્દ્રિત અર્થતંત્રનું મસ્તક છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. અહીં ભારતની કેટલીક સૌથી પ્રતિષ્ઠિત FMCG કંપનીઓના હેડક્વાર્ટર્સ છે, જેમના ઉત્પાદનો દરરોજ લાખો લોકોના જીવનને સ્પર્શે છે.



**હિંદુસ્તાન યુનિલિવર લિમિટેડ (HUL)**

૧૯૩૩માં સ્થાપિત અને મુંબઈમાં હેડક્વાર્ટર ધરાવતી આ કંપની ભારતીય કન્ઝ્યુમર માર્કેટની પાયોનિયર છે. પર્સનલ કેર, હોમ કેર તથા ખોરાક અને પીણામાં વિસ્તૃત પ્રોડક્ટ પોર્ટફોલિયો ધરાવતી HULની વિવિધ બ્રાન્ડ્સ જેમ કે, Dove, Lifebuoy, Surf Excel અને Lipton મોટાભાગના ઘરોમાં સામાન્યપણે જોવા મળે છે. તે સિવાય કંપની પાણીનું સંરક્ષણ, ગ્રામ્ય વિકાસ અને નવીન ઊર્જા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. HULનું મુંબઈ હેડક્વાર્ટર વ્યૂહાત્મક યોજના, સંશોધન અને વિકાસ (R&D) તથા કોર્પોરેટ ગવર્નન્સ માટે નર્વ સેન્ટર તરીકે કાર્ય કરે છે, જે હજારો લોકોને રોજગાર પૂરો પાડી શહેરના અર્થતંત્રમાં પોતાનું નોંધપાત્ર યોગદાન આપે છે.



**ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટસ લિમિટેડ (GCPL)**

૧૯૫૭માં સ્થાપિત આ કંપની ગોદરેજ ગ્રૂપનો એક ભાગ છે, જેનું મુખ્યમથક મુંબઈમાં આવેલું છે. પર્સનલ કેર, હેર કેર અને હાઉસહોલ્ડ પ્રોડક્ટસમાં અગ્રણી આ કંપની એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકા જેવા દેશોના વિકસિત બજારોમાં પોતાનું મજબૂત સ્થાન ધરાવે છે. ટકાઉ ઉત્પાદન, સતત સંશોધન અને વિકાસ માટે જાણીતી GCPL ઈકો-ફ્રેન્ડલી પેકેજિંગ અને પર્યાવરણ માટે જરૂરી સ્રોતોને પ્રોત્સાહન આપે છે. કંપનીનું મુંબઈ હેડક્વાર્ટર પ્રોડક્ટ ડેવલપમેન્ટ, માર્કેટિંગ સ્ટ્રેટેજી જેવા કામોનું સંચાલન કરે છે, આ બાબતો મુંબઈને FMCG ક્ષેત્રમાં દેશનું પ્રતિષ્ઠિત કેન્દ્ર બનાવવામાં મદદ કરે છે. વ્યાપાર ઉપરાંત, GCPL સમાજ સેવા, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો અને આરોગ્ય વિષયક વિવિધ સેવાઓમાં પણ સક્રિય હોય છે.




### મારિકો લિમિટેડ

૧૯૯૦માં સ્થાપિત, આ કંપનીનો આરોગ્ય, સૌંદર્ય અને વેલનેસ ઉત્પાદનોમાં મોટો ફાળો હોય છે. કંપનીની પ્રસિદ્ધ બ્રાન્ડ્સમાં Parachute, Saffola અને Livon મુખ્ય છે, જે ભારતીય ઘરોમાં સારી એવી લોકપ્રિયતા ધરાવે છે. મારિકો વિશ્વના ૨૫થી વધુ દેશોમાં કાર્યરત છે. કંપનીનું મુંબઈ હેડક્વાર્ટર કંપનીની કોર્પોરેટ સ્ટ્રેટેજી, નવીનતા અને ગવર્નન્સ જેવા કામોને સંચાલિત કરે છે. મારિકો સ્થાનિક રોજગાર આપવામાં પણ નોંધપાત્ર યોગદાન પ્રદાન કરે છે. તેમજ શહેરમાં આરોગ્ય, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ માટેના કાર્યક્રમોમાં પણ સક્રિય છે, જે FMCG ક્ષેત્રમાં કંપનીની કોર્પોરેટ સફળતા અને સામાજિક જવાબદારી વચ્ચેના અગત્યના સંબંધને ઉજાગર કરે છે. ટૂંકમાં FMCG સેક્ટર મુંબઈને ફાસ્ટ મૂવિંગ બનાવવામાં મદદ કરે છે.

### બેંકિંગ ક્ષેત્ર

મુંબઈ એ ભારતની આર્થિક રાજધાની તરીકેની ઓળખ ધરાવતું શહેર છે. કારણ કે, દરેક મોટી બેંકોના મુખ્ય મથકો આ શહેરમાં હાજર છે.




### ૧૯૯૪માં સ્થાપિત HDFC બેંક

આ ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક છે. તે રિટેલ, કોર્પોરેટ અને ડિજિટલ બેંકિંગ સહિત વિવિધ બેંકિંગ સેવાઓ પ્રદાન કરે છે. HDFC બેંકના મુંબઈ હેડક્વાર્ટરમાં બેંકનું વ્યૂહાત્મક દિશાનિર્દેશ, ઓપરેશનલ મેનેજમેન્ટ અને બેંકિંગ ટેકનોલોજી ક્ષેત્રે નવીનતા સંચાલિત થાય છે. ખાસ કરીને ડિજિટલ નાણાકીય સેવાઓના ક્ષેત્રમાં ભારતના બેંકિંગ ક્ષેત્રમાં HDFC બેંક મહત્વપૂર્ણ ફેરફાર લાવી છે જેણે મુંબઈને આર્થિક મજબૂતી અને રોજગારીના અવસરોમાં ઘણું યોગદાન આપ્યું છે.




### ICICI બેંક

૧૯૯૪માં સ્થાપિત આ એક અગ્રણી ખાનગી બેંક છે, જે રિટેલ, કોર્પોરેટ અને ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ સેવાઓ પ્રદાન કરે છે. ટેક્નોલોજી સભર બેંકિંગ સેવાઓ પર ભાર આપતી ICICI બેંકે ડિજિટલ પ્લેટફોર્મ, મોબાઈલ બેંકિંગ અને નવીન નાણાકીય ઉકેલો દ્વારા ગ્રાહકોનો વિશ્વાસ જીત્યો છે. બેંકનું મુંબઈ હેડક્વાર્ટર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કામગીરી, નિયમનકારી પાલન અને વ્યૂહાત્મક બાબતોનું સંચાલન કરે છે, જે આ શહેરને ભારતના ફાઈનાન્સિયલ સેન્ટર તરીકે પ્રખ્યાત બનાવે છે.




### કોટક મહિન્દ્રા બેંક

૧૯૮૫માં સ્થાપિત કોટક મહિન્દ્રા બેંક સ્મોલ ફાઈનાન્સ કંપનીમાંથી ભારતની અગ્રણી બેંકિંગ સંસ્થા તરીકે વિકાસ પામી છે. તે રિટેલ બેંકિંગ, સંપત્તિ મેનેજમેન્ટ, ઈન્શ્યોરન્સ અને કોર્પોરેટ ફાઈનાન્સ જેવી સેવાઓ પ્રદાન કરે છે. બેંકના મુંબઈ સ્થિત હેડક્વાર્ટરમાં અંતિમ નિર્ણયો લેવાથી માંડીને વ્યૂહાત્મક આયોજન એવમ્ કોર્પોરેટ ગવર્નન્સનું કામ અહીં થતું હોય છે. આ બેંક મુંબઈમાં માત્ર રોજગારી જ પુરી નથી પાડતી, પણ શહેરને નાણાકીય સેવાઓના ક્ષેત્રમાં નવીનતા અને ઉત્કૃષ્ટતા માટેનું કેન્દ્ર બનાવવામાં પણ અગત્યનું યોગદાન આપે છે.

### કોંગ્લોમરેટ્સ (બહુવિધ ઉદ્યોગ જૂથ)

ભારતના સૌથી મોટા કોંગ્લોમરેટ્સનું હેડક્વાર્ટર્સ હોવાનું ગર્વ આજે મુંબઈ અનુભવે છે. જે વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરે છે. રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક બિઝનેસ વૃદ્ધિને



પ્રોત્સાહન આપે છે. આમાં સૌથી અગ્રણી લગભગ નાના-મોટા દરેક ક્ષેત્રમાં કામ કરતી ટાટા જૂથની ટાટા સન્સ વિશે વાત કરીએ તો, ટાટા સન્સ, 'બોમ્બે હાઉસ' નામનું હેડક્વાર્ટર મુંબઈમાં ધરાવે છે. ૧૮૬૮માં સ્થાપિત ટાટા સન્સ વૈશ્વિક કોંગ્લોમરેટનું સંચાલન કરતું નામાંકિત જૂથ છે, જેમાં સ્ટીલ, ઓટોમોટિવ, IT સર્વિસીસ, કેમિકલ્સ તથા કન્ઝ્યુમર પ્રોડક્ટસનો સમાવેશ થાય છે. કંપનીનું મુંબઈ હેડક્વાર્ટર વ્યૂહાત્મક નિર્ણયો લેવાથી માંડીને કોર્પોરેટ ગવર્નન્સ અને ચેરિટેબલ પ્રવૃત્તિઓ માટેના નર્વ સેન્ટર તરીકે કાર્યરત છે. મુંબઈમાં ટાટા સન્સ હજારો લોકોને રોજગાર આપે છે, ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપી મુંબઈ પણ શહેરના સામાજિક અને માળખાકીય વિકાસમાં મહત્વનું યોગદાન આપી રહ્યું છે.




રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ પણ આ યાદીમાં સ્થાન પામતું અગ્રણી જૂથ છે. ૧૯૬૬માં સ્થાપિત અને મુંબઈમાં હેડક્વાર્ટર ધરાવતી રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ, એક વિશાળ કોંગ્લોમરેટ છે, જે ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, રિટેલ, ટેલિકોમ્યુનિકેશન્સ, મીડિયા અને ડિજિટલ સેવાઓમાં કાર્યરત છે. કંપની ભારતના અનેક ક્ષેત્રોમાં ક્રાંતિ લાવી છે, ખાસ કરીને રિલાયન્સ જિયો મારફતે, જેના આપણે સૌ કોઈ સાક્ષી છીએ. રિલાયન્સનું મુંબઈ મુખ્યમથક તેની વિવિધ વ્યવસાય શાખાઓમાં વ્યૂહાત્મક યોજના તથા કોર્પોરેટ ગવર્નન્સને સંચાલિત કરે છે. સમાજ સેવામાં આર્થિક યોગદાન ઉપરાંત, કંપની શિક્ષણ, આરોગ્ય અને શહેરી વિકાસ પ્રોજેક્ટસ સહિત વ્યાપક સામાજિક

પહેલોમાં સક્રિય છે, જે મુંબઈ સહિત દેશભરમાં આદર્શ બને છે. રમતજગતથી લઈને કાપડ અને અન્ય ઉદ્યોગોમાં પણ કંપની પોતાનું યોગદાન આપે છે.




**આદિત્ય બિરલા ગ્રૂપ,** ૧૮૫૭માં સ્થાપિત મુંબઈમાં હેડક્વાર્ટર ધરાવતું વૈશ્વિક બિઝનેસ ઓપરેશન્સ ધરાવતું આ એક અગત્યનું કોંગ્લોમરેટ છે. આદિત્ય બિરલા ગ્રૂપ મેટલ્સ, સિમેન્ટ, ટેક્સટાઈલ્સ, કેમિકલ્સ, ફેશન, રિટેલ અને નાણાકીય સેવાઓમાં કાર્યરત છે. આ ગ્રૂપ તેનાં નૈતિક મૂલ્યો, વૈશ્વિક વિસ્તરણ અને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી માટેની અડગ પ્રતિબદ્ધતા માટે જાણીતું છે. કંપનીના મુંબઈ હેડક્વાર્ટર ખાતે વ્યૂહાત્મક ઓપરેશન્સ, ગવર્નન્સ અને આંતરરાષ્ટ્રીય બિઝનેસ ડેવલપમેન્ટના નિર્ણયો લેવાય છે. આદિત્ય બિરલા ગ્રૂપ મુંબઈમાં રોજગારી નિર્માણ કરી ઔદ્યોગિક વૈવિધ્યકરણને પ્રોત્સાહન આપી શહેરને ભારતના કોર્પોરેટ પાવરહાઉસ તરીકે મજબૂત બનાવતું જૂથ છે.

**મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ ક્ષેત્ર**

મુંબઈને ભારતની આર્થિક રાજધાનીની સાથે મીડિયા અને એન્ટરટેઈનમેન્ટની રાજધાની પણ કહી શકાય તેમ છે. અહીં એવી કંપનીઓ છે જે ખુલ્લા મને પોતાનો મત જનતા સુધી અને સરકાર સુધી પહોંચાડવામાં પાયાની ભૂમિકા ભજવે છે.



**ટાઈમ્સ ગ્રૂપ,** ૧૮૩૮માં સ્થાપિત મુંબઈમાં હેડક્વાર્ટર ધરાવતું, ભારતનું આ સૌથી મોટું અખબાર જુથ છે. તે The Times of India, Economic Times સહિત અનેક મેગેઝિનો પ્રકાશિત કરે છે. ડિજિટલ પ્લેટફોર્મ, રેડિયો સ્ટેશનો અને ઈવેન્ટ મેનેજમેન્ટ વિભાગો પણ ચલાવે છે. કંપનીના મુંબઈ સ્થિત હેડક્વાર્ટરમાં સંપાદકીય નીતિઓ, માર્કેટિંગ, કન્ટેન્ટ પ્રોડક્શન અને વ્યૂહાત્મક કામકાજોને આખરી ઓપ આપવામાં આવે છે. ટાઈમ્સ ગ્રૂપના ઓપરેશન્સે વ્યાપક રોજગારીના અવસરો પણ ઊભા કર્યા છે, મીડિયા ટ્રેન્ડ્સને પ્રભાવિત કર્યા છે. એ રીતે મુંબઈની સાંસ્કૃતિક તથા કોર્પોરેટ ઓળખને મજબૂત બનાવી છે.




**ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝિસ,** ૧૯૯૨માં સ્થાપિત ટેલિવિઝન બ્રોડકાસ્ટિંગ અને ડિજિટલ મિડિયામાં આ અગ્રણી કંપની છે. કંપની વિવિધ ભાષામાં વિવિધ ચેનલો અને ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે દર્શકો માટે વિવિધ કન્ટેન્ટ પ્રદાન કરે છે. કંપનીના મુંબઈ હેડક્વાર્ટર ખાતે કન્ટેન્ટ ક્રિએશન, બ્રોડકાસ્ટિંગ અને કંપનીની આગામી વ્યૂહાત્મક નીતિઓ અંગેના નિર્ણયો લેવામાં આવે છે. સર્જનાત્મક પ્રતિભાઓને પ્રોત્સાહિત કરી લોકપ્રિય એન્ટરટેઈનમેન્ટ કન્ટેન્ટ પ્રદાન કરતી, ઝી એન્ટરટેઈનમેન્ટ મુંબઈની મીડિયા ઈકોસિસ્ટમનું અવિભાજ્ય અંગ બની ગઈ છે, જે ન માત્ર રોજગાર પૂરો પાડે છે પરંતુ મુંબઈને વૈશ્વિક મીડિયાના બજારમાં એક અલગ ઓળખ ઊભી કરવામાં પણ મદદ કરે છે.

બોલીવૂડના જમ્પિંગ જેક જીતેન્દ્રની દીકરી એકતા કપૂર દ્વારા ૧૯૯૪માં શરૂ કરવામાં આવેલી **બાલાજી ટેલિફિલ્મ્સ** ભારતની પ્રમુખ પ્રોડક્શન કંપની તેના પ્રખ્યાત ટેલિવિઝન શો અને ફિલ્મો માટે લોકપ્રિય છે. બાલાજી ટેલિફિલ્મ્સે ભારતીય એન્ટરટેઈનમેન્ટ ક્ષેત્રમાં ખાસ કરીને સીરિયલ ટેલિવિઝન કન્ટેન્ટમાં નવા ટ્રેન્ડ્સ સ્થાપિત કર્યા છે. કંપનીનું મુંબઈમાં આવેલું હેડક્વાર્ટર જ ટેલેન્ટ અને નવસર્જનનું મથક છે કેમ કે અહીં પ્રોડક્શન મેનેજમેન્ટ અને કોર્પોરેટ વ્યૂઅર્સથી માંડી મોટાભાગના શૂટિંગ પાર પાડવામાં આવે છે. બાલાજી




ટેલિફિલ્મ્સનો પ્રભાવ માત્ર એન્ટરટેઈનમેન્ટ સુધી સીમિત નથી. તેણે સર્જનાત્મક પ્રતિભાને સપોર્ટ કરવાથી લઈને, ડિજિટલ કન્ટેન્ટમાં બહોળો વિકાસ કરી મુંબઈને ભારતના ટેલિવિઝન અને ફિલ્મ ઉદ્યોગના ઉચ્ચ શિખરે સ્થાન અપાવ્યું છે એમ ચોક્કસ કહી શકાય.

**પ્રોફેશનલ સર્વિસીસ આપતી બિગ ૪**

મુંબઈ માત્ર ભારતની સૌથી મોટી બેંકો, FMCG અને કોંગ્લોમરેટ્સના કોર્પોરેટ હેડક્વાર્ટર્સનું હબ નથી, પરંતુ દેશની પ્રોફેશનલ સર્વિસીસની રાજધાની પણ છે. અહીં બિગ ૪ એકાઉન્ટિંગ અને એડવાઈઝરી ફર્મ્સ એટલે કે - Deloitte India, PwC India, EY India અને KPMG Indiaના ઈન્ડિયન હેડક્વાર્ટર્સ આવેલ છે. આ ફર્મો સામૂહિક રીતે ઓડિટ, એશ્યોરન્સ, ટેક્સ કંપ્લાયન્સ, રિસ્ક એડવાઈઝરી, કન્સલ્ટિંગ, ટ્રાન્ઝેક્શન સપોર્ટ, ફાઈનાન્સિયલ એડવાઈઝરી સહિત લેટેસ્ટ ટેક્નોલોજી કન્સલ્ટિંગ સેવાઓ પણ પ્રદાન કરે છે.




Deloitte Indiaની વાત કરીએ તો આ કંપની છેલ્લા કેટલાક સમયથી વાદવિવાદમાં સપડાતી આવી છે પણ તેના મુંબઈમાં આવેલા હેડક્વાર્ટરમાં મોટાભાગે તમને ઓડિટ, કન્સલ્ટિંગ, ફાઈનાન્સિયલ એડવાઈઝરી, રિસ્ક મેનેજમેન્ટ અને ટેક્સ સર્વિસના કામકાજો થતા જોવા મળશે. અહીં દસ હજારથી પણ વધારે પ્રોફેશનલ્સ કામ કરે છે, જેઓ વિવિધ સેક્ટર્સ જેમ કે ફાઈનાન્સિયલ સર્વિસીસ, કન્ઝ્યુમર ગુડ્સ, મેન્યુફેક્ચરિંગ અને ટેકનોલોજી જેવા ક્ષેત્રમાં પોતાની સેવા પ્રદાન કરે છે. Deloitte India માત્ર પરંપરાગત ઓડિટ અને

એડવાઈઝરી સેવાઓ જ નથી આપતી, પરંતુ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, સિસ્ટમ્સ ઈમ્પ્લિમેન્ટેશન, સસ્ટેનેબિલિટી પ્લાનિંગ અને સ્ટ્રેટેજિક બિઝનેસ કન્સલ્ટિંગ પણ ચલાવે છે.




PwC India, મુંબઈમાં હેડક્વાર્ટર ધરાવવાની સાથે, એશ્યોરન્સ, એડવાઈઝરી, ટેક્સ અને કન્સલ્ટિંગ સેવાઓ પ્રદાન કરે છે. PwC India સ્થાનિક અને બહુરાષ્ટ્રીય ક્લાયન્ટ્સને કંપ્લાયન્સ, ઓપરેશનલ અને ડિજિટલ નવીનતા માટે પણ સહાય કરે છે. મુંબઈની ટીમ ગ્લોબલ પ્રોજેક્ટ્સનું કામકાજ સંભાળે છે, બિઝનેસ સ્ટ્રેટેજી, ટેકનોલોજી અને રિસ્ક મેનેજમેન્ટમાં વધુ સક્ષમ બનાવે છે.




જ્યારે EY India, એડવાઈઝરી, એશ્યોરન્સ, ટેક્સ અને ટ્રાન્ઝેક્શન સેવાઓ પ્રદાન કરે છે. ડિજિટલ, એનાલિટિક્સ અને ટેક્નોલોજિકલ સેવાઓને સપોર્ટ કરવા માટે કંપની નીતનવી સેવાઓ પૂરી પાડે છે. EY India કંપનીઓને ગવર્નન્સ, રિસ્ક મેનેજમેન્ટ, ટ્રાન્ઝેક્શન્સ અને વાઈડ ટ્રાન્સફોર્મેશનમાં સહાય કરે છે, જેમાં મુંબઈમાં આવેલું હેડક્વાર્ટર ભારતીય અને ગ્લોબલ ઓપરેશન્સ માટેનું મુખ્ય હબ બની ગયું છે.

સામાપક્ષે KPMG India, પણ




અન્ય ત્રણ કંપનીઓની જેમ ફાઈનાન્સિયલ સર્વિસીસ, ટેલિકોમ્યુનિકેશન્સ અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ક્ષેત્રોમાં ઓડિટ, ટેક્સ અને એડવાઈઝરી સેવાઓ પ્રદાન કરે છે.

KPMG India રિસ્ક મેનેજમેન્ટ, સાઈબર સિક્યોરિટી, ડિજિટલ એશ્યોરન્સ અને સ્ટ્રેટેજિક ટ્રાન્ઝેક્શન એડવાઈઝરી પર ફોકસ કરે છે. ટૂંકમાં બિગ ૪નું કામ શહેરની કોર્પોરેટ ઈકોસિસ્ટમને આધાર આપવાનું અને ઈન્ટરનેશનલ ઓપરેશન્સને સરળ બનાવવાનું છે.

ટૂંકમાં એમ ચોક્કસ કહી શકાય છે કે, સેક્ટર કોઈપણ હોય, કંપની કોઈપણ હોય મુંબઈ હંમેશા દરેકને પોતાના તરફ આકર્ષે છે અને ભવિષ્યમાં પણ એ આકર્ષતું રહેશે.

INVESTMENT HOUSE

FREE... FREE... FREE...

તમારાં ખોવાયેલા / ગુમાવેલા અથવા વારસાગત શેર ફ્રીમાં ગોતી આપશું..

(એડ્રેસ બદલ્યું હોય / ખોવાઈ ગયા હોય / ભુલાઈ ગયા છે તે શેર પણ મળી જશે..)

Duplicate, Transmission, Demat, IEPF શેર માટેની ખુબ ઝડપી-ખુબ સસ્તામાં સર્વિસ આપશું..

Call: 8433779853, 8291225710

Email: investmenth07@rediffmail.com

Siddhivinayak Advt (All Over India)-9892007232



# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નવા યુગનું તાલિસ્માન



**પરિમલ નથવાણી**
ડાયરેક્ટર - કોર્પોરેટ અફેર્સ,
રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તથા
રાજ્યસભા સાંસદ

વર્તમાન સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એ.આઈ.)નો જાદુ ચારે તરફ ફેલાયેલો જોવા મળી રહ્યો છે. ડેટા અને કનેક્ટિવિટીના યુગમાંથી હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી એકત્ર કરેલા ડેટાને કઈ રીતે ઉપયોગમાં લઈને નવીનતમ સંશોધનો કરી શકીએ અને માનવજીવનને કઈ રીતે વધારે સુખી અને સુવિધાસભર બનાવી શકીએ તેના પર ધ્યાન કેન્દ્રિત કરતા ઈન્ટેલિજન્ટ યુગમાં પ્રવેશ કરી રહ્યા છીએ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હવે માત્ર વૈજ્ઞાનિકો કે વિદ્વાનોના રસનો વિષય બનવાથી આગળ વધીને લોકોના સામાન્ય જીવનનો ભાગ બની રહ્યો છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ માત્ર મોટા ઉદ્યોગગૃહો, ટેકનોલોજી કંપનીઓ પૂરતો સિમિત નહીં રહેતાં તે શિક્ષણથી માંડીને આરોગ્યસંભાળ, પરિવહનથી માંડીને ખેતીવાડી સુધીનાં જીવનનાં તમામ પાસાં સાથે વણાઈ ગયો છે અને જીવનનાં તમામ ક્ષેત્રોમાં ધરમૂળથી પરિવર્તન લાવશે તેમાં શંકાને કોઈ જ સ્થાન નથી. વિશ્વમાં સૌથી વધારે પ્રમાણમાં યુવાધન ધરાવતા ભારત દેશ માટે આ ક્રાંતિ ખૂબ જ અસરકારક પૂરવાર થશે અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ ભારત સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરશે.

“What is Good for India is Good for Reliance” જેનો મુદ્રાલેખ છે અને જે દેશના વિકાસ અને હિતને સર્વોપરી સ્થાને રાખે છે તે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ એ.આઈ. ક્ષેત્રમાં પણ કઈ રીતે પાછળ રહી શકે? રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર શ્રી મુકેશ ડી. અંબાણીના નેતૃત્વ હેઠળ જિયોના માધ્યમથી દેશમાં ડિજીટલ ક્રાંતિ લાવીને દરેક ભારતીયને ડિજીટલ ઈન્ડિયા સાથે જોડનારી રિલાયન્સ હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં હરણફાળ ભરવા તૈયાર છે. તાજેતરમાં યોજાયેલી, એ.આઈ.ઈમ્પેક્ટ સમિટમાં દુનિયાભરના દિગ્ગજોની હાજરીમાં શ્રી મુકેશ ડી. અંબાણીએ એ.આઈ.ના ક્ષેત્રમાં રૂા. ૧૦ લાખ કરોડના રોકાણની જાહેરાત કરી છે. આ સાથે જ તેમણે સાર્વભૌમ કમ્પ્યુટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ સાથે એ.આઈ.ના ખર્ચમાં ઘટાડો કરીને દેશના આમ આદમી સુધી એ.આઈ.ના લાભ પહોંચાડવા માટેની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે. જિયોના માધ્યમથી ભારતમાં ડિજીટલ ક્રાંતિ લાવનાર રિલાયન્સ હવે એ.આઈ. ક્રાંતિના મુખ્ય પ્રહરી તરીકે સમગ્ર દેશનું નેતૃત્વ કરીને ‘ઈન્ટેલિજન્સ એરા’માં લઈ જવા માટે સુસજ્જ છે.

આ ‘ઈન્ટેલિજન્સ ઈરા’ એટલે કે બૌધ્ધિક યુગમાં ભારત માટે વિકાસની અનેકગણી તકો રહેલી છે. ભારત પાસે વિશ્વનું સૌથી મોટું યુવાધન છે એટલું જ નહીં પરંતુ આ યુવાધન ટેકનોલોજીના ક્ષેત્રમાં ઘણું જ આગળ છે. અત્યારે ભારતીય અથવા ભારતીય મૂળના કેટલા બધાં લોકો વિશ્વની ટોચની કંપનીઓના સી.ઈ.ઓ. અને સી.ટી.ઓ. તરીકે કાર્ય કરીને આ લબ્ધ પ્રતિષ્ઠિત કંપનીઓના વિકાસ અને પ્રગતિનો માર્ગ પ્રશિસ્ત કરે છે. ડેમોગ્રાફિક ડિવિડન્ડ, લોકશાહી, વિકાસ, ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડેટા જનરેશન અને એ.આઈ.ના ઉપયોગમાં ભારતની સામે કોઇ પણ દેશ ટક્કર લઈ શકે તેમ લાગતું નથી. તેથી, જ એવું કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી કે ભારત એ.આઈ.ના ક્ષેત્રમાં સુપર પાવર બનીને ઉભરી આવશે.

એ.આઈ.ના કારણે ઉદ્યોગજગતના તમામ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ ક્રાંતિ આવશે તે સર્વવિદિત છે. ઉત્પાદન ક્ષેત્રમાં ‘કોગ્નિટિવ ફેક્ટરી’નો ઉદય થઈ રહ્યો છે. એ.આઈ. માત્ર યંત્રવત કાર્યોને વધારે સુગમ બનાવશે તે તો માત્ર પાયાની વાત છે. પરંતુ એ.આઈ.ના ઉપયોગથી સપ્લાય ચેઈનમાં આવતા અવરોધો, મશીનમાં થઈ શકે તેવી ગરબડો, વગેરેની આગોતરી માહિતી પ્રાપ્ત થવાને કારણે ઉત્પાદન ખર્ચમાં મહદ અંશે ઘટાડો થશે, જેની સીધી અસર કંપનીના પ્રદર્શન અને દેશની ઈકોનોમી પર પડશે. એ.આઈ.ના માધ્યમથી એવા પ્રકારની ડિઝાઈન તૈયાર થશે, જેનાથી મશીન વજનમાં હળવાં હોવા ઉપરાંત મજબૂત અને ટકાઉ હોય.

ગ્રામીણ ભારતમાં સસ્તી અને ગુણવત્તાપ્રદ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવી એ આજે દેશ માટે સૌથી મોટો પડકાર છે. છેલ્લા દશકમાં અનેક નવી મેડિકલ કોલેજોને મંજૂરી આપવામાં આવી હોવાં છતાં પણ ડોક્ટરોની તંગી અને ગુણવત્તાયુક્ત દવાઓની તંગી ખૂબ જ મોટી સમસ્યા છે. દેશના અંતરિયાળ વિસ્તારો સુધી ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં એ.આઈ. ખૂબ જ કારગત સાબિત થઈ શકે છે જેના કારણે

લોકોનું આરોગ્ય સ્તર ઊંચું આવતાં સર્વસમાવેશી વિકાસને વેગ મળશે. સિંચાઈના અનેક સાધનો ઉપલબ્ધ હોવા છતાં પણ ભારતની મોટાભાગની ખેતી વરસાદ આધારીત છે અને ખેતીમાં જળવાયુ પરિવર્તનના કારણે આવેલા ફેરફારોને કારણે જે સમસ્યાઓ સર્જાઈ રહી છે તેનાથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. દેશમાં ખેડૂતોની પરિસ્થિતિ ઘણી વિકટ છે. પરંતુ એ.આઈ.ના ઉપયોગથી આ પરિસ્થિતિમાંથી આપણે બહાર આવી શકીશુ એવી મને શ્રદ્ધા અને વિશ્વાસ છે.

વળી, ખેડૂતોને પોતાની જમીન વધારે ફળદ્રુપ કઈ રીતે બનાવવી અને પોતાની જમીનમાં કયા પાકનું વધુ ઉત્પાદન લઈ શકાય તે અંગેની જાણકારી આંગળીના વેઢે પ્રાપ્ત થશે. કૃષિપેદાશોનું સારું ઉત્પાદન થયા પછી પણ સારો બજારભાવ મેળવવામાં ખેડૂતોને પડતી તકલીફો એ.આઈ.ના માધ્યમથી દૂર થશે કારણ કે બજારની વાસ્તવિક પરિસ્થિતિ જાણીને ખેડૂત પોતે જ યોગ્ય નિર્ણય લેવા સક્ષમ બનશે.

જ્યારે પણ કોઈ નવી ટેકનોલોજી શોધાય કે સંશોધન થાય ત્યારે તે અંગે શંકા-કુશંકાઓ થવી એ સ્વાભાવિક છે. હાલમાં એ.આઈ.ની ચર્ચાઓમાં એક ખૂબ જ અગત્યની ચર્ચા એ છે કે, શું એ.આઈ.ના ઉપયોગથી લોકોની રોજગારી પર ખૂબ જ અવળી અસર થશે અને લાખો લોકોની નોકરીઓ પર તલવાર લટકતી થઈ જશે? આમ આ પ્રશ્ન સમગ્ર રીતે અસ્થાને નથી પરંતુ સંપૂર્ણપણે સત્ય નથી. એ.આઈ.ના કારણે અનેક નવી તકો ઊભી થતાં રોજગારીની નવી તકોનું સર્જન થશે. આ માટે યુવાનોએ કમર કસવી પડશે નવા યુગના કૌશલ્યો હસ્તગત કરીને સતત અપડેટ રહેવું પડશે.

હવે સૌથી મોટો પ્રશ્ન છે નૈતિકતાનો, એટલે કે એથીકલ યુઝ ઓફ એ.આઈ. જેમ-જેમ એ.આઈ.નો ઉપયોગ વધતો જશે તેમ-તેમ એથીકલ યુઝ ઓફ એ.આઈ. માત્ર જરૂરી જ નહીં પરંતુ અનિવાર્ય બનતું જશે. મેળવવામાં આવેલા ડેટાનો ઉપયોગ અયોગ્ય કામો માટે ન થાય, તે ડેટાનું એનાલિસીસ અને અર્થઘટન કોઈ કોમ, જાતિ, રંગ, વિગેરેને આધારે ભેદભાવ ઉત્પન્ન કરવા માટે ન થાય તે જોવાની આપણાં સૌની ફરજ બની રહેશે. આપણે સૌ જાણીએ છીએ કે હાલમાં એ.આઈ.ના ઉપયોગથી ઘણાં લોકો સાયબર ક્રાઈમ અને સાઈબર ફ્રોડ કરીને, લોકોના મહામહેનતે કમાયેલાં નાણાં પચાવી પાડે છે. લોકોના અવાજની નકલ કરીને કે પછી કાર્ડનું ક્લોનિંગ કરીને કરવામાં આવેલા ફ્રોડમાં ભણેલા-ગણેલા લોકો પણ તેનો ભોગ બનતા હોવાના સેંકડો દાખલા મોજૂદ છે. તાજેતરમાં એવી પણ દહેશત વ્યક્ત કરવામાં આવી છે કે, આતંકવાદીઓ એ.આઈ.ના ઉપયોગથી ખૂબ જ મોટા પાયે ખાનાખરાબી કરી શકે છે. આ માટે આપણી સરકાર સજ્જ છે જ. પરંતુ લોકોએ પણ ખૂબ જ સાવધાની રાખીને આ અંગે જાગૃત રહેવું જરૂરી છે. આ માટે જરૂરી છે કે ભારત સરકારે ડેટા લોકલાઇઝેશન કરવું જોઈએ એટલે કે ભારતના અબજો નાગરિકો દ્વારા જનરેટ કરાયેલો ડિજિટલ ડેટા ભારતની સરહદોની અંદર જ પ્રોસેસ થાય અને તેનો લાભ તેના પોતાના લોકોને મળે.

રિલાયન્સ સહિતના મોટા ઔદ્યોગિક સમૂહોએ આ ક્ષેત્રમાં મૂડીરોકાણ કરવા દર્શાવેલી તત્પરતા તથા વિશાળ ટેલેન્ટ પૂલ અને ડિજિટલ સાર્વભૌમત્વ પર સરકારની બારીક નજર સૂચવે છે, કે ભારત હવે માત્ર ટેકનોલોજીનો ગ્રાહક નથી. આપણે તેના આર્કિટેક્ટ (શિલ્પી) છીએ. 'ઈન્ટેલિજન્સ યુગ' તેમનો છે જેઓ અલ્ગોરિધમના તર્ક અને માનવીય નૈતિકતાની જરૂરિયાત વચ્ચે સંતુલન જાળવી શકે છે.






# સીએસઆર કરતી કંપનીઓની મુંબઈમાં ખોટ નથી

નેહા વજાણી

ટાટા, રિલાયન્સ, બિરલા જેવી કંપનીઓને તમે નામ માત્રથી ઓળખો છો પરંતુ એ સીએસઆર હેઠળ સમાજ સેવા માટે જે કામ કરે છે એ વિશે પણ જાણવું જરૂરી છે.

**'સેવા પરમો ધર્મ'**, સેવા જ પરમ ધર્મ છે એ વાત આપણને નાનપણથી શીખવવામાં આવે છે. આપણે એ વાત આપણા બાળકોને પણ શીખવાડીએ છીએ. કહેવાય છે કે, દુનિયાના ૧૦% લોકો પાસે એટલી સંપત્તિ છે કે જો એને આખા વિશ્વમાં સરખે ભાગે વહેંચી દેવામાં આવે તો એકપણ વ્યક્તિ ગરીબ ન રહે.

આજે પણ કોઈ વ્યક્તિને દાન કરવું હોય કે દાન કરવા માટેની કોઈ પ્રતિજ્ઞા લેવી હોય તો કર્ણનું ઉદાહરણ આપવામાં આવે છે. કહેવાય છે કે, દાન કરવું હોય તો એ રીતે કરવું જોઈએ કે એક હાથે કરો તો બીજા હાથને ખબર ન પડવી જોઈએ.

ખેર આપણે આજે વાત કરવી છે એ દાનની જેને આજે એક કાયદો બનાવીને સરકાર દ્વારા લાગુ કરવામાં આવ્યો છે અને નામ આપવામાં આવ્યું છે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી એટલે કે CSR. આ સીએસઆર કઈ બલાનું નામ છે, એ કઈ રીતે કામ કરે છે અને કઈ કંપની કેટલો નફો કરે છે અને તેને કેટલા ટકા રકમ CSR માટે ઉપયોગમાં લેવી જોઈએ એ દરેક બાબતોને આપણે આ લેખમાં સમજવાનો પ્રયાસ કરીશું.

**શું છે સીએસઆર?**

કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) એક એવો કાયદો છે જેમાં કંપનીઓ ફક્ત નફો કમાવવા પર ધ્યાન ન આપતા, પોતાની સામાજિક જવાબદારીઓ અને નૈતિક ફરજોના ભાગરૂપે આ કંપનીઓ સમાજને એક અભિન્ન અંગ સમજી સમાજના હિત માટે જે તે ક્ષેત્રમાં સેવાકાર્ય કરે છે. CSRમાં એવી પહેલોનો સમાવેશ થાય છે. જેમ કે શિક્ષણ, આરોગ્ય, સામાજિક વિકાસ તથા પર્યાવરણ સુરક્ષા વગેરે... બીજા શબ્દોમાં કહીએ તો CSR એ કંપનીઓ દ્વારા આર્થિક વિકાસ અને સામાજિક કલ્યાણ વચ્ચે સંતુલન સાધવાની પ્રતિબદ્ધતા છે. તે દર્શાવે છે કે, એક કંપની માટે લાંબા ગાળાની સફળતા ફક્ત તેના નાણાકીય પ્રદર્શન પર આધાર નથી રાખતી, પરંતુ કંપનીના સ્ટોકહોલ્ડર્સ, કર્મચારીઓ, ગ્રાહકો, સપ્લાયર, સમાજ, સરકાર અને પર્યાવરણ સાથે સંવાદિતતા જાળવવા પર પણ નિર્ભર કરે છે.

CSR હવે ફક્ત દાન કે ચેરિટેબલ પ્રવૃત્તિઓ સુધી સીમિત નથી, પરંતુ વ્યાપક અને વ્યૂહાત્મક અભિગમ તરીકે વિકસિત થયું છે, જેમાં કંપનીની રોજગાર લક્ષી પ્રવૃત્તિઓ સમાજ માટે અત્યંત આવશ્યક બને છે. આ કંપનીઓ સામાજિક અને પર્યાવરણીય સમસ્યાઓને હલ કરી પોતાના વ્યવસાયનો પણ વિકાસ કરે છે. CSR હવે સ્વૈચ્છિક ચેરિટીથી આગળ વધીને, રાષ્ટ્રીય કાયદો અને આંતરિક નીતિઓ દ્વારા ગોઠવાયેલ એક જવાબદાર સિસ્ટમ બની ગઈ છે.

**કોણ કરી શકે સીએસઆર?**

ભારતમાં કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૩૫ હેઠળ કંપનીઓની એક લાયકાત નક્કી કરવામાં આવી છે જેના આધારે તેઓ સીએસઆરમાં યોગદાન કરવાને પાત્ર બને છે. આ કલમ હેઠળ કોઈપણ કંપની જો છેલ્લા નાણાકીય વર્ષમાં રૂ.૫૦૦ કરોડ અથવા તેથી વધુની નેટ વર્થ ધરાવતી હોય અથવા રૂ.૧૦૦૦ કરોડ કે વધુનું વાર્ષિક ટર્નઓવર ધરાવે અથવા ઓછામાં ઓછો પાંચ કરોડ ચોખ્ખો નફો નોંધાવે, તો તે કાયદેસર રીતે સીએસઆર એક્ટિવિટી કરવાને પાત્ર બને છે.

આ માપદંડો એ વિચાર પર આધારિત છે કે જ્યારે કોઈ કંપની સામાજિક સ્રોતોનો ઉપયોગ કરીને મોટા પાયે વૃદ્ધિ અને નફો મેળવે છે, ત્યારે તેણે સમાજને થોડું પાછું આપવાની જવાબદારી પણ અદા કરવી જ જોઈએ. CSR ફરજિયાત બન્યા પછી જે-તે કંપનીએ એક CSR કમિટી સ્થાપિત કરવી પડે છે જેને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા

માર્ગદર્શન આપવામાં આવે છે. આ કમિટી જે-તે કંપનીની CSR નીતિ તૈયાર કરે છે અને કોણે, ક્યાં અને કેવી રીતે સહાય પહોંચાડવી તે નક્કી કરે છે.

આમ કંપનીએ પોતાના છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ નફાના ઓછામાં ઓછા બે ટકા રકમ સમાજ કલ્યાણમાં ખર્ચવી પડે છે તેની સંપૂર્ણ વિગતો પોતાના વાર્ષિક અહેવાલમાં રજૂ કરવી ફરજિયાત છે. આ સમગ્ર પ્રક્રિયા એ સુનિશ્ચિત કરે છે કે CSR માત્ર દાનની સ્વૈચ્છિક પ્રવૃત્તિ ન રહે, પરંતુ એક સુવ્યવસ્થિત, પારદર્શક અને જવાબદારીપૂર્ણ વ્યવસાયના ભાગરૂપે કાર્ય કરે જેનો હેતુ સમાજ, પર્યાવરણ અને સામૂહિક વિકાસને કાયમી લાભ મળે તે જોવાનું છે.



**Tata Consultancy Services Limited (TCS)** CSR ક્ષેત્રમાં આ મહત્ત્વનું નામ છે, ખાસ કરીને મુંબઈમાં તેમના વિશાળ નેટવર્કને કારણે TCSની CSR નીતિ મુખ્યત્વે શિક્ષણ, કૌશલ્ય વિકાસ, સામાજિક વિકાસ અને પર્યાવરણ સાથે જોડાયેલી છે.

અહેવાલો દર્શાવે છે કે, TCS ભારતમાં CSRના ક્ષેત્રમાં અગ્રણી સ્થાન ધરાવે છે, મળતી માહિતી મુજબ કંપનીએ વર્ષ ૨૦૨૧-૨૨માં જ CSR માટે ૬૯૩ કરોડથી વધુનું યોગદાન આપ્યું હતું. IT ક્ષેત્રની કંપની હોવા છતાં, TCSના CSR પ્રયત્નો ટેકનોલોજીથી વંચિત સમુદાયો સુધી જ્ઞાન અને તાલીમ પહોંચાડવાની દિશામાં હોય છે, જેથી ગરીબ તથા પછાત વર્ગના યુવાનો રોજગાર માટે જરૂરી કુશળતા મેળવી શકે. પરિણામે, સામાજિક ગતિશીલતા વધી છે અને યુવાઓને નવી તક મળી રહી છે. જ્યાં ટાટાનું નામ હોય ત્યાં બિઝનેસ કરતાં સમાજ અને દેશ પહેલા આવે એ વાતથી આખું વિશ્વ પરિચીત છે.

**Reliance Industries Limited (RIL)** મુંબઈમાં આવેલી સૌથી મોટી અને પ્રભાવશાળી કંપનીઓમાંથી એક છે. અને તેની CSR પ્રવૃત્તિઓની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાય છે.



૨૦૨૨-૨૩ના વાર્ષિક રિપોર્ટ મુજબ કંપનીએ CSR માટે રૂ.૭૪૪ કરોડ ખર્ચ્યા હતા, જે સામાજિક ઉત્તરદાયિત્વ માટેની તેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. Relianceની CSR સેવા ગ્રામ વિકાસ, શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, પ્રાણી કલ્યાણ, રમતગમત, સાંસ્કૃતિક વિકાસ અને પ્રાકૃતિક આપદાઓમાં રાહત જેવી અનેક દિશાઓમાં ફેલાયેલી છે. ૨૦૨૩માં શરૂ થયેલું 'Plant4Life' અભિયાન પર્યાવરણને હરિયાળું બનાવવાની દિશામાં અગત્યનું કદમ છે, જેમાં પાંચ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા અને સીડ-બોલ્સના માધ્યમથી કુદરતી હરિયાળી વધારવાનો પણ પ્રયાસ થયો છે. એનિમલ વેલફેરને સમર્પિત 'વનતારા' પ્રોજેક્ટ ઘાયલ અને શોષિત પ્રાણીઓની સારવાર, સંભાળ, રિહેબિલિટેશન અને સંરક્ષણ માટે કાર્યરત છે.

આ બાબતો ગ્રામ વિકાસ, પ્રાણી સંરક્ષણ, પર્યાવરણ અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર પરિણામો લાવે છે. ખાસ કરીને તે વિસ્તારોમાં જ્યાં પાણી જેવી મૂળભૂત સુવિધાઓ અથવા વનો જેવા કુદરતી સ્રોતોની તંગી છે.



**એચડીએફસી બેન્ક લિ.**ની CSR બ્રાન્ડ 'પરિવર્તન' પણ રાષ્ટ્રવ્યાપી સેવાઓ હાથ ધરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં બેંકે CSR માટે ૭૩૬ કરોડ ખર્ચ્યા હતા, જે અગાઉના વર્ષ કરતાં ૧૬% જેટલો વધારો દર્શાવે છે. 'પરિવર્તન' હેઠળ ગ્રામ્ય વિકાસ, શિક્ષણ, પાયાની જીવન જરૂરિયાતની સુવિધાઓ તથા કૌશલ્ય વિકાસ, સ્વચ્છતા, પ્રાકૃતિક સંસાધન, પાણી સંરક્ષણ તેમજ નવીનીકૃત ઊર્જા જેવા ક્ષેત્રોને પ્રાથમિકતા અપાઈ છે.

વર્ષ ૨૦૨૨માં આ કાર્યક્રમના માધ્યમથી ૯.૬ કરોડથી વધુ લોકોને લાભ મળ્યો હતો. તેમાં ૨૩,૮૦૦થી વધુ ટોયલેટ, ૧.૧૮ લાખથી વધુ આરોગ્ય કેમ્પ, ૧૭.૬૯ લાખ જેટલું વૃક્ષારોપણ અને ૪૧,૦૦૦થી વધુ સોલાર લાઈટ્સનો સમાવેશ થાય છે. HDFC બેંક ૧,૯૭૦ ગામડાંમાં Holistic Rural Development Programme પણ ચલાવે છે, જેના માધ્યમથી ખેતી, શિક્ષણ, જીવન જરૂરિયાતની સુવિધા, સ્વચ્છતા અને જળ વ્યવસ્થાપન જેવા ક્ષેત્રોમાં મોટું પરિવર્તન જોવા મળ્યું છે. આ સેવાઓથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારના પછાત જન સમુદાયો આર્થિક સદ્ધર, સ્વચ્છ, શિક્ષિત અને રોજગારલક્ષી બની રહ્યાં છે.




**હિન્દુસ્તાન યુનિલીવર લિ. (HUL)** એફએમસીજી ક્ષેત્રની દિગ્ગજ કંપની છે જે હાયજિન, સેનિટેશન, સ્વચ્છ પાણી, સામાજિક કલ્યાણ અને આરોગ્ય જેવા ક્ષેત્રોમાં CSR દ્વારા પોતાનું સક્રિય યોગદાન આપે છે. મુંબઈમાં HULનું 'સુવિધા સેન્ટર' પ્રોજેક્ટ ખાસ કરીને ઓછી આવકવાળા સમાજ માટે આશીર્વાદ સમાન છે. આ કેન્દ્રોમાં સ્વચ્છ પાણી, શાવર, ટોયલેટ જેવી સુવિધાઓ ખૂબ ઓછા ખર્ચે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. શહેરી ગરીબ વિસ્તારોમાં સેનિટેશન અને હાયજિન સુવિધાઓનો સામાન્ય રીતે અભાવ હોય છે, HULની આ શરૂઆત લોકોના આરોગ્ય, સ્વાભિમાન અને પરિવારની જીવનશૈલી સુધારવામાં મોટું યોગદાન આપે છે.

બિરલાસોફ્ટ, IT સેવા ક્ષેત્રની પ્રખ્યાત કંપની છે જેણે, ૨૦૨૦-૨૧માં ૫.૨૭ કરોડ CSR માટે ફાળવ્યા હતા. તેમના પ્રોજેક્ટ શોધન દ્વારા ખેતી કર્યા બાદ બાકી રહી ગયેલા પાકના કૂચાને એકઠા કરી



સ્ટેબલ-બર્નિંગ ઘટાડવામાં સહાયરૂપ બન્યું. આ પહેલ પર્યાવરણ માટે મહત્વપૂર્ણ બની છે. તેમની 'ઈ-વિદ્યા' પહેલથી મહિલાઓમાં ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા લાવવા માટે કાર્યરત છે, જે ગરીબ તથા પછાત પરિવારોની મહિલાઓને આત્મનિર્ભર બનાવી લાંબા ગાળે આખા પરિવારને આર્થિક રીતે સક્ષમ બનાવે છે.



**ICICI બેન્ક**ની CSR પ્રવૃત્તિઓ પણ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં સારું કાર્ય કરે છે. ખાસ કરીને આરોગ્ય ક્ષેત્રમાં, બેંકે કેન્સર સારવાર અને સંશોધન માટે મોડર્ન ઓન્કોલોજી બ્લોક્સની સ્થાપનામાં ફાળો આપ્યો છે.

આધુનિક ઉપકરણો અને સ્ટેટ-ઓફ-ધ-આર્ટ આરોગ્ય સેવાઓના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને ગુણવત્તાસભર કેન્સર સારવાર હવે ઉપલબ્ધ થાય છે. આરોગ્ય ક્ષેત્રમાં આ પ્રકારનાં પ્રયત્નો જીવલેણ બીમારીઓની સારવારમાં અગત્યનું પગલું સાબિત થાય છે.



**પીએનબી હાઉસિંગ ફાઈનાન્સ**નું સીએસઆર મોડલ પણ મુંબઈમાં વિશેષ સેવાઓ પૂરી પાડે છે. તેમના મોબાઈલ મેડિકલ યુનિટ્સ પ્રોજેક્ટ હેઠળ શહેરના મજૂરો, કન્સ્ટ્રક્શન વર્કસ અને શહેરી ગરીબ નાગરિકો સુધી તબીબી સુવિધાઓ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવે છે.

સામાન્ય રીતે જે લોકો આરોગ્ય સેવાઓથી વંચિત હોય છે તેમની પાસે સમય, પૈસા અથવા પરિવહનનો અભાવ હોય છે. મોબાઈલ યુનિટ્સ તેમના કાર્યસ્થળે જ સારવાર પહોંચાડે છે, જે લોકોના આરોગ્ય અને જીવન શૈલીમાં નોંધપાત્ર સુધારો કરે છે.



**મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા કંપની**નો પ્રોજેક્ટ હરિયાલી પર્યાવરણ સંરક્ષણમાં એક ઉત્તમ પહેલ છે. વૃક્ષારોપણ, જળ સંરક્ષણ, જમીન સંવર્ધન અને લો-કાર્બન લાઈફસ્ટાઈલને પ્રોત્સાહન આપતો આ પ્રોજેક્ટ મુંબઈ અને ભારતના અનેક વિસ્તારોમાં પર્યાવરણીય સુધારણા લાવ્યો છે.

પ્રોજેક્ટ હરિયાલીના પ્રયાસોથી ભૂગર્ભ જળ સ્તર સુધર્યું છે, હરિયાળી વધી છે અને પ્રદૂષણ ઓછું થયું છે, જેના લાંબા ગાળાના ફાયદા સમગ્ર સમાજને થશે.



**ગોદરેજ ગ્રૂપ** પણ મુંબઈમાં મહિલાઓના સશક્તિકરણ, પર્યાવરણ સંરક્ષણ, સામાજિક પહેલ અને પુનર્વસન જેવા ક્ષેત્રોમાં નોંધનીય CSR પ્રોગ્રામ ચલાવે છે.

તેમની સેવાઓ પહેલ શહેરી પછાત વિસ્તારોમાં મહિલાઓને રોજગારલાયક બનાવે છે, તેમજ પર્યાવરણ અને જૈવિક સંવર્ધન પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પ્રોજેક્ટો સમાજમાં સમાનતા, સલામતી અને સક્ષમતાના મૂલ્યોને મજબૂત બનાવે છે.




**આદિત્ય બિરલા ગ્રૂપ**ની CSR પ્રવૃત્તિઓ પણ મુંબઈ સહિત સમગ્ર ગુજરાત અને મહારાષ્ટ્રમાં જાણીતી છે. આરોગ્ય, શિક્ષણ, ગ્રામ્ય વિકાસ અને કૌશલ્યવિકાસ ક્ષેત્રમાં તેઓએ ઘણા કાર્યક્રમો ચલાવ્યા છે, જે ગરીબ અને પછાત વર્ગને સીધો લાભ આપે છે. શાળાઓ, આરોગ્ય કેન્દ્રો, સ્કિલ સેન્ટર્સ અને મહિલા સશક્તિકરણના પ્રોજેક્ટો તેમના CSR મોડલનો મુખ્ય આધાર છે.

આજે સીએસઆર માત્ર કોઈ દાન અથવા ચેરિટેબલ પ્રવૃત્તિ નથી રહી, પરંતુ કંપનીઓ માટે એક ફરજિયાત અને જવાબદારીપૂર્ણ પ્રક્રિયા બની ગઈ છે. તે કંપનીઓને પોતાની સામાજિક જવાબદારી સમજવા અને એક સુવ્યવસ્થિત રીતે સામાજિક લાભ પહોંચાડવા પ્રેરિત કરે છે. આમ સીએસઆર એ સમાજ સાથે કંપનીનો નાતો મજબૂત કરી, પર્યાવરણીય અને સામાજિક સમસ્યાઓને ઉકેલવા યોગદાન આપવાનો રાજ માર્ગ છે.

અહીં માત્ર કેટલીક નામાંકિત કંપનીઓની જાણકારી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં આ દિશામાં તો હજુ ઘણું કામ કરવાનું બાકી છે, પણ જાગ્યા ત્યારથી સવારને ધ્યાનમાં રાખીને આપણે પોતે પણ એક વ્યક્તિ તરીકે જો ઈન્ડિવિજ્યુલ સોશિયલ રિસ્પોન્સિબિલિટી બજવતા થઈએ તો સમાજની દશા અને દિશા બદલી શકીએ.



# ચપટી હીંગનો ચમત્કાર...

## अन्नपूर्णा®

बांधानी

हींग

100% Veg.

॥ ચપટી હીંગનો ચમત્કાર ॥

લાવે સ્વાદ અને સોડમ અનેરી

**અન્નપૂર્ણા હીંગ**

દાળ-શાક હોય કે હોય અથાણું

મહેંકી ઉઠશે આપનું ભાણું




Khada Powder

EXPORT PACK




Yellow Powder

Since... 1976

## ANNAPURNA HING PVT. LTD.

AHMEDABAD, GUJARAT (INDIA)

E-mail : annapurnahing@yahoo.co.in

For Product Inquiry : **+91-91046 49140**

**Export Inquiry Solicited ● એક્ષપોર્ટ પૂછપરછ આવકાર્ય**



# સ્વપ્ન નગરી મુંબઈની શાન વધારતા આ દર્શનીય સ્થળોને કેમ ભૂલાય!

કેતન નાણાવટી

એક તરફ અરબી સમુદ્ર અને બીજી તરફ સહ્યાદ્રી પર્વતમાળા આ બંને વચ્ચે જે રેતાળ અને પથરાળ પ્રદેશ આવેલો છે તેને કોંકણનો દરિયા કિનારો કહે છે.

ભૌગોલિક રીતે જોઈએ તો મુંબઈ મૂળે આ દરિયા કિનારાના આ સાત ટાપુઓનો સમૂહ હતો જેમાં કોલાબા, મુંબઈ, મઝગાંવ, પરેલ, વરલી, માહીમ અને ઓલ્ડ વુમન્સ આઈલેન્ડ જેવા સાત દ્વિપોનો સમૂહ હતો જેમાં કોળી માછીમાર પ્રજા વસવાટ કરતી હતી. સમયાંતરે એમાંથી મુંબઈ શહેર અસ્તિત્વમાં આવ્યું. કોળી ભાષામાં 'મુમ્બા' એટલે દેવી અને 'આઈ' એટલે માતા બંને શબ્દોને ભેગા કરતા આ શહેરને પોતાનું નામ મળ્યું મુંબઈ  ૨૨ કરોડની વસ્તી ધરાવતું આ શહેર ક્યારેય સૂતું નથી. એશિયાના સૌથી વધુ ધનાઢ્યો આ શહેરમાં રહે છે. વિશ્વનું ૧૫મા નંબરનું આ સૌથી ધનિક શહેર છે. જે ભારતના જી.ડી.પી.માં ૬% હિસ્સો ધરાવે છે. ભારતની કુલ ઈન્કમટેક્સની આવકમાં ૩૦ ટકા આવક માત્ર મુંબઈમાંથી થાય છે.

આ સપનાઓનું શહેર છે.
રૂપેશ કશ્યપની એક સુંદર કવિતા છે
યે શહેર હૈ ના મુંબઈ, યહાઁ પર ભીડ બહુત હૈ,
ઈસલિયે યહાઁ હર એક શખ્સ કો લગતા હૈ,
ઉસકી અપની એક પહચાન હો,
ઈસી પહચાન કી ખાતિર વો ભીડ કો ચીરતા હૈ



**એક પ્રવાસી તરીકે આવો શરૂઆત કરીએ મુંબઈના જોવાલાયક ઐતિહાસિક સ્થળોથી.**

### ગેટવે ઓફ ઈન્ડિયા:

મુંબઈના દક્ષિણ ભાગના દરિયાકિનારે કોલાબા વિસ્તારમાં આવેલું આ સ્મારક પ્રવેશદ્વાર છે. આ પ્રવેશ દ્વારનું નિર્માણ ઈંગ્લેન્ડના રાજા જ્યોર્જ પંચમ અને રાણી મેરીના આગમનની ઉજવણી રૂપે કરવામાં આવ્યું હતું. તેના નિર્માણ માટે પીળા રંગના આરસના પથ્થરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ૨૬ મીટર ઊંચા દરવાજાને બનતા ૧૩ વર્ષ લાગ્યા હતા.  તેના સ્થપતિ જ્યોર્જ વિન્ટેટ નામના અંગ્રેજ હતા. આ પ્રવેશદ્વારનું નિર્માણકાર્ય ઈ.સ. ૧૯૨૪ના વર્ષમાં પૂર્ણ થયું હતું.

ઈન્ડો સારાસેનિક શૈલીમાં બનેલા આ સ્મારકની પ્રેરણા ૧૬મી સદીની ગુજરાતી સ્થાપત્ય શૈલીમાંથી લેવામાં આવી હતી. જે તેની વિજય કમાન (ટ્રાયમ્ફલ આર્ચ)માં સ્પષ્ટ જોઈ શકાય છે.

નિર્માણ પછી ગેટવેનો ઉપયોગ ભારત માટે મહત્વપૂર્ણ અંગ્રેજ અધિકારીઓના પ્રતીકાત્મક ઔપચારિક પ્રવેશદ્વાર તરીકે કરવામાં આવતો હતો. ભારતની આઝાદીના એક વર્ષ પછી ૧૯૪૮માં છેલ્લી બ્રિટિશ સેના પણ અહીંથી ભારત છોડીને ગઈ હતી, તેથી આ સ્મારકને વિશેષ ઐતિહાસિક મહત્ત્વ પ્રાપ્ત થયું છે. આજે આ સ્મારક મુંબઈ શહેરના મુખ્ય પ્રવાસન આકર્ષણોમાંનું એક છે.



### છત્રપતિ શિવાજી ટર્મિનસ:

જેને મુંબઈગરા ટૂંકમાં સી.એસ.ટી કહે છે. આગ્રાના તાજમહેલ પછી ભારતની જો કોઈ ઈમારતના સર્વાધિક ફોટો લેવામાં આવ્યા હોય તો તે આ સ્ટેશનના છે. ભારતની વાણિજ્યિક રાજધાની મુંબઈનું આ એક ઐતિહાસિક રેલવે સ્ટેશન છે જે મધ્ય રેલવેનું મુખ્યાલય પણ છે.

આ સ્ટેશનની કલ્પના ફ્રેડરિક વિલિયમ સ્ટીવન્સે કરી હતી. આ સ્ટેશનને બનતા ૧૦ વર્ષ લાગ્યા હતાં. આ સ્ટેશનના નિર્માણમાં લંડનના સેંટ પૈન્ક્રાસ સ્ટેશનની ઝલક દેખાય છે. આ ઈમારત વિક્ટોરિયન

ગોથિક શૈલીમાં બનેલ છે. અંદરના ભાગોમાં કાષ્ઠ નકશીકૃત ટાઈલ્સ, લોહ અને પિત્તળની અલંકૃત મુંડેરેમ અને જાળીઓ, ટિકીટ-કાર્યાલયની ગ્રિલ તથા સીડીદાર દાદરા આ સ્ટેશનને નમૂનારૂપ બનાવે છે. નિર્માણ સમયે આ સ્ટેશનને શાસક સમ્રાજ્ઞી મહારાણી વિક્ટોરિયાના નામ પર વિક્ટોરિયા ટર્મિનસ કહેવાયું હતું. (આજે પણ ઘણા વી.ટી. સ્ટેશન તરીકે તેનો ઉલ્લેખ કરે છે.)

સન ૧૯૯૬માં શિવ સેનાની માંગ પર અંગ્રેજ નામોને ભારતીય નામોમાં બદલવાની નીતિ અનુસાર, આ સ્ટેશનનું નામ રાજ્ય સરકાર દ્વારા છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ કરવામાં આવ્યું હતું.

૨ જુલાઈ ૨૦૦૪ના રોજ યુનેસ્કોએ તેને 'વિશ્વ ધરોહર સ્થળ' તરીકે ઘોષિત કર્યુ હતું. મુંબઈ ઉપનગરીય રેલવે જે અહીંથી મુંબઈના બધા ભાગો માટે નીકળી મુંબઈની લાઈફ લાઈન બની જાય છે. ઈતિહાસમાં રસ ધરાવનારાઓએ આ સ્થળની મુલાકાત અચૂક લેવી જોઈએ.



### તાજ મહલ હોટલ:

૫૬૦ રૂમો અને ૪૪ સૂટસ સાથેની કોલાબા સ્થિત તાજ હોટલ ફાઈવ સ્ટાર હોટલ છે જે 'ગેટવે ઓફ ઈન્ડિયા'ની પાસે છે. ૧૦૫ વર્ષ જૂની આ હોટલની મુખ્ય ઈમારતનું નિર્માણ જમશેદજી ટાટા દ્વારા ઈ.સ. ૧૯૦૩માં ગોથિક અને ભારતીય સ્થાપત્ય કલાના સંયોજન પદ્ધતિથી કરવામાં આવ્યું હતું. એવી કથા છે કે, માત્ર અંગ્રેજો માટે બનેલી 'વોટ્સન હોટલ'માં પ્રવેશની મંજૂરી નહીં મળતાં જમશેદજી ટાટાએ ભારતની આ સર્વપ્રથમ ફાઈવ સ્ટાર હોટલનું નિર્માણ કર્યું હતું. ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ મુંબઈમાં આતંકવાદીઓના આ હોટલ પર થયેલ હુમલા પછી ૧૫ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ આ હોટલને સમારકામ બાદ પુનઃ શરૂ કરાઈ હતી.

### રાજાબાઈ ટાવર:

આ દક્ષિણ મુંબઈમાં આવેલો ઘડિયાળ ટાવર છે. તે મુંબઈ યુનિવર્સિટીના ફોર્ટ પ્રાંગણમાં આવેલો છે. તેની ઊંચાઈ ૮૫



મીટર (૨૮૦ ફીટ) છે. આ મિનારાનો સમાવેશ વિશ્વ ધરોહર સ્થળમાં થાય છે.

રાજાબાઈ ટાવરની રચના બ્રિટિશ સ્થપતિ સર જ્યોર્જ ગિલ્બર્ટ સ્કોટે કરી હતી. તેણે લંડનના બિગ બેન ટાવરનો આધાર આ રચના માટે લીધો હતો. ૧ માર્ચ ૧૮૬૯ના રોજ તેનો પાયો નાખવામાં આવ્યો હતો અને બાંધકામ નવેમ્બર ૧૮૭૮માં પૂર્ણ થયું હતું. બાંધકામનો તમામ ખર્ચ શ્રી પ્રેમચંદ રાયચંદે ઉઠાવ્યો હતો, જેઓ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (મુંબઈ શેર બજાર)ના સ્થાપક હતા. તેમણે આ ટાવરનું નામ પોતાની માતા રાજાબાઈના નામ પર રાખવાની શરતે આ ખર્ચ આપ્યો હતો.

ટાવરનું બાંધકામ વેનિસ અને ગોથિક સ્થાપત્ય શૈલીઓના મિશ્રણથી કરવામાં આવ્યું છે. તે સ્થાનિક એવા કુર્લા પથ્થરોથી બનાવવામાં આવ્યો હતો. ટાવરમાં શ્રેષ્ઠ કાચની બારીઓ જડેલી છે. એક સમયે આ ટાવર મુંબઈની સૌથી ઊંચી ઈમારત હતી. વારંવાર થતાં આત્મહત્યાના બનાવો પછી જાહેર જનતા માટે આ ટાવર બંધ કરવામાં આવ્યો છે.

### મણિભવન:

૧૯૧૭ થી ૧૯૩૪ સુધીના લગભગ ૧૭ વર્ષો સુધી મુંબઈ ગાંધીજીનું મુખ્ય મથક હતું. આ હવેલી રેવાશંકર જગજીવન ઝવેરીની હતી. મણિભવનથી જ ગાંધીજીએ અસહકાર, સત્યાગ્રહ, સ્વદેશી, ખાદી અને ખિલાફત આંદોલનોની શરૂઆત કરેલી. તેમજ ૧૯૧૭માં ગાંધીજીએ ચરખા સાથે સૌને જોડાવાની હિમાયત કરી હતી.

અહીં ગાંધીજીની પ્રતિમા ધરાવતું



એક પુસ્તકાલય છે. ગાંધીજીના બાળપણથી લઈને તેમની હત્યા સુધીના વિવિધ ફોટોગ્રાફ્સ ધરાવતી ફોટો ગેલેરી પણ છે. નવેમ્બર ૨૦૧૦માં મણિભવનની મુલાકાત લેનાર યુએસએ પ્રમુખ બરાક ઓબામા પ્રથમ વીવીઆઈપી આંતરરાષ્ટ્રીય મુલાકાતી બન્યા હતા. આ અગાઉ ફક્ત માર્ટિન લ્યુથર કિંગ જુનિયર ૧૯૫૦ના દાયકામાં મણિ ભવનની મુલાકાતે આવ્યા હતા.

### એલિફન્ટાની ગુફાઓ:

મુંબઈ શહેરથી ૧૨ કિલોમીટર દૂર એલિફન્ટા આઈલેન્ડ છે. જે પોતાની કલાત્મક ગુફાઓને લીધે પ્રસિદ્ધ છે. એલિફન્ટામાં કુલ સાત ગુફાઓ છે. મુખ્ય ગુફામાં ૨૬ સ્તંભ છે. આ જગ્યાને એલિફન્ટા નામ પોર્ટુગીઝ લોકોએ પથ્થરમાં કોતરેલી હાથીની (એલિફન્ટ) મૂર્તિને કારણે આપ્યું હતું. અહીં હિન્દુ ધર્મના ઘણા દેવી-દેવતાઓની મૂર્તિઓ છે. આ ગુફાઓ મુખ્યત્વે ભગવાન શિવને સમર્પિત ગુફા મંદિરોનો એક સમૂહ છે. યુનેસ્કોએ તેને 'વિશ્વ ધરોહર સ્થળ' તરીકે ઘોષિત કરેલ છે.

આ ગુફાઓ ઘન બેસાલ્ટ પથ્થરમાંથી કોતરવામાં આવી છે. થોડાક અપવાદોને બાદ કરતાં, અહીં મોટા ભાગના શિલ્પોને નુકસાન થયેલું છે. અહીં ૫.૪૫ મીટર ઊંચી ત્રિમૂર્તિ સદાશિવ (ત્રણ મુખવાળા શિવ), ભગવાન નટરાજ (નૃત્યના દેવ) અને યોગીશ્વર (યોગીઓના સ્વામી) સૌથી વધુ પ્રખ્યાત છે.

આ ગુફાઓ પાંચમીથી નવમી સદી વચ્ચેની હોવાનું માનવામાં આવે છે. એલિફન્ટા ગુફાઓ સુધી ગેટવે ઑફ ઈન્ડિયાથી સવારે ૯ વાગ્યાથી બપોરે ૨



વાગ્યા સુધી નૌકાસેવા ઉપલબ્ધ છે (સોમવાર સિવાય).



### જહાંગીર આર્ટ ગેલેરી:

મુંબઈની આ એક પ્રસિદ્ધ કલા પ્રદર્શન ગેલેરી છે. તેની સ્થાપના સર કાવસજી જહાંગીરે કે.કે. હેબ્બર અને હોમી જે. ભાભાના આગ્રહથી કરી હતી. આ ગેલેરીનું નિર્માણ ૧૯૫૨માં થયું હતું. મેનેજમેન્ટ કમિટીના સંચાલન હેઠળ ચાલતી આ ઈમારતનો સમગ્ર ખર્ચ કાવસજી જહાંગીરે દાનમાં આપ્યો હતો. આ ગેલેરી દક્ષિણ મુંબઈના કાલા ઘોડા વિસ્તારમાં છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલયની પાછળ, ગેટવે ઑફ ઈન્ડિયાની નજીક સ્થિત છે તેમાં ચાર પ્રદર્શન હોલ છે.

ગેલેરીનું ઉદ્‌ઘાટન ૨૧ જાન્યુઆરી ૧૯૫૨ના રોજ બોમ્બે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી બી.જી. ખેરે કર્યું હતું. સર કાવસજીના અવસાન પામેલા પુત્ર જહાંગીરની સ્મૃતિમાં આ ગેલેરી લોકાર્પણ કરવામાં આવી હતી. ભારતીય કલાના પુનર્જાગરણ સાથે આ ઈતિહાસ ગાઢ રીતે જોડાયેલો છે. અહીં 'નટેસન્સ' નામની ભારતની સૌથી જૂની લાઈસન્સ પ્રાપ્ત પ્રાચીન ચીજ વસ્તુઓની દુકાન પણ છે. ગેલેરીમાં પ્રવેશ નિઃશુલ્ક છે. આ ઈમારતની ડિઝાઈન દુર્ગા બાજપાઈ દ્વારા કરવામાં આવેલી. મુંબઈ શહેરની પ્રારંભિક કોંક્રીટ રચનાઓમાંની આ એક છે. આ ગેલેરીનું વિશાળ તરંગાકાર પ્રવેશદ્વાર અને પથ્થરની ઊભરાટવાળી ક્લેપિંગવાળો ફસાડ તેની આગવી વિશેષતા છે.

### છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલય (CSMVS):

જે અગાઉ 'પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ ઑફ વેસ્ટર્ન ઈન્ડિયા' તરીકે ઓળખાતું હતું. મુંબઈમાં આવેલું આ સંગ્રહાલય ભારતના પ્રાગૈતિહાસિક સમયથી આધુનિક યુગ સુધીના ઈતિહાસને ઉજાગર કરે છે.



તેની સ્થાપના ૨૦મી સદીની શરૂઆતમાં બ્રિટિશ શાસન દરમિયાન શહેરના પ્રતિષ્ઠિત નાગરિકોએ સરકારની સહાયથી પ્રિન્સ ઑફ વેલ્સ (પછીના જ્યોર્જ પંચમ)ના ભારત પ્રવાસની સ્મૃતિમાં કરી હતી. આ સંગ્રહાલય દક્ષિણ મુંબઈમાં ગેટવે ઑફ ઈન્ડિયાની નજીક સ્થિત છે. ૧૯૯૮માં તેનું નામ મરાઠા સામ્રાજ્યના સ્થાપક અને વીર યોદ્ધા રાજા શિવાજીના નામ પરથી રાખવામાં આવ્યું હતું.

આ ઈમારત ઈન્ડો-સારાસેનિક સ્થાપત્ય શૈલીમાં નિર્મિત છે, જેમાં મુઘલ, મરાઠા અને જૈન સ્થાપત્યકળાનો સમાવેશ થાય છે. આ સંગ્રહાલયમાં આશરે ૫૦,૦૦૦ જેટલી વસ્તુઓ છે, જે મુખ્યત્વે કલા, પુરાતત્વ અને કુદરતી ઈતિહાસ આ ત્રણ વિભાગોમાં વહેંચાયેલી છે. અહીં સિંધુ ખીણ સંસ્કૃતિના અવશેષો તેમજ ગુપ્ત, મૌર્ય, ચાલુક્ય અને રાષ્ટ્રકૂટ કાળના પ્રાચીન ભારતીય અવશેષો સંગ્રહિત છે. આજે આ સંગ્રહાલય ભારતના સૌથી મહત્વપૂર્ણ સાંસ્કૃતિક એવમ્ ઐતિહાસિક કેન્દ્રોમાંનું એક છે.

## મુંબઈના ધાર્મિક સ્થળો...

### શ્રી સિદ્ધિવિનાયક ગણપતિ મંદિર:

મુંબઈના પ્રભાદેવી વિસ્તારમાં આવેલું આ મંદિર મુંબઈનું સૌથી સમૃદ્ધ મંદિર ગણાય છે. તેની સ્થાપના લક્ષ્મણ વિઠુ અને દેહુબાઈ પાટિલે ૧૯ નવેમ્બર ૧૮૦૧માં કરી હતી. સિદ્ધિવિનાયક એ ગણેશજીનું સૌથી લોકપ્રિય સ્વરૂપ છે. ગણેશજીની જે પ્રતિમાઓમાં સૂંઢ ડાબી તરફ વળેલી હોય, તે સિદ્ધપીઠ સાથે જોડાયેલ હોય છે. આ મંદિર સિદ્ધિવિનાયક મંદિર કહેવાય છે. કહેવાય છે કે સિદ્ધિવિનાયકનો મહિમા



અપરંપાર છે તેઓ ભક્તોને તરત મન વાંછિત ફળ આપે છે. માન્યતા છે કે આ ભગવાન જેટલા જલ્દી પ્રસન્ન થાય છે તેટલા જલ્દી કોપાયમાન પણ થાય છે.

સામાન્ય રીતે ગણેશજીના ભક્તો વિશ્વના દરેક ખૂણે હોય છે, પરંતુ મહારાષ્ટ્રમાં તેમના ભક્તો સૌથી વધુ છે. અહીં હિંદુઓ જ નહીં પણ દરેક ધર્મના લોકો દર્શન અને પૂજા-અર્ચના માટે આવે છે. હાલનું સિદ્ધિવિનાયક મંદિર પાંચ મજલી છે. ભોંય તળિયે પ્રવચન ગૃહ, ગણેશ સંગ્રહાલય અને ગણેશ પીઠ ઉપરાંત બીજા માળ પર હોસ્પિટલ પણ છે, જ્યાં દર્દીઓને મફત તબીબી સારવાર મળે છે. એ જ માળ પર રસોડું છે. નવનિર્મિત મંદિરનું ગર્ભગૃહ એવી રીતે બનાવવામાં આવેલ છે કે જેથી વધુ અને વધુ ભક્તો સભામંડપમાંથી ગણપતિના સીધા દર્શન કરી શકે. પ્રથમ માળનો રવેશ પણ એ રીતે બનાવેલ છે કે ભક્તો ત્યાંથી પણ સીધા દર્શન કરી શકે છે.



### મુંબા દેવી મંદિર:

મુંબઈમાં ભુલેશ્વર ખાતે આ મંદિર આવેલ છે. મુંબઈ નામ મરાઠી ભાષામાં 'મુંબા આઈ' એટલે કે 'મુંબા માતા'ના નામ પરથી આવ્યું છે. તેવી પ્રચલિત માન્યતા છે આ મંદિર લગભગ ૪૦૦ વર્ષ જૂનું છે. શરૂઆતમાં અહીં માછીમારોની વસ્તી હતી. તેમને અહીં કોલી કહે છે. કોલી લોકોએ અહીં બોરી બંદર ખાતે મુંબા દેવી મંદિરની સ્થાપના એટલા માટે કરી કે આ દેવીની કૃપાથી તેઓને સમુદ્રમાં કરાતી માછીમારીયાં નુકસાન ના થયું. આ મંદિર તેના મૂળ સ્થાન પર ૧૭૩૭ના વર્ષમાં બન્યું હતું, જ્યાં આજે વિક્ટોરિયા ટર્મિનસની ઈમારત છે. બ્રિટિશ શાસનમાં આ મંદિર મરીન લાઈન્સ-પૂર્વ વિસ્તારમાં બજાર વચ્ચે સ્થાપિત કરાયું હતું.

અહીં મુંબા દેવીની નારંગી ચહેરાવાળી, ચાંદીના તાજથી શણગારેલ મૂર્તિ સ્થાપિત છે. આ મંદિરમાં દરરોજ છ વખત આરતી કરવામાં આવે છે.

મંગળવારનો દિવસ અહીં શુભ માનવામાં આવે છે. અહીં માનતા માંગવા માટે રાખેલ કઠવા (લાકડું) પર સિક્કાને ખીલી ઠોકી ચોંટાડવામાં આવે છે. શ્રદ્ધાળુઓની ભીડ અહીં ખૂબ જ રહે છે.



### માઉન્ટ બાંદ્રા અથવા માઉન્ટ સેન્ટ મેરી ચર્ચ:

આ રોમન કેથોલિક ચર્ચનું એક બેસિલિકા (તીર્થસ્થાન) છે. જે શહેરના બાંદ્રા વિસ્તારમાં આવેલું છે. અહીં દર વર્ષે ૮ સપ્ટેમ્બરના રોજ સેન્ટ મેરીના જન્મોત્સવની ઉજવણી થાય છે, જેને 'હોલી મેરીમાસ' અથવા 'બાંદ્રા ફેસ્ટ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસ ઈસુ ખ્રિસ્તની કુંવારી માતા મેરીના જન્મનો પવિત્ર અવસર છે. વાર્ષિક તહેવાર પછી એક અઠવાડિયા સુધી ચાલતો મેળો પણ અહીં યોજાય છે. દર વર્ષે લાખો લોકો આ મેળામાં હાજરી આપે છે.

આ ચર્ચ દરિયાઈ સપાટીથી આશરે ૮૦ મીટર ઊંચી એક ટેકરી પર સ્થિત છે અને અરબી સમુદ્ર તરફ છે. 'બાંદ્રા ફેર' દરમિયાન આખો વિસ્તાર ઝાલરો અને ધ્વજોથી શણગારવામાં આવે છે.



### હાજી અલી દરગાહ:

હાજી અલી દરગાહ મુંબઈના વરલી દરિયાકિનારા નજીક મુખ્ય રસ્તાથી આશરે ૪૦૦ મીટર દૂર આવેલા એક નાનાં ટાપુ પર સ્થિત છે. તેનું નિર્માણ ઈ.સ. ૧૪૩૧માં સુફી સંત સૈયદ પીર હાજી અલી શાહ બુખારીની સ્મૃતિમાં કરવામાં આવ્યું હતું. હાજી અલી ઉઝબેકિસ્તાનના બુખારા પ્રાંતના નિવાસી હતા અને વિશ્વભ્રમણ કરતાં કરતાં તેઓ ભારત આવ્યા હતાં. આ દરગાહ મુસ્લિમો માટે વિશેષ ધાર્મિક મહત્ત્વ ધરાવે છે તથા મુંબઈનું એક મહત્વપૂર્ણ ધાર્મિક અને પ્રવાસન સ્થળ પણ ગણાય છે.

દરગાહ સુધી પહોંચવા માટે મુખ્ય માર્ગથી એક સાંકડો પુલ (સેતુ) બનાવવામાં આવ્યો છે. આ સેતુની ઊંચાઈ ઓછી હોવાથી અને બંને બાજુ સમુદ્ર હોવાના કારણે દરિયામાં ઓટ હોય ત્યારે જ ત્યાં જઈ શકાય છે. ભરતી દરમિયાન આ માર્ગ પાણીમાં ડૂબી જાય છે. બંને બાજુ ફેલાયેલો સમુદ્ર આ સ્થળને અત્યંત મનોહર એવમ્ અપ્રતીમ આસ્થાનું કેન્દ્ર બનાવે છે.

દરગાહ લગભગ ૪૫૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલી છે. દરગાહ અને મસ્જિદની બહારની દીવાલો મુખ્યત્વે સફેદ રંગે રંગાયેલ છે. દરગાહ નજીક ૮૫ ફૂટ ઊંચી મિનાર આવેલી છે, જે આ સ્થળની ઓળખ છે. મસ્જિદની અંદર પીર હાજી અલીની મઝાર આવેલી છે જેના દિદાર માટે તમામ ધર્મના લોકો અહીં આવે છે.



### દખમા અથવા 'ટાવર ઓફ સાઈલન્સ':

પારસીઓનું સ્મશાન એટલે દખમા. તે ગોળ આકારની ખોખલી ઈમારત હોય છે. પારસી લોકો પોતાના મૃત સ્વજનોનો અંતિમ સંસ્કાર આ રીતે કરે છે. પારસી સમાજમાં મૃતદેહને ન તો સળગાવવામાં આવે છે ન તો દફનાવવામાં આવે છે કારણકે તેઓ અગ્નિ, જળ અને જમીનને પવિત્ર માને છે એટલે મૃતદેહને આકાશને હવાલે (ગીધ, કાગડા અને અન્ય પશુ-પક્ષીઓ માટેના આહાર રૂપે) કરી દેવામાં આવે છે આ સમગ્ર પ્રક્રિયાને દોખ્મે નશીની કહેવામાં આવે છે.

મુંબઈના મલબાર હિલ પર એક ટાવર ઓફ સાઈલન્સ આવેલો છે. આ મુંબઈનો સૌથી પોશ વિસ્તાર ગણાય છે. આ સ્થળ ચારેબાજુથી ગાઢ જંગલોથી ઘેરાયેલું છે. કહેવાય છે કે તેનું નિર્માણ ૧૯મી સદીમાં થયું હતું. 'ટાવર ઓફ સાઈલન્સ'માં માત્ર એક લોખંડનો દરવાજો છે. મિનારનો ઉપરનો ભાગ ખુલ્લો રહે છે, જ્યાં મૃતદેહોને મૂકવામાં આવે છે.



### ગ્લોબલ વિપશ્યના પેગોડા:

આ એક ધ્યાન માટેનો ગુંબજ હોલ છે, જેમાં અંદાજે ૮,૦૦૦ વિપશ્યના સાધકો એક સાથે બેસી શકે છે (વિશ્વનો આ સૌથી મોટો ધ્યાન હોલ છે). મુંબઈના ઉત્તર-પશ્ચિમ ભાગમાં ગોરાઈ નજીક આવેલો છે. ગ્લોબલ વિપશ્યના પેગોડાને મહારાષ્ટ્ર પર્યટન વિકાસ નિગમ (MTDC) દ્વારા મહારાષ્ટ્રની સાત અજાયબીઓમાંની એક તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. આ પેગોડા શાંતિ અને સૌહાર્દનું સ્મારક છે.

ગ્લોબલ વિપશ્યના પેગોડાનું નિર્માણ સયાગી યુ બા ખિન (૧૮૯૯-૧૯૭૧) પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવા માટે કરાયું હતું. તેઓ વિપશ્યના મહાન શિક્ષક અને સ્વતંત્ર બર્માના પ્રથમ મહાલેખાકાર હતા, જેમણે વિપશ્યનાને તેના મૂળ દેશમાંથી ભારત સુધી લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ગ્લોબલ વિપશ્યના પેગોડાના મધ્યમાં વિશ્વનો સૌથી મોટો પથ્થરનો ગુંબજ આવેલો છે, જે કોઈપણ સહાયક સ્તંભ વિના બનાવવામાં આવ્યો છે. આ ગુંબજની ઊંચાઈ અંદાજે ૨૯ મીટર છે. આ ગુંબજ બીજાપુરમાં આવેલા ગોળ ગુંબજ કરતાં કદમાં લગભગ બમણો છે. પેગોડાના શિખરને વિશાળ ક્રિસ્ટલથી શોભાવવામાં આવ્યું છે. શિખર પર શુદ્ધ સોનાનું આવરણ છે, જ્યારે બાકીની ઈમારત સોનાના રંગથી રંગવામાં આવી છે. શિખર પર બર્માના લોકોએ દાનમાં આપેલી વિશેષ શણગારદાર છત્રી પણ સ્થાપિત કરવામાં આવી છે. પેગોડાના મુખ્ય દરવાજા લાકડાના છે જેને મ્યાનમારમાં હસ્તકલાથી તૈયાર કરવામાં આવેલ છે. પેગોડાના ધમ્મ પટ્ટણા ધ્યાન કેન્દ્રમાં દસ દિવસીય વિપશ્યના ધ્યાન શિબિરો નિઃશુલ્ક યોજવામાં આવે છે.



**આધુનિક ભારત...**

**બાંદ્રા-વરલી સમુદ્રસેતુ:**

આ ૮ લેઈન ધરાવતો, તાર-સમર્થિત કોંક્રીટ વડે નિર્માણ કરવામાં આવેલ સેતુ છે. આ સેતુ મુંબઈ મહાનગરના બાંદ્રા તેમ જ વરલી એમ બે ઉપનગરોને એકબીજા સાથે જોડે છે. આ સેતુ પશ્ચિમી-દ્રીપ મહામાર્ગ યોજનાનું પ્રથમ ચરણ છે. આ સેતુનું ઉદ્‌ઘાટન ૩૦ જૂન ૨૦૦૯ના દિવસે થયું હતું પરંતુ સામાન્ય જનતા માટે તેને ૧ જુલાઈની મધ્ય રાત્રિથી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. સાડા પાંચ કિ.મી. લાંબા આ પુલના નિર્માણથી બાન્દ્રા અને વરલી વચ્ચે પ્રવાસમાં લાગતો સમય ૪૫ મિનિટથી ઘટીને માત્ર ૬-૮ મિનિટ રહી ગયો છે.આ પુલની યોજના ૧૯૮૦માં બનાવવામાં આવી હતી પરંતુ તેનું કાર્ય ૨૦૦૯માં પૂર્ણ થયું હતું.

આના નિર્માણ માટેના લોખંડના વાયરો ખાસ ચાઈનાથી મંગાવવામાં આવ્યા હતાં. આ દોરડાં પર કાટ ન લાગે તે માટે ખાસ પ્રકારનો રંગ લગાવી તેના ઉપર પ્લાસ્ટિકનું આવરણ ચઢાવવામાં આવેલું છે. દરરોજ લગભગ એક લાખ જેટલાં વાહનો આ પુલ પરથી પસાર થાય છે.




**નિતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર (NMACC):**

આ એક પરફોર્મિંગ આર્ટ્સ તેમજ બહુવિધ વિષયોને આવરી લેતું કલ્ચરલ સેન્ટર છે. જેનું ઉદ્‌ઘાટન ૩૧ માર્ચ ૨૦૨૩ના રોજ થયું હતું. આ કેન્દ્રની સ્થાપના રિલાયન્સ ફાઉન્ડેશનના અધ્યક્ષ નિતા અંબાણી દ્વારા ભારતીય કલાઓના સંરક્ષણ અને પ્રોત્સાહન માટે કરાઈ છે. NMACCનો અંદાજિત ખર્ચ આશરે ૧૨૦ કરોડ છે. આ કેન્દ્ર મુંબઈના બાંદ્રા-કુરલા કોમ્પ્લેક્સમાં આવેલ જિયો વર્લ્ડ સેન્ટર કોમ્પ્લેક્સનો ભાગ છે.

નિતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરે (NMACC) કળાને આગવી ઉંચાઈ બક્ષી છે. અહીં બ્રોડવે સ્તરના નાટ્ય પ્રોડક્શન્સ તેમજ અનેક સંગીત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અહીં આવેલ 'ધ ગ્રાન્ડ થિયેટર' ત્રણ સ્તરોમાં ફેલાયેલું ૨૦૦૦ બેઠકો ધરાવતું થિયેટર છે. ભારતનું આ સૌથી આધુનિક ટેકનોલોજીવાળું થિયેટર તરીકે ગણાય છે તેની ડિઝાઈનમાં ૮૪૦૦થી વધુ સ્વારોઈસ્કી ક્રિસ્ટલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અવાજના પડઘા ઘટાડવા માટે વિશેષ શોષક લાકડાનો ઉપયોગ કરીને આ થિયેટર ડિઝાઈન કરવામાં આવ્યું છે. તદ્‌ઉપરાંત અહીં આવેલું 'ધ સ્ટુડિયો થિયેટર' ૨૫૦ ટેલિસ્કોપિક બેઠકો ધરાવતું થિયેટર છે જેને વિવિધ કાર્યક્રમો માટે રૂપાંતરિત કરી શકાય છે. ભારતમાં પ્રથમ વખત રિગિંગ અને લાઈટિંગ માટે અહીં ટેન્શન વાયર ગ્રીડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. 'ધ ક્યુબ' ૧૨૫ બેઠકો ધરાવતું નાનું સ્થળ, જેમાં ખસેડી શકાય તેવો મંચ અને બેઠકો છે તથા 'ધ આર્ટ હાઉસ' પણ ચાર માળનું સમર્પિત કલા સંકુલ છે.

**એસ્સેલવર્લ્ડ:**

મનોરંજન માટેનું આ સ્થળ ગોરાઈ, મુંબઈમાં આવેલું છે, જેની સ્થાપના ૧૯૮૯માં કરવામાં આવી હતી. જે પાન ઈન્ડિયા પર્યટન પ્રા. લિ.ની માલિકીનું છે. એસ્સેલવર્લ્ડ તેની બાજુમાં આવેલા વોટર કિંગડમ સાથે મળીને ૬૪ એકર જમીનમાં ફેલાયેલું છે.

બન્ને સાથે મળીને ભારતનાં મોટામાં મોટાં મનોરંજન સ્થળ અને વોટર પાર્ક તરીકે એશિયાનાં સૌથી મોટાં થીમપાર્ક તરીકે ગણાય છે. દર વર્ષે અંદાજિત ૧૮ લાખ લોકો આ સ્થળની મુલાકાત લે છે, જેમાં અંદાજિત ૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ હોય છે.

**મુંબઈનો દરિયા કિનારો...**

**મરીન ડ્રાઈવ:**

મુંબઈમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ માર્ગ પર ત્રણ કિલોમીટર લાંબી આ સહેલગાહ છે. પાલોનજી મિસ્ત્રીએ આ માર્ગ અને સહેલગાહનું નિર્માણ કરાવ્યું હતું. તે કુદરતી ખાડીના કિનારે કેળાના આકારનો અને કોંક્રીટથી બનાવેલ લેનનો રસ્તો છે. મરીન ડ્રાઈવ 'ક્વીન્સ નેકલેસ' (રાણીનો



હાર) તરીકે પણ ઓળખાય છે. આનું કારણ એ છે કે રાત્રે ઉંચી જગ્યાએ ઉભા રહી ગમે ત્યાંથી મરીન ડ્રાઈવને જોવામાં આવે ત્યારે સડક પરની લાઈટો ગળાના હારમાં પરોવેલા મોતી જેવી લાગે છે.

આ સહેલગાહ પર હરોળબદ્ધ રીતે આવેલ તાડના વૃક્ષો અહીંનું સૌંદર્ય વધારે છે. મરીન ડ્રાઈવના ઉત્તરના છેડે ગિરગાંવ ચોપાટી (બિચ) છે. આ લોકપ્રિય ચોપાટી તેની ભેળપૂરી માટે પ્રખ્યાત છે.

આ રસ્તા પર આવેલી મોટાભાગની ઈમારતો શ્રીમંત પારસીઓએ ૧૯૨૦ અને ૧૯૩૦ના અરસામાં પ્રખ્યાત આર્ટ ડેકો શૈલીમાં બંધાવી હતી. મરીન ડ્રાઈવ પરની સૌથી જૂની આર્ટ ડેકો ઈમારતોમાં કપૂર મહેલ, ઝવેર મહેલ અને કેવલ મહેલનો સમાવેશ થાય છે. જેનું નિર્માણ ૧૯૩૭ અને ૧૯૩૯ની વચ્ચે થયેલ.

**જૂહુ:**

મુંબઈનો આ પરાં વિસ્તાર મુખ્યત્વે જૂહુ દરિયાકિનારા માટે જાણીતો છે. જૂહુની પશ્ચિમે અરબી સમુદ્ર, ઉત્તરે વરસોવા, પૂર્વમાં સાંતાક્રુઝ અને વિલે પાર્લે તથા દક્ષિણે ખાર વિસ્તાર આવેલો છે. જૂહુ મુંબઈના સૌથી વૈભવી વિસ્તારોમાંનો એક તેમજ બોલિવૂડ સિતારાઓનું રહેઠાણ છે.

આ દરિયા કિનારો ૬ કિમી લાંબો છે, જે વર્સોવા સુધી લંબાય છે જૂહુ એક લોકપ્રિય પર્યટન સ્થળ છે. જ્યાં મુંબઈની લોકપ્રિય સેવપુરી, ભેળપુરી તેમજ પાઉંભાજીનો આનંદ માણી શકાય છે. ગણેશ વિસર્જન દરમિયાન આ સ્થળનો બહુ ઉપયોગ થતો હોય છે.

મુંબઈની શાન વધારતા આ તમામ સ્થળોને મહારાણી મુંબઈના મોંઘેરા આભૂષણો ગણીએ તો તેમાં જરાપણ અતિશયોક્તિનો ભાવ નથી.





II Shree Satya II
DAMODARDAS
JEWELLERS
DMC Group SINCE 1961
દરેક પળે, દરેક પ્રસંગે ઝગમગતું સૌંદર્ય
અલકાપુરી આર્કેડ, અલકાપુરી, વડોદરા. ફોનઃ ૮૭૫૮૫ ૭૮૭૮૭
એમ.જી.રોડ, માંડવી, વડોદરા. ફોનઃ ૯૦૯૯૦ ૭૦૧૫૧

સંજય થોરાત 'સ્વજન'



# ઉત્સવોથી ઝળહળતું મુંબઈ

## ગણપતિની ભક્તિ, ગોવિંદાનો ઉત્સાહ અને ગુડીનો વિજયધ્વજ

મુંબઈના ત્રણ તહેવારો વિશ્વ વિખ્યાત છે. મુંબઈના ગણપતિ, દહીં હાંડી અને ગુડી પડવો આ ત્રણે તહેવારો એની વિવિધતાસભર ઉજવણી માટે પ્રખ્યાત છે.

ગણેશોત્સવ

લાલબાગ ચા રાજાથી ચિંચપોકલી ચિંતામણી સુધી; મુંબઈના ૭ વિશ્વવિખ્યાત ગણપતિના દર્શન કરવા લાખો ભક્તોની ભીડ ઉમટે છે. માયાનગરી મુંબઈ ગણેશ ચતુર્થીની ઉજવણીમાં દર વર્ષે તરબોળ થઈ જાય છે. ગણેશોત્સવ વખતે મોદકની મીઠી સુગંધ મુંબઈની હવામાં તરે છે. બાળક હોય કે વૃદ્ધ દરેક જણ આ ગણેશોત્સવના ઉત્સાહમાં ખોવાઈ જાય છે.

દેશના અન્ય ભાગોમાં પણ ગણેશ ચતુર્થીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે, પરંતુ ગણેશોત્સવ દરમિયાન મુંબઈમાં ઉત્સાહનું સ્તર કંઈક અલગ છે. લોકો પોતાના ઘરોમાં ગણપતિ બાપ્પાની સુંદર મૂર્તિઓની સ્થાપના કરે છે. ગણપતિની પૂજા કરે છે એટલું જ નહીં, તેઓ મુંબઈભરમાં યોજાતી જાહેર ગણેશોત્સવ મંડળોની પૂજામાં પણ એટલા જ ઉત્સાહથી ભાગ લે છે.


ગણેશોત્સવમાં મુંબઈના પંડાલોની મુલાકાત લેવાનું ભક્તો ચૂકતા નથી. મુંબઈના લોકપ્રિય અને ભવ્ય સાર્વજનિક ગણેશોત્સવના પંડાલ વિશે જાણવા જેવું છે

લાલબાગ ચા રાજા

દક્ષિણ મુંબઈના લાલબાગ વિસ્તારમાં 'લાલબાગ ચા રાજા'ની પૂજા કરવામાં આવે છે. મુંબઈમાં 'લાલબાગ ચા રાજા' એ કોઈ પૂજા પંડાલ કે મંડળ નથી પણ મુંબઈના ગણેશોત્સવનો પ્રાણ છે. લોકો ભગવાન ગણેશના દર્શન કરવા અને પ્રસાદ લેવા માટે શ્રદ્ધાપૂર્વક આખી રાત અહીં લાઈનમાં ઉભા રહે છે પરંતુ કોઈ ફરિયાદ નથી કરતા. દર વર્ષે લાખો લોકોની સાથે મોટી સંખ્યામાં VIP, VVIP અને ફિલ્મ સ્ટાર્સ પણ 'લાલબાગ ચા રાજા'ના દર્શને આવે છે.

GSB સેવા મંડળ

કિંગ્સ સર્કલ, મુંબઈ ખાતે GSB સેવા મંડળ દ્વારા ગણપતિ પૂજનનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષે અહીં મહાગણપતિની સ્થાપના કરવામાં આવે છે, જેને ૨૯૫ કિલોથી વધુ ચાંદી અને ૬૬ કિલોથી વધુ સોનાના આભૂષણોથી





શણગારવામાં આવે છે. GSB સેવા મંડળના ગણપતિ પૂજા પંડાલમાં તમને કંઈક એવો અલૌકિક અનુભવ થશે જે બીજે ક્યાંય નથી થતો. અહીંનુ સમગ્ર વાતાવરણ ભક્તિમય હોય છે.

**ખેતવાડી ચા ગણરાજા**

'ખેતવાડી ચા ગણરાજા' મુંબઈના ગ્રાન્ટ રોડ સ્થિત ખેતવાડીની ૧૨મી ગલીમાં પૂજાય છે. અહીં ભગવાન ગણેશની પરંપરાગત રીતે પૂજા કરવામાં આવે છે. આ ગણેશોત્સવ મંડળની સૌથી મોટી વિશેષતા એ છે કે, વર્ષોવર્ષ એક જ પ્રકારની અહીં ભગવાન ગણેશની મૂર્તિની પૂજા કરવામાં આવે છે. અહીં પંડાલને સજાવવાની શૈલીમાં ફેરફાર થઈ શકે છે, પરંતુ ભગવાન ગણેશના સ્વરૂપમાં કોઈ ફેરફાર થતો નથી. 'ખેતવાડી ચા ગણરાજા'ને પણ ઘણા પુરસ્કારોથી નવાજવામાં આવ્યા છે.

**ગણેશ ગલી મુંબઈ ચા રાજા**

લાલબાગ ચા રાજાથી થોડે દૂર ગણેશ ગલી 'મુંબઈ ચા રાજા'ની પૂજા કરવામાં આવે છે. દર વર્ષે અહીં અલગ અલગ થીમ પર પંડાલ સજાવવામાં આવે છે. આ ગણેશોત્સવ મંડળની સ્થાપના આઝાદી પહેલા વર્ષ ૧૯૨૮માં કરવામાં આવી હતી. એવું કહી શકાય કે ગણેશ ગલી 'મુંબઈ ચા રાજા' ગણેશોત્સવ મંડળ માત્ર જૂનું નથી ઐતિહાસિક પણ છે, જ્યાં દર વર્ષે લાખો ભક્તો વિઘ્નહર્તાના દર્શન કરવા આવે છે.

**કેશવજી નાયક ચાલ**

મુંબઈના ગિરગાંવ સ્થિત કેશવજી નાયક ચાલની ગણપતિ પૂજાની શરૂઆત વર્ષ ૧૮૯૩માં થઈ હતી. સ્વાતંત્ર્ય સેનાની બાળ ગંગાધર તિલકની પ્રેરણાથી અહીં ગણેશ ચતુર્થીની શરૂઆત થઈ હતી. કહેવાય છે કે માત્ર મુંબઈમાં જ નહીં પરંતુ સમગ્ર મહારાષ્ટ્રમાં આ પહેલું સાર્વજનિક ગણેશોત્સવ મંડળ છે. જ્યાં છેલ્લા ૧૩૨ વર્ષથી ગણેશ ચતુર્થી ઉત્સવનું આયોજન કરવામાં આવે છે.

**અંધેરી ચા રાજા**

લાલબાગ ચા રાજા પછી, જો કોઈ ગણેશોત્સવ મંડળનું વિસર્જન સરઘસ સૌથી ધૂમધામથી નીકળે છે, તો તે 'અંધેરી ચા રાજા' છે. આ ગણેશોત્સવની શરૂઆત વર્ષ ૧૯૬૬માં મુંબઈના અંધેરી વિસ્તારમાં બ્રિટિશ કંપની માટે ઈન્ડિગોનું ઉત્પાદન કરતા કામદારો/ખેડૂતો દ્વારા કરવામાં આવી હતી. આ ગણેશોત્સવ પંડાલમાં પણ મોટી સંખ્યામાં ફિલ્મ જગતના સિતારાઓ બાપ્પાના દર્શન કરવા આવે છે.

**ગિરગાંવ ચા રાજા**

એવું કહેવાય છે કે 'ગિરગાંવ ચા રાજા' ગણેશોત્સવની શરૂઆત પણ મુંબઈમાં બાળ ગંગાધર તિલક દ્વારા કરવામાં આવી હતી. અહીં ભગવાન ગણેશની વિશાળ માટીની મૂર્તિની ૧૦ દિવસ સુધી પૂજા કરવામાં આવે છે. આ ગણેશોત્સવ પંડાલની વિશેષતા એ છે કે, અહીં મહારાષ્ટ્રના પ્રતિકાત્મક ફેંટા (પાઘડી) ભગવાન ગણેશને બાંધવામાં આવે છે. જે તેને મરાઠી પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડે છે.

**ચિંચપોકલી ચા રાજા**

મુંબઈના વિખ્યાત ગણેશોત્સવ પંડાલોમાંનું એક 'ચિંચપોકલી ચા રાજા' છે, જેને ચિંતામણિ તરીકે પણ ઓળખવામાં આવે છે. ચિંચપોકલીમાં આયોજિત આ ગણેશ પંડાલમાં ભગવાનના દર્શન કરવા માટે દૂર-દૂરના વિસ્તારોમાંથી ભક્તો આવતા હોય છે. અહીં માત્ર ભગવાન ગણેશની જ પૂજા કરવામાં આવતી નથી, પરંતુ લોકો પંડાલની અનોખી રચના અને સમયાંતરે કરવામાં આવતા સમાજ સેવાના કાર્યોની પણ પ્રશંસા કરે છે.

**દહીં હાંડી મહોત્સવ**

મુંબઈમાં દહીં હાંડી મહોત્સવ ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ એટલે કે જન્માષ્ટમીના અવસરે ધૂમધામથી ઉજવવામાં આવે છે. શ્રીકૃષ્ણ બાળપણમાં માખણ અને દહીં ચોરીને ખાવા માટે પ્રસિદ્ધ હતા. આ પરંપરાને જીવંત રાખવા માટે શહેરના દરેક વિસ્તારમાં ઊંચે દહીંથી ભરેલી હાંડી બાંધી દેવામાં આવે છે અને યુવકોની ટોળકી - જેને 'ગોવિંદા પથક' કહેવામાં આવે છે - તે માનવ પિરામિડ બનાવીને હાંડી ફોડે છે.

મુંબઈમાં દહીં હાંડી માત્ર ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ એક વિશાળ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ બની ગયો છે. ખાસ કરીને મુંબઈના વર્લી, પરેલ, દાદર અને ઠાણે જેવા વિસ્તારોમાં મોટા પાયે ઉજવણી થાય છે. રસ્તાઓ પર ભવ્ય મંચો, ડીજે મ્યુઝિક, રંગબેરંગી લાઈટિંગ અને હજારો લોકોની ભીડ આ ઉત્સવને અનોખો બનાવે છે. ઘણી જગ્યાએ ફિલ્મી ગીતો તથા નૃત્યના કાર્યક્રમો પણ યોજાય છે.



દહીં હાંડી સ્પર્ધામાં ઈનામોની રકમ પણ ખૂબ આકર્ષક હોય છે. કેટલાક મોટા આયોજનોમાં ઈનામની રકમ લાખોથી લઈને કરોડ રૂપિયા સુધી પહોંચી જાય છે. આકર્ષક ઇનામને કારણે 'ગોવિંદા પથકો' મહિનાઓ પહેલાથી જ તૈયારી શરૂ કરી દે છે. તેઓ નિયમિત પ્રેક્ટિસ કરે છે, ટીમ વર્ક વિકસાવે છે અને સલામતી માટે હેલ્મેટ તથા સેફ્ટી બેલ્ટનો ઉપયોગ કરે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સરકાર દ્વારા સલામતીના નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા છે, જેથી કોઈ દુર્ઘટના ન બને.

દહીં હાંડીનું સૌથી મોટું આકર્ષણ માનવ પિરામિડ છે. કેટલીક ટીમો ૮થી ૯ સ્તર સુધીનો ઊંચો પિરામિડ બનાવે છે, જેને જોતાં જ લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. નાનકડા બાળકોને ગોવિંદા તરીકે સૌથી ઉપર ચઢાવવામાં આવે છે, જે અંતે હાંડી ફોડીને જીત મેળવી લે છે. હાંડી ફૂટતાં જ દહીં અને પાણી વરસે છે અને આસપાસ આનંદનો માહોલ છવાઈ જાય છે.

આ ઉત્સવ સમાજમાં એકતા, સહકાર અને હિંમતનો સંદેશ આપે છે. જુદા-જુદા ધર્મ અને સમાજના લોકો ભેગા મળીને આ ઉત્સવને માણે છે. મુંબઈની જીવંત સંસ્કૃતિ અને ઊર્જાનો આ મહોત્સવ ઉત્તમ દાખલો છે. દહીં હાંડી માત્ર રમત કે સ્પર્ધા નથી, પરંતુ મુંબઈની આગવી ઓળખ એવમ્ ગૌરવનું પ્રતિક બની છે.

**ગુડી પડવો**

મુંબઈમાં ગુડી પડવો મહારાષ્ટ્રનું નવું વર્ષ તરીકે ખૂબ જ ઉત્સાહ અને પરંપરાગત રીતે ઉજવવામાં આવે છે. હિંદુ પંચાંગ અનુસાર ચૈત્ર મહિનાના પ્રથમ દિવસે આવતો આ તહેવાર નવા વર્ષની શરૂઆત અને સકારાત્મક ઊર્જાનું પ્રતિક માનવામાં આવે છે. ખાસ કરીને મુંબઈ શહેરમાં આ તહેવાર ભવ્ય રીતે ઉજવાય છે, કારણ કે અહીં મહારાષ્ટ્રીયન સંસ્કૃતિનો ગાઢ પ્રભાવ છે.

ગુડી એટલે વિજય ધ્વજ. આ દિવસે લોકો પોતાના ઘરના દરવાજા કે બાલ્કનીમાં વાંસ કે લાકડી પર રેશમી સાડી, આંબાના પાન, લીંબડા-ફૂલો અને ઉપર કાંસ્ય કે ચાંદીનો કલશ બાંધીને ગુડી સ્થાપિત કરે છે. આ ગુડી સુખ-સમૃદ્ધિ અને વિજયનું પ્રતિક ગણાય છે. માન્યતા મુજબ ગુડી ભગવાન બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન શરૂ કર્યું તે દિવસનું સ્મરણ પણ કરાવે છે.

મુંબઈના દાદર, ગિરગાંવ, પરેલ અને ઠાણે જેવા વિસ્તારોમાં ગુડી પડવા નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાય છે. લોકો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને ઢોલ-તાશાના નાદ સાથે નૃત્ય કરે છે. મહિલાઓ નવવારી સાડી અને નથ પહેરીને ભાગ લે છે, જ્યારે પુરુષો કુર્તા-પાયજામા અને ફેંટા ધારણ કરે છે. બાળકો માટે પણ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સ્પર્ધાઓ યોજાય છે. મુંબઈમાં પરંપરાગત નવવારી સાડી પરિધાન કરી મહિલાઓ બુલેટ પર નવા વર્ષના સ્વાગત માટે રેલી કાઢી હર્ષોલ્લાસ કરે છે.

આ દિવસે ઘરમાં ખાસ વાનગીઓ બનાવવામાં આવે છે. પુરણપોળી, શ્રીખંડ, બટાટાની ભાજી અને વિવિધ મીઠાઈઓ તૈયાર કરવામાં આવે છે. કેટલાક લોકો કડવો-મીઠો લીંબડો અને ગોળનું મિશ્રણ પણ ગ્રહણ કરે છે, જે જીવનના સુખ-દુ:ખને સમતોલ રીતે સ્વીકારવાનો સંદેશ આપે છે.

ગુડી પડવો માત્ર ધાર્મિક તહેવાર નથી, પરંતુ એક સામાજિક ઉત્સવ પણ છે. લોકો એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે અને નવા કાર્યોની શરૂઆત માટે શુભ દિવસ માને છે. વેપારીઓ નવા હિસાબ-કિતાબ શરૂ કરે છે અને ઘરોમાં પૂજા-પાઠ કરવામાં આવે છે.

મુંબઈ જેવી વ્યસ્ત અને ઝડપી જીવનશૈલી ધરાવતી નગરીમાં ગુડી પડવો લોકોને પોતાની પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડે છે. આ તહેવાર શહેરમાં આનંદ, એકતા અને આશાનું વાતાવરણ સર્જે છે. ગુડી પડવો મુંબઈની સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખતો તહેવાર છે, જે નવા વર્ષની શરૂઆતને ઉત્સાહભેર આવકારવાનું પ્રતિક છે.











મિડ-ડે
Kai po che!
HUM DIL DE CHUKE SANAM
મુંબઈના ગુજરાતીનો મિજાજ
આખા પરિવારનું પ્રિય વાંચન
93217 12640
નંબર પર ફોન કરીને દરરોજ ઘેરબેઠાં
મેળવવાની આજે જ વ્યવસ્થા કરી લો




ફીલિંગ્સ ટીમ

# સૂરોની નગરી મુંબઈ
## સંગીતકારોથી સજીવ બનેલું સ્વપ્ન

માયાનગરી મુંબઈ માત્ર અદાકારોને જ નહીં, પરંતુ દરેક પ્રકારની કલાત્મક આવડત ધરાવતા લોકોને પોતાની તરફ આકર્ષતી આવી છે. આ એવી ધરતી છે, જ્યાં વ્યક્તિને પોતાની પ્રતિભા, મહેનત અને કિસ્મતના પ્રમાણમાં સફળતાની સીડી ચઢવાનો અવસર મળે છે. ચાલો, આજે આપણે સંગીતકારોથી સજીવ બનેલ સ્વપ્ન સમી સૂરોની નગરી મુંબઈની ઝાંખી કરીએ.

**પદ્મશ્રી અવિનાશભાઈ વ્યાસ:**

૨૧ જુલાઈ, ૧૯૧૨ના રોજ જન્મેલા અવિનાશભાઈ વ્યાસે વર્ષ ૧૯૪૦માં પોતાની સંગીતકાર તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી. ૧૯૦થી વધુ ગુજરાતી ફિલ્મોમાં સંગીત આપનાર અને ૧૨૦૦થી વધુ ગીતોને સંગીતબદ્ધ કરનાર આ સૂરસાધકે હિન્દી ફિલ્મ સંગીત ક્ષેત્રમાં પણ પોતાની અનોખી છાપ છોડી છે.



મોહમ્મદ રફી, લતા મંગેશકર, આશા ભોંસલે, સુમન કલ્યાણપુર, મન્ના ડે, હેમંતકુમાર, મુકેશ, તલત મહેમૂદ, કિશોરકુમાર, મહેન્દ્ર કપૂર, ઉષા મંગેશકર તથા ગીતા દત્ત જેવા અનેક બિન-ગુજરાતી ગાયકોએ અવિનાશભાઈ દ્વારા સંગીતબદ્ધ કરેલા ગીતોને પોતાનો સ્વર આપ્યો છે. તેમાં ખાસ નોંધપાત્ર વાત એ છે કે ગીતા દત્ત અવિનાશભાઈના માનીતા ગાયક હતા અને તેમણે પોતાની માતૃભાષા બંગાળી કરતાં વધુ ગુજરાતી ગીતો ગાયા હતા.

કમર જલાલાબાદી, ઈન્દીવર, ભરત વ્યાસ અને રાજા મેહંદી અલી ખાન જેવા પ્રસિદ્ધ ગીતકારોના રચેલા શબ્દોને અવિનાશભાઈએ સંગીતના સૂરોમાં ઢાળી ચિરંજીવી બનાવ્યા. આ અગ્રગણ્ય સંગીતજ્ઞ વિભૂતિને ઉત્તમ ગીતલેખન અને સંગીતરચનાઓ માટે ગુજરાત સરકારે અનેક પુરસ્કારો દ્વારા સન્માનિત કર્યા છે.

**પુરૂષોત્તમ ઉપાધ્યાય:**

૫ ઓગસ્ટ, ૧૯૩૪ના રોજ ગુજરાતના ઉત્તરસંડામાં જન્મેલા પુરૂષોત્તમ ઉપાધ્યાય ગુજરાતી સુગમ સંગીતના શ્રેષ્ઠ ગાયક હતા. શરૂઆતના સમયમાં અનેક પડકારો વચ્ચે, સંગીતક્ષેત્રમાં કારકિર્દી બનાવવા પરિવારને જાણ કર્યા વિના તેઓ



મુંબઈ આવી ગયા પરંતુ તકોના અભાવે પરત આવી ગુજરાતી નાટક મંડળીઓમાં અભિનય કર્યો. આ દરમિયાન નાટ્યઅદાકાર અશરફખાનના માર્ગદર્શનથી તેમની પ્રતિભા ઉજાગર થઈ. તેમને ઓલ ઈન્ડિયા રેડિયો, મુંબઈમાં ગાવાનો અવસર મળ્યો.

નવરંગ નાગપુરકર પાસેથી સંગીતશિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ તેઓ કલ્યાણજી-આનંદજીની નિશ્રામાં સંગીતરચનાના વિવિધ પાસાં શીખ્યા. ગુજરાતી સુગમ સંગીતને જનહૃદય સુધી પહોંચાડનાર આ કલાકારને ગુજરાત સરકાર દ્વારા 'ગુજરાત ગૌરવ પુરસ્કાર' તથા ભારત સરકાર દ્વારા ૨૦૧૭માં 'પદ્મશ્રી' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**ગૌરાંગ વ્યાસ:**

પિતાનો સંગીત વારસો સફળતાપૂર્વક આગળ ધપાવનાર શ્રી ગૌરાંગ







વ્યાસે ૧૩૫થી વધુ ફિલ્મોમાં સંગીત નિર્દેશન કર્યું છે. દિગંત ઓઝા અને નિરંજન મહેતાની ફિલ્મ 'લાખો ફૂલાણી' દ્વારા તેમણે ઈ.સ. ૧૯૭૫માં સ્વતંત્ર સંગીત નિર્દેશક તરીકે પદાર્પણ કર્યું હતું. તે પહેલાં, ઈ.સ. ૧૯૭૧થી તેઓ પોતાના પદ્મશ્રી પુરસ્કાર વિજેતા પિતા અવિનાશભાઈ વ્યાસના સહાયક તરીકે સંગીતક્ષેત્રે પા-પા પગલી માંડી ચૂક્યા હતાં.

ફિલ્મ 'લાખો ફૂલાણી' માટે શરૂઆતમાં અવિનાશભાઈને સંગીતકાર તરીકે કરારબદ્ધ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ ફિલ્મનું સંગીત નિર્દેશન ગૌરાંગભાઈને સોંપવાનું નક્કી થતાં, અવિનાશભાઈએ સહર્ષ આ નિર્ણય સ્વીકાર્યો અને કહ્યું હતું કે, 'સંગીત ભલે ગૌરાંગને આપો, ગીતો તો હું લખીશ.' આ ઘટના પિતા-પુત્ર વચ્ચેની અનન્ય લાગણી અને પરસ્પર સહકારનું સુંદર ઉદાહરણ છે, જેમાં કોઈપણ પ્રકારની સ્પર્ધાનો ભાવ નહોતો. જ્યારે ગૌરાંગભાઈ પાસે પિતાથી વધુ ફિલ્મો હોવાની વાત સામે આવી, ત્યારે અવિનાશભાઈએ આનંદપૂર્વક કહ્યું હતું કે, 'પુત્રના હાથે પરાજય થાય, એ તો મારા માટે વિશેષ આનંદની ઘટના છે.'

ગૌરાંગ વ્યાસને ૨૩ ગુજરાતી ફિલ્મોમાં શ્રેષ્ઠ સંગીતકાર તરીકે પુરસ્કાર પ્રાપ્ત થયા છે. ઉપરાંત વર્ષ ૧૯૯૪-૯૫માં સંગીત નાટ્ય અકાદમી દ્વારા પણ તેમને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

**મહેશ-નરેશ:**

'મહેશકુમાર એન્ડ પાર્ટી' નામે સંગીત શો કરતા મહેશ-નરેશને ૧૯૬૯માં ફિલ્મ 'વેણીને આવ્યા ફૂલ' દ્વારા ફિલ્મી સંગીત ક્ષેત્રે પ્રવેશ મળ્યો. ફિલ્મ દિગ્દર્શક મનુકાન્ત પટેલ અને નિર્માતા મફતલાલ શાહે તેમના સંગીત શોથી પ્રભાવિત થઈ નરેશ કનોડિયાને મુખ્ય અભિનેતા તરીકે અને મહેશ-નરેશની જોડીને સંગીત માટે પસંદ કરી હતી. આ અવસર તેમની કારકિર્દી માટે મહત્વપૂર્ણ સાબિત થયો.

મહેશભાઈનું માનવું હતું કે, 'ગીત લખાય કે સંગીતબદ્ધ કરાય, તે અંતે લોકોના મન અને કાનને રૂચે એવું હોવું જોઈએ.' સંજીવકુમાર અભિનીત અને મુકેશના સ્વરમાં ગવાયેલ 'આ સજન મારી પ્રીતડી સદીઓ પુરાણી' તેમનું પ્રિય ગીત હતું. નરેશભાઈએ બાવન જુદી-જુદી અભિનેત્રીઓ સાથે હીરોની ભૂમિકા ભજવી એક અનોખો વિક્રમ સ્થાપિત કર્યો છે.

સંસદ ભવનમાં પુરુષ અને સ્ત્રી બન્નેના સ્વરમાં તેઓ દ્વારા ગવાયેલ ગીત સાંભળી લોકસભા અધ્યક્ષે કરેલી પ્રશંસા તથા બાયપાસ સર્જરી બાદ સ્ટ્રેચર પર સંસદમાં હાજર રહી પોતાની ફરજ બજાવવાનો પ્રસંગ મહેશભાઈ કનોડિયાની દેશભક્તિ અને કર્તવ્યનિષ્ઠાનું પ્રતીક છે.

**કલ્યાણજી-આનંદજી:**

આ પ્રતિષ્ઠિત સંગીતકાર બંધુ બેલડીનું સંગીતક્ષેત્રે અમૂલ્ય પ્રદાન હિન્દી ફિલ્મ જગતના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત રહેશે. કચ્છના એક જૈન પરિવારમાં ૩૦ જૂન ૧૯૨૮ના રોજ જન્મેલા કલ્યાણજીભાઈનું અવસાન ૨૪ ઓગસ્ટ ૨૦૦૦ના રોજ થયું હતું. ચાર દાયકાથી વધુ સમયની સંગીતમય કારકિર્દી દરમિયાન આ ભાઈઓએ લગભગ ૨૫૦ ફિલ્મોમાં સંગીત આપ્યું હતું અને શ્રેષ્ઠ સંગીત નિર્દેશક તરીકે ફિલ્મફેર એવોર્ડ સહિત અનેક રાષ્ટ્રીય પુરસ્કારો પ્રાપ્ત કર્યા હતા.

વેપારી પિતાના પુત્રો એવા આ બન્ને ભાઈઓ કચ્છમાંથી મુંબઈ અનાજ અને કરિયાણાનો વેપાર કરવા માટે સ્થાયી થયા હતા. તે સમયે બંને ભાઈઓએ એક સંગીત શિક્ષક પાસેથી તાલીમ લેવાની શરૂઆત કરી. આ તાલીમના બદલે તે શિક્ષકનું અનાજ અને કરિયાણાનું બિલ તેમના પિતાની દુકાનેથી ચૂકવવામાં આવતું હતું. જે તેમની સંગીતસાધનાનો અનોખો સંઘર્ષભર્યો અધ્યાય દર્શાવે છે.

ઈ.સ. ૧૯૫૪માં ફિલ્મ 'નાગિન' માટે હેમંતકુમારના સંગીત નિર્દેશન હેઠળ 'નાગિન બિન' તરીકે ઓળખાતું 'ક્લે વાયોલિન' નામનું ઈલેક્ટ્રોનિક વાદ્ય વાપરી, કલ્યાણજી-આનંદજીએ પોતાની સંગીત કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારબાદ, તે સમયના દિગ્ગજ


SIDDHIVINAYAK Since:2000 ADVERTISING
ભારતભરનાં / ફોરેનના ન્યુઝ પેપરોમાં-મેગેઝીનોમાં:
ઓછાંભાવે+સ્કીમમાં જાહેરખબર કરાવવા..
Authorised Agent for All India News Papers & Magazines
આપના: ધંધાની / પ્રાર્થના સભાની / પ્રોપર્ટીની / નોટીસની / નોકરીની / લગ્નસંબંધીની / ચેન્જ ઓફ નેમની / જયોતીષની / મેડીકલની / ફર્નિચરની / આર્ટીકલ ટાઈપની વિગેરે કોઈપણ નાની-મોટી જાહેરખબર કોઈપણ ભાષાનાં: ન્યુઝપેપરોમાં અને મેગેઝીનોમાં કરાવવા તેમજ સોશ્યલ મીડીયામાં: ફેસબુક-ઈનસ્ટાગ્રામ-વોટસઅપ ગ્રુપમાં અને બસ-રીક્ષા-સાઈકલ-રેલ્વે પ્લેટફોર્મ ઉપર કરાવવા સંપર્ક: મરણનોંધ લેશું તથા વેબસાઈટ,ડીઝીટલ V.Card, ડિઝાઈન, વિડીયો બનાવી આપશું.
વેડીંગ કાર્ડ,વિઝીટીંગ કાર્ડ,પેમ્પલેટસ,લેટરહેડ,સ્ટીકર,કેરીબેગ,સનબોર્ડ,સ્ટેન્ડી, ફ્લેક્સ
SIDDHIVINAYAK PRINTER
બેનર પ્રીન્ટીંગ કરાવવા તેમજ આપનાં લગ્ન / શુભપ્રસંગોએ: લગ્નગીત, સંગીતસંધ્યા, મેરેજ-બર્થડે પાર્ટી, ડાયરો, પ્રાર્થનાસભાનુ, સ્તવન, વિડીયો-ફોટોગ્રાફીનું, કેટરીંગનુ કામ વ્યાજબીભાવે કરી આપશું..
SIDDHIVINAYAK EVENTS
SIDDHIVINAYAK TRAVELS
ભારતભરની કોઈપણ હોટલો-રીસોર્ટનું બુકીંગ ઓછાંભાવે પેકેજ ટુર કરાવાં તથા નાની-મોટી બસો, ગાડીઓ ભાડેથી મળશે. નવાં પાસપોર્ટ-વીઝા-પેન-આધાર કાર્ડ-ગેઝેટ બનાવી આપશું..
Siddivinayak Advertising
Branch: Kandivali (West)-Mahavir Nagar, Ghatkoper (E), Mumbai-Charni Rd.& Surat.
Call: 9892007232, 9769491030
Scan Me
Email: vineshvora70@gmail.com ★ Website: www.siddhivinayakadvertising.blogspot.com

સંગીતકારો વચ્ચે પોતાની આગવી ઓળખ સ્થાપિત કરનાર આ બંધુ બેલડીએ ઈ.સ. ૧૯૫૮માં ફિલ્મ 'સમ્રાટ ચંદ્રગુપ્ત' દ્વારા સ્વતંત્ર સંગીતકાર તરીકે ફિલ્મોમાં પદાર્પણ કર્યું. તેમના સંગીતથી મઢેલી અંદાજે ૨૫૦ ફિલ્મોમાંથી ૧૭ ફિલ્મોએ સુવર્ણ જયંતી અને ૩૯ ફિલ્મોએ રજત જયંતી ઉજવી છે. મનહર ઉધાસ, કુમાર શાનુ, અનુરાધા પોંડવાલ, અલકા યાજ્ઞિક, સાધના સરગમ, સપના મુખર્જી, ઉદિત નારાયણ અને સુનિધિ ચૌહાણ જેવા પ્રતિષ્ઠિત ગાયકોને પ્લેટફોર્મ આપનાર આ સંગીતકાર બેલડીના પરિવારમાં તેમના નાના ભાઈ બાબલા તેમજ બાબલાના ધર્મપત્ની કંચન પણ સંગીત જગતમાં ખ્યાતિપ્રાપ્ત નામો છે.



**લક્ષ્મીકાંત-પ્યારેલાલ:**

લક્ષ્મીકાંત શાંતારામ કુરાળકર અને પ્યારેલાલ રામપ્રસાદ શર્મા 'લક્ષ્મી-પ્યારે' નામે લોકપ્રિય થયેલી આ સંગીતકાર જોડીએ ૧૯૬૩ થી ૧૯૯૮ સુધીની પોતાની દીર્ઘ સંગીત કારકિર્દી દરમિયાન મનોરંજન જગતમાં શ્રોતાઓને રસતરબોળ કરી દીધા હતા.

શ્રેષ્ઠ સંગીત નિર્દેશક તરીકે અનેક ફિલ્મફેર પુરસ્કારો પ્રાપ્ત કરનાર આ જોડીએ ઈ.સ. ૧૯૬૩માં બાબુભાઈ મિસ્ત્રી દિગ્દર્શિત ફિલ્મ 'પારસમણિ' દ્વારા પોતાની સંગીતયાત્રાની શરૂઆત કરી હતી. ત્યારપછી લક્ષ્મીકાંત-પ્યારેલાલે હિન્દી ફિલ્મ સંગીતની દુનિયામાં અનોખી ઊંચાઈઓ હાંસલ કરી સંગીતપ્રેમીઓના દિલમાં આગવું સ્થાન બનાવ્યું છે.

લક્ષ્મીકાંતભાઈના અવસાન બાદ પણ પ્યારેલાલભાઈએ જે થોડુંઘણું સંગીત સર્જન કર્યું, તેમાં પણ તેમણે 'લક્ષ્મીકાંત-પ્યારેલાલ' નામ જ યથાવત રાખ્યું જે તેમની અતૂટ મિત્રતા અને સંગીતપ્રત્યેની નિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ છે.

**રવિન્દ્ર જૈન:**

૨૮મી ફેબ્રુઆરી ૧૯૪૪ના રોજ જન્મેલ રવિન્દ્ર જૈને પોતાની સંગીત કારકિર્દી દરમિયાન શ્રેષ્ઠ સંગીતકાર તરીકે ફિલ્મફેર



એવોર્ડ તેમજ ભારત સરકાર દ્વારા પ્રદાન કરાયેલ પદ્મશ્રી પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો.

જન્મજાત પ્રજ્ઞાચક્ષુ એવા રવિન્દ્ર જૈનને તેમના સંસ્કૃતના પંડિત પિતા ઈન્દ્રમણી જૈને સંગીત પ્રત્યેની તેમની અભિરૂચિને પારખી, જી. એલ. જૈન, જનાર્દન શર્મા અને નથુરામ જેવા પ્રતિષ્ઠિત સંગીતજ્ઞો પાસે સંગીતની યોગ્ય તાલીમ અપાવી હતી.

યુવાન વયમાં રવિન્દ્રજીએ મંદિરોમાં ભજનો ગાવાની શરૂઆત કરી હતી. સમય જતાં તેઓ ગીતકાર, સંગીતકાર અને ગાયક-ત્રણે સ્વરૂપે પ્રસિદ્ધ થયા. તેમના અમૂલ્ય પ્રદાનમાં રામાનંદ સાગર દિગ્દર્શિત ટેલિવિઝન શ્રેણી 'રામાયણ' માટે આપેલું સંગીત વિશેષ ઉલ્લેખનીય છે.

તદ્ઉપરાંત, વિવિધ લોકપ્રિય ટીવી સિરિયલોમાં પણ તેમના સંગીતનો અનોખો જાદૂ છવાયેલો જોવા મળે છે.



**સચિનદેવ બર્મન:**

ત્રિપુરાના રાજવી પરિવારમાં ૧ ઑક્ટોબર ૧૯૦૬ના રોજ જન્મેલ સચિનદેવ બર્મન સ્નેહથી 'સચિનદા' તરીકે ઓળખાતા પ્રખ્યાત સંગીતકાર તથા ગાયક હતા. તેમણે ૧૯૩૭માં બંગાળી ફિલ્મો દ્વારા પોતાની સંગીત કારકિર્દીની શરૂઆત કરી હતી અને ત્યારબાદ બંગાળી તથા હિન્દી ભાષાની ૧૦૦થી વધુ ફિલ્મોમાં સંગીત આપીને ભારતીય ફિલ્મ સંગીતમાં પોતાની અમિટ છાપ છોડી છે.

સચિનદાએ બી.એ. સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. વધુ અભ્યાસ માટે તેમને કોલકાતા મોકલવામાં આવ્યા હતા, પરંતુ સંગીત પ્રત્યેના લગાવને કારણે તેમણે શૈક્ષણિક માર્ગ છોડીને સંગીતને જીવનનું મુખ્ય લક્ષ્ય બનાવ્યું. ત્યારપછી તેમના જીવનમાં જે સર્જાયું, તે તો ભારતીય સંગીતના ઈતિહાસમાં સુવર્ણ અધ્યાય રૂપે ચમકે છે.



**આર ડી બર્મન:**

૨૭ જૂન ૧૯૩૯ના રોજ જન્મેલ રાહુલદેવ બર્મન, પ્રખ્યાત ગાયક અને સંગીતકાર સચિનદેવ બર્મનના પુત્ર હતા. 'પંચમદા' તરીકે જાણીતા આ સંગીતકારે આશરે ૩૩૧ જેટલી ફિલ્મોમાં સંગીત આપીને ભારતીય ફિલ્મ સંગીતમાં મહત્વપૂર્ણ સ્થાન મેળવ્યું હતું.

માત્ર સત્તર વર્ષની વયે જ તેમણે 'એ મેરી ટોપી પલટ કે' ગીતને સંગીતબદ્ધ કર્યું હતું, જેનો ૧૯૫૬માં ફિલ્મ 'ફંટુસ'માં સમાવેશ થયો હતો. પરંતુ ૧૯૫૭માં ગુરુદત્ત દિગ્દર્શિત ફિલ્મ 'પ્યાસા'માં સમાવિષ્ટ 'સર જો તેરા ચકરાયે' ગીત દ્વારા તેમની પ્રતિભા વધુ ઉજાગર થયેલ.

મુંબઈમાં તેમણે ઉસ્તાદ અલી અકબર ખાન પાસેથી સરોદ તથા સમતા પ્રસાદ પાસેથી તબલા વાદનની તાલીમ પ્રાપ્ત કરી હતી. રાહુલદેવ બર્મને સંગીતકાર તરીકેની પોતાની કારકિર્દીની શરૂઆત ૧૯૬૧માં મહમૂદ દ્વારા નિર્મિત ફિલ્મ 'છોટે નવાબ'થી કરી હતી. અનોખી સંગીતશૈલી અને નવીન અભિગમના કારણે તેઓ અત્યંત લોકપ્રિય અને સફળ સંગીતકાર તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતાં.

**એ. આર. રહેમાન:**

૬ જાન્યુઆરી ૧૯૬૭ના રોજ જન્મેલ એ. આર. રહેમાને તમિલ તેમજ હિન્દી ફિલ્મ સંગીતમાં પોતાની અસાધારણ પ્રતિભાથી વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે. 'એઆરઆર' નામે પ્રસિદ્ધ એવા આ સંગીતકાર, ગીતકાર અને ગાયક તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ હાંસલ કરી છે.

તેમણે અત્યાર સુધીમાં ૬ નેશનલ

SWASTHYA SETU®
IMMUNITY ASSURANCE

PARABEN FREE
CRUELTY FREE
SILICON FREE
SULPHATE FREE

सबकी जुबा पे
एक ही नारा,
स्वास्थय सेतु
सबको प्यारा

NOVEL



SWASTHYA SETU IS THE NEW NORMAL

Amines® Biotech Pvt. Ltd.

Mfd. by:
Amines Biotech Pvt. Ltd.
(Under Technical Guidance & Brand "SWASTHYA SETU")
Works: 28-A, Gandhi Oil Mill Compound,
Near BIDC, Gorwa, Vadodara - 390 016
Ph. : +91 265 2280588 | +91 972 371 4441
Mob. : +91 972 354 4465
Email : info@swasthyasetu.co.in | sales@swasthyasetu.co.in
Website : www.swasthyasetu.co.in

Customer Care No.:
+91 97237 07339

Follow us:

Available at:
JPOINT®



ફિલ્મ પુરસ્કાર, ૨ ગ્રેમી એવોર્ડ, ૧ બાફ્ટા એવોર્ડ, ૧ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ, ૬ તમિલનાડુ રાજ્ય ફિલ્મ પુરસ્કાર, ૧૫ ફિલ્મફેર પુરસ્કાર તેમજ દક્ષિણ ભારતના વિવિધ રાજ્યોના કુલ ૧૮ પ્રતિષ્ઠિત પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. ભારત સરકારે સંગીતક્ષેત્રમાં તેઓના અમૂલ્ય યોગદાન બદલ વર્ષ ૨૦૧૦માં તેમને પદ્મભૂષણ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. આવા બહુઆયામી અને પ્રતિભાવંત સંગીતકાર એ. આર. રહેમાન નિઃસંદેહ ભારતીય તથા વૈશ્વિક સંગીત જગતનું અનમોલ રત્ન છે.



**અન્નુ મલિક:**

અન્નુ મલિક પ્રખ્યાત ગીતકાર હસરત જયપુરીના ભાણેજ અને જાણીતા સંગીતકાર સરદાર મલિકના પુત્ર છે. ધર્મ બાબતે તેમનો અભિગમ સ્વતંત્ર છે. તેઓ ઈશ્વરમાં વિશ્વાસ રાખે છે, પરંતુ કોઈ નિશ્ચિત ધર્મના બંધનમાં બંધાવા માંગતા નથી. મુસ્લિમ પરિવારમાં જન્મેલા અન્નુ મલિકે અંજલિ ભટ્ટ નામની બ્રાહ્મણ યુવતી સાથે લગ્ન કર્યા હતાં. તેમને અનમોલ અને અદા નામની બે પુત્રીઓ છે.

કોમેડિયન મોહન ચોટી દ્વારા નિર્મિત ફિલ્મ 'હંટરવાલી'માં તેમને પ્રથમ વખત સંગીત રચનાનો અવસર મળ્યો હતો, જેમાં આશા ભોંસલે દ્વારા ગાયેલ 'ઝુલ્મો સિતમ પર ઈતરાને વાલો' ગીત તેમણે સંગીતબદ્ધ કર્યું. ૧૯૯૧માં ફિલ્મ 'પૂનમ'માં અન્નુ મલિકને સ્વતંત્ર રીતે સંપૂર્ણ સંગીત આપવાની તક મળી તેમ છતાં, તેમની ઓળખ ૧૯૮૪ની ફિલ્મ 'આસમાન' અને ત્યારબાદ 'સોહિની મહીવાલ'થી ફિલ્મજગત માટે મજબૂત બની.

દિગ્દર્શક મનમોહન દેસાઈની ફિલ્મ 'મર્દ'થી અન્નુ મલિકને નામ અને પ્રતિષ્ઠા બન્ને મળ્યા. ૧૯૮૭માં ફિલ્મ 'જીતે હૈ શાન સે'માં કિશોરકુમાર ઉપલબ્ધ ન હોઈ, મિથુન ચક્રવર્તીની ભલામણથી અન્નુ મલિકે 'જુલી-જુલી' સહિત કેટલાક ગીતો પોતે ગાયા. ફિલ્મ 'આવારગી'ની પ્રસિદ્ધ ગઝલ 'ચમકતે ચાંદ કો તૂટા હુઆ તારા'ને પણ તેમણે સંગીતબદ્ધ કરી.


૧૯૯૩થી ૨૦૦૪ સુધી અન્નુ મલિકની કારકિર્દી અત્યંત સફળ રહી, જ્યારે ૨૦૦૫ પછી તેઓ રિયાલિટી શોમાં જજ તરીકે પણ લોકપ્રિય બન્યા. મોહમ્મદ રફી, કિશોરકુમાર, આશા ભોંસલે થી લઈને કુમાર શાનુ, ઉદિત નારાયણ અને અલકા યાજ્ઞિક જેવા અનેક પ્રખ્યાત ગાયકો માટે તેમણે અનેક યાદગાર ગીતો રચ્યા છે.



**બપ્પી લાહિરી:**

૨૭ નવેમ્બર ૧૯૫૨ના રોજ જન્મેલા બપ્પી લાહિરીએ શરૂઆતમાં હિન્દી, તેલુગુ અને બંગાળી ફિલ્મોમાં સંગીત આપ્યું હતું. કિશોરકુમારના ભાણેજ એવા આ સંગીતકારે ૧૯૭૨થી ૨૦૨૨ સુધી સંગીત જગતમાં બહુ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. અમેરિકન સંગીતકાર એલ્વિસ પ્રિસ્લીથી પ્રેરિત અને 'બપ્પીદા' તરીકે જાણીતા આ કલાકારને સુવર્ણ પ્રત્યે વિશેષ લગાવ હતો. અઢળક સોનાના આભૂષણો પહેરીને તેમણે પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી.

'નન્હા શિકારી' દ્વારા હિન્દી ફિલ્મોમાં અને 'દાદુ' (બંગાળી ફિલ્મ)થી કારકિર્દી શરૂ કરનાર બપ્પીજીએ ૧૯૭૫માં તાહિર હુસૈનની ફિલ્મ 'ઝખ્મી'થી સફળતાનો સ્વાદ ચાખ્યો. ૧૯૮૫માં ફિલ્મ 'શરાબી' માટે તેમને શ્રેષ્ઠ સંગીત દિગ્દર્શકનો ફિલ્મફેર એવોર્ડ પ્રાપ્ત થયો. ૨૦૧૨માં ફિલ્મ 'ધ ડર્ટી પિક્ચર' માટે 'શ્રેષ્ઠ આઈટમ સોંગ ઓફ ધ યર'નો મિર્ચી મ્યુઝિક એવોર્ડ પણ મળ્યો. ૨૦૧૮માં લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત થયેલા આ ગીતકાર-સંગીતકારે ૧૯૯૬માં રેકોર્ડબ્રેક ૩૩ ફિલ્મોમાં ૧૮૦થી વધુ ગીતો રેકોર્ડ કરાવી 'ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ'માં પોતાનું નામ નોંધાવ્યું અને મુંબઈના સંગીત જગતને ગૌરવ અપાવ્યું હતું.



**આસિત દેસાઈ:**

આસિત દેસાઈ ભારતીય સંગીતકાર, ગાયક અને સંગીત દિગ્દર્શક છે. તેમણે નૃત્યનાટિકાઓ, નાટકો અને ટીવી સિરિયલો માટે સંગીત આપ્યું છે, જેમાં દૂરદર્શનની ઐતિહાસિક સિરિયલ 'ચાણક્ય'નું સંગીત ખૂબ લોકપ્રિય બન્યું હતું. વડોદરામાં જન્મેલા આસિતભાઈએ કોમર્સમાં સ્નાતક થઈ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી 'કંઠ્ય' સંગીતમાં ડિપ્લોમા થયા હતા.

૧૯૮૮માં રિચાર્ડ એટનબરોની ફિલ્મ 'ગાંધી' માટે તેમણે ભક્તિમય ગીતો ગાયા હતા. પંડિત રવિશંકરની ભલામણથી 'એશિયાડ ગેમ્સ' માટે સંગીત રચનામાં તેમની પસંદગી થયેલ. ૧૯૮૯માં મોસ્કોમાં યોજાયેલા 'ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા'ના સમાપન સમારોહમાં પણ તેમણે ઓર્કેસ્ટ્રાનું સંચાલન કર્યું હતું. પંડિત રવિશંકરની નૃત્યનાટિકા 'ઘનશ્યામ'માં તેમણે સહાયક તરીકે કાર્ય કર્યું હતું.

૧૯૬૯થી સક્રિય આસિતભાઈને ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા શ્રેષ્ઠ ગાયક તરીકે ગુજરાત રાજ્ય પુરસ્કાર (૧૯૭૬), 'એશિયાડ જ્યોતિ મેડલ', 'પંડિત ઓમકારનાથ ઠાકુર એવોર્ડ' (૧૯૮૯) તથા ૨૦૧૭માં સંગીત નાટક અકાદમી એવોર્ડ પ્રાપ્ત થયા છે. હિન્દી ફિલ્મો 'વિરુદ્ધ' અને 'ફેમિલી કમ્સ ફર્સ્ટ'માં પણ તેમણે સંગીત આપ્યું છે.

જીવનસાથી અને સંગીતસાથી હેમાબેન દેસાઈ સાથે રચાયેલા કાનાને માંગ્યો દે, હાથ ચીરો તો ગંગા નીકળે, સાંજ પહેલાની સાંજ જેવા અનેક ગીતો તેમની રચનાત્મક ઓળખ બન્યા છે. સંગીતનો વારસો તેમના પુત્ર આલાપ દેસાઈ દ્વારા આગળ વધ્યો છે, જેમના 'પહેચાન' આલ્બમને ૨૦૧૬માં શ્રેષ્ઠ ગઝલ આલ્બમ તરીકે નામાંકન મળ્યું હતું.


CELEBRATING
50
YEARS
OF TRUST AND LIFETIME BOND
RAJANI®
GROUP
Since : 1975
Turmeric
Powder
तल•तिल
SESAME
DHANADAL
EXTRA
PREMIUM
EXTRA
POWER
Plus
चाय, अगरबत्ती, माचिस, बोडी स्प्रे, मसाले, मुखवास, मीठी सुपारी, साबुन, पावडर और लिक्विड



આર.જે. સચીન વજાણી

# કોરી આંખોમાં સપનાના વાવેતર કરતી ફિલ્મનગરી મુંબઈ

ઘણાબધાં સ્ટુડિયો આ માયાનગરીમાં બન્યા અને ખતમ થયા, એમાંના કેટલાક આજે વર્ષો પછી પણ પોતાનું અસ્તિત્વ ટકાવી શક્યા છે જ્યારે કેટલાક ખંડેર બનીને ઈતિહાસના પાનામાં દટાઈ ગયા છે.

સપનાઓનું શહેર એટલે માયાનગરી મુંબઈ જ્યાં અનેક લોકો આવે છે પોતાની આંખોમાં સપનાઓ લઈને, તો કોઈક ભલામણનો પત્ર લઈને આ શહેરમાં એટલા માટે આવે છે કે ચકાચૌંધ અને આકર્ષક લાગતી એવી ફિલ્મી દુનિયામાં એન્ટ્રી કરવી. પોતાને એક સફળ હીરો અથવા હિરોઈન તરીકે પ્રસ્થાપિત કરવા. આવી સફળતા સૌ કોઈ ઈચ્છે છે.

પણ દોસ્ત, માયાનગરી મુંબઈ સફળતા અપાવતા પહેલાં ખૂબ જ મહેનત કરાવે એવી છે. પરિશ્રમ અને અથાગ મહેનતની અગ્નિમાં ખૂબ તપાવે છે પછી જ એક સાચો ડાયમંડ આપણને સૌને મળે છે.

૧૦૦ વર્ષથી વધારે જૂની આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની વાત કરીએ તો જે અભિનેતાઓને આપણે અહીં 'ડાયમંડ' તરીકે સરખાવી શકીએ છીએ તેમને તૈયાર કરવા પાછળ એવા અનેક પ્રોડક્શન હાઉસનો હાથ રહ્યો છે, જેમણે માત્ર એ અભિનેતાઓને નહીં પરંતુ આખા સિનેમા જગતની કાયા બદલી નાંખવામાં પાયાની ભૂમિકા ભજવી છે. આ લેખમાં આપણે ભારતીય સિનેમા જગતના (મુંબઈ સ્થિત) એવા પ્રોડક્શન હાઉસની વાત કરવાના છીએ, જેમણે આ ઈન્ડસ્ટ્રીને ઉભી કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે.




**બોમ્બે ટોકીઝ – દમદાર શરૂઆત છતાં કરુણ અંત**

બોમ્બે ટોકીઝની સ્થાપના ૧૯૩૪માં હિમાંશુ રોય, દેવિકા રાની અને જર્મન નિર્દેશક ફ્રાન્ઝ ઓસ્ટીન દ્વારા કરવામાં આવેલી. યુરોપિયન સ્ટુડિયો સિસ્ટમનો આધાર લઈને બનાવાયેલા આ સ્ટુડિયોએ ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં શિસ્તબદ્ધ અને વ્યાવસાયિક ઉત્પાદન પદ્ધતિઓનો પ્રારંભ કર્યો. જેમાં ઈન-હાઉસ ટેકનિકલ વિભાગો, અભિનેતાને તાલીમ તેમજ સુંદર વ્યવસ્થા સામેલ હતી.

આ સ્ટુડિયોમાં 'અછૂત કન્યા' (૧૯૩૬), 'નિર્મલા' (૧૯૩૮), 'કંગન' (૧૯૩૯), 'બસંત' (૧૯૪૨), 'કિસ્મત' (૧૯૪૩) અને 'જવાર ભાટા' (૧૯૪૪) જેવી સફળ સામાજિક ફિલ્મોનું નિર્માણ થયું હતું જેણે ભારતીય સિનેમાનું સ્વરૂપ પણ બદલ્યું હતું. 'કિસ્મત' ફિલ્મ તો એ સમયે ત્રણ વર્ષ સુધી થિયેટરમાં ચાલી હતી. અને બોક્સ ઓફિસ પર એક નવો રેકોર્ડ બનાવ્યો હતો. બોમ્બે ટોકીઝે અશોક કુમાર (જેમણે લેબ અસિસ્ટન્ટ તરીકે પોતાના કરિયરની શરૂઆત કરી હતી અને પછીથી સુપરસ્ટાર બન્યા) દિલીપ કુમાર અને લીલા ચિટનીસ જેવા દિગ્ગજ કલાકારો આપણને આપ્યા છે.

૧૯૪૦માં હિમાંશુ રોયના નિધન પછી દેવિકા રાની ફિલ્મ સ્ટુડિયોનું સુકાન સંભાળનારી વિશ્વની પ્રથમ મહિલા બન્યા હતાં. પરંતુ આંતરિક મતભેદો, બીજા

વિશ્વયુદ્ધનો પ્રભાવ અને કેટલાક નજીકના સભ્યોએ પોતાનો ટેકો ખેંચી લેતા સ્ટુડિયોનું ટકી રહેવું મુશ્કેલ થવા લાગ્યું. ૧૯૪૩માં શશીધર મુખર્જી સહિત ઘણા ટેકનિકલ સભ્યો ફિલ્મિસ્તાન સ્ટુડિયો સ્થાપવા માટે બોમ્બે ટોકીઝથી અલગ થયા, જેના કારણે બોમ્બે ટોકીઝને ભારે આંચકો લાગ્યો. થોડોક સમય ફિલ્મો બનાવ્યા બાદ આ સ્ટુડિયો ૧૯૫૦ના દાયકાની શરૂઆતમાં બંધ થઈ ગયો. તેમ છતાં, બોમ્બે ટોકીઝે ભારતીય સિનેમાને આધુનિકતા, વ્યાવસાયિકતા અને દાયકાઓ સુધી અમર રાખનાર કલાકારોરૂપે એવું અમૂલ્ય યોગદાન આપ્યું છે જેના કારણે તેનું નામ ફિલ્મ ઈતિહાસમાં ગૌરવપૂર્ણ રીતે નોંધાયેલું છે.




**ફિલ્મિસ્તાન સ્ટુડિયો** - ગોરેગાંવની શાન બનીને આજે પણ ઊભો છે

ફિલ્મિસ્તાન સ્ટુડિયોની સ્થાપના ૧૯૪૩માં બોમ્બે ટોકીઝમાંથી છૂટા પડેલા શશીધર મુખર્જી, અશોક કુમાર, ચંદુલાલ શાહ, જ્ઞાન મુખર્જી અને અન્ય કેટલાક પ્રતિભાશાળી ટેકનિશિયનોએ મળીને કરી હતી.




ફિલ્મિસ્તાન સ્ટુડિયોએ ૧૯૪૦-૫૦ના દાયકામાં ભારતીય સિનેમાને નવી ઓળખ આપી. અહીં નિર્માણ પામતી ફિલ્મો મધ્યમવર્ગની સમસ્યાઓ, સામાજિક મૂલ્યો અને હળવી, મનોરંજક વાર્તાઓ માટે જાણીતી હતી. 'શહીદ' (૧૯૪૮), 'શબનમ' (૧૯૪૯), 'આનંદમઠ' (૧૯૫૨), 'નાગિન' (૧૯૫૪), 'બરસાત કી રાત' જેવી લોકપ્રિય ફિલ્મોએ આ સ્ટુડિયોને ટોચના સ્ટુડિયોમાં સ્થાન અપાવ્યું હતું. ગીત-સંગીતને કેન્દ્રમાં રાખીને બનાવેલી ફિલ્મોએ હિન્દી ફિલ્મ સંગીતને લોકપ્રિય બનાવવામાં મોટું યોગદાન આપ્યું છે.

આ સ્ટુડિયો દિગ્ગજ કલાકારો અને ફિલ્મમેકર્સ માટે વસંતભૂમિ સાબિત થયો. અભિનેતા અશોક કુમાર, નિર્દેશક નાસીર હુસૈન, સંગીતકાર ઓ.પી. નૈય્યર, શંકર-જયકિશન જેવી અનેક પ્રતિભાઓએ અહીં પોતાની કલા સોળે કળાએ રજૂ કરી. (શશીધર મુખર્જીના પુત્ર જોય મુખર્જી અને ભાઈઓનું પણ આ સ્ટુડિયોના વિકાસમાં મહત્વનું યોગદાન હતું.)

૧૯૬૦ બાદ ફિલ્મ ઉદ્યોગની દિશા બદલાતી જતી હતી. નવી પેઢીના સ્ટુડિયોઝ ઉભા થતાં ફિલ્મિસ્તાનની ગતિ ધીમી પડી છતાં પણ, આ સ્ટુડિયો દસકાઓ સુધી કાર્યરત રહ્યો અને ફિલ્મ ઉદ્યોગના ગૌરવપૂર્ણ ઈતિહાસનો સાક્ષી બની આજે પણ ગોરેગાંવના એસ.વી. રોડ પર પોતાનું અસ્તિત્વ ધરાવતો અડીખમ ઊભો છે. જ્યાં કેટલીક ફિલ્મો અને સીરિયલોનું શૂટિંગ કરવામાં આવે છે.

**મહેબૂબ સ્ટુડિયો** - દરિયા કિનારે સર્જાયેલો એક ઈતિહાસ

મહેબૂબ સ્ટુડિયો મુંબઈના બાંદ્રા વેસ્ટ વિસ્તારમાં આવેલો પ્રખ્યાત ભારતીય ફિલ્મ નિર્માણ અને રેકોર્ડિંગ સ્ટુડિયો છે, જેના સ્થાપક જાણીતા ફિલ્મ નિર્દેશક-નિર્માતા મહેબૂબ ખાન હતા. તેમણે ૧૯૫૪માં આ સ્ટુડિયો સ્થાપ્યો હતો. આ પહેલાં તેઓએ ૧૯૪૨માં મહેબૂબ પ્રોડક્શન સ્થાપીને 'અનમોલ ઘડી' (૧૯૪૬) અને 'અંદાજ' (૧૯૪૯) જેવી હિટ ફિલ્મો બનાવી હતી. આ સ્ટુડિયો લગભગ ૨૦,૦૦૦ વર્ગ યાર્ડ (અંદાજે ૪.૨ એકર) વિસ્તારમાં ફેલાયેલો છે જેમાં પાંચ શૂટિંગ સ્ટેજ છે.

આ સ્ટુડિયો બાંદ્રામાં હોવાનું એક ખાસ કારણ છે, વાસ્તવમાં એ સમયે બોમ્બે ટોકીઝ અને ફિલ્મિસ્તાન જેવા સ્ટુડિયો માટે મલાડ કે ગોરેગાંવ જવું પડતું હતું. જેમાં નિર્માતાનો સમય વેડફાતો. આ ટાળવા માટે મહેબૂબ ખાનને સેન્ટ્રલ મુંબઈની નજીક એક જમીનનો ટુકડો જોઈતો હતો. ૧૯૫૧માં તેમણે બાંદ્રામાં દરિયાકાંઠે આવેલો એક પ્લોટ ખરીદ્યો, જે તે સમયે શાંત અને કાદવવાળો હતો. ૧૯૫૪માં સ્ટુડિયો શરૂ થતાં મહેબૂબ ખાનની ફિલ્મ 'આન' રિલીઝ થઈ હતી અને અમર (૧૯૫૪)નું શૂટિંગ શરૂ થયું હતું. ત્યારબાદ તેમણે 'પૈસા હી પૈસા' અને 'આવાજ' જેવી બે ફિલ્મો અહીં જ શૂટ કરી, પરંતુ ૧૯૫૭માં બનેલી ફિલ્મ

'મધર ઈન્ડિયા'એ તેઓને ફરી મોટી સફળતા અપાવી. આ ફિલ્મને ઓસ્કાર માટે નામાંકન મળ્યું અને ફિલ્મફેરમાં બેસ્ટ ફિલ્મ તથા બેસ્ટ ડિરેક્ટરના એવોર્ડ જીત્યા હતાં.

થોડા જ સમયમાં ગુરુ દત્ત, ચેતન આનંદ અને દેવ આનંદ જેવા ફિલ્મજગતના દિગ્ગજો અહીં શૂટિંગ માટે આવવા લાગ્યા. 'કાગઝ કે ફૂલ' અને નવકેતન ફિલ્મ્સની 'હમ દોનો' તથા 'ગાઈડ' જેવી ફિલ્મોનું નિર્માણ પણ અહીં જ થયેલું. દેવ આનંદે તો અહીં ૨૦ વર્ષ સુધી પોતાની ઓફિસ પણ રાખી હતી. ૧૯૬૪માં મહેબૂબખાનના અવસાન બાદ સ્ટુડિયોની જવાબદારી તેમના પરિવારે સંભાળી. જોકે તેમની અંતિમ ફિલ્મ 'સન ઓફ ઈન્ડિયા' (૧૯૬૨) નિષ્ફળ ગઈ હતી તેથી તેઓ દેવામાં ડૂબી ગયેલાં. ૧૯૭૦ના દાયકામાં 'મધર ઈન્ડિયા'ના અધિકારો પાછા પરિવાર પાસે આવવાથી તથા રેકોર્ડિંગ સ્ટુડિયો શરૂ થવાને લીધે સ્ટુડિયોની સ્થિતિ ફરી મજબૂત બની. આજે ઘણાં બધાં જૂના સ્ટુડિયો બંધ થઈ ગયા છે ત્યારે આ સ્ટુડિયોએ રિઅલ એસ્ટેટ દબાણ અને વર્ષ ૨૦૦૦માં લાગેલી આગ જેવી મુશ્કેલીઓમાંથી બહાર આવી પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું છે એટલે આજે પણ મહેબૂબ સ્ટુડિયોનો ફિલ્મ શૂટિંગ, મ્યુઝિક રેકોર્ડિંગ, ટીવી શો, જાહેરાતો અને આર્ટ ઈવેન્ટ્સ માટે સક્રિય રીતે ઉપયોગ થાય છે.

**આર.કે. ફિલ્મ સ્ટુડિયો** – કામ એવું કે વાહ કહ્યા વિના રહી ન શકાય

શો-મેન રાજ કપૂરે ૧૯૪૮માં ચેમ્બુર, મુંબઈમાં આર.કે. ફિલ્મ્સ એન્ડ સ્ટુડિયોઝની સ્થાપના કરી હતી. સ્ટુડિયોની પહેલી ફિલ્મ 'આગ' (૧૯૪૮) હતી જે




બોક્સ ઓફિસ પર સફળ ન થઈ, પરંતુ 'બરસાત' (૧૯૪૯)ને મળેલી સફળતાથી સ્ટુડિયોનો આઈકોનિક લોગો પણ ડિઝાઈન થયો.

R.K. Filmsની ફિલ્મોમાં સામાન્ય રીતે સમાજની ત્રુટિઓની અને સામાજિક સીમાઓ પાર કરીને પ્રેમ દર્શાવવામાં આવતો. જેમાં પ્રખ્યાત ફિલ્મો 'આવારા' (૧૯૫૧), 'બૂટ પોલિશ', 'જાગતે રહો', 'શ્રી ૪૨૦', 'મેરા નામ જોકર', 'બોબી', 'સત્યમ શિવમ સુંદરમ', 'પ્રેમ રોગ' અને 'રામ તેરી ગંગા મેલી' (૧૯૮૫) શામેલ છે. આર.કે. ફિલ્મ્સની મોટાભાગની ફિલ્મોમાં રાજ કપૂર અને નરગિસની જોડી સહિત, શંકર-જયકિશનનું સંગીત જોવા મળતું. ૧૯૭૦ના દાયકામાં રાજ કપૂરનો પુત્ર રણધીર કપૂર સ્ટુડિયોમાં જોડાયો અને ફિલ્મ 'કલ આજ ઔર કલ' (૧૯૭૧)થી અભિનય અને નિર્દેશન શરૂ કર્યું. પછીથી રણધીર, રાજીવ અને ઋષિ કપૂર દ્વારા કેટલીક ફિલ્મોનું નિર્માણ થયેલું, પરંતુ ૧૯૮૮માં રાજ કપૂરના અવસાન પછી R.K. Films હેઠળ નવી ફિલ્મોનું નિર્માણ ન થઈ શક્યું. બોલિવૂડની સૌથી ફેમસ હોળીની પાર્ટી આ જ સ્ટુડિયોમાં થતી જે આજે એક ઈતિહાસ બની ચૂકી છે. ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ સ્ટુડિયોમાં લાગેલી આગ સ્ટુડિયોને ભરખી ગઈ.




**રાજકમલ કલામંદિર**–મહિલાઓના દ્રષ્ટિકોણને કેમેરામાં કંડારતું સ્થળ.

પ્રભાત સ્ટુડિયો છોડ્યા બાદ ૧૯૪૨માં વિ. શાંતારામે 'રાજકમલ કલામંદિર' નામે એક ફિલ્મ પ્રોડક્શન કંપની અને સ્ટુડિયોની શરૂઆત કરી હતી. જે હિન્દી અને મરાઠી ફિલ્મોના નિર્માણ માટે જાણીતું નામ હતું. તેની કેટલીક પ્રસિદ્ધ ફિલ્મોમાં 'ડૉ. કોટનીસ કી અમર કહાની' (૧૯૪૬), 'અમર ભોપાલી' (૧૯૫૧), 'ઝનક ઝનક પાયલ' 'બાજે' (૧૯૫૫), 'દો આંખે બારાહ હાથ' (૧૯૫૭), 'નવરંગ' (૧૯૫૯) અને 'પિંજરા' (૧૯૭૨) જેવી ફિલ્મો સામેલ છે. એ સમયમાં આ સ્ટુડિયો દેશના સૌથી આધુનિક સ્ટુડિયો તરીકે ગણાતો હતો. ૨૦૧૯ સુધી તેમાં ૨,૦૦૦થી વધુ ફિલ્મોનું નિર્માણ થયેલું.

નોંધનીય છે કે, રાજકમલ કલામંદિરની ફિલ્મોમાં અનેક નારીપ્રધાન ફિલ્મો બની અને સફળ પણ રહી છે. જમ્પિંગ જેક જીતેન્દ્રએ પણ વી. શાંતારામની ફિલ્મ 'ગીત ગાયા પથ્થરોને'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી.

**ફિલ્મો અને સીરિયલ્સનું મોસાળ એટલે ફિલ્મ સિટી**

ફિલ્મ સિટી, જેને અધિકૃત રીતે દાદાસાહેબ ફાળકે ચિત્રનગરી તરીકે ઓળખવામાં આવે છે, મુંબઈના ગોરેગાંવ (ઈસ્ટ) વિસ્તારમાં આવેલ આ એક સંકલિત ફિલ્મ સ્ટુડિયો કોમ્પ્લેક્સ છે. આ સ્ટુડિયો

૧૯૭૭માં મહારાષ્ટ્ર સરકાર દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો હતો, જેનો મુખ્ય ઉદ્દેશ ભારતીય ફિલ્મ ઉદ્યોગને પૂરતી સુવિધાઓ અને ટેકનિકલ સહાય પૂરી પાડવાનો હતો. ફિલ્મ સિટીના આયોજન અને રચના પાછળ જાણીતા ફિલ્મકારો વિ. શાંતારામ, બી. આર. ચોપરા અને દિલીપ કુમારનું માર્ગદર્શન એવમ્ યોગદાન રહ્યું છે. ૨૦૦૧માં, આ જગ્યાનું ભારતીય સિનેમાના પિતામહ દાદાસાહેબ ફાળકેના નામ પર નામકરણ કરીને દાદાસાહેબ ફાળકે ચિત્રનગરી કરવામાં આવ્યું.



Film Cityનો વિસ્તાર લગભગ ૫૨૦ એકરમાં ફેલાયેલો છે અને તેમાં ૪૨ આઉટડોર શૂટિંગ લોકેશન્સ અને ૧૬ સાઉન્ડ સ્ટેજિસ છે. સ્ટુડિયો વિવિધ પ્રકારના સેટ્સ માટે પ્રસિદ્ધ છે, જેમાં મંદિરો, કેદખાનાઓ, કોર્ટ, ગામડાં, બગીચા, પિકનિક સ્પોટ્સ, વોટર ફોલ, તળાવો અને પહાડ શામેલ છે. આ સુવિધાઓ ફિલ્મ નિર્માતાઓને માટે ખૂબ જ સહાયરૂપ થાય છે, જેના કારણે ફિલ્મ સિટી હિન્દી અને મરાઠી ફિલ્મોના શૂટિંગ માટેનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બની ગયું છે.

ફિલ્મ સિટી આજે ભારતીય ફિલ્મ ઉદ્યોગ માટે એક મુખ્ય ટેકનિકલ, સર્જનાત્મક અને વ્યવસાયિક કેન્દ્ર તરીકે કામ કરે છે, જ્યાં મોટા બજેટની ફિલ્મો, ટેલિવિઝન શો, મ્યુઝિક, વીડિયો અને અન્ય પ્રોજેક્ટ્સ શૂટ કરવામાં આવે છે. આ સ્ટુડિયો ભારતીય સિનેમાના વિકાસમાં અને મુંબઈને એશિયાનું 'ફિલ્મ હબ' બનાવવામાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ટૂંકમાં 'ફિલ્મ સિટી' નામાંકિત પ્રોડક્શન હાઉસની યાદીમાં ઉચ્ચ કક્ષાએ સ્થાન પામે છે. મુંબઈ સિવાયની વાત કરીએ તો પૂણે, કલકત્તા અને દક્ષિણ ભારતમાં પણ એવા પ્રોડક્શન હાઉસ છે. જેની વાત પણ આપણે કરવી જ જોઈએ. ફિલ્મ જગતની શરૂઆતના દિવસોમાં કોલકાત્તા ફિલ્મોની ગુણવત્તા અને પ્રયોગશીલતા માટે સૌથી મોખરે રહેતું શહેર હતું. કોલકાતા બાદ મુંબઈમાં વ્યવસાયિક દ્રષ્ટિએ વધારે સફળતા મળતી હોવાને લીધે એક આખી ફિલ્મ નગરી અહીં ધીમે-ધીમે તૈયાર થવા લાગી અને મોટાભાગના પ્રોડક્શન હાઉસ અહીં જ પોતાનું મથક સ્થાપવા લાગ્યા.

કોલકાત્તાથી પણ ઘણા કલાકારો મુંબઈ આવતા. દેશના અલગ-અલગ રાજ્યોમાંથી અહીં કલાકારો આવ્યા અને તેમણે પોતાની કલાથી પોતાનું એક આગવું નામ અને એક આગવી ઓળખ ઊભી કરી. દક્ષિણ ભારતના પ્રોડક્શન હાઉસ અને તેમની ફિલ્મો આજે દુનિયાભરમાં ડંકો વગાડી રહી છે એ સાચું છે પરંતુ એ ન ભૂલવું જોઈએ કે, દર્શકોને એવા જ વિષય પર બનેલી ફિલ્મો ગમે છે જે તેમના મનની વાત કરતી હોય.






# એક્ટરને રાતોરાત સુપર સ્ટાર બનાવતી બોલિવૂડની લોકપ્રિય ફિલ્મો

મિલન ઝાંખરા

મિત્રો આપણે વાત કરીશું સદાબહાર ફિલ્મ 'ઝંજીર' (૧૯૭૩)ની. આ ફિલ્મ આપણે બધાએ જોઈ છે. આ ફિલ્મે આપણને નવો સુપરસ્ટાર આપ્યો, પરંતુ અમિતાભ બચ્ચન આ ફિલ્મ માટે પ્રથમ પસંદગી ન હતા. આ ફિલ્મ સૌપ્રથમ ધર્મેન્દ્રને આપવામાં આવી હતી પરંતુ કામની વ્યસ્તતાના કારણે તેઓ આ ફિલ્મ ન કરી શક્યા. પછી આ ફિલ્મ દિલીપ કુમારને આપવામાં આવી, તેમને ફિલ્મની કહાની ખૂબ ગમી પરંતુ છેલ્લી ઘડીએ એમણે આ ફિલ્મ કરવાની ના પાડી, જેનો અફસોસ પણ તેમણે આ ફિલ્મ રિલીઝ થયા પછી કર્યો હતો. ત્યારબાદ આ ફિલ્મ દેવાનંદને આપવામાં આવી પરંતુ એમણે પણ આ ફિલ્મમાં રોમેન્ટિક ગીતો અને અમુક લોકેશન માટે ડિમાંડ કરી જે શક્ય ન હતું. અંતમાં ડાયલોગના બાદશાહ રાજકુમારને 'ઝંજીર' મળી પણ પોતાના મનમોજી સ્વભાવના આવેશમાં તેમણે પ્રકાશ મેહરાને એવું કહ્યું કે, 'જાની, હમે આપકે સર મેં લગતે ચમેલી કે તેલ સે પરેશાની હોતી હૈ તો ફિલ્મ કૈસે કરે.' આવા અનેક અપમાન પછી સલીમ જાવેદે પ્રકાશ મેહરાને ફિલ્મ 'બોમ્બે ટુ ગોવા'માંનો અમિતાભ બચ્ચનનો ફાઈટ સિન બતાવ્યો અને એમને આ ફિલ્મની ઓફર કરવા મનાવ્યા. અને પછી જે થયું તેનો એક ઈતિહાસ આપણે સૌ જાણીએ છીએ.




બીજી વાત કરીશું ફિલ્મ 'દીવાર'ની. આ ફિલ્મની ઓફર સૌપ્રથમ શત્રુઘ્ન સિંહાને આપવામાં આવી હતી પરંતુ વ્યસ્તતાના કારણે તેમણે આ ફિલ્મ ન સ્વીકારી. ત્યારબાદ રાજેશ ખન્નાને આ ફિલ્મ માટે સાઈનિંગ રકમ આપી ફાઈનલ કરવામાં આવ્યા હતા. કારણ કે અગાઉ યશ ચોપરા રાજેશ ખન્ના સાથે ફિલ્મ 'દાગ'માં સફળતાનો સ્વાદ ચાખી ચૂક્યા હતા. પરંતુ સલીમ જાવેદ અમિતાભને જ લેવા માંગતા હતાં. મજાકમાં યશ ચોપરાએ કહ્યું કે, 'અમિતાભ તુમ દોનોં કો કમિશન દેતા હૈ ક્યા?' સલીમ જાવેદે કહ્યું કે, 'તમે રાજેશ ખન્નાને સાઈનિંગ રકમ આપી છે તો એમના




પ્રમાણે અમે તમને બીજી સ્ક્રિપ્ટ આપીશું.' છેલ્લે યશ ચોપરાએ એમની વાત માનીને અમિતાભ બચ્ચનને 'દીવાર' ફિલ્મ આપી.

ત્રીજી વાત કરીશું ક્લાસિક ફિલ્મ 'આનંદ' (૧૯૭૧)ની. આ ફિલ્મ રાજેશ ખન્નાની કારકિર્દી માટે ખૂબ જ યાદગાર સાબિત થઈ હતી પરંતુ આ ફિલ્મ સૌ પ્રથમ રાજ કપૂર માટે લખાઈ હતી પરંતુ એમની વધતી ઉંમરને કારણે તેઓ આ પાત્રમાં સમાવિષ્ટ નહોતા થતા એટલે ફિલ્મની શરૂઆતમાં જ આ વાત સ્ક્રીન પર આવે છે કે, 'A Film Dedicated To Raj Kapoor.' ત્યાર પછી આ ફિલ્મ ઋષિકેશ







મુખર્જીએ ધર્મેન્દ્રને આપી હતી. પરંતુ તેઓએ ધર્મેન્દ્રને કહ્યા વગર જ રાજેશ ખન્ના સાથે ફિલ્મનું કામ શરૂ કર્યું હતું. ધર્મેન્દ્રને આ વાતની ખબર પડતાં ઋષિકેશ મુખર્જીને ફોન કરીને બહુ ઠપકો આપ્યો હતો.

હવે વાત છે ફિલ્મ 'બોબી' (૧૯૭૩)ની.'મેરા નામ જોકર'ફ્લોપ થવાથી રાજ કપૂર ખૂબ જ આર્થિક તંગીમાં હતા. એમણે 'બોબી' ફિલ્મ દ્વારા ફરી ફિલ્મ જગતમાં પગદંડો જમાવવા માટે આગેકૂચ કરી હતી. અભિનેતા રાજેશ ખન્નાને આ ફિલ્મ આપી પરંતુ રાજેશ ખન્નાએ ખૂબ જ મોટી ફી માંગતા એમની સાથે આ ફિલ્મ ના થઈ શકી. અને અંતે રાજ કપૂરે પોતાના દીકરા ઋષિ કપૂર સાથે આ ફિલ્મ કરી. પ્રાણ સાહેબે પણ સંબંધ નિભાવતાં ફક્ત ૧ રૂપિયો લઈને આ ફિલ્મમાં કામ કર્યું હતું, જેથી રાજ કપૂરને ક્ષોભ ન થાય. પ્રેમનાથે પણ નિ:શુલ્ક કામ કર્યું હતું તેઓ સબંધમાં રાજ કપૂરના સગા સાળા છે.




હજી આગળ આપણે વાત કરીએ ફિલ્મ 'મિ. ઈન્ડિયા' (૧૯૮૭)ની. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જ્યારે સલીમ જાવેદનો સિક્કો ચાલતો એ સમયમાં આ બેલડીએ મિ. ઈન્ડિયા ફિલ્મની વાર્તા લખી. એમણે આ ફિલ્મ ફક્ત અને ફક્ત અમિતાભ બચ્ચનને ધ્યાનમાં રાખીને જ લખી હતી. પરંતુ તેઓને ખબર ન હતી કે વર્ષો જૂના સબંધો હોવા છતાં પણ અમિતાભ આ ફિલ્મ નહીં કરે. અમિતાભને આ કોન્સેપ્ટ ના ગમ્યો કે ફિલ્મનો નાયક ગાયબ રહે છે એમ કહીને અમિતાભે આ ફિલ્મ ઠુકરાવી કે, 'લોગ મુઝે દેખને આતે હૈ, મેરી આવાઝ સુનને નહીં,' પછી આ ફિલ્મ અનિલ કપૂરને મળી અને અનિલ કપૂરને રાતોરાત સ્ટારડમ મળ્યું. જાણે લોટરી લાગી ગઈ...

આ કાફલામાં હવે ઉમેરાય છે ૧૯૮૫ની ફિલ્મ 'મેરી જંગ.' આ ફિલ્મ પણ સુભાષ ઘાઈએ અમિતાભ બચ્ચનને લઈને બનાવવાનું નક્કી કર્યું હતું. બચ્ચને તૈયારી પણ બતાવી હતી. આ ફિલ્મમાં જાવેદ જાફરીની જે ભૂમિકા છે (જે અમરીશ પુરીના દીકરાની ભૂમિકા ભજવે છે) તે ભૂમિકા અનિલ કપૂર કરવાના હતા. પરંતુ ૧૯૮૩માં 'કુલી' ફિલ્મમાં અમિતાભ બચ્ચનને અકસ્માત થયો. સુભાષ ઘાઈ આ ફિલ્મ જલ્દી બનાવવા માંગતા હતા તેથી અમિતાભ માટે બનેલી મુખ્ય ભૂમિકા અનિલ કપૂરને મળી અને અમરીશ પુરીના દીકરાની ભૂમિકા જાવેદ જાફરીને મળી. અનિલ કપૂરને આ ફિલ્મે નામ અને દામ બન્ને કમાવી આપ્યા. આ છે નસીબની બલિહારી... કહીં ખુશી... કહીં ગમ. કોઈપણ કલાકારના જીવનમાં યોગ્ય સમયે લેવાયેલ યોગ્ય નિર્ણય કલાકારને રાતો-રાત સફળતાના સાતમા આસમાને પહોંચાડી દે છે તે ચોક્કસ વાત છે.






શ્યામ પટેલ

# વિજયગિરી બાવા

## એક ચિંતનશીલ અને ધૈર્યશીલ સિનેમા સર્જક



આજે જ્યારે સિનેમા એક અલગોરિધમ, વિઝ્યુઅલ મેજિક અને ઈમીજીયેટ ઈમ્પેક્ટ તરફ વધારે ઢળી રહ્યું છે ત્યારે વિજયગિરી બાવાની ફિલ્મો ચિંતનશીલ અને ધૈર્યશીલ સર્જનને પ્રાધાન્ય આપે છે. તેઓ દ્રઢ પણે માને છે કે ફિલ્મ એ કોઈ ઘટના નથી પણ એક અનુભવ છે. તેમની ફિલ્મો દેકારો કરીને તમારા મનને ગજવતી નથી પરંતુ સાવ હળવેથી તમારા માંહ્યલાને સ્પર્શે છે અને તમારી મનોસૃષ્ટિમાં કાયમી સ્થાન લે છે.

વિજયગિરી બાવાની ફિલ્મો કોઈ નિશ્ચિત ફોર્મ્યુલા પર આધારિત નથી હોતી. એમની ફિલ્મોમાં તો ઐતિહાસિક, સામાજિક સંદર્ભો, અવ્યક્ત લાગણીઓ, ભાવનાઓ, અને મૂક સંવેદનાઓનો દ્રશ્ય શ્રાવ્ય મેળો રજૂ થાય છે. તેમના માટે સિનેમા એ કોઈ પ્રોડક્ટ નહીં પણ એક અનુભૂતિ છે.

**સિનેમા પહેલાનું જીવન : સંવેદનાઓનું ઘડતર**

જેણે જીવનના અનેક ઉતાર-ચઢાવને સ્વીકારી સપનાને હકીકત બનાવ્યું એ વિજયગિરીનું સિનેમા સાથેનું અનુસંધાન પણ તેઓના જીવન જેવું જ રહ્યું અનસરટેઈન, ડીમાન્ડિંગ અને ચેલેન્જિંગની



સાથો-સાથ ઘણાબધા બોધ પાઠ આપતી કિતાબ જેવું.

તેમના શરૂઆતના વર્ષો સંઘર્ષપૂર્ણ હતા. મર્યાદિત સંસાધનો, અનિયમિત મળતું કામ તથા શહેરમાં ટકી રહેવા માટે આર્થિક સંકડામણનો પણ બહુ સામનો કરવો પડયો હતો. સંઘર્ષના આ દિવસોએ એમને એક અલગ દ્રષ્ટિ આપી. સહાયક દિગ્દર્શક તરીકે આગળ વધતાં, તેમણે માત્ર ફિલ્મ કેવી રીતે બને છે એ જ નહીં, પરંતુ ફિલ્મસેટના આખા નાજુક તંત્રમાં માણસો કેવી રીતે નભે છે અને કાર્ય કરતા હોય છે એ પણ જોયું. ટેક્નિકલ પાસાઓની સાથે-સાથે લોકોની પાસેથી કઈ રીતે કામ લેવું એ સમજણ પણ તેમણે કેળવી લીધી હતી.

વિજયભાઈએ કલાકારોને પોતાની ત્રુટીઓ સાથે સમાધાન કરતા જોયા, ટેકનિશિયનોને એવી મહત્વની જવાબદારીઓનો ભાર લેતા જોયા જેને ક્યારેય કોઇ પ્રોત્સાહિત નથી કરતું. પ્રોડ્યુસરોને પણ વિઝન અને જોખમ વચ્ચે સંતુલન સાધતા તેમણે જોયા. આ અનુભવોએ વિજયભાઈની અંદર એવી નેતૃત્વશૈલીને આકાર આપ્યો જે સત્તાના બદલે ધીરજ પર આધારિત હતી. આજે પણ તેમના ફિલ્મ સેટ્સ શાંતિ માટે જાણીતા છે. જે તેમની માન્યતાનું પ્રતિબિંબ છે કે સર્જનાત્મકતા ભયમાં નહીં, વિશ્વાસમાં વિકસે છે.

**ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકિંગ : સત્ય થોડી રાહ જોવડાવે**

ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકિંગ એ વિજયગિરી બાવા માટે એક સાચી શિસ્તનું દર્શન બની છે. અહીં તેમની સિનેમેટિક નૈતિકતા ઘડાઈ. દસ્તાવેજી ફિલ્મોએ તેમને શીખવ્યું કે સત્યને સર્જવાનું ન હોય રજૂ કરવાનું હોય. એને વાર્તામાં વણવામાં ઉતાવળ કરો તો તેનું હાર્દ જ ન રહે.

ગુજરાતની સંસ્કૃતિ, ઈતિહાસ અને જીવંત વાસ્તવિકતાઓના મૂળિયા ધરાવતી તેમની દસ્તાવેજી કૃતિઓએ તેમને



શીખવ્યું કે સંજોગો અને આંટીઘૂંટીઓ પણ લોક જીવનનો મહત્વનો ભાગ છે. મૌન પણ એક સંવાદ છે અને ક્યારેક સમજણ કરતાં અવલોકન વધારે અસરકારક સાબિત થાય છે, એ વાત દસ્તાવેજી ફિલ્મ નિર્માણથી એમને શીખવા મળી.

કાલ્પનિક નહીં તેવી આ પૃષ્ઠભૂમિએ તેમની સર્જનાત્મક ભાષા પર એવી કાયમી છાપ છોડી કે જ્યારે તેઓ કાલ્પનિક સિનેમા જગતમાં પ્રવેશ્યા, ત્યારે પણ તેમની ફિલ્મોમાં દસ્તાવેજી સત્ય હંમેશા નોંધપાત્ર રહ્યું. પાત્રો વિશ્વસનીય લાગ્યા, લાગણીઓ સંયમિત રહી અને વાર્તા મુક્ત રીતે રજૂ થઈ.

**ફિક્શન સિનેમા : અંતરંગ-અંગત ભાવવિશ્વનું કલ્પનાસર્જન**

જ્યારે વિજયગિરી બાવાએ ફીચર ફિલ્મોમાં દિગ્દર્શક તરીકે પ્રવેશ કર્યો. ત્યારે તે સર્જકના દર્શનમાં વાસ્તવિકતાના ધરાતલથી તેની જ એક આગળની કડી હતી. વિજયગિરી બાવાના ભાવવિશ્વમાં સર્જન એટલે આંતર જગતની સ્મૃતિઓ, નૈતિક સંઘર્ષો તથા ભાવનાત્મક વારસો જેવા ક્ષેત્રોનું ઊંડાણ અને ખેડાણ જોવા મળે છે.

વિજયગિરી બાવાના કલ્પિત પાત્રો માત્ર દર્શકોને પ્રભાવિત કરવા માટે રચાયેલા નથી, પરંતુ દર્શકોને આ પાત્રો પરિચિત-પોતીકા લાગવા માટે રચાયેલા છે. તેમની ફિલ્મોમાં સંઘર્ષ ભાગ્યે જ ઊંચા સ્વરમાં કે અતિ નાટ્યાત્મકતા રીતે પ્રગટ થાય છે. શાંત, સચોટ અને અસરકારક પ્રત્યાયન તેમની આગવી લાક્ષણિકતા છે. વિજયગિરી બાવા સૂક્ષ્મતામાં વિશ્વાસ રાખે છે. તેઓ દર્શકોની ભાવનાત્મક બુદ્ધિ પર વિશ્વાસ રાખે છે.

**'કસુંબો': માનવીય અનુભવ તરીકેનો ઈતિહાસ**

'કસુંબો' વિજયગિરી બાવાની ફિલ્મોગ્રાફીમાં એક સીમાચિહ્નરૂપ અધ્યાય તરીકે ઊભરી આવે છે. આ ફિલ્મ ઈતિહાસમાંથી પ્રેરણા લે છે, પરંતુ તેને મહિમામંડિત કરતી નથી. તે ભૂતકાળને જીવંત અને ભાવનાત્મક અવકાશ તરીકે રજૂ કરે છે. જે ગૌરવ અને બલિદાનથી મૂર્તિમંત થાય છે.

'કસુંબો'ની વિશેષતા તેની મર્યાદામાં છે. ફિલ્મ દર્શકોને શું અનુભવવું તે સૂચવે છે તથા સ્વયંને સાક્ષી સ્વરૂપે અનુભવવાનું ઈજન પણ આપે છે. આ દૃશ્યોમાં સંરચના છે, પરંતુ અલંકારિકતા નથી. જ્યાં ભાવનાઓ અતિરેક વિના સ્વાભાવિક રીતે ઉદ્ભવે છે. 'કસુંબો' દ્વારા વિજયગિરી બાવાએ આ બાબત ઉજાગર કરી છે કે ગુજરાતી સિનેમા એક સાથે મહત્ત્વાકાંક્ષી અને અંતર્મુખ સ્તરે અંગત રીતે શ્વસી શકે છે. જેનો વિશાળ પટ પરંતુ રંગસંવેદન તદ્દન આત્મીય.

**દિગ્દર્શકનું દર્શન: દર્શકો પર વિશ્વાસ**

વિજયગિરી બાવાના કાર્યના કેન્દ્રમાં એક શાંત પરંતુ દ્રઢ માન્યતા છે. દર્શકો ઈમાનદારીને લાયક છે. દર્શકને સતત ઉત્તેજના અથવા સમજાવટ જોઈએ. એ વાત સાથે તેઓ સંમત નથી. દર્શકો માટે સિનેમા વિશ્વાસનું એક પોતીકું સ્થળ છે.

તેઓ માને છે કે ફિલ્મો સમય સાથે વધુ અર્થસભર બનવી જોઈએ. આ વિચાર તેમની દરેક સર્જનાત્મક પસંદગીમાં જોઈ શકાય છે. વિચારને અવકાશ આપતી ગતિ, અભિનયમાં ઓવર એક્ટિંગથી દૂર રહેવું અને સિનેમાનો અંત પણ એકદમ ખુલ્લો હોવાથી તે પૂર્ણવિરામ કરતાં પ્રતિધ્વનિ બની રહે. તેમના માટે સિનેમા ધ્યાન ખેંચવાનું સાધન નથી, પરંતુ અનુભૂતિ ઊભી કરવાનું માધ્યમ છે..






## વિજયગિરીની ફિલ્મો: વિચારશીલ નિર્માણની સંસ્કૃતિ

વિજયગિરી બાવાએ વિજયગિરી ફિલ્મોસ કંપનીની સ્થાપના પોતાના સર્જનાત્મક મૂલ્યોને વિસ્તારવા માટે કરી હતી. આ કંપની ટ્રેન્ડસ અથવા માત્ર નફાકારક પ્રવૃત્તિઓને મહત્ત્વ નથી આપતી. તે એક એવું સ્થળ છે, જ્યાં રચનાત્મક વિચારોને ધીમે પણ મક્કમપણે જવાબદારીપૂર્વક વિકસવા દેવામાં આવે છે.

કોઈપણ પ્રોજેક્ટની પસંદગી તેના ભાવનાત્મક, સાંસ્કૃતિક અને નૈતિક મહત્ત્વના આધારે થાય છે. સર્જનાત્મક અને વ્યવહારૂ બન્ને પ્રકારની સ્થિરતાનો માર્ગદર્શક સિદ્ધાંતરૂપી અભિગમ કંપનીના આત્માને અડચણ પહોંચાડયા વગર ઉજ્જવળ ભવિષ્ય માટે તૈયાર કરે છે.

## સહયોગ અને માળખું: ટ્વિંકલ બાવાનું યોગદાન

વિજયગિરી બાવાની સર્જનાત્મક શક્તિ અદ્‌ભૂત છે, પરંતુ તેમની પત્ની ટ્વિંકલ બાવા ફિલ્મનિર્માણ પ્રક્રિયાને મજબૂત બનાવવામાં ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. વિજયગિરી ફિલ્મોસમાં ભાગીદાર તરીકે તેઓ પ્રોડક્શન, આયોજન, સંગઠનાત્મક માળખું અને વ્યૂહાત્મક નિર્ણયોમાં એકદમ સક્રિય રહે છે.

તેમના નેતૃત્વ થકી વિજયગિરીના સર્જનાત્મક વિચારોને અહીં મોકળું મેદાન મળે છે. આ એક એવો ઉદ્યોગ છે, જ્યાં કલાત્મક મહત્ત્વાકાંક્ષાઓ ઘણીવાર વ્યવહારિક વાસ્તવિકતાઓ સાથે અથડાય છે ત્યારે ટ્વિંકલ બાવાનું યોગદાન વિજયગિરી ફિલ્મોસના દરેક પ્રોજેક્ટમાં એક એવું સંતુલન પેદા કરે છે જે સિનેમાના વિઝનને સુચારૂપણે જાળવવામાં મદદરૂપ બને છે.

આ સહયોગી માળખું વિજયગિરી બાવાને વાર્તાકથનમાં સંપૂર્ણપણે ડૂબી જવાની સ્વતંત્રતા આપે છે, કારણ કે તેઓ જાણે છે કે તેમની રચનાનો આધાર મજબૂત વિચારપૂર્વકનું સંચાલન છે.

## આગળનો માર્ગ

વિજયગિરી બાવા સતત એવી વાર્તાઓ શોધી રહ્યા છે, જે ભાવનાત્મક વારસાને ઉજાગર કરે. સ્મૃતિ કેવી રીતે ઓળખ ઘડે છે?, મૌન કેવી રીતે અર્થ વહન કરે છે?, સંબંધો શબ્દોથી આગળ કેવી રીતે વિકસે છે? આ બધાં આંતરિક મનના વમળો તેમના કથાનકમાં ઉડીને આંખે વળગે છે. તેઓ ઉતાવળ કે ઉન્નતિને નહીં પણ સિનેમાની ડેપ્થ, આઈડીયા અને ગ્રોથને પ્રાધાન્ય આપે છે. તેમના માટે સિનેમા જીવનભરની યાત્રા છે. જેમાં વિશ્વાસની સાથે વિનમ્રતા પણ એટલી જ જરૂરી બને છે.

## આધુનિક સિનેમામાં નોંધપાત્ર સ્થાન

શોરથી ભરેલા અત્યારના સમયગાળામાં, વિજયગિરી બાવાનું કાર્ય એટલા માટે અલગ પડે છે કે તે ધ્યાન ખેંચવા માટે સ્પર્ધા કરતું નથી. તેમની ફિલ્મો દર્શકને અંદર તરફ બોલાવે છે. તે ધીરજ માગે છે, પરંતુ તેના બદલામાં સત્ય આપે છે.

## વિજયગિરી બાવાની ફિલ્મોગ્રાફી

**૨૦૧૫ – પ્રેમજી : રાઈઝ ઓફ વોરિયર**
મરદ મૂછાળા અને ગામના મોભીના ઘરે જન્મેલ એવા છોકરાની વાત જે થોડો સ્ત્રૈણ છે.

**૨૦૧૯ – મોન્ટુની બીટ્ટુ**
અમદાવાદની પોળમાં જીવાતી જિંદગી, મિત્રતા, પ્રેમ અને સંબંધોની ગાથા

**૨૦૨૧ – ૨૧મું ટિફીન**
ઘરમાં હંમેશા બધાં માટે જીવતી મમ્મીને આપણે ક્યારેય સ્ટાર નથી આપ્યાં, કંઈ આપ્યું છે? એને પણ કંઈ જોઈતું હશે? એ પ્રશ્ન ઉભો કરતી, ગૃહિણીની, મા ની, નજીક લઈ જતી ફિલ્મ.

**૨૦૨૪ – કસુંબો**
ત્યાગ, બલિદાન, માતૃભૂમિ, આદિનાથ દાદા અને આઈ ખોડીયારના રખોપાની ઐતિહાસિક શૌર્ય ગાથા.




PATEL BROTHERS
પટેલ બ્રધર્સ...છવાય ગુજરાતી, ખવાય ગુજરાતી ને ગવાય ગુજરાતી..
Patel Brothers is U.S. based grocery retail chain that focuses on flavors and foods found in the Indian sub-continent and the Middle East.
we strive to reconnect people with the familiar flavors of India.
Guarantee the best spices and freshest foods
Our mission is to bring the best ingredients from around the world, right to your doorstep.
ORGANIC
Wide variety Grocery & Spice products
North American retail locations Found 51 locations
Patel Brothers
Patel Family's journey to build their own business.
Groceries including dry goods, frozen items & fresh produce.
PATEL BROTHERS
PATEL BROTHERS FARMERS MARKET
PATEL BROTHERS
PATEL BROTHERS
All Online orders are fulfilled ONLY at
Patel Brothers
2410 Army Trail Rd. Hanover Park, IL 60133 P: 630-213-2222 F: 630-213-2259
Website : www.patelbros.com / www.patelbrothersusa.com




■ આર.જે. સચીન વજાણી

# મુંબઈની ખ્યાતનામ હોસ્પિટલોની સુવર્ણયુગની સફર

વર્ષો જૂની અનેક એવી હોસ્પિટલો આજે પણ માત્ર મુંબઈ શહેરના નહીં પણ વિશ્વના લોકોના સ્વાસ્થ્યોને સાચવવાનું કામ અવિરતપણે કરી રહી છે

મુંબઈ શહેરનું નામ સાંભળતાં જ આપણા મનમાં શોરબકોર અને અસંખ્ય સપનાઓ આંખ સામે તરવરે છે, પરંતુ આ શહેર ઘણી ઐતિહાસિક ઈમારતોનો ભવ્ય વારસો પોતાની સાથે સાચવીને બેઠું છે. સવા સદીથી પણ વધુ સમયથી અડીખમ ઊભી રહેલી અને દરરોજ અનેક લોકોના જીવ બચાવતી એવી આ હોસ્પિટલો માત્ર ઈમારતો નથી એ શહેરનો જીવંત ધબકારો છે. આવી ધબકતી કેટલીક હોસ્પિટલો આ શહેરની આગવી ઓળખ બનીને આજે શ્વસી રહી છે.



### સર જે.જે. ગ્રૂપ ઓફ હોસ્પિટલ્સ (ભાયખલા)

૧૮૪૫માં સ્થાપિત જે.જે. હોસ્પિટલ એ મુંબઈના આરોગ્યક્ષેત્રનો મુખ્ય આધારસ્તંભ છે. આ વિસ્તાર એક વખત કોલોનિયલ યુગનું હાર્ટ હતું. હોસ્પિટલની ઈમારતમાં બ્રિટિશ યુગની આર્કિટેક્ચરની અદ્‌ભૂત કલા સમાઈ છે. શરૂઆતમાં તે મુખ્યત્વે ચેપી રોગો અને જનરલ મેડિસિન માટે જાણીતી હતી, પરંતુ સમય સાથે સર્જરી, ન્યુરોસાયન્સ અને મેડિકલ એજ્યુકેશનનું કેન્દ્ર બની ગઈ. હજારો ડોક્ટરોની કારકિર્દી અહીં નિર્માણ પામી છે. એટલું જ નહીં, બોલિવૂડની સૌથી લોકપ્રિય ફિલ્મ મુન્નાભાઈ MBBS પણ અહીં ફિલ્માવવામાં આવી હતી. જે.જે. હોસ્પિટલ ફક્ત દર્દીઓ માટે જ નહીં, પરંતુ ડોક્ટરો અને વિદ્યાર્થીઓ બંને માટે નવી આશા અને પ્રેરણાનું કેન્દ્ર છે.




### કે.ઈ.એમ. હોસ્પિટલ (પરેલ)

૧૯૨૬માં નિર્માણ પામેલી કે.ઈ.એમ. હોસ્પિટલ ભારતની સૌથી વિશ્વસનીય મેડિકલ સંસ્થાઓમાંની એક છે. આ હોસ્પિટલની ખાસિયત છે તેની 'પેશન્ટ-ફર્સ્ટ'ની વિચારસરણી. ૨૨૫૦થી વધુ બેડ અને દર્દીઓથી ભરચક વોર્ડ્સ તેને શહેરની સૌથી વ્યસ્ત સરકારી હોસ્પિટલોમાંની એક બનાવે છે. ટ્રોમા અને ઈમરજન્સી વિભાગ કે.ઈ.એમ.ની આગવી ઓળખ છે, જ્યાં દરરોજ હજારો ગંભીર કેસો આવે છે જેને અદ્‌ભૂત કુશળતા સાથે ટ્રીટ કરવામાં આવે છે. આ હોસ્પિટલ શેઠ જી.એસ. મેડિકલ કોલેજ દ્વારા સંચાલિત છે એટલે તબીબી ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે તો આ જગ્યા જીવંત પ્રયોગશાળા સમાન છે.



### નાયર હોસ્પિટલ (મુંબઈ સેન્ટ્રલ)

૧૯૨૧માં સ્થાપિત નાયર હોસ્પિટલ મુંબઈની આરોગ્ય સેવાઓમાં મહત્વનો ભાગ ભજવે છે. આ હોસ્પિટલનું વિશેષ સ્થાન શહેરની મધ્યમાં હોવાથી લગભગ દરેક વિસ્તારોમાંથી દર્દીઓ અહીં આવે છે. શરૂઆતથી જ અહીં મલ્ટિ સ્પેશિયાલિટી સેવાઓ આપવામાં આવે છે પરિણામે આજે આ હોસ્પિટલ મુંબઈની સૌથી વિશ્વસનીય કેર હબ તરીકેનું સ્થાન ધરાવે છે. આ હોસ્પિટલ ટીએમ મેડિકલ કોલેજ સાથે સંકળાયેલી હોવાથી મેડિકલ શિક્ષણની દિશામાં પણ તેનું યોગદાન અનોખું છે.

### ટાટા મેમોરિયલ હોસ્પિટલ (પરેલ)

૧૯૪૧માં શરૂ થયેલ ટાટા મેમોરિયલ હોસ્પિટલ એટલે કેન્સરના દર્દીઓ માટેનું વિશ્વસનીય આરોગ્યધામ. જે આજે માનવસેવાની અનોખી મિસાલ બની




છે. કેન્સર સંશોધન, ટ્રીટમેન્ટ અને પ્રિવેન્શનને ભારતમાં પ્રચલિત કરવા માટે ટાટા ટ્રસ્ટે નિર્માણ કરેલી આ ભેટ આજે લાખો દર્દીઓની આશાનું કેન્દ્ર છે. અહીં નવા-નવા રિસર્ચ, આધુનિક રેડિયેશન ટેકનોલોજી, સર્જરી અને હેમેટો-ઓન્કોલોજીના સફળ ઓપરેશનો આખા દેશને ગૌરવ અપાવે તેવા છે. કેન્સર સામે લડતા દરેક દર્દી માટે આ હોસ્પિટલ ધીરજ અને સાહસનું પ્રતિક છે.



**બ્રિચ કેન્ડી હોસ્પિટલ (દક્ષિણ મુંબઈ)**

૧૯૪૬માં શરૂ થયેલી બ્રિચ કેન્ડી હોસ્પિટલ પ્રીમિયમ આરોગ્યસેવાનું પ્રતિક બની રહી છે. દક્ષિણ મુંબઈના દરિયાકિનારા પાસે આવેલી આ હોસ્પિટલ તેના શાંતિપૂર્ણ વાતાવરણ અને ઉચ્ચ ગુણવત્તાની સારવાર પદ્ધતિ માટે જાણીતી છે. અહીં અનેક સેલિબ્રિટીઓ તેમજ રાજકીય નેતાઓએ સારવાર લીધી છે, છતાં પણ હોસ્પિટલ ખૂબ જ માનવીય અભિગમ ધરાવે છે. અદ્યતન કાર્ડિયોલોજી, નેફ્રોલોજી, સર્જરી અને ઓર્થોપેડિક્સ અહીંની સૌથી પ્રચલિત સેવાઓ છે. સ્વચ્છતા સાથે વૈશ્વિક કક્ષાના ઓપરેશન થિયેટર્સ તેમજ તાલીમબદ્ધ સ્ટાફ આ હોસ્પિટલને મુંબઈ શહેરમાં વિશિષ્ટ ઓળખ પ્રદાન કરે છે.

**જસલોક હોસ્પિટલ (પેડર રોડ)**

૧૯૭૩માં સ્થાપિત જસલોક




હોસ્પિટલ તેની અદ્યતન સારવાર અને માનવતાની બે મુખ્ય બાબતો માટે પ્રખ્યાત છે. મુંબઈની આ પ્રથમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ગણવામાં આવે છે. અહીં હાર્ટ સર્જરી, નેફ્રોલોજી, ટ્રાન્સપ્લાન્ટ, ઓન્કોલોજી અને ન્યુરોસાયન્સમાં અદ્‌ભૂત કાર્ય થયું છે. હોસ્પિટલ સંશોધન અને તાલીમ બંનેમાં અગ્રેસર રહી છે. શહેરની મધ્યમાં હોવા છતાં અહીંની સફાઈ, નિયમિતતા અને દર્દીઓની લેવાતી સુંદર કાળજી ખરેખર માનસિક શાંતિ આપે છે.




**બાઈ જેરબાઈ વાડિયા હોસ્પિટલ ફોર ચિલ્ડ્રન્સ (પરેલ)**

બાળકો માટેની આ હોસ્પિટલ ૧૯૨૯થી સૌથી વિશ્વાસપાત્ર સાથી બની રહી છે. મુંબઈના ઈતિહાસમાં બાળકો માટે ખાસ ડિઝાઈન કરાયેલી આ પહેલી મલ્ટિ-સ્પેશિયાલિટી હોસ્પિટલ હતી. આજે પણ Neonatal ICU, Pediatric Surgery, Hematology અને Rehabilitation જેવી સેવાઓમાં તે આગળ છે. અહીં અનેક જટિલ તબીબી સર્જરી કરાઈ છે જેમાં જોડિયા બાળકોને અલગ કરવાની જટિલ સર્જરીથી લઈને બાળકોના ગંભીર રોગો સુધી સામેલ છે. આ હોસ્પિટલ માનવતાની એવી પાઠશાળા છે જ્યાં દરરોજ બાળકોના સ્મિતને પાછું લાવવા માટે સઘન પ્રયાસો થાય છે.

**નવરોઝજી વાડિયા મેટરનિટી હોસ્પિટલ (પરેલ)**

સગર્ભા માતાઓ માટે ૧૯૨૬થી શરૂ થયેલી આ હોસ્પિટલ મુંબઈના માતૃત્વ ઈતિહાસનું કેન્દ્ર છે. ગર્ભાવસ્થા, પ્રસૂતિ અને બાળ આરોગ્ય જેવી તમામ સેવાઓ



અહીં ઉપલબ્ધ છે. હજારો મહિલાઓની પ્રથમ પ્રસૂતિ અહીં સુરક્ષિત રીતે થાય છે, 'Wadia' નામ એક વિશ્વાસની ઓળખ બની ગઈ છે. પ્રસૂતિ પછી માતા અને બાળકની સંભાળ રાખવામાં હોસ્પિટલનું નામ અને કામ અજોડ છે. પરંપરા અને આધુનિક ટેકનિકનો સુમેળ અહીં જોવા મળે છે.



**ભાટિયા હોસ્પિટલ (ગ્રાન્ટ રોડ)**

૧૯૩૨માં સ્થાપિત ભાટિયા હોસ્પિટલ ખાનગી મલ્ટિ સ્પેશિયાલિટી આરોગ્યસેવાનો એક મજબૂત આધાર બની છે. અહીં કુશળ ડોક્ટરો દ્વારા દર્દીઓની વ્યક્તિગત કાળજી લેવામાં આવે છે. શરૂઆતમાં મેટરનિટી અને સર્જરી માટે જાણીતી આ હોસ્પિટલે આજે ન્યુરો, ગેસ્ટ્રો, કાર્ડિયો અને જનરલ મેડિસિન સહિત અનેક ક્ષેત્રોમાં સરસ સફળતા મેળવી છે. ગ્રાન્ટ રોડની વ્યસ્ત ગલીઓ વચ્ચે તેની આરામદાયક સેવાઓ દર્દીઓને રાહત આપે છે



**લોકમાન્ય તિલક મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ (સાયન)**

૧૯૪૭માં શરૂ થયેલ સાયન હોસ્પિટલ મુંબઈની પૂર્વ પટ્ટી માટે જીવનરક્ષક સમાન છે. ટ્રોમા, ઈમરજન્સી, મેડિકલ એજ્યુકેશન, બાળરોગ અને સર્જરી જેવી તમામ સુવિધા અહીં ઉપલબ્ધ છે. આ હોસ્પિટલની સૌથી વિશેષ ખાસિયત એ છે કે અસંખ્ય દર્દીઓની ભીડને સરળતાથી પહોંચી વળવાની તે ક્ષમતા ધરાવે છે. મેડિકલ વિદ્યાર્થીઓ માટે આ હોસ્પિટલ મંદિર સમાન છે.

**પી.ડી. હિન્દુજા હોસ્પિટલ (માહિમ)**

૧૯૫૧માં સ્થપાયેલી હિન્દુજા હોસ્પિટલ આજે મુંબઈના આરોગ્યક્ષેત્રે




પ્રીમિયમ નામ બની ગયું છે. ટ્રાન્સપ્લાન્ટ, કાર્ડિયાક કેર, હેમેટોલોજી, નેફ્રોલોજી અને રિહેબિલિટેશનમાં આ હોસ્પિટલે ઘણી મોટી સફળતા મેળવી છે. અહીંની ઉત્તમ સેવાઓનું ટેકનોલોજી અને માનવતા વચ્ચે સરસ સંતુલન જોવા મળે છે. જેથી દર્દીઓને માત્ર શારીરિક નહીં, પરંતુ માનસિક હૂંફ મળે છે. હોસ્પિટલના સિદ્ધાંત Work to Give Life સાચા અર્થમાં દરેક વિભાગમાં અહીં જોઈ શકાય છે.




**બોમ્બે હોસ્પિટલ (મરીન લાઈન્સ)**

૧૯૫૦માં શરૂ થયેલી આ હોસ્પિટલ એ શહેરના 'trust-run' આરોગ્યસેવાનો તાજ છે. બોમ્બે હોસ્પિટલમાં ભારતના ઘણા જાણીતા સર્જન અને નિષ્ણાતોએ સેવા આપી છે. હોસ્પિટલની ડાયગ્નોસ્ટિક સુવિધાઓ, ICU's અને સર્જિકલ સેટઅપ વિશ્વસ્તરના છે. શહેરના દરેક ખૂણામાંથી દરરોજ અનેક લોકો અહીં સારવાર માટે આવે છે જે હોસ્પિટલની પ્રતિભાને ઉત્તમ બનાવે છે. માનવતા, વ્યાવસાયિકતા અને પારદર્શકતા આ ત્રણ શબ્દો બોમ્બે હોસ્પિટલની સાચી ઓળખ બન્યા છે.

**કુમ્બાલા હિલ્સ હોસ્પિટલ (કેમ્પ્સ કોર્નર)**

આ હોસ્પિટલ ભલે કદમાં નાની છે, પરંતુ લોકપ્રિયતા અને વિશ્વાસમાં મોટી છે. ૯૫થી વધુ વર્ષથી ચાલતી આ હોસ્પિટલ મુખ્યત્વે સર્જરી અને જનરલ મેડિકલ કેર માટે સુવિખ્યાત છે. શહેરની મધ્યમાં સ્થિત



હોવાથી અહીં દર્દીઓને ઝડપથી સેવા મળે છે. અગત્યની વાત એ છે કે આ હોસ્પિટલમાં દર્દીઓ સાથે વ્યક્તિગત આત્મીયસ્તરને ખૂબ મહત્વ આપવામાં આવે છે.



**મસીના હોસ્પિટલ (ભાયખલા)**

૧૯૦૨માં પારસી સમાજના સેવાભાવી પ્રયત્નોથી જન્મેલી 'મસીના હોસ્પિટલ' આજે પણ મનોવૈજ્ઞાનિક (Psychiatric) ઉપચાર માટે મુંબઈની ટોચની હોસ્પિટલ છે. ખાસ કરીને ગંભીર માનસિક રોગો અને બાળરોગોમાં આ હોસ્પિટલે અસંખ્ય પરિવારોમાં નવી આશા જગાવી છે. મસીનાની વિશિષ્ટતા એ છે કે તેની ઈમારત જૂની પણ શાનદાર આર્કિટેક્ચર ધરાવે છે અને અંદરનું વાતાવરણ અત્યંત આહલાદક છે. દુર્લભ અને જટિલ આરોગ્યલક્ષી સમસ્યાઓનો સફળતાથી થતો નિકાલ મસીના હોસ્પિટલને વિશેષ બનાવે છે.

**સૈફી હોસ્પિટલ (ચર્ની રોડ)**

૧૯૪૮ના જૂના સૈફીને આગળ વધારતા આજનું આધુનિક ગ્લાસ-ટાવર સર્વિસ સેન્ટર ૨૦૦૫માં ઉભું થયેલું છે. સૈફી



હોસ્પિટલ ઓર્થો, કાર્ડિયો, મિનિમલી ઈન્ટેન્સિવ સર્જરી અને ગેસ્ટ્રોસર્જરીમાં અગ્રણી છે. અહીંની સફાઈ, આંતરરાષ્ટ્રીય સ્તરના ઓપરેશન થિયેટર્સ અને તાલીમબદ્ધ સ્ટાફ દર્દીઓને એક પ્રીમિયમ અનુભવ આપે છે. બોહરા સમુદાયની ચેરિટી દ્વારા ચાલતી આ હોસ્પિટલ માનવતાનું ઉત્તમ ઉદાહરણ છે. ચર્ની રોડ સ્ટેશનની બહાર આવેલી આ હોસ્પિટલ રાતના અંધકારમાં આલિશાન હોટેલને પણ શરમાવે એવું સૌન્દર્ય ધરાવે છે.



**સેંટ જ્યોર્જ હોસ્પિટલ (સીએસીટી)**

૧૮૪૫-૧૮૫૦ વચ્ચે બ્રિટિશ યુગ દરમિયાન સ્થપાયેલી સેંટ જ્યોર્જ હોસ્પિટલ મુંબઈના આરોગ્ય ઈતિહાસમાં સૌથી જૂની સંસ્થામાંની એક છે. આ હોસ્પિટલ શહેરના કામદાર વર્ગ અને ગરીબ લોકો માટે આશીર્વાદ સમાન છે. શરૂઆતમાં આ હોસ્પિટલ છાતી અને ચેપી રોગોની સારવાર માટે જાણીતી હતી, પરંતુ આજે જનરલ સર્જરી, ઈમરજન્સી અને મેડિકલ કેર માટે ખૂબ મહત્વની સેવા પ્રદાન કરે છે. તેની ભવ્ય પૌરાણિક ઈમારત અને અવિરત સેવા લોકહૃદયમાં અનોખું સ્થાન ધરાવે છે




**જીટી હોસ્પિટલ (ફોર્ટ)**

૧૮૪૩માં શરૂ થયેલ ગોકુલદાસ તેજપાલ હોસ્પિટલ શહેરના મેડિકલ શિક્ષણનું હૃદય છે. જે.જે. મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ માટે આ હોસ્પિટલ એક પાવરહાઉસ છે. હોસ્પિટલ ૧૮૦ વર્ષ જૂની હોવા છતાં અહીંનાં વિભાગો આજે પણ સતત સક્રિય રહી અનેક સેવાઓ પ્રદાન કરે છે. શહેરની સૌથી પ્રાચીન અને ઐતિહાસિક હોસ્પિટલો પૈકીની એક જીટી હોસ્પિટલ

મુંબઈના ઐતિહાસિક વારસાનું અનમોલ રત્ન છે.



**પ્રિન્સ અલી ખાન હોસ્પિટલ (માહિમ)**

૧૯૪૫માં શરૂ થયેલી આ હોસ્પિટલ આગા ખાન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત છે અને મલ્ટિ સ્પેશિયાલિટી તરીકે જાણીતી છે. ખાસ કરીને કાર્ડિયોલોજી અને નેફ્રોલોજી વિભાગે અહીં અસાધારણ પ્રગતિ કરી છે. દર્દીઓ સાથેનો સંવેદનશીલ અભિગમ અને વિશ્વસ્તરીય સુવિધાઓ આ હોસ્પિટલની આગવી ઓળખ છે. અહીં ઘણા અનોખા અને પડકારજનક કેસોની સારવાર સફળતાપૂર્વક કરાઈ છે.

**હરકિસનદાન હોસ્પિટલ (મુંબઈ)**




૧૦૦ વર્ષથી વધુ જૂની આ હોસ્પિટલ ઘણા દાયકાઓ સુધી મુંબઈના મધ્ય વિસ્તારમાં લોકો માટે જીવનરક્ષક બની રહી. આજે ભલે આ હોસ્પિટલ સક્રિય નથી, પરંતુ તેની ભૂતકાળની સેવાઓ શહેરના ઈતિહાસ માટે મહત્વનું પાનું છે. ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓ માટે અહીંની સેવા મીઠી યાદો સમાન છે. હોસ્પિટલે સર્જરી, મેટરનિટી અને મેડિસિનમાં બહુ મોટી ભૂમિકા ભજવી હતી.

**લેડી હેરડિંગ મેટરનિટી હોસ્પિટલ**




એક સમયે સ્ત્રીરોગ અને પ્રસૂતિ માટે અલગ હોસ્પિટલ એક સ્વપ્ન જેવું હતું, એવા સમયે આ સંસ્થાએ એ પહેલ કરી હતી. એક સદીથી પણ જૂની આ મેટરનિટી હોસ્પિટલે હજારો માતાઓને સુરક્ષિત પ્રસૂતિ કરવવામાં સહાય કરી છે. અહીંનો અભિગમ હંમેશા 'મધર ફર્સ્ટ'નો રહ્યો છે જેથી માતા અને બાળક બંનેને પ્રાથમિકતા આપવામાં આવે છે. આ હોસ્પિટલના યોગદાનની આજે પણ નોંધ લેવી પડે તેમ છે.

મુંબઈની આ અદ્ભૂત હોસ્પિટલ્સ માત્ર આરોગ્યસેવાનું કેન્દ્ર નથી– પરંતુ શહેરની કરૂણા, મનોબળ અને માનવ મૂલ્યોના જીવંત સ્મારકો છે. એક સદીથી વધુ જૂની આ આરોગ્ય સંસ્થાઓએ આ શહેરને અનેક સંકટોમાંથી પાર ઉતાર્યુ છે. અસંખ્ય જીવને બચાવ્યા અને આરોગ્યક્ષેત્રે નવી સિદ્ધિઓ સ્થાપિત કરી છે. આ હોસ્પિટલોની દીવાલો પર તૂટેલી હિંમત ફરી મજબૂત બન્યાની અને નવું જીવન શરૂ થયાની અનેક કહાનીઓ લખાયેલી છે.





કાજોલ વજાણી

# મુંબઈમાં જેવું માંગશો એવું ભણતર મળશે

આર્ટ્સ, કોમર્સ અને સાયન્સથી પણ આગળ નીકળીને આજે આ શહેર સદીઓ જૂની કોલેજોને પોતાના આંગણે સાચવી બેઠું છે.

કહેવાય છે કે કોઈપણ દેશની સ્થિતિ અને તેના સંસ્કાર સુધારવા હોય તો તેની આવનારી પેઢીમાં રોકાણ કરો, તેમને તૈયાર કરો. એજ્યુકેશન એક એવું જ માધ્યમ છે જેના દ્વારા દેશની આવનારી પેઢીને તૈયાર કરી શકાય છે. મહાનગરી મુંબઈ આ દિશામાં કામ કરનાર સૌથી અગ્રેસર શહેરોમાં નામ ધરાવે છે. ઉચ્ચ શિક્ષણ માટે અહીં દર વર્ષે હજારો, લાખો વિદ્યાર્થીઓ આવે છે.

આ શહેરમાં સરકારી અને ખાનગી ક્ષેત્રની ઘણી કોલેજો છે, જે આર્ટ્સ, કોમર્સ, એન્જિનિયરિંગ, મેડિકલ, મેનેજમેન્ટ અને ફેશન ડિઝાઈન જેવા વિવિધ ક્ષેત્રોમાં અભ્યાસ માટે વિદ્યાર્થીને વિશ્વસ્તરીય મંચ આપે છે. અહીં અભ્યાસકર્તાઓને માત્ર શૈક્ષણિક જ્ઞાન જ નહીં, પણ સંસ્કૃતિ, સર્જનાત્મકતા અને નેતૃત્વ માટે પણ અનેક તકો મળે છે.

આવો, મુંબઈની ટોચની ૨૦ કોલેજોની વિગતવાર વાત કરીએ અને જાણવાનો પ્રયાસ કરીએ કે આ કોલેજો કેવા પ્રકારના કોર્સ ઉપલબ્ધ કરાવે છે.

**વિભાગ ૧: મેનેજમેન્ટ અને કોમર્સ કોલેજો**

**નરસી મોનજી કોલેજ ઑફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ (NM College)**



ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ફેક્ટરી તરીકે ઓળખાતી અને અટેન્ડન્સ માટે ચર્ચામાં રહેતી NM કોલેજથી મુંબઈના સૌ રહેવાસી પરિચિત હશે જ. આ કોલેજ SVKM કેળવણી મંડળ દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી, અને આ કોલેજનો હેતુ મુંબઈના પશ્ચિમ ઉપનગરમાં કોમર્સ શિક્ષણ પ્રદાન કરવાનું હતું. આજે આ કોલેજ BAF, BBA, B.Com અને ફાઈનાન્સ ક્ષેત્રમાં ખૂબ જાણીતી છે. NM કોલેજની વિશિષ્ટતા તેના શિસ્તબદ્ધ શૈક્ષણિક માળખામાં છે. આ કોલેજે છેલ્લા ઘણા વર્ષોમાં હાઈ રેન્કિંગ મેળવેલા CA અને બિઝનેસ પ્રોફેશનલ તૈયાર કર્યા છે. ખૂબ કઠિન સ્પર્ધાત્મક પ્રવેશ હોવા છતાં, વિદ્યાર્થીઓ આ કોલેજને વ્યવસ્થિત અભ્યાસ પ્રણાલીઓ અને પ્લેસમેન્ટ સપોર્ટ માટે પસંદ કરે છે.

**NMIMS University**



NMIMS University એ નરસિ મોનજી કોલેજમાંથી વિકસીને એક ડિમ્ડ યુનિવર્સિટી બની છે. NMIMS મેનેજમેન્ટ, એન્જિનિયરિંગ, ફાર્મસી, ડિઝાઈન અને ટેક્નોલોજીના અભ્યાસ માટે જાણીતું નામ છે. NMIMSની બિઝનેસ સ્કૂલ ભારતની ટોચની પ્રાઈવેટ એમબીએ સ્કૂલોમાંની એક છે, જે નેશનલ રિક્રુટર્સ અને ગ્લોબલ કોલબરેશન માટે લોકપ્રિય છે. આ કોલેજની ભવ્યતા તેના સ્ટ્રકચર પરથી જાણી શકાય છે. કોઈ ફાઈવસ્ટાર હોટેલમાં પહોંચ્યા હોય એવી લાગણી એકવાર તો થઈ જ આવે. વિદ્યાર્થીઓને કોર્પોરેટ વર્લ્ડ માટે તૈયાર કરતી અને જે તે ઈન્ડસ્ટ્રીનો સચોટ તાળો આપતી આ યુનિવર્સિટીમાંથી અનેક ઈન્ટરનેશનલ બિઝનેસ લીડર્સ પાસ આઉટ થયા છે.

**એચ.આર. કોલેજ ઑફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ**

એચ. આર. કોલેજ, મુંબઈની ટોચની કોમર્સ કોલેજો પૈકીની એક છે. કોલેજના અભ્યાસક્રમોમાં બી.કોમ, બી.એમ.એસ, બીએએફ અને ડિજિટલ એકાઉન્ટિંગનો અભ્યાસ સામેલ છે. એચ.આર. કોલેજનું લક્ષ્ય વિદ્યાર્થીઓમાં નેતૃત્વ અને વ્યવસાયિક કુશળતા



વિકસાવવાનું છે. કોલેજમાં ઈન્ડસ્ટ્રી ઈન્ટરેકશન, કોર્પોરેટ ઈવેન્ટ્સ અને ઈન્ટરનેશનલ એકસચેન્જ પ્રોગ્રામ્સ ઉપલબ્ધ છે.

એચ.આર. કોલેજના એલ્યુમનીમાં ઘણા સી.ઈ.ઓ., ફાઈનાન્સ મેનેજર અને ઉદ્યોગ સાહસિકો સામેલ છે. કોલેજનું પ્લેસમેન્ટ રેકોર્ડ પણ ઉત્તમ છે. વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ્સ, વર્કશોપ્સ અને સેમિનાર્સ દ્વારા અહીં પ્રાયોગિક અનુભવ મળે છે. સ્ટ્રિક્ટ એટેન્ડન્સ અને એકેડેમિક ગાઈડલાઈન્સ આ કોલેજની વિશિષ્ટતા છે.



**સિડેનહામ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ**

સિડેનહામ કોલેજની સ્થાપના ૧૯૧૩માં થઈ હતી. તે ભારતની સૌથી જૂની કોમર્સ કોલેજોમાંની એક છે. જેનો હેતુ વ્યાવસાયિક અને અર્થશાસ્ત્ર માટે ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ પૂરું પાડવાનો હતો. આજકાલ સિડેનહામ કોલેજ બી.કોમ, બી.એમ.એસ અને સી.એ./ફાઉન્ડેશન જેવા અભ્યાસક્રમો માટે જાણીતી છે.

કોલેજનું શૈક્ષણિક માળખું મજબૂત છે. જે વિદ્યાર્થીઓને વ્યાવસાયિક અને કોર્પોરેટ જગતમાં સફળ થવા માટે તૈયાર કરે છે. ઐતિહાસિક મહત્ત્વ હોવાની સાથે કોલેજે ઘણા વિખ્યાત વ્યવસાયિકો, સરકારી અધિકારીઓ અને ફાઈનાન્સ નિષ્ણાતો તૈયાર કર્યા છે. સ્ટુડન્ટ્સ કલ્ચર ઈવેન્ટ્સ, સેમિનાર્સ અને વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓમાં આ સંસ્થા વ્યાવસાયિક કુશળતા વિકસાવે છે.




**આર.એ. પોદ્દાર કોલેજ ઑફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ**

પોદ્દાર કોલેજ બી. કોમ, બીએએફ અને ફાઈનાન્સ પ્રોગ્રામ માટે જાણીતી છે. અન્ય કોલેજની જેમ આ કોલેજ પણ તેના ડિસિપ્લિન્ડ એકેડેમિક સ્ટ્રક્ચર તથા અનુભવી શિક્ષકોને લીધે પ્રસિદ્ધ છે. પોદ્દાર કોલેજના એલ્યુમનીમાં જાણીતા સીએ, ફાઈનાન્સ એક્ઝિક્યુટિવ્સ અને બિઝનેસ લીડર્સ છે. સ્ટ્રિક્ટ એટેન્ડન્સ, રેગ્યુલર એસેસમેન્ટ્સ અને વર્કશોપ્સ વિદ્યાર્થીઓને પ્રોફેશનલ વર્લ્ડ માટે તૈયાર કરે છે. આ કોલેજ કલ્ચરલ ઈવેન્ટ્સ, સેમિનાર્સ અને કોમ્પિટિશન્સ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે. પોદ્દાર કોલેજ મુંબઈમાં નામાંકિત ઈન્સ્ટિટ્યૂશન્સમાંની એક છે.




**MET Institute of Management**

MET ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા વિદ્યાર્થીને મોડર્ન બિઝનેસ એજ્યુકેશન માટે તૈયાર કરવામાં આવે છે. આ કોલેજ એડવર્ટાઈઝમેન્ટ, ડિજિટલ કોમ્યુનિકેશન, વ્યવસાય વ્યવસ્થાપન, એમબીએ અને મીડિયા અભ્યાસ માટે જાણીતી છે. આ સંસ્થા વિદ્યાર્થીઓને ઉદ્યોગ અનુભવ, ઈન્ટર્નશિપ, વર્કશોપ પ્રદાન કરે છે. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કોર્પોરેટ ક્ષેત્ર અને મીડિયા ઉદ્યોગમાં મહત્વપૂર્ણ પદો ધરાવે છે. કડક શૈક્ષણિક નિયમો સાથે નવીન શિક્ષણ પદ્ધતિ વિદ્યાર્થીઓને રોજગારયોગ્ય કૌશલ્ય આપે છે. એમ.ઈ.ટી. કેમ્પસમાં આધુનિક સુવિધાઓ, સુસજ્જ વર્ગખંડો અને સમૃદ્ધ લાઈબ્રેરી ઉપલબ્ધ છે, જે વિદ્યાર્થીઓ માટે અનુકૂળ શૈક્ષણિક વાતાવરણ સર્જે છે.



**ભાગ ૨-એન્જિનિયરિંગ, આર્ટ્સ, હ્યુમેનિટિઝ અને સ્પેશ્યલાઈઝડ ઈન્સ્ટિટ્યૂટ્સ એન્જિનિયરિંગ અને ટેકનોલોજી કોલેજો**

**ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, મુંબઈ (IIT) મુંબઈ**

IIT નામ સાંભળતા જ એક માનની લાગણી જન્મે. IIT મુંબઈની સ્થાપના ૧૯૫૮માં UNESCO અને ભારત સરકારની સહાયથી કરવામાં આવી હતી. તેનો મુખ્ય હેતુ એન્જિનિયરિંગ અને વિજ્ઞાન ક્ષેત્રે ઉચ્ચ કક્ષાનું શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહિત કરવાનું હતું. આજે, આ સંસ્થા વિશ્વવિખ્યાત સંસ્થા બની ગઈ છે. કોમ્પ્યુટર સાયન્સ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ, એરોનોટ્સ અને એન્ટ્રપ્રેન્યોરશિપ માટે જાણીતી છે. IIT મુંબઈમાં ટેકફેસ્ટ અને મૂડ ઈન્ડિગો જેવા મોટા પ્રોગ્રામો દર વર્ષે યોજાય છે, જેમાં આખા દેશના યુવાઓ ભાગ લે છે. કોલેજના એલ્યુમનીમાં અનેક ગ્લોબલ CEO, સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ અને ટેકનોલોજીના નિષ્ણાતો સામેલ છે. IIT મુંબઈ Institute of Eminence તરીકે ઓળખાય છે.

**વીરમાતા જીજાબાઈ ટેકનોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ (વીજેટીઆઈ), મુંબઈ**

વીજેટીઆઈની સ્થાપના ૧૮૮૭માં વિક્ટોરિયા જ્યુબિલી ટેકનિકલ



ઈન્સ્ટિટ્યૂટ તરીકે થઈ હતી. વીજેટીઆઈ મહારાષ્ટ્ર સહિત દેશના એન્જિનિયરિંગ શિક્ષણમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. આજે વીજેટીઆઈ મિકેનિકલ, સિવિલ એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રોનિક્સ, કોમ્પ્યુટર એન્જિનિયરિંગ તથા સંશોધન કાર્યક્રમો માટે જાણીતી છે. અહીં વિદ્યાર્થીઓને નવા-નવા સંશોધન અને ઉદ્યોગ સાથેના સહયોગો માટેનું પ્લેટફોર્મ પ્રદાન કરવામાં આવે છે. વીજેટીઆઈના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભારતીય ઉદ્યોગજગત અને સરકારી ક્ષેત્રોમાં પ્રભુત્વ ધરાવે છે. કડક શૈક્ષણિક શિસ્ત અને ઉત્તમ અભ્યાસક્રમ વીજેટીઆઈને ટોચની એન્જિનિયરિંગ સંસ્થા બનાવે છે.



**સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (એસપીઆઈટી)**

એસપીઆઈટીની સ્થાપના સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગમાંથી સ્વતંત્ર સંસ્થા તરીકે કરવામાં આવી હતી. કોલેજ કોમ્પ્યુટર એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રોનિક્સ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને રોબોટિક્સ માટે જાણીતી છે. એસપીઆઈટીનું મુખ્ય લક્ષ્ય સંશોધન, નવીનતા અને ટેક્નોલોજીના વિકાસ પર કેન્દ્રિત છે. અહીંના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં સક્રિય રીતે ભાગ લે છે. એસપીઆઈટીનો પ્લેસમેન્ટ રેકોર્ડ્સ પણ ઉત્તમ છે, અહીંથી પાસ થયેલા વિદ્યાર્થીઓ ટોચની આઈટી કંપનીઓ તથા મલ્ટિનેશનલ કંપનીઓમાં કામ કરે છે. કોલેજનું કેમ્પસ સુવિધાઓથી સજ્જ છે, આધુનિક લેબ છે, અને સ્ટુડન્ટ્સ ક્લબ્સ ખૂબ જ સક્રિય છે, જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહિત કરે છે.

**ભાગ ૩ - આર્ટ્સ, મીડિયા, સાયન્સ, હ્યુમેનિટિઝ અને કોમ્યુનિકેશન સ્ટડી કોલેજો**

**સેન્ટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈ**

સાઉથ મુંબઈની અતિ લોકપ્રિય કોલેજોમાંની એક એવી સેન્ટ ઝેવિયર્સ કોલેજની સ્થાપના ૧૮૬૯માં ક્રિશ્ચિયન સમાજ (જેસ્યુઈટ્સ) દ્વારા કરવામાં આવી



હતી. આ કોલેજનો મુખ્ય હેતુ ભારતીય યુવાનોને લિબરલ આર્ટ્સ અને વિજ્ઞાન ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાનો હતો. કોલેજમાં સોશિયલ સાયન્સ, લાઈફ સાયન્સ અને મીડિયા જેવા અનેક શૈક્ષણિક કાર્યક્રમો ઉપલબ્ધ છે. કોલેજનો મલ્હાર ફેસ્ટિવલ રાષ્ટ્રીય સ્તરે ખૂબ જાણીતો છે. મુકેશ અંબાણી, શબાના આઝમી અને વિદ્યા બાલન જેવી જાણીતી વ્યક્તિઓ આ કોલેજમાંથી પાસ આઉટ થઈ છે. તો વળી ઘણાં ફિલ્મોનું શૂટિંગ પણ આ કોલેજના કેમ્પસમાં કરવામાં આવ્યું છે. આ કોલેજે એનએએસી (નેક) A+ પ્રમાણપત્ર મેળવેલું છે.




**જય હિંદ કોલેજ**

જય હિંદ કોલેજની સ્થાપના ૧૯૪૮માં કરાચીના વિભાજન પછી અહીં આવેલા લોકો દ્વારા કરવામાં આવી હતી. કોલેજની સ્થાપનાનો મુખ્ય હેતુ વિભાજન બાદ વિદ્યાર્થીઓને નવી શૈક્ષણિક તક પ્રદાન કરવાનો હતો. આજે આ કોલેજ કલા, વિજ્ઞાન, વાણિજ્ય, માસ મીડિયા અને વોકેશનલ કોર્સ માટે જાણીતી છે. કોલેજના વિદ્યાર્થીઓ સંસ્કૃતિ અને મીડિયા પ્રોગ્રામમાં ખૂબ જ સક્રિય છે. અહીંના વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ રાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચે છે. શાહરુખ ખાન અને સુનીલ દત્ત જેવા જાણીતા બોલિવૂડ કલાકારો અહીં અભ્યાસ કરી ચૂક્યા છે. કોલેજનો અભ્યાસક્રમ સંસ્કૃતિ અને વ્યાવસાયિક વિકાસને સંતુલન આપે છે, જે વિદ્યાર્થીઓમાં સાહસિકતા, સર્જનાત્મકતા અને નેતૃત્વ કુશળતા વિકસાવવામાં મદદ કરે છે.



**મીઠીબાઈ કોલેજ**

મીઠીબાઈ કોલેજ એસ.વી.કે.એમ. ટ્રસ્ટ હેઠળ આવેલી છે. કોલેજના અભ્યાસક્રમોમાં બી.કોમ., બી.એ.એફ., બી.એમ.એસ. ઉપરાંત લાઈફ સાયન્સ, પબ્લિક સ્પીકિંગ અને મીડિયા અભ્યાસનો સમાવેશ થાય છે. મીઠીબાઈ કોલેજની ખાસિયત એ છે કે અહીં વિદ્યાર્થી માટે સંસ્કૃતિ અને શૈક્ષણિક શિસ્ત બંનેનું ઉત્તમ સંતુલન છે. ઘણી બોલિવૂડ અભિનેત્રીઓ અને અભિનેતાઓ જેમ કે કરીના કપૂર, રાણી મુખર્જી અને અજય દેવગન અહીં અભ્યાસ કરી ચૂક્યા છે. આ ઉપરાંત ગુજરાતી રંગમંચ સાથે જોડાયેલા ઘણાં કલાકારો પણ આ કોલેજના એલ્યુમની રહ્યા છે. મીઠીબાઈ કોલેજને ઓટોનોમસનો દરજ્જો મળ્યો છે. અહીં આધુનિક ટેક્નોલોજી, ડિજિટલ લર્નિંગ તથા આધુનિક વિજ્ઞાન લેબ્સ ઉપલબ્ધ છે. કડક હાજરીના નિયમોને લીધે આ કોલેજ મોટાભાગે ચર્ચામાં રહે છે. જોકે આર્ટ્સના સેક્ટરમાં આગળ આવવું હોય તો આ કોલેજ સારી એવી તક પૂરી પાડવામાં સક્ષમ છે.



**સોફિયા કોલેજ ફોર વુમન**

સોફિયા કોલેજ, સેક્રેડ હાર્ટ સંસ્થા દ્વારા સ્થાપિત મહિલા શિક્ષણ માટે પ્રસિદ્ધ છે. કોલેજનો મુખ્ય હેતુ મહિલાઓને શૈક્ષણિક તેમજ નેતૃત્વ ક્ષમતામાં મજબૂત બનાવવાનો છે. આ કોલેજ લિબરલ આર્ટ્સ, સાયન્સ, મનોવિજ્ઞાન તથા માસ મીડિયા માટે જાણીતી છે. અહીં શિસ્તબદ્ધ અભ્યાસ સાથે સર્જનાત્મક પ્રવૃત્તિઓનું સંતુલિત માળખું છે. ખ્યાતિપ્રાપ્ત અભિનેત્રીઓ, લેખકો અને જાહેર જીવનની હસ્તીઓએ આ

કોલેજમાં શિક્ષણ લીધું છે. કોલેજને એનએએસી (નેક) પ્રમાણપત્ર મળેલ છે, જે તેની ઉચ્ચ શિક્ષણ ગુણવત્તાનો પુરાવો છે. સોફિયા કોલેજની વિદ્યાર્થીનીઓને નારીશક્તિ, સ્વતંત્ર વિચારો અને વ્યાવસાયિક તક માટે યોગ્ય માર્ગદર્શન મળે છે.



**એલ્ફિન્સ્ટન કોલેજ**

એલ્ફિન્સ્ટન કોલેજની સ્થાપના ૧૮૫૬માં થઈ હતી અને તે મુંબઈની સૌથી જૂની કોલેજોમાંની એક છે. કોલેજની સ્થાપના અંગ્રેજી શિક્ષણ માટે કરવામાં આવી હતી. આ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં ડૉ. બી.આર. આંબેડકર જેવા મહાન નેતાઓનો સમાવેશ થાય છે. એલ્ફિન્સ્ટન કોલેજ તેની ઐતિહાસિક ઈમારત અને ઈન્ડો-ગોથિક સ્થાપત્યકલા માટે જાણીતી છે. અહીં કલા, વિજ્ઞાન અને કોમર્સના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે, જે વિદ્યાર્થીઓને સંતુલિત શિક્ષણ આપે છે. ભલે ઈન્ફ્રાસ્ટ્રક્ચર થોડું જૂનું હોય, છતાં કોલેજની શૈક્ષણિક પ્રતિષ્ઠા અને ઐતિહાસિક મહત્ત્વ ખૂબ ઊંચું છે. સાંસ્કૃતિક કાર્યક્રમો, સેમિનારો અને વર્કશોપ્સ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર અહીં ભાર મૂકવામાં આવે છે.

**સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટ**

સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટની સ્થાપના ૧૮૫૭માં થઈ હતી. એશિયાની આ સૌથી જૂની ફાઈન આર્ટ્સ અને ડિઝાઈન શાળાઓમાંની એક છે. આ કોલેજ બોમ્બે આર્ટ મૂવમેન્ટ માટે ખૂબ મહત્વપૂર્ણ રહી છે. આજે પણ આ કોલેજ સમકાલીન ભારતીય કલા, મૂર્તિકલા અને આર્કિટેક્ચર ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. અહીંના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ કલાકારો, સ્થાપત્યવિદો અને ડિઝાઈનરો તરીકે જાણીતા છે. વિદ્યાર્થીઓને ડ્રોઈંગ, પેઈન્ટિંગ, મૂર્તિકલા અને ડિઝાઈન પ્રોજેક્ટ્સ દ્વારા સક્રિય શીખવાની તક મળે



છે. કડક શૈક્ષણિક નિયમો અને સર્જનાત્મક સ્વતંત્રતા વચ્ચેનું ઉત્તમ સંતુલન અહીં વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કલાકાર બનવામાં સહાય કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો કલાપ્રેમીઓ માટે આ કોલેજ બેસ્ટ કોલેજ છે.




**રામનારાયણ રૂઈયા કોલેજ**

રૂઈયા કોલેજની સ્થાપના ૧૯૩૭માં કરવામાં આવી હતી. આ કોલેજ વિજ્ઞાન અને કલા ક્ષેત્રે શ્રેષ્ઠ શિક્ષણ માટે જાણીતી છે. રૂઈયા કોલેજમાં કડક શિક્ષણ પદ્ધતિ, મેરિટ આધારિત પ્રવેશ તથા સંશોધન માટે અનેક અવસર ઉપલબ્ધ છે. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં જાણીતા લેખકો, સંશોધકો અને સરકારી અધિકારીઓનો સમાવેશ થાય છે. રૂઈયા કોલેજને અનેક ઐતિહાસિક અને શૈક્ષણિક પુરસ્કારો મળ્યા છે. અહીં વિદ્યાર્થીઓ માટે વૈજ્ઞાનિક પ્રોજેક્ટ્સ અને પ્રદર્શનો માટે સક્રિય પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવાય છે.

**ભાગ ૪ - રિસર્ચ, મેડિકલ અને મલ્ટિડિસિપ્લિનરી યુનિવર્સિટીઝ**

**મુંબઈ યુનિવર્સિટી**

મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના ૧૮૫૭માં કરવામાં આવી હતી. તે ભારતની સૌથી જૂની યુનિવર્સિટીઓમાંની એક છે. શરૂઆતમાં યુનિવર્સિટીનો હેતુ પરીક્ષાઓ અને આધુનિક શિક્ષણ માટે માળખું તૈયાર કરવાનો હતો. આજે, આ યુનિવર્સિટી રાજ્યભરમાં અનેક વિદ્યાર્થીઓ માટે શિક્ષણનું કેન્દ્ર બની રહી છે. આ






યુનિવર્સિટીનું ઐતિહાસિક મહત્વ પણ ઊંચું છે, કારણ કે લોકમાન્ય તિલક અને ડૉ. બાબસાહેબ આંબેડકર જેવા નેતાઓએ અહીં અભ્યાસ કર્યો છે. ફોર્ટ કેમ્પસ સહિત મુંબઈની ઓળખ સમી રાજાબાઈ ટાવર આ યુનિવર્સિટીનો જ એક ભાગ છે જે આજે વર્ષો પછી પણ સક્રિય છે.

**ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સીસ (TISS)**

ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સીસ (TISS) મુંબઈમાં આવેલ એક મલ્ટી-કેમ્પસ જાહેર યુનિવર્સિટી છે જેની સ્થાપના ૧૯૩૬માં કરવામાં આવી હતી અને તે એશિયાની સૌથી જૂની પ્રોફેશનલ સોશિયલ વર્ક કરતી શૈક્ષણિક સંસ્થા છે. TISSના શૈક્ષણિક પ્રોગ્રામો મુખ્યત્વે સામાજિક વિજ્ઞાન પર કેન્દ્રિત છે. અહીં હેબિટેટ સ્ટડીઝ, મેનેજમેન્ટ અને લેબર સ્ટડીઝ, ડિઝાસ્ટર સ્ટડીઝ, ડેવલપમેન્ટ સ્ટડીઝ, એજ્યુકેશન, જેન્ડર સ્ટડીઝ, હેલ્થ સ્ટડીઝ, કાયદો, મીડિયા, કલ્ચરલ સ્ટડીઝ, ગ્રામ્ય વિકાસ અને સોશિયલ વર્ક જેવા વિષયોમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ અને ડૉક્ટરેટ ડિગ્રી આપવામાં આવે છે. સ્થાપનાથી જ, TISSનું ધ્યાન ફિલ્ડ એક્શન પર રહ્યું છે. TISSની કેટલીક પહેલો ભારતની નીતિને ઘડવા માટે મહત્વપૂર્ણ રહી છે, જેમ કે ભારતના શ્રમ કલ્યાણ કાયદા.

**મેડિકલ કોલેજ**

**ગ્રાન્ટ મેડિકલ કોલેજ અને સર J.J. હોસ્પિટલ**




ગ્રાન્ટ મેડિકલ કોલેજની સ્થાપના ૧૮૪૫માં થઈ હતી અને તે એશિયામાંની સૌથી જૂની મેડિકલ કોલેજોમાંની એક છે. આ કોલેજનો હેતુ કોલોનિયલ સમયમાં ડોક્ટરો તૈયાર કરવાનો હતો. સર જે.જે. હોસ્પિટલ સાથે સંકળાયેલી આ કોલેજ આજે મહત્વપૂર્ણ શૈક્ષણિક અને ક્લિનિકલ તાલીમ આપે છે. અહીં વિદ્યાર્થીઓને પ્રાયોગિક અનુભવ મળે છે, જે તેમના મેડિકલ જ્ઞાનને સમૃદ્ધ બનાવે છે. ગ્રાન્ટ મેડિકલ કોલેજની શૈક્ષણિક પ્રતિષ્ઠા મજબૂત છે. અહીંના ડોક્ટરોનું સાર્વજનિક આરોગ્ય ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન રહ્યું છે.

**કે.જે. સોમૈયા કોલેજ અને સોમૈયા વિદ્યાવિહાર યુનિવર્સિટી**

કે.જે. સોમૈયા કોલેજની સ્થાપના ઉદ્યોગપતિ કે.જે. સોમૈયા દ્વારા કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને મૂલ્ય આધારિત ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાનો હતો. શરૂઆતમાં આ એક કોલેજ હતી, પરંતુ હવે સમગ્ર સોમૈયા વિદ્યાવિહાર યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, આર્ટ્સ, એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટ જેવા વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

કોલેજમાં સુંદર અને સ્વચ્છ કેમ્પસ છે, જે હિસ્ટોરિક લર્નિંગ માટે પ્રેરણાદાયક માહોલ પ્રદાન કરે છે. વિદ્યાર્થીઓ સ્પોર્ટ્સ, સંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ક્લબ્સ અને ઈન્ટરડિસિપ્લિનરી અભ્યાસમાં ભાગ લે છે. સોમૈયા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંશોધન અને ઉદ્યોગ સાથે જોડાણ માટે સારી તક મળે છે. આ કોલેજ ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષણ, આધુનિક લેબ્સ અને વર્લ્ડ ક્લાસ ટેક્નોલોજી માટે જાણીતી છે.

ટૂંકમાં એટલું તો જરૂર કહી શકાય કે માયાનગરીમાં જેવું ઈચ્છો એવું શિક્ષણ મળી શકે છે. આ ટોચની કોલેજો ભવિષ્યમાં ભારતના શિક્ષણ, સંસ્કૃતિ અને આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે એ વાત ચોક્કસ છે. વિદ્યાર્થીઓ માટે મુંબઈમાં લગભગ દરેક ક્ષેત્ર માટે ઉત્તમ પસંદગીઓ ઉપલબ્ધ છે.





# Choose Your Own Style

Designer Suits • Sherwanis • Indo Western • Waist Coat
Kurta Payjama • Shirts & Trousers • T-Shirts & Jeans

**R.K**
**Garments. Cloth. Tailor**

**Only at Satellite**

**Address:** 8, Ground Floor, Shital Varsha, Shivranjani Crossroads, Satellite, Ahmedabad. (Guj) India. **Ph: 079 – 26750153 / 54**

For Corporate, Festival & Special Occasion Gifting Inquiry, Please **Call: +91 90999 85031**

E-mail: rk@rkgarments.com | Website: www.rkgarments.com



# મંત્રમુગ્ધ કરી દેતા મુંબઈ નજીકના આ હિલ સ્ટેશનો

■ મુકેશ પારેખ

મુંબઈ શહેર ભલે દરિયાથી ઘેરાયેલું શહેર છે પરંતુ તેની આજુબાજુના વિસ્તારમાં ઘણા રમ્ય પર્વતીય સ્થળો એટલે કે હિલ સ્ટેશનો આવેલાં છે. તો ચાલો આપણે માણીએ અલગ-અલગ જગ્યાનો અલગ-અલગ આનંદ અને અનુભવીએ આ સ્થળોના સૌંદર્યને.

**લોનાવાલાઃ-**

લોનાવાલા શહેર સૌથી સુંદર રીટ્રીટમાંનું એક છે, જે તમને મહાનગરોની ભીડથી દૂર લઈ જાય છે. તે ભારતના પશ્ચિમ ભાગમાં મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં સ્થિત છે. આ હિલ સ્ટેશન મુંબઈ મહાનગરથી ૯૬ કિલોમીટર પૂર્વમાં અને પૂણે શહેરથી ૬૪ કિલોમીટર પશ્ચિમમાં આવેલું છે.

આ શહેરને 'ગુફાઓનું શહેર' તથા 'સહ્યાદ્રીનું રત્ન' કહેવામાં આવે છે. કારણ કે આ હિલ સ્ટેશનમાં લીલીછમ ખીણો, અદ્‌ભૂત ગુફાઓ, શાંત તળાવો અને સુંદર ધોધનો સમાવેશ થાય છે. લોનાવાલામાં ખડકથી કોતરેલી ભાજા અને કારલા ગુફાઓ તથા જૂના શિલાલેખો પ્રવાસીઓને આકર્ષે છે.

લોનાવાલાની આસપાસના પ્રદેશોમાં કુને ધોધ, ભીવપુરી, ભગીરથ અને જુમ્માપટ્ટી ધોધનો સમાવેશ થાય છે. પવના તળાવ પર કેમ્પિંગ, ટિકોના કિલ્લા પર હાઈકિંગ તથા ટ્રેકિંગ પણ કરી શકાય છે. રાજમાચી કિલ્લો અને વેટ એન્ડ જોય વોટર સ્લાઈડ્સ પર સવારીનો આનંદ માણવા જેવો છે.

લોનાવાલામાં ઉષ્ણકટિબંધીય વાતાવરણ છે પરંતુ હવામાન હંમેશાં દરિયાઈ વાતાવરણ જેવું રહે છે. જોકે, શિયાળો અને ચોમાસાની ઋતુમાં લોનાવાલાના આ અદ્‌ભૂત સ્થળો એકદમ જીવંત થઈ જાય છે.




તમારી બેગ પેક કરો અને અહીં આવો, કારણ કે લોનાવાલામાં શાંત સમયથી લઈને સાહસ સુધી દરેક માટે કંઈક ને કંઈક છે.

**ખંડાલાઃ-**

ખંડાલા મહારાષ્ટ્રના પશ્ચિમ ઘાટ પર્વતમાળા પર સ્થિત એક હિલ સ્ટેશન છે. તે લોનાવાલાથી લગભગ ૩ કિમી, ખોપોલીથી ૧૨ કિમી અને કર્જત પ્રદેશથી લગભગ ૩૩.૪ કિમી દૂર આવેલું છે. ભોર ઘાટની ટોચ પર સ્થિત આ સ્થળ મહારાષ્ટ્રના મુખ્ય શહેરો મુંબઈ અને પૂણે વચ્ચેની મુખ્ય કડી છે.

ખંડાલા એક સુંદર સ્થળ છે. અહીં પ્રકૃતિની આકર્ષક સુંદરતાનો વૈભવ છે. લીલાછમ જંગલોનું આવરણ, ધુમ્મસવાળી ખીણો અને ઢોળાવવાળા ધોધથી ઘેરાયેલું હોવાથી આ સ્થળ વિવિધ ભાગોના પ્રવાસીઓ માટે સપ્તાહના અંતે રજાઓ ગાળવા તેમજ સાહસિક સ્થળ તરીકે પ્રસિદ્ધ છે. ખંડાલા મુખ્યત્વે પશ્ચિમ ઘાટમાં સહ્યાદ્રી પર્વતમાળાઓના મનોહર દૃશ્યો તથા હાઈકિંગ ટૂર માટે પણ પ્રખ્યાત છે.

અહીં તમે રાજમાચી પોઈન્ટ, સનસેટ પોઈન્ટ, તામ્હિની ઘાટ પર્વતમાળા તથા લોહાગઢની પણ મુલાકાત લઈ શકો છો અહીંનું ભૂશી તળાવ તેના શાંતિપૂર્ણ વાતાવરણ માટે જાણીતું છે.

ખંડાલા સાહસ પ્રેમીઓ માટે એક સ્વપ્ન સ્થળ પણ છે. તમે વાઘની છલાંગના શિખર પર ટ્રેકિંગ કરી શકો છો અને સૂર્યોદય




અને સૂર્યાસ્તનો નજારો જોઈ શકો છો. રાજમાચી કિલ્લાની ટોચ પર ટ્રેકિંગ કરી શકો છો અને મનોહર કુદરતી સૌંદર્ય જોઈ શકો છો, રિવર્સિંગ સ્ટેશન પર મંત્રમુગ્ધ વાતાવરણનો આનંદ માણી શકો છો. સુંદર સહ્યાદ્રી પર્વતમાળાઓ જોવા માટે શ્રીવર્ધન કિલ્લા સુધી ટ્રેકિંગ પણ કરી શકો છો.

ખંડાલા સમુદ્ર સપાટીથી લગભગ ૫૭૧ મીટર ઊંચાઈ પર આવેલું હોવાથી, અહીંની આબોહવા ઉષ્ણકટિબંધીય રહે છે. અહીં મોટાભાગના મહિનામાં નોંધપાત્ર વરસાદ પડે છે. અહીંનું સરેરાશ તાપમાન ૨૪.૩ ડિગ્રી સેલ્સિયસ રહે છે. અહીં વાર્ષિક વરસાદ ૪૫૪૧ મિમી નોંધાય છે.

**ઈગતપુરી:-**

પશ્ચિમ ઘાટની ગોદમાં વસેલું, ઈગતપુરી મહારાષ્ટ્ર રાજ્યનું એક નાનું હિલ સ્ટેશન છે. ઈગતપુરી સહ્યાદ્રી ઊંચી પર્વતમાળાઓથી ઘેરાયેલું છે, જે ટ્રેકર્સ અને પ્રકૃતિ પ્રેમીઓ માટે સ્વર્ગથી કમ નથી. આ નાનું શહેર પૂણે શહેરની આસપાસના એક લોકપ્રિય વીકેન્ડ સ્થળ તરીકે પ્રસિદ્ધ છે.

અસંખ્ય નાની ટેકરીઓ, સ્વચ્છ પાણીના પ્રવાહો અને ગર્જના કરતા ધોધ સાથે, ઈગતપુરીની સુંદરતા અજોડ છે. પ્રાચીન કિલ્લાના ખંડેર અને ઐતિહાસિક મંદિરો આ શહેરના આકર્ષણમાં વધારો કરે છે. ઈગતપુરીમાં જોવાલાયક સ્થળો ઘણાં છે. જ્યારે ઈતિહાસના પ્રેમીઓ માટે ત્રિંગલવાડી અને અવંધાના પ્રાચીન કિલ્લાઓ તથા પ્રકૃતિ પ્રેમીઓ માટે કલસુબાઈ હરિશચંદ્રગઢ વન્યજીવ અભયારણ્ય અને વિહિગાંવ ધોધ આદર્શ જગ્યા છે. આ નાનું શહેર વિશ્વના સૌથી મોટા ધ્યાન કેન્દ્ર, વિપશ્યના એકેડેમીના ઘર તરીકે પણ ખૂબ જાણીતું છે.







અહીં સાહસિક રમતના વિકલ્પો ઘણા છે. વૈતરણાના રેપિડમાં રિવર રાફ્ટિંગથી લઈને ખુલ્લા તારાઓ નીચે કેમ્પિંગ કરવા સુધી, ઈગતપુરીમાં બધું જ છે. આ વિસ્તાર ટ્રેકિંગ અને હાઈકિંગના શોખીનો માટે ખાસ છે, તેના ઢોળાવ અને ધોધ રમતો માટે એક આદર્શ સ્થાન પ્રદાન કરે છે. ઊંચાઈ પર સ્થિત હોવાથી, ઈગતપુરીમાં આખા વર્ષ દરમિયાન આહલાદક હવામાન રહે છે. તાપમાન સામાન્ય રીતે ઠંડુ રહે છે. નવેમ્બરથી માર્ચ સુધી સૂકી ઋતુ હોય છે પરંતુ ચોમાસામાં નોંધપાત્ર વરસાદ પડે છે.

**માથેરાન:-**

પશ્ચિમ ઘાટમાં આવેલું નાનું હિલ સ્ટેશન માથેરાનનો અર્થ થાય છે 'કપાળ પર જંગલ'. આ એક લીલોછમ વિસ્તાર છે જે એશિયાનું એકમાત્ર ઓટોમોબાઈલ મુક્ત હિલ સ્ટેશન છે. અહીં તમે પ્રકૃતિના શાંત અને તાજગીભર્યા વાતાવરણમાં ડૂબકી લગાવો છો.

લાલ માટીવાળા રસ્તાઓ, પેનોરમા પોઈન્ટ, લુઈસા પોઈન્ટના મનોહર દૃશ્યો, સહ્યાદ્રી પર્વતમાળા તથા ઊંડી ખીણોના મનોહર દૃશ્યો સૌને મંત્રમુગ્ધ કરે છે. પગપાળા અથવા ઘોડા પર આ હિલ સ્ટેશનમાં ફરી શકો છો.

અહીં એક અનોખો અનુભવ એ છે કે મુસાફરી માટે રમકડાની ટ્રેન ચલાવવી, સ્ટેશન નજીકના બજારમાં સ્થાનિક હસ્તકલાની વસ્તુઓની ખરીદી કરવી જે આ સ્થળને આગવી ઓળખ અપાવે છે.

**મહાબળેશ્વર:-**

પશ્ચિમી ઘાટમાં વસેલા, મહાબળેશ્વરના પર્યટન સ્થળો તેમની કુદરતી ભવ્યતાથી પ્રવાસીઓને મોહિત કરે છે. મહાબળેશ્વર તેની નદીઓ, ભવ્ય કાસ્કેડ અને શિખરો માટે જાણીતું છે. આ શહેરમાં પ્રાચીન મંદિરો, બોર્ડિંગ સ્કૂલો, લીલાછમ ગાઢ જંગલો, ધોધ, ટેકરીઓ તથા ખીણોનો સમાવેશ થાય છે. એક સમયે બ્રિટિશ રાજ




દરમિયાન બોમ્બેની આ ઉનાળાની રાજધાની હતી. આ શહેરના સ્થાપત્યમાં બ્રિટિશ પ્રભાવ દેખાય છે.

પૂણેથી લગભગ ૧૨૦ કિલોમીટર દક્ષિણ પશ્ચિમમાં અને મુંબઈથી ૨૮૫ કિલોમીટર દૂર સ્થિત મહાબળેશ્વર ૧૫૦ કિ.મી. વિસ્તાર ધરાવતો ઉચ્ચપ્રદેશ છે, જે ચારે બાજુ ખીણોથી ઘેરાયેલો છે. પશ્ચિમ ઘાટમાં આવેલું આ હિલ સ્ટેશન કૃષ્ણા નદીનું ઉદ્‌ગમ સ્થાન છે. જે મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાંથી વહે છે. મનમોહક સુંદરતા અને સ્ટ્રોબેરી માટે જાણીતું મહાબળેશ્વર ઝિગઝેગ રસ્તાઓ, શાંત પવન, ટેકરીઓ અને ખીણોના અદ્‌ભૂત દૃશ્યો સાથે અસંખ્ય મોહક સ્થળો ધરાવે છે. ગણગણાટ કરતા જળમાર્ગો, સદાબહાર લાકડાના મેદાનો, મનમોહક ઢોળાવ અને પર્વતોથી ઘેરાયેલા આ સ્થળ તમને પ્રાકૃતિક શ્રેષ્ઠતાની નજીક લઈ જશે.

**પંચગની:-**

પાંચ ભવ્ય ટેકરીઓ પરથી નામ ધરાવતું પંચગની મહારાષ્ટ્રનું એક પ્રખ્યાત હિલ સ્ટેશન છે. સમુદ્ર સપાટીથી લગભગ ૧,૩૩૪ મીટરની ઊંચાઈ પર સ્થિત, આ ટેકરી નગર ઉંચા પર્વતો, શાંત ખીણો, ઢોળાવવાળા ધોધ તેમજ ગાઢ જંગલોથી સભર છે.

સહ્યાદ્રિ પર્વતોથી ઘેરાયેલું, આ શહેર ભૂતકાળમાં બ્રિટિશ અધિકારીઓ માટે ઉનાળામાં હવાખાવાના સ્થળ તરીકે ફેવરિટ હતું. શાંતિ, રોમાંસ અને સાહસ શોધતા પ્રવાસીઓ પંચગનીની મુલાકાત લે છે. સિડની પોઈન્ટ, ટેબલ લેન્ડ, રાજપુરી ગુફાઓ અને ધોમ ડેમ જેવા સ્થાનિક સ્થળો અહીંના મુખ્ય આકર્ષણો છે.

શિવાજી સર્કલ પર ખરીદી કરવાથી લઈને વાઈમાં પ્રકૃતિનો આનંદ માણી કમલગઢ કિલ્લો જોઈ વેન્ના તળાવ પર બોટિંગ કરવા સુધી, આ સ્થળ તમને એક્શનથી ભરપૂર રજાઓનો અનુભવ કરાવવા માટે સક્ષમ છે. સાહસિક પ્રવૃત્તિઓના શોખીન લોકોને પેરાગ્લાઈડિંગ, રોક ક્લાઈમ્બિંગ, ટ્રેકિંગ, સ્પીડ બોટિંગ અને ઘોડેસવારી સહિત વિવિધ રમતોનો ભરપૂર આનંદ આપી શકે છે.

આ શહેરમાં ઉચ્ચ-સ્તરીય રહેઠાણ સુવિધાઓની ઉપલબ્ધતા છે. પંચગનીમાં યોગ્ય બજેટ-ફ્રેંડલી તેમજ લક્ઝરી રિસોર્ટ્સ અને હોટલોની ભરમાર છે. આ હોટલો આધુનિક સુવિધાઓથી સજ્જ હોય છે. રોમાંચક આઉટડોર પ્રવૃત્તિઓ સહિતની સુવિધાઓ પ્રદાન કરે છે.








**માલશેજ ઘાટ:-**

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં પશ્ચિમ ઘાટની મનમોહક ટેકરીઓ વચ્ચે આવેલું, માલશેજ ઘાટ મુંબઈ નજીકના મનોહર હિલ સ્ટેશનોમાંનું એક છે.

મનમોહક દૃશ્યો, વિદેશી વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની અસંખ્ય શ્રેણી માટે જાણીતું છે. સાઈબિરીયાથી આવતા પક્ષીઓના પ્રિય સ્થળોમાંનું આ એક છે. જો તમે જુલાઈ અને સપ્ટેમ્બર મહિનામાં માલશેજ ઘાટની મુલાકાત લેવાનું આયોજન કરી રહ્યા છો, તો તમે ગુલાબી પગવાળા ફ્લેમિંગોના આનંદી નૃત્યના સાક્ષી બની શકો છો.




**ચિકલધારા:-**

આ પ્રદેશમાં એકમાત્ર કોફી ઉગાડતો વિસ્તાર ચિકલધારા કોફીની સુગંધથી તમને હિલ સ્ટેશનમાં પ્રવેશતાની સાથે જ મંત્રમુગ્ધ કરી દે છે. અહીંના સુંદર તળાવો, મનોહર દૃશ્યો અને વન્યજીવોને જોવાનો આનંદ અનેરો હોય છે. આ મુંબઈ નજીકના શ્રેષ્ઠ હિલ સ્ટેશનોમાંનું એક છે.

આ સ્થળ વેકેશન ગાળવા માટેનું એક આદર્શ સ્થળ છે. ચિકલધારા વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિથી ભરપૂર છે.

અહીં સૌથી નજીકનું એરપોર્ટ નાગપુર છે અને નજીકનું રેલવે સ્ટેશન અમરાવતી છે. મુંબઈથી નિયમિત બસ સુવિધા ઉપલબ્ધ છે. અહીં રહેવાનો શ્રેષ્ઠ સમય જુલાઈથી સપ્ટેમ્બર અને ઓક્ટોબરથી ફેબ્રુઆરી સુધીનો હોય છે.







જાદુનું પ્રદર્શન કરતું સતારા ઐતિહાસિક ખંડેરોથી ભરેલું છે. સહ્યાદ્રિ પર્વતમાળા પર સ્થિત સતારા શહેર પર્વતોના સૌથી સુંદર દૃશ્યો, વિવિધ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિનું ઘર છે. સતારા યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ બન્યું છે. વહેતા ધોધના દૃશ્યો હોય કે તળાવોના શુદ્ધ દૃશ્યો આ નાનું શહેર સુંદર લેન્ડસ્કેપ્સ ધરાવે છે.

સતારામાં મુલાકાત લેવા માટે ઘણા સુંદર અને સાહસિક સ્થળો છે. પવિત્ર નટરાજ મંદિર, રાજપુરી ગુફા અને સતારા કિલ્લો જેવા સ્થળો પ્રાચીન કલા કારીગરીનો સમૃદ્ધ વારસો ધરાવે છે. માયાણી પક્ષી અભયારણ્યમાં ફ્લેમિંગો જોવાના હોય કે નાત્સ્કીસ ઓબ્ઝર્વેટરીમાંથી ગ્રહોનું દર્શન કરવાનું હોય, સતારામાં માણી શકાય તેવી મનોરંજક પ્રવૃત્તિઓનો સમૂહ છે. સતારામાં હજારો પ્રવાસીઓને આકર્ષિત કરતી સૌથી પ્રખ્યાત પ્રવૃત્તિ કાસ પ્લેટુ સુધી ટ્રેકિંગ છે, જેને 'ફૂલોની ખીણ' તરીકે પણ ઓળખવામાં આવે છે. સમુદ્ર સપાટીથી માત્ર ૭૧૦ મીટરની ઊંચાઈ આવેલ સતારામાં ઉષ્ણકટિબંધીય આબોહવા છે. અહીં ઉનાળો તમને ગરમી અને ચોમાસું વરસાદથી ભરપૂર કરશે, શિયાળો ફક્ત એક મહિના સુધી રહેશે. અહીંની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય ચોમાસા પછીનો છે. સતારાનું સરેરાશ તાપમાન ૨૪ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે છે.

લવાસા:-

પૂણેથી લગભગ ૬૫ કિમી દૂર આવેલું, સુંદર રીતે આયોજિત લવાસા શહેર ભવ્ય પશ્ચિમી ઘાટથી ઘેરાયેલું છે. આ શહેર મુલશી ખીણમાં બનેલું છે અને ૨૫,૦૦૦ એકરમાં ફેલાયેલું છે. ટેકરીઓ, ખીણો અને તળાવોના મંત્રમુગ્ધ કરનારા સૌન્દર્ય ધરાવતા આ શહેરે પ્રવાસીઓમાં ખૂબ જ લોકપ્રિયતા મેળવી છે.

અહીંનું પ્રકૃતિની સુંદરતા સાથે જોડાયેલું શાંત વાતાવરણ રોજિંદા જીવનના તણાવમાંથી મુક્ત બનાવી અલૌકિક આનંદ આપે છે. લવાસા અસંખ્ય આકર્ષણ સ્થળો ધરાવે છે. જો તમે સાહસના શોખીન છો તો Xthrill Adventure Academy, Vortex Splash Pad વગેરેની મુલાકાત લઈ શકો છો.

લવાસામાં તમે ઘણી બધી પ્રવૃત્તિઓનો આનંદ માણી શકો છો. તમે રેપલિંગ, હાઈકિંગ, કેમ્પિંગ, રાફટિંગ, બાઈકિંગ વગેરેનો આનંદ ઉઠાવી શકો છો. જો તમે ખાવાના શોખીન છો, તો લવાસા ચોક્કસપણે તમને નિરાશ નહીં કરે. અહીં, તમને વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક વાનગીઓ મળશે. સમુદ્ર સપાટીથી લગભગ ૩૦૦૦ ચોરસ ફૂટની ઊંચાઈએ આવેલ લવાસાનું હવામાન આખું વર્ષ આહલાદક રહે છે પરંતુ મુલાકાત માટેનો શ્રેષ્ઠ સમય સપ્ટેમ્બરથી માર્ચ મહિના વચ્ચેનો હોય છે.

કર્જત:-

રાયગઢના પર્વતીય અને મનોહર જિલ્લામાં સ્થિત, કર્જત એક શહેર છે. આ શહેર મુંબઈના મેટ્રો શહેરનો એક ભાગ પણ છે જેને પ્રવાસીઓ સૌથી વધુ પસંદ કરે છે. કારણ કે કંટાળાને દૂર કરવા માટે આ શહેરમાં ઘણું બધું છે. કર્જતનો ડુંગરાળ પ્રદેશ, આકર્ષક મંદિરો, સ્મારકો, લીલીછમ સેરાફિક ખીણો અને ઉત્કૃષ્ટ ગુફાઓથી ભરેલો છે.

આ નાનું હિલ સ્ટેશન મુંબઈથી ૬૨ કિલોમીટર દૂર છે. તેના મનોહર લેન્ડસ્કેપ્સ તેમજ કુદરતી સુંદરતા માટે તે લોકપ્રિય છે. કર્જત શહેરમાં, તમારે કોંડેશ્વરના સુંદર શિલ્પવાળા મંદિરની સાથે સાહસિક ટ્રેકિંગ તથા પ્રાચીન કોંડણા ગુફાઓની મુલાકાત લેવી જ જોઈએ.

ભીવપુરી ધોધ નીચે સ્નાન કરો અને ચાંગેવાડી ધોધના અદ્ભૂત દૃશ્યને જોવા માટે સોંડાઈ કિલ્લા સુધી ટ્રેક કરો. ઉલ્હાસની સુંદર ખીણને ચૂકશો નહીં જે કુદરતની અજાયબીઓથી ભરપૂર છે. કર્જત શહેરની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય ચોમાસા દરમિયાન છે કારણ કે આ સ્થળ ધુમ્મસવાળા વાતાવરણ અને અસંખ્ય ધોધના કારણે અત્યંત આહલાદક લાગે છે.

સતારા:-

કૃષ્ણા અને વેન્ના નદીઓના સંગમ નજીકનું સતારા શહેર સોળમી સદીમાં સ્થાપિત થયું હતું. મહારાષ્ટ્રનો એક ભાગ હોવાથી, આ શહેર એક સમયે મરાઠા સામ્રાજ્યના છત્રપતિનું સ્થાન હતું. પ્રકૃતિના



**ભંડારદરા:-**

સહ્યાદ્રી પર્વતમાળાઓ વચ્ચે સુંદર રીતે વસેલું, ભંડારદરા પ્રકૃતિ પ્રેમીઓ માટે એક અદ્દભૂત હિલ સ્ટેશન છે. તેના લીલાછમ કુદરતી દૃશ્યો માટે તેણે સહ્યાદ્રી પર્વતમાળાઓની રાણી કહેવામાં આવે છે. ભંડારદરાનો શાબ્દિક અર્થ ખજાનાની ખીણ થાય છે. અહમદનગર જિલ્લામાં આવેલ આ સ્થળ પ્રકૃતિના સૌંદર્ય શોખીનો માટે ઘણા-બધાં કુદરતી આકર્ષણો ધરાવે છે.

અહીં વિલ્સન ડેમ, અમ્બ્રેલા ફોલ્સ અને આર્થર લેક જેવા ફરવાલાયક સ્થળો છે. આ જગ્યા ઈતિહાસ પ્રેમીઓ માટે પણ આનંદદાયક છે કારણ કે અહીં રતનગઢ અને હરિશચંદ્રગઢ જેવા કિલ્લાઓ આવેલા છે. ભંડારદરાનું બીજું એક પ્રવાસન આકર્ષણ માઉન્ટ કલસુબાઈ છે જેને મહારાષ્ટ્રનું સૌથી ઊંચું શિખર પણ માનવામાં આવે છે. ભંડારદારામાં વિવિધ રિસોર્ટ્સ પણ છે જ્યાં તમે મનોહર દૃશ્યોનો આનંદ માણી શકો છો.

**જવાહર:-**

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં સ્થિત એક નાના હિલ સ્ટેશન જવાહરની પૃષ્ઠભૂમિમાં ખડકાળ પર્વત છે જેની પાછળ વહેતા ધોધ અને લીલાછમ વૃક્ષો છે. તે વિપુલ પ્રમાણમાં પ્રકૃતિની સુંદરતાથી ભરેલું સ્થળ છે.

આ સ્થળ પ્રકૃતિ પ્રેમીઓ માટે એકદમ મનમોહક છે પરંતુ કમનસીબે, રહેવાની વાત આવે ત્યારે ખૂબ જ ઓછા વિકલ્પો પ્રદાન કરે છે. આ વિસ્તારમાં ફક્ત મર્યાદિત બજેટ અને મધ્યમ શ્રેણીની હોટલો છે કોઈ ડિલક્સ હોટલ નથી. હોમસ્ટે એ વિકલ્પ છે. જે તમને સ્થાનિક આદિવાસી સંસ્કૃતિથી પરિચિત થવાની તક પણ આપે છે. પ્રખ્યાત વારલી ચિત્રોની આદિવાસી કલા જવાહરમાં ખૂબ પ્રખ્યાત છે.

**કરોલી ઘાટ અને સંધાન ખીણ:**

કરોલી ઘાટ સમરાડ ગામને દેહને ગામ સાથે જોડતો માર્ગ છે, જેનો ઉપયોગ સ્થાનિક લોકો શિયાળા અને ઉનાળા બંને ઋતુઓમાં વેપાર માટે કરે છે. આ મનોહર માર્ગમાં અસંખ્ય નાના અને મોટા ધોધ, જંગલના સુંદર રસ્તાઓ, નદી-નાળા અને અન્ય આકર્ષક કુદરતી દૃશ્યો છે. સંધાન ખીણના બેઝ કેમ્પિંગ વિસ્તારની સમાંતર ચાલતો, આ ઘાટ તેમાંથી પસાર થનારાઓને એક અલગ અનુભવ કરાવે છે.

ચોમાસા દરમિયાન ખીણ દુર્ગમ રહે છે કારણ કે તેના સાંકડા વિસ્તારોમાં પૂરનું જોખમ રહેલું છે. ચોમાસામાં આ ખીણનું આકર્ષણ મોટાભાગે એક છૂપાયેલા રહસ્ય જેવું છે. મુલાકાતીઓ કરોલી ઘાટમાંથી નીચે ઉતરતી વખતે ૭૦૦ ફૂટ ઊલટા ધોધના સાક્ષી બની શકે છે.

**દેવલાલી:-**


દેવલાલી એક નાનું હિલ સ્ટેશન છે તે ભારતના મહારાષ્ટ્ર રાજ્યના નાસિક જિલ્લામાં આવેલું એક શહેર છે. હવે તે નાસિક મેટ્રોપોલિટન રિજનનો ભાગ છે. દેવલાલીમાં એક મહત્વપૂર્ણ આર્મી બેઝ છે. દેશના સૌથી જૂના ભારતીય લશ્કરી કેન્દ્રોમાંના એક, દેવલાલી કેમ્પમાં એરફોર્સ સ્ટેશન, ભારતીય સેનાની આર્ટિલરી સ્કૂલ આવેલી છે. દેવલાલીમાં પુષ્કળ મંદિરો અને પર્યટન સ્થળો છે.


૧૮૬૧માં બ્રિટિશરો દ્વારા સ્થાપિત આ સૌથી જૂના કેન્ટોનમેન્ટ વિસ્તારોમાંનો એક છે. દેવલાલી કેમ્પ હરિયાળીથી ભરેલો છે જેમાં બગીચાઓ, રમતના મેદાનો અને સદીઓ જૂના વડના વૃક્ષોથી બનેલા રસ્તાઓ છે.

એક મહત્વપૂર્ણ લશ્કરી કેન્દ્ર ઉપરાંત આ હિલ સ્ટેશન આરોગ્યને લગતા અનેક ફાયદાઓ પણ આપે તેવું છે. અહીં સંખ્યાબંધ સેનિટોરિયમ છે, જે મોટાભાગે ગુજરાતી અને પારસી સમુદાય દ્વારા બનાવવામાં આવ્યા છે. લીલાછમ ઘાસની કાર્પેટ, પ્રદૂષણ મુક્ત વાતાવરણ અને સૌમ્ય હવામાનનો આનંદ જીવનને તણાવમુક્ત બનાવે છે.

ઈતિહાસના શોખીનો માટે અહીં આર્ટિલરી મ્યુઝિયમ છે તથા ટેકરીની ટોચ પર આવેલું ખંડોબા મંદિર ધાર્મિક આસ્થાનું કેન્દ્ર છે.

દેવલાલીમાં ભલે વધુ રેસ્ટોરન્ટ નથી પરંતુ ચાટ અને વડા પાંઉ જેવા સ્ટ્રીટ ફૂડ સ્વાદિષ્ટ હોય છે. ઘણા ક્લબહાઉસમાં એવા રેસ્ટોરન્ટ છે જે સ્વાદિષ્ટ વાનગીઓ પીરસે છે. બજારમાં વર્ષો જૂની એમ્પાયર બેકરી છે. તમે દેવલાલીની મીઠી યાદોનો સ્વાદ માણવા ક્રિસ્પી મિલ્ક ટોસ્ટ અને માવા કેક પસંદ કરી શકો છો. એકવાર તમે આ શહેરનું આકર્ષણ અને મનોહર સુંદરતાનો અનુભવ કરશો તો તમે ચોક્કસપણે તમારા મનની શાંતિ માટે અહીં પાછા આવશો જ.



■ અલ્પેશ વ્યાસ



# માનવતાની મહેકનું જીવંત ઉદાહરણ મેકદાદા

## વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે..
## પર દુઃખે ઉપકાર કરે તો'ય મન અભિમાન ના આણે રે.

ગાંધીજીના જાણીતા ભજનની આ પંક્તિથી આપણે સૌ પરિચિત છીએ પણ જીવનમાં આ હકીકત જીવી બતાવવી એ બોલવા જેટલું આસાન નથી. તેના માટે માનવતા, લાગણી, મજબૂત મનોબળ, સહનશક્તિ, આર્થિક સધ્ધરતા, પરિવારજનોનો સાથ-સહકાર અને દિલમાં બીજા માટે કંઈક કરી છુટવાની નિઃસ્વાર્થ ભાવના આ બધું હોવું જરૂરી છે. આજે સમાજમાં દાન અને પરોપકાર કરતા ઘણા વ્યક્તિઓ છે. પણ જયારે કોઇ વ્યક્તિ પોતાના વતન અને તેમાં રહેતા સમગ્ર ગામલોકોની સુખ- સુવિધાઓ માટે પોતાની પરસેવાની એટલે કે મહેનતની કમાણી 'પર સેવા' એટલે કે બીજાની મદદ માટે વાપરી જાણે તેવા ખરા અર્થમાં મુઠ્ઠી ઉંચેરા વ્યક્તિત્વ માટે શબ્દો ઓછા પડતા હોય છે. આવું જ એક ઉમદા વ્યક્તિત્વ ધરાવતા ચરોતરના ભામાશા તરીકે જાણીતા મેક્દાદાની અહીં વાત છે. ગુજરાતમાં NRI વિસ્તાર તરીકે જાણીતા ચરોતરમાં આવેલા તાલુકા મથક બોરસદ પાસેના નાનકડા નીસરાયા ગામના વતની મહેન્દ્રભાઇ પટેલ, જેઓ આજે મેક્દાદા ના હુલામણા નામથી જાણીતા છે. વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયેલા મેક્દાદાની પોતાના વતન માટે રૂપિયા ૧૦૦ કરોડની ઉદારતાની ચર્ચા થાય તે વ્યાજબી છે પણ તેઓના એક માનવતાભર્યા પગલાથી એક દીકરીની જિંદગી કેવી રીતે બદલાઇ ગઇ તેની અહીં વાત છે.

અમેરિકા (ન્યુજર્સી)માં એક પરિચિતને ત્યાં મેક્દાદા અને તેમના પત્ની જમવા ગયા હતાં ત્યાં જમતી વખતે સત્તર વર્ષની એક નાની દીકરી પણ સાથે જમતી હતી પણ તે સાવ નિસ્તેજ અને ઉંચું પણ જોતી ન હતી. મેક્દાદાને તેનું આ વર્તન કંઇક અજુગતું લાગ્યું. આ નાનકડી દીકરી પ્રત્યે લાગણીવશ થઇ તેમણે ઘરે પાછા જતી વખતે રસ્તામાં પત્નીને વાત કરી અને તેઓએ પણ આ વાતને સમર્થન આપ્યું. બન્નેનો અનુભવ એક સરખો જ હોવાનું કન્ફર્મ થતાં મનોમન તેઓએ નક્કી કરી લીધું કે આ દીકરી માટે કંઇક કરવું છે. તેઓએ તપાસ કરાવતા ખબર પડી કે તેમના નજીકના સંબંધીની એ દીકરી છે અને અહીના કડક વિદેશી કાયદા મુજબ તેને રાખવી જરૂરી છે. આમ, મજબૂરીવશ દીકરીને રાખતા હોવાથી એક ગુલામની જેમ તેઓ રાખી રહ્યા છે. મેક્દાદાએ બીજા જ દિવસે આ દીકરીને પોતાની સાથે રાખવાની તૈયારી બતાવતા પેલા પરિચિતે અમેરિકા જેવી વિદેશની ધરતી

**રૂપિયા ૧૦૦/– કરોડના દાતા મેક્દાદા સાથે મુલાકાત દરમિયાન થયેલી વાતચીતમાં એક વાત સ્પષ્ટ છે કે દીકરીની આ વાત માત્ર એક કિસ્સો છે બાકી આવા અનેક જરૂરતમંદ લોકોની મદદ મેક્દાદા કરી ચૂક્યા છે અને હજી પણ કરી રહ્યા છે. તેઓના કહ્યા મુજબ પરોપકારનો આ સેવાયજ્ઞ આજ–કાલનો નથી વર્ષોથી તેઓ માત્ર પોતાના વતન કે ગુજરાતમાં જ નહિ દેશના અન્ય પ્રદેશોમાં પણ જરૂરતમંદ લોકોની મદદ કરી રહ્યા છે.**

પર ક્યાં સુધી રાખશે? થોડો સમય રાખી પછી મૂકી જશે તેમ વિચારી સંમતિ આપી. મેક્દાદા આ દીકરીને પોતાના ઘરે લઇ આવ્યા અને તમામ સુખ-સુવિધાઓથી સંપન્ન એવા પોતાના આલીશાન ઘરમાં રાજકુમારીની જેમ રાખવા લાગ્યા. દીકરીને ત્યાંની પ્રસિદ્ધ સ્કૂલમાં એડમિશન માટે લઇ ગયા ત્યારે ખબર પડી કે તે કાંઈ સમજી શકતી જ નથી. ગામડાંની સરકારી સ્કૂલમાં અગિયારમાં સુધી ભણેલી આ દીકરીને અમેરિકામાં ટીચર અંગ્રેજીમાં શું કહે છે તેની સમજ પડતી ન હોવાથી એડમિશન મેળવવામાં વિલંબ થતો હતો. વળી, અમેરિકાના કાયદા પ્રમાણે મેકદાદા દીકરીના સંબધી પણ ન હતા માટે દીકરીના ભવિષ્ય માટે એક મોટો પ્રશ્ન ઉભો થયો.

દિલમાં દીકરીના ઉજ્જવળ ભવિષ્ય માટે બને તે કરી છૂટવાની ભાવનાને કારણે મેક્દાદાએ જરૂરી લાયકાત સાથે સ્કૂલમાં એડમિશન લીધું. પરંતુ ખરી કસોટી હવે શરુ થવાની હતી... ગુજરાતી મિડીયમમાં થોડું ભણેલી આ દીકરી અમેરિકન સ્કૂલમાં કાંઈ સમજી શકતી ન હોવાથી મેક્દાદાએ એક નવો રસ્તો કાઢ્યો. તેઓએ દીકરીને હિમ્મત આપતા કહ્યું કે, તારી સ્કૂલમાં ટીચરે આજે કયો સબ્જેક્ટ શીખવ્યો તેના પેજ નંબર પર માર્કિંગ કરી લાવવાનું... બસ આ પછી મેક્દાદા ઓફિસથી સાંજે ઘરે આવી દિકરીને જાતે ભણાવવા લાગ્યા...આ ક્રમ દરરોજનો બની ગયો...દીકરી સ્કૂલમાં જાય, ટીચર જે શીખવે તે બુકમાં માર્કિંગ કરી લે અને મેક્દાદા તેને ઘરે રાતના નવથી ત્રણ વાગ્યા સુધી જાતે શીખવાડે. પછી દીકરી રાતના ત્રણથી સવારના છ સુધી હોમવર્ક કરી સ્કૂલે જતી. એટલું જ નહિ વિક-એન્ડમાં શનિ - રવિની રજામાં ડબલ મહેનત સાથે જનરલ નોલેજ પણ આ દીકરીને મેક્દાદા આપતા ગયા... ચાર વર્ષના અંતે મહેનત રંગ લાવી અને એક્ઝામમાં આવેલાં રીઝલ્ટથી સ્કૂલમાં સૌ ચોંકી ગયા... એક સમયે દીકરીને પુરતું જ્ઞાન ન હોવાથી દીકરી પાસ નહીં થાય તેમ કહેતા સ્કૂલ મેનેજમેન્ટે મેક્દાદાને બોલાવ્યા અને આ ચમત્કાર અંગે જાણી દીકરી માટે તેઓએ આપેલા બલિદાનથી ઘણા પ્રભાવિત થયા અને તેમના આ સેવાકાર્યને બિરદાવ્યું પણ ખરું... સમય વીતતો ગયો... દીકરી ગ્રેજ્યુએટ થઇ સ્વતંત્ર બની જોબ કરવા લાગી. પોતાના વતનના એક પરિચિત યુવક સાથે લગ્ન કરી લીધા છે. તેમને એક દીકરી અને એક દીકરો છે. મેક્દાદાએ આજે પણ તેને કોઈ તકલીફ ન પડે તે માટે આ બન્ને બાળકોના અભ્યાસ સાથે અમેરિકામાં મકાન અને સ્ટોર લઇ આપ્યા છે જેનાથી તેઓ પોતાનું ખુશહાલ જીવન જીવી રહ્યા છે.

સિક્કાની બીજી બાજુ પણ હોય છે... આ હકીકત મુજબ કેટલાક કડવા અનુભવો પણ મેક્દાદાને આ સમય દરમ્યાન થયા છે. વિદેશની ધરતી પર પોતાના ઘરના પણ ન કરે તેવું સેવા- પરમાર્થનું કામ કરવા છતાં અમેરિકામાં આ દીકરી જેમના ઘરેથી તેઓ લાવ્યા હતા તે પરિચિત અને બીજા વ્યક્તિઓ તરફથી શાબાશી કે પ્રોત્સાહનના બે શબ્દો તો દૂર પણ અપમાનજનક વર્તનના કડવા ઘુંટડા મેક્દાદાએ પીધા છે. છતાં પોતાના સંસ્કાર અને માનવતાને કારણે કોઇનું ભલું કરવાની તેઓની માનસિકતા આ બધા પર ભારે સાબિત થઇ. મેક્દાદાની માનવતાની હદ તો એ છે કે આટલું થવા છતાં મતલબ કે પોતાની સાથે ખરાબ વર્તન કરનારનું નામ સુધ્ધાં આપવાની તેઓ સ્પષ્ટ ના પાડે છે. આજે આ દીકરી અને તેના પરિવારજનો માટે મેક્દાદા સાક્ષાત્ ભગવાનથી કમ નથી. તેઓ માની શકતા નથી કે પોતાની દીકરી આજે અમેરિકામાં વેલસેટ થઇ ચુકી હોવાથી અશ્રુભીની આંખે મેકદાદાનો તેઓ આભાર માની રહ્યા છે. પોતાના વતન નીસરાયામાં મેક્દાદાનું સમગ્ર ગ્રામજનો તરફથી જાહેર સન્માન કરવામાં આવ્યું ત્યારે આ દીકરી અને તેના સૌ પરિવારજનો પણ ખાસ હાજર રહ્યા હતા. આમ, વિદેશની ધરતી પર તદ્દન અજાણી વ્યક્તિ માટે મેક્દાદા એ જે કર્યું તે સમગ્ર સમાજ માટે ખરેખર માનવતાનું એક ઉત્તમ ઉદાહરણ છે તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ ન લાગે.

રૂપિયા ૧૦૦ કરોડના દાનવીર ભામાશા મેક્દાદાનું નીસરાયાના ગ્રામજનો દ્વારા ભાવપૂર્ણ સન્માન

# સદ્કાર્યો કરતા પૂર્વજોનું લોહી મેક્દાદામાં દોડી રહ્યું છે

**- પદ્મભૂષણ પૂજ્ય સચ્ચિદાનંદ સ્વામીજી**










**રૂપિયા ૧૦૦ કરોડના દાનથી નીસરાયાને ગોકુળીયું ગામ બનાવનાર મેક્દાદાની પૂર્ણ કદની ૨૬ ફૂટ ઉંચી ભવ્ય પ્રતિમા**

"વર્તમાન સમયમાં કોમ્પ્યુટર, રોબોટ અને હૃદય આ ત્રણ શબ્દોનું આપણા જીવનમાં શું મહત્વ છે તે સમજવાની જરૂર છે. તેના વગરનું જીવન આપણા માટે મુશ્કેલ લાગે છે. કોમ્પ્યુટર અને રોબોટ એ વૈજ્ઞાનિકો એટલે કે મનુષ્યએ તૈયાર કર્યા છે જયારે હૃદય એ માત્ર ભગવાન જ બનાવી શકે માટે ભગવાનથી ઉપર કોઈ નથી. આપણે કરેલા સદ્કાર્યો જ કાયમ રહેશે એ હકીકતને ધ્યાનમાં રાખીને મેક્દાદાએ સેવાનો મહાયજ્ઞ આરંભ્યો છે એ આજકાલની શરૂઆત નથી. તેમના પૂર્વજોએ પણ દેશ માટે બહુમૂલ્ય યોગદાન આપ્યું છે અને તેમનું લોહી મેક્દાદામાં દોડી રહ્યું છે. આવા સજ્જન પરિવારમાંથી આવતા મેક્દાદા આટલા સારા વિકાસ કામો કરી રહ્યા છે માટે આપ સૌ નીસરાયાના ગ્રામજનો ભાગ્યશાળી છો. ગામના સર્વાંગી વિકાસ માટે મેક્દાદાએ દર્શાવેલી ઉદારતા સાચા અર્થમાં અનુકરણીય હોઈ અન્ય ગામના આગેવાનો માટે પ્રેરણારૂપ છે."

સત્કર્મ અંગેના પ્રેરણાદાયી આ શબ્દો પદ્મભૂષણ પૂજ્ય સચ્ચિદાનંદ સ્વામીજીના છે. ગામ નીસરાયા (તા.બોરસદ)ના મહેન્દ્રભાઈ પટેલ અને હવે મેક્દાદાના હુલામણા નામથી જાણીતા ચરોતરના ભામાશાનો સમગ્ર ગ્રામજનો દ્વારા યોજવામાં આવેલા જાહેર સન્માન સમારોહના ઉદઘાટક પદેથી તેઓએ ઉચ્ચાર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે મેક્દાદાના આ જાહેર સન્માન સમારોહ પહેલાં સરપંચ વિજયસિંહ રાજના બોરસદ ખાતેના નિવાસ સ્થાનેથી નીસરાયા ગામ સુધી ડીજે મ્યુઝિકના તાલ સાથે હજારો યુવાનોની વિશાળ રેલી યોજવામાં આવી હતી તથા મેક્દાદાની પૂર્ણ કદની ૨૬ ફૂટ ઉંચી ભવ્ય પ્રતિમાનું અનાવરણ કર્યા બાદ આકાશમાંથી હેલિકોપ્ટર દ્વારા ફૂલોની પુષ્પવર્ષા કરી ઉષ્માભર્યું સન્માન કરી સમગ્ર નીસરાયાવાસીઓએ મેક્દાદા પ્રત્યે પોતાનો આદર ભાવ વ્યક્ત કરવામાં કોઈ કચાશ રાખી ન હતી. આ પ્રસંગે વિદેશથી મેક્દાદાના પરિવારજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સન્માન સમારોહને સફળ બનાવવામાં સરપંચ વિજયસિંહ રાજ, ડે. સરપંચ અર્જુનસિંહ રાજ, તાલુકા પંચાયત સભ્ય સંજયસિંહ રાજ, રાકેશભાઈ બ્રહ્મભટ્ટ, શંભુસિંહ રાજ અને તેમની ટીમનું યોગદાન મહત્વપૂર્ણ છે.



**જયવીરરાજસિંહ સાહેબ (ભાવનગરના યુવરાજ):** મેક્દાદાના સન્માન સમારોહના પ્રમુખપદેથી સમાજ- સંસ્કૃતિ અને દેશ માટે સદાય તત્પર રહેવાની અપીલ કરી સમગ્ર ગ્રામજનોનો મેક્દાદાનું સન્માન કરવા બદલ આભાર વ્યક્ત કર્યો અને ગામના વિકાસ માટે અત્યાર સુધી આપ્યો છે તેમ સહકાર આપતા રહેવા અનુરોધ કરી યુવાનોને વ્યસનમુક્ત થવા અપીલ કરી હતી.




**રમણભાઈ સોલંકી (અન્ન- નાગરિક પુરવઠા અને ગ્રાહક મંત્રી, ગુજરાત સરકાર):** ૨૬મી જાન્યુઆરી અને માં ખોડીયારના જન્મ દિવસે આજે સમગ્ર નીસરાયાના ગ્રામજનો દ્વારા મેક્દાદાની ભવ્ય પ્રતિમાનું અનાવરણ આવકારદાયી અને યથાયોગ્ય છે. તેઓએ પોતાના જીવનની પરસેવાની એટલે કે મહેનતની કમાણી બીજાની સેવા માટે આપી જે ઉદારતા બતાવી છે તે આજના જમાનામાં દાન- સેવા માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. તે માટે મેક્દાદા ખરેખર સન્માનના હકકદાર છે.



**ભુપેન્દ્રસિંહ ચુડાસમા (પૂર્વ શિક્ષણ અને કાયદા મંત્રી, ગુજરાત સરકાર):** સમગ્ર સમારોહના કેન્દ્રબિંદુ એવા મેક્દાદાના સેવાકાર્યોની સરવાણી બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું તે યથાસ્થાને છે જે માટે હું ગ્રામજનોનો આભાર માનું છું. આજે ઉપસ્થિત રહેલા મેક્દાદાના તમામ પરિવારજનોને પણ હું વંદન કરું છું કારણ કે તેઓ સેવાના આ ભગીરથ કાર્યમાં સહકાર આપી રહ્યા છે.



**પૂ. રમેતીરામ મહારાજ (રણભુનઘાટી):** નીસરાયા ગામ માટે મેક્દાદાએ જે કર્યું છે તે અભિનંદનને પાત્ર છે. તેઓના માવતર અને જન્મભૂમિને પણ વંદન છે. તેમના વતન પ્રેમનું શબ્દોથી વર્ણન થઈ શકે તેમ નથી. વિદેશમાં વસતા મેક્દાદાએ જાણીતા લોકગીતની પંક્તિ "આપણા મલકના માયાળુ માનવી..." ને સાર્થક કરી બતાવી છે.



**સંજયભાઈ પટેલ (પ્રમુખ- આણંદ જીલ્લા ભાજપ):** આજનો અદભૂત પ્રસંગ ચરોતરના ભામાશા મેક્દાદાનો વિદેશમાં રહી પોતાના વતન પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. તેઓનું સન્માન અભિનંદનને પાત્ર છે. આર્ટિફિસિયલ ઈન્ટેલીજન્સ (AI) ક્ષેત્રે તેઓએ આટલી મોટી ઉંમરમાં મેળવેલી સિદ્ધિ ખરેખર પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે.

**સાચા અર્થમાં મેક્દાદાએ પોતે માત્ર દાનવીર જ નહિ પણ સમાજ માટે એક દીર્ઘદ્રષ્ટા તરીકે પોતાના વતનનું ઋણ કર્મથી અદા કરી બતાવ્યું હોવાથી તેમનું નામ સુવર્ણ અક્ષરોથી અંકિત થઈ ચૂક્યું છે : ગ્રામજનો**

**મેક્દાદાની પૂર્ણ કદની ૨૬ ફૂટ ઉંચી ભવ્ય પ્રતિમાનું અનાવરણ કર્યા બાદ આકાશમાંથી હેલિકોપ્ટર દ્વારા ફૂલોની પુષ્પવર્ષા કરી હતી.**



મેકદાદાનું ફૂલહારથી સન્માન કરતા મહાનુભાવોમાં રમેતીરામ મહારાજ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સંજયભાઈ પટેલ, રમણભાઈ સોલંકી, હસમુખભાઈ પટેલ, નીરવભાઈ અમીન, સુનિલભાઈ સોલંકી, પ્રતાપસિંહ ગોહેલ, જયંતસિંહ ચૌહાણ, રણજીતસિંહ ચૌહાણ અને અન્ય આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.



સરપંચ વિજયસિંહ રાજના બોરસદ ખાતેના નિવાસ સ્થાનેથી નીસરાયા ગામ સુધી ડીજે મ્યુઝિકના તાલ સાથે હજારો યુવાનોની વિશાળ રેલી યોજવામાં આવી હતી



**વિજયસિંહ રાજ (સરપંચ – નીસરાયા) બોરસદ તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ:** મેક્દાદાની આજે ભવ્ય પ્રતિમાનું અનાવરણ થઈ રહ્યું છે ત્યારે તેમના સ્વસ્થ દીર્ઘાયુષ્ય માટે માતાજીના આશીર્વાદ મળતા રહે તેવી શુભેચ્છાઓ સાથે ગ્રામજનોને નાત-જાત અને ધર્મના ભેદભાવ ભૂલી માત્ર ગામના વિકાસમાં લાગી જવાની અપીલ કરી કહ્યું કે, 'નિસરાયા ગામને ગોકુળિયું ગામ બનાવવાના સ્વપ્નની શરૂઆતથી જેમ-જેમ પ્રોજેક્ટ આગળ વધતા ગયા તેમ-તેમ મેક્દાદા તરફથી વધુ સારો સહકાર મળતો ગયો.' આજે આપણા ગામના વિકાસ કામોની સર્વત્ર નોંધ લેવાઈ રહી હોવાના ગર્વભર્યા સ્વરે તેઓએ ઉમેર્યું કે, 'ગામમાં અતિ જરૂરી કામો જેવા કે પાકા રોડ-રસ્તા, પાકા મકાનો, પશુ તબેલાઓ, પ્રાથમિક શાળા, આંગણ વાડી, બાલ ક્રીડાંગણ, બાગ, સ્વાસ્થ્ય સુવિધાઓ, પેવરબ્લોક, સામાજિક પ્રસંગો માટે વાડી, પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા, ડ્રેનેજ વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, સીસીટીવી કેમેરા, ગામમાં સૂચનાઓ માટેની સાઉન્ડ સીસ્ટમ જેવા કામો પુરા કરી દેવામાં આવ્યા છે.' આજે મેક્દાદાનો પરિવાર હાજર છે ત્યારે તેઓ તરફથી મળેલા અભૂતપૂર્વ સહકાર બદલ આભાર માનવા માટે શબ્દો ઓછા પડે છે. સમગ્ર નીસરાયામાં  વસતા ૧૮ વર્ણની દીકરીઓને સાડીઓ તથા જમાઈઓને ટ્રાવેલ બેગની ભેટ આપવામાં આવી તે પ્રશંશનીય છે. સરપંચ વિજયસિંહ રાજે આ પ્રસંગે વધુમાં કહ્યું કે, 'અત્યારના સમયમાં જમીનના ટૂકડા માટે એક ભાઈ જયારે બીજા ભાઈનું માથું વધેરી નાખતાં ખચકાતો ન હોય ત્યારે સો કરોડ રૂપિયાનું દાન આપવા છપ્પન ઈંચની છાતી સાથે એક સજ્જન કુળમાં જન્મ લેવો પડે.' અંતમાં તેઓએ મેક્દાદાની ઉદારતા માટે વિશેષમાં કહ્યું કે..."મેક્દાદા જેવું વ્યક્તિત્વ નીસરાયામાં નહિ પણ આખા ભારત દેશમાં જોવા નહિ મળે." અખંડ ભારતના ઘડવૈયા એવા સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી ઉજવાઈ રહી છે ત્યારે તેમાં સમગ્ર દેશમાંથી સૌથી પહેલા પોતાનું રાજ આપી દેનાર ભાવનગરના રાજવી કૃષ્ણકુમારસિંહજીના વંશજ યુવરાજ જયવીરરાજસિંહજી સાહેબ આપણી સાથે ઉપસ્થિત છે એ આપણા સૌ માટે ગર્વની બાબત છે.



ગુજરાતના ડીજે કિંગ પવન શર્મા (લુણાવાડા) દ્વારા મેક દાદાના સદકાર્યો બદલ ડી.જે. સાઉન્ડ સિસ્ટમની ફ્રી સેવા આપવામાં આવી હતી



૧૯૬૭માં મેકદાદાએ અમેરિકન લેડી પેટ્રિશીયાજી સાથે પોતાના વતન નીસરાયામાં જ્યાં લગ્ન કર્યા હતા ત્યાં ધર્મપત્નીની યાદમાં આજે રૂપિયા બે કરોડના ખર્ચે ભવ્ય કોમ્યુનિટી હૉલનું નિર્માણ કરાવ્યુ છે.

## મેક્દાદાનો સમગ્ર નીસરાયાના ગ્રામજનોને સંદેશ



હલ્લો નીસરાયા...હાઉ આર યુ... નીસરાયાના છ હજાર ગ્રામજનો એક જ પરિવાર છે, આપ સૌનું સ્વાગત છે. હમણાં શોર્ટ ફિલ્મ દ્વારા દર્શાવવામાં આવેલો ગામનો વિકાસ એ માત્ર એક ઝલક છે હજી ઘણા વિકાસકામો કરવાના બાકી છે. આ તમામ વિકાસ કામોનો શ્રેય ગામના સરપંચ વિજયસિંહ રાજની ધગશને આભારી છે. મારી આપ સૌ ગ્રામજનોને એક વિનંતી છે કે, થોડી ધીરજ રાખો સરકારી મંજૂરી મળી ગયા બાદ આખા ગામમાં સોલાર પ્રોજેક્ટના માધ્યમથી મફત વીજળી આપવાની કામગીરી પર અત્યારે કામ થઈ રહ્યું છે. તેવી જ રીતે પાકા મકાનો અને મફત હાયર એજ્યુકેશન દ્વારા ગામને ૧૦૦ ટકા સાક્ષર બનાવવાની મારી ઈચ્છા છે. આ માટે ગામના જમીનદારોને આગળ આવવા હું અપીલ કરુ છું. તમે થોડી જમીન આપશો તો હું તેમાં હાઈસ્કૂલ અને સ્પોર્ટ્સ સંકુલ બનાવવા માંગુ છું જેમાં આપણા ગામના બાળકો માટે એજ્યુકેશન સાથે  સ્પોકન ઈંગ્લીશ, સંગીત, નૃત્ય અને રમત-ગમતની તમામ સુવિધાઓ તૈયાર થતાં નિપુણતા આવશે. અને ભવિષ્યમાં આ જ બાળકો મારી જેમ તૈયાર થઈ પોતાના વતન માટે આગળ આવી એક નવી દુનિયાનું સર્જન કરશે. સંકુચિત માનસિકતામાંથી બહાર આવી વિશાળ દ્રષ્ટી રાખીએ એ જ આજના સમયની માંગ છે. આપણે સૌ એક જ ભગવાનના સંતાનો છીએ અને એક જ પરિવાર છીએ તેમ માનીશું તો ગામના વિકાસને કોઈ અવરોધ રોકી શકશે નહિ. આજે આપણે આપેલું દાન આપણી ભાવિ પેઢીનું ભવિષ્ય બદલી શકે છે. પાંચ આંગળીઓ એક સરખી નથી પણ એક થતાં તે કેટલી મજબુત બની જાય છે તેમ આપણે સૌ ગ્રામજનો એક થઈ કામ કરીશું તો તે વધારે ઝડપી અને આસાન બની જશે તેમાં કોઈ બે મત નથી. આપણે સૌ હવે નાત-જાત અને ધર્મના ભેદ-ભાવ ભૂલી એકતાના સૂત્રને અનુસરીએ તો આપણી ભાવિ પેઢીનું ભવિષ્ય ચોક્કસ ઉજળું બની જશે તેનો મને પૂરો વિશ્વાસ છે.

એક શોર્ટ ફિલ્મ દ્વારા મેક્દાદાનું જીવન ચરિત્ર સભામંડપમાં તૈયાર કરવામાં આવેલા વિશાળ સ્ક્રીન પર રજુ કરવામાં આવ્યું હતું




યજ્ઞેશ આચાર્ય

# બહુભાષી પ્રજાની પચરંગી નગરી મુંબઈની અખબારી આલમનો આયનો

સૌરાષ્ટ્રમાંથી ખાસ કરીને ભાવનગર અને મહુવાના ઘણા લોકો મુંબઈ જઈ વસ્યા છે. ભાવનગરના ઘણા ગુજરાતી નાગરો-કચ્છીઓ તથા મહુવા-તળાજાના કપોળ વણિકો નોકરી-ધંધા અર્થે કે ભારત-પાકિસ્તાનના ભાગલા પછી કરાંચીથી મુંબઈ આવીને વસ્યા છે. ભાવનગરમાં મારી શેરીમાં રહેતો એક નાગર પરિવાર દર વેકેશનમાં તેમના મોસાળ ભાવનગર આવતો. આ પરિવારના વડીલોને મુંબઈના અખબારોનું વ્યસન થઈ ગયેલું. ૧૯૬૮-૬૯માં એ સમયે મુંબઈના અખબારો બીજા દિવસે સાંજના પ્લેનમાં આવતા ત્યારે આ પરિવારના મિત્રો સાથે હું ભાવનગરના ઘોઘા દરવાજે પ્રેમન્યુઝ એજન્સીની કેબિનમાં લેવા જતો. 'મુંબઈ સમાચાર' અને 'ચેતમછંદર' (સાપ્તાહિક) તેમના પસંદગીના અખબારો હતાં.

૧૯મી સદીની શરૂઆતના બ્રિટિશ શાસનમાં ગુજરાતી અખબારો મુખ્યત્વે મુંબઈમાં પારસી સમુદાય અને બાદમાં સમાજ સુધારકો દ્વારા શરૂ કરવામાં આવ્યા હતાં. એ સમયમાં વેપાર-વણજની માહિતી, જહાજોની ગતિવિધિઓ અને ત્યારબાદ સામાજિક સુધારા અને શિક્ષણ વિષયક સમાચારો ઉપર મહત્ત્વ આપવામાં આવતું હતું. તે સમયે 'The Bombay Courier' અને 'The Bombay Gazette' જેવા અંગ્રેજી અખબારો પણ પ્રકાશિત થતાં. તેમાં મુંબઈના સમાચાર ઉપરાંત ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોના સમાચારો આપવામાં આવતા.

૧૮૨૨માં મુંબઈમાં 'શ્રી મુમબાઈના સમાચાર' (હાલનું મુંબઈ સમાચાર) નામે પ્રથમ ગુજરાતી અખબાર પ્રસિદ્ધ થયું ત્યારથી ઈ.સ. ૧૮૫૦ સુધીમાં મુંબઈથી પાંચ ગુજરાતી અખબારો બહાર પડતા હતા. તેમાં 'જામે જમશેદ' લોકપ્રિય અખબાર હતું. મુંબઈમાં વર્ષો સુધી


જામે જમશેદ
Jam-e-Jamshed
GET Godrej
ORIENTAL RAD
PVT. LTD.
રૂ. ૮૯ લાખનું પુરાંતવાળું બજેટ
WORLD
તેલંગણમાં ગુરૂવારથી સત્યાગ્રહ અને અસહકારની ઝુંબેશ

અખબારી વ્યવસાય ઉપર પારસીઓનું વર્ચસ્વ રહ્યું હતું. આ અખબારોમાં વેપાર, વહીવટ, હવામાન ઉપરાંત પારસી સમાજમાં જન્મ, લગ્ન તથા મરણની માહિતી છાપવામાં આવતી. ઉપરાંત ગુજરાત, કોલકત્તા, યુરોપ વગેરે દેશ-દેશાવરના મહત્વના સમાચારો પણ અપાતા. સમાચારો પારસી શૈલીમાં લખાતા. આ અખબારોના તંત્રીઓ જૂનવાણી વિચારસરણીના હિમાયતી હતા. ૧૮૫૦ બાદ 'રાસ્તા ગોફતાર' (સત્યવક્તા) અને 'સી-બોધ' જેવા વર્તમાન પત્રો બહાર પડયા. આ અખબારોએ સુધારાવાદી વિચારસરણીની હિમાયત શરૂ કરી હતી. દાદાભાઈ નવરોજીએ સામાજિક સુધારા અને પશ્ચિમી શિક્ષણને પ્રોત્સાહન આપવા શરૂ કરેલું 'રાસ્તા ગોફતાર' અખબાર આધુનિકીકરણનો અવાજ બન્યું હતું.

૧૮૫૧થી ૧૮૭૫ના પચ્ચીસ વર્ષમાં મુંબઈમાંથી બીજા અનેક અખબારો પ્રકાશિત થયાં પરંતુ તેમાંના મોટા ભાગના અખબારો થોડા વર્ષો ચાલીને બંધ પડી ગયા. ૧૮૩૮માં 'The Bombay Times' અને હવે 'The Bombay Guardian' અને 'The Bombay Standard' જેવા વર્તમાનપત્રોનો ઉમેરો થયો હતો. કેટલાક અખબારોનાં સંયોજનથી ૧૮૬૧માં મુંબઈમાં


The Times of India
BIRTH OF INDIAN REPUBLIC TO BE PROCLAIMED TODAY
Impressive Ceremony To Be Held In New Delhi
INDONESIAN DEN OF NEW GUINEA



BOMBAY GAZETTE

VOLUME XXIV. | WEDNESDAY, MAY 5, 1813. | NUMBER 1190.

'The Times of India' શરૂ થયું. જે સરકાર અને તેના અધિકારીઓમાં વંચાતું થયેલું. ઉપરાંત આ સમયના અંત ભાગમાં 'The Bombay Gazatte' અને 'Advance of India' અખબારો ચાલુ હતા.ત્યારે 'The Bombay Chronicle' નામનું અખબાર શરૂ થયું હતું અને ખૂબ લોકપ્રિય બન્યું હતું. ૧૯૦૧માં 'The Illustrated Weekly of India'ની પણ શરૂઆત થઈ હતી.

૧૮૮૦માં ઈચ્છારામ સૂર્યરામ દેસાઈના તંત્રીપદ હેઠળ મુંબઈમાં 'ગુજરાતી' નામે સાપ્તાહિક નીકળ્યું ત્યારે ગુજરાતી પત્રકારત્વનો નવો તબક્કો શરૂ થયો. આ અખબારમાં રાજકીય તથા સામાજિક બંને પ્રકારના વિષયો ભારતીયોને લક્ષમાં રાખી શુદ્ધ ભાષામાં ચર્ચવામાં આવતા. ૧૮૮૫માં કોંગ્રેસની સ્થાપના થતાં તેને આ અખબારે સક્રિય સહકાર આપવાની શરૂઆત કરી. એ વખતે અગ્રણી ગુજરાતી અખબારોમાં અંગ્રેજી વિભાગ પણ આપવામાં આવતા અને તે પૈકીના કેટલાક અખબારમાં તંત્રી લેખ અંગ્રેજીમાં લખાતો. જેથી અંગ્રેજ તથા બિનગુજરાતી અધિકારીઓ તેમાં વ્યક્ત થતાં વિચારોથી વાકેફ થાય. 'ગુજરાતી'નું પહેલું પાનું અંગ્રેજીમાં હોય અને બાદમાં ગુજરાતી ભાષામાં તાજા સમાચાર, તંત્રી લેખ, વાર્તા, રમૂજ વિભાગ, વિશિષ્ટ લેખો, ચર્ચા પત્રો છપાવાને કારણે આ અખબારે એક નવી પ્રણાલિકા સ્થાપી હતી. તેની ભાષા શુદ્ધ અને સાદી હોવાથી તે લોકોમાં વંચાતું થયું હતું.

૧૮૭૧-૭૨માં મુંબઈમાંથી ૧૩ અખબારો નીકળતા હતા. મુંબઈના પારસી વર્તમાનપત્રોમાં 'સત્ય મિત્ર' અને 'કેસરે હિંદ' લોકપ્રિય હતા. ૧૮૮૨ની ૧લી જાન્યુઆરીએ 'કૈસરે-એ-હિંદ' ફ્રેમજી કાવસજી મહેતા દ્વારા દર રવિવારે સાપ્તાહિક રૂપે પ્રકાશિત કરવામાં આવતું હતું. ફેમજી પોતે ફિરોઝશાહ મહેતાના સંબંધી હતા અને પહેલેથી તેઓ બોમ્બે મ્યુનિસિપલને લગતી બાબતોમાં આગવી ભૂમિકા ભજવતા હતા



કયસરે હિન્દ.

THE KAISER-I-HIND.

BOMBAY: MATHERAN, SUNDAY, FEBRUARY 14, 1897.

તેમજ રાષ્ટ્રીય સ્તરે રાજકીય ગતિવિધિમાં ભાગ લેવા સજ્જ હતા.

એક સમયે એવું લાગતું હતું કે, ઈલેક્ટ્રોનિક્સ અને સોશિયલ મીડિયાના અમર્યાદિત આક્રમણ વચ્ચે તેની વિપરીત અસરો અખબારોના ફેલાવા અને તેના મહત્વ ઉપર પડશે. પરંતુ તેની કોઈ અસર પ્રિન્ટ મીડિયા ઉપર પડી નથી. ભારતની આર્થિક રાજધાની ગણાતા મુંબઈમાં વસતી પચરંગી પ્રજાના કારણે મુંબઈમાંથી પ્રસિદ્ધ થતાં પ્રાદેશિક મરાઠી ભાષા સહિત અન્ય ભાષાઓના અખબારોની મહત્તા આજે પણ બરકરાર રહી છે.

જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં મુંબઈના અખબારી જગતમાં ખાસ કરીને અંગ્રેજી, મરાઠી અને હિન્દી દૈનિકોનું પ્રભુત્વ રહ્યું છે, જેમાં 'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા', 'મહારાષ્ટ્ર ટાઈમ્સ', 'મિડ-ડે' અને 'ધ ઈકોનોમિક ટાઈમ્સ' જેવા ટોચના પ્રકાશનોનો સમાવેશ થાય છે. રીઅલ-ટાઈમ કવરેજ માટે આ પ્રકાશકો દ્વારા ડિજિટલ, ઈન્ટરેક્ટિવ ફોર્મેટ અને મોબાઈલ એપ્લિકેશનોનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. ભારતમાં મુંબઈનું અખબારી ક્ષેત્ર સૌથી વધુ વૈવિધ્યસભર છે. જેમાં લાંબા સમયથી પ્રકાશિત થતાં રાષ્ટ્રીય દૈનિકો અને વિવિધ ભાષાઓમાં પ્રકાશિત થતા હાઈપર-લોકલ ટેબ્લોઈડ્સનો સમાવેશ થાય છે.

મુંબઈના બોરીબંદર ખાતે મુખ્ય મથક ધરાવતું અંગ્રેજી અખબાર 'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' ભારતનું સૌથી વધુ ફેલાવો ધરાવતું દૈનિક વ્યાપક શહેરી કવરેજ આપે છે. તેનું મુખ્ય હરીફ 'હિન્દુસ્તાન ટાઈમ્સ' સ્થાનિક અને રાષ્ટ્રીય સમાચારો માટે વ્યાવસાયિકોમાં લોકપ્રિય છે. જ્યારે 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ' ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમના સંદર્ભમાં ઉચ્ચ-ગુણવત્તાવાળી સંપાદકીય સામગ્રી માટે જાણીતું છે. મુંબઈના સૌથી જૂના અંગ્રેજી દૈનિકોમાંનું એક ફ્રી પ્રેસ જર્નલનું સમાચારોનું ફોકસ મુંબઈ રહ્યું છે.

મુંબઈગરાઓને દિનભરની ઘટનાઓથી વાકેફ રાખવા 'મિડ-ડે મુંબઈ'નું એક બપોરનું ટેબ્લોઈડ જે તેના સ્થાનિક 'મેઈડ ઈન મુંબઈ' રિપોર્ટિંગ અને ડિજિટલ-ફર્સ્ટ ઈન્ટરેક્ટિવ ટેબ્લોઈડ ફોર્મેટ માટે પ્રખ્યાત છે. કોરોના કાળમાં બંધ કરવામાં આવેલ 'મુંબઈ મિરર' ૧૫ જૂન, ૨૦૨૫થી ફરી શરૂ થયું છે, આ ન્યુઝપેપર અગાઉ સાપ્તાહિક ફોર્મેટમાં ખસેડાયું હતું.

મુંબઈની મરાઠી ભાષી પ્રજાને પોતીકી ભાષામાં સમાચારોથી વાકેફ રાખવા મરાઠી અખબારોની ભૂમિકા પણ અવ્વલ દરજ્જાની રહી છે. બપોર કે સાંજની લોકલમાં જો તમે પ્રવાસ કરો તો અનેક લોકોના હાથમાં મરાઠી અખબારો જોવા મળે છે. જેમાં ટાઈમ્સ ગ્રૂપનું એક અગ્રણી મરાઠી દૈનિક 'મહારાષ્ટ્ર ટાઈમ્સ' જેને લોકો 'મા-ટા' પણ કહે છે. તેની સામે ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રૂપનું મરાઠી દૈનિક 'લોકસત્તા' તેના બૌદ્ધિક અને વિશ્લેષણાત્મક અભિગમ માટે જાણીતું છે. તેવું જ મુંબઈના રહેણાક વિસ્તારોમાં ઘરે ઘરમાં પોતાની મજબૂત હાજરી સાથે મહારાષ્ટ્રમાં વ્યાપક ફેલાવો ધરાવતું દૈનિક 'લોકમત' છે. રાજ્યમાં સૌથી વધુ વાંચવામાં આવતા મરાઠી અખબારોમાંનું એક લોકપ્રિય અખબાર 'સકાળ' મુંબઈનું જૂનું અને જાણીતું અખબાર છે જે મુંબઈના સ્થાનિક સમાચારોને ટોચનું પ્રાધાન્ય આપે છે.

મુંબઈના પ્રખર હિંદુવાદી સ્વ.બાળા સાહેબ ઠાકરેએ સ્થાપેલી શિવસેનાનું સત્તાવાર મુખપત્ર 'સામના' સ્થાનિક રાજકીય અને સામાજિક ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે. તેના

સ્પષ્ટ અને બેધડક સંપાદકીય લેખ ખૂબ વંચાય છે અને તેની નોંધ રાષ્ટ્રીય સ્તરે વિવિધ અખબારોમાં લેવામાં આવે છે. મુંબઈમાં નોંધપાત્ર વાચકો ધરાવતું 'પુણ્ય નગરી' પણ અત્યંત લોકપ્રિય દૈનિક છે.

ટાઈમ્સ ગ્રૂપનું હિન્દી દૈનિક 'નવભારત ટાઈમ્સ' શહેરનું સૌથી પ્રખ્યાત હિન્દી દૈનિક છે. ત્યારબાદ ડી.બી. ગ્રૂપનું 'દૈનિક ભાસ્કર' મુંબઈ આવૃત્તિ સાથેનું એક મુખ્ય રાષ્ટ્રીય હિન્દી દૈનિક પણ પ્રગટ થાય છે. અન્ય પ્રમુખ હિન્દી અખબારોમાં 'યશોભૂમિ દોપહર' અને 'હિંદી મિડ-ડે'નો પણ સમાવેશ થાય છે.

દેશની આર્થિક રાજધાની ગણાતા મુંબઈમાં મોટા-મોટા ઉદ્યોગ ગૃહોની કોર્પોરેટ ઓફિસ ઉપરાંત શેર બજાર ઉપર નિયંત્રણ ધરાવતી સેબીનું મુખ્ય મથક બોમ્બે સ્ટોક એક્ષ્ચેંજ અને નેશનલ સ્ટોક એક્ષ્ચેંજ તેમજ દેશની મુખ્ય 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા'ના મુખ્ય મથકો અહીં આવેલા છે. ઉપરાંત વિવિધ ઉત્પાદનો અને ખાદ્ય પેદાશોની મુખ્ય બજાર મુંબઈ આસપાસ હોવાના કારણે મુંબઈમાં આર્થિક ગતિવિધિઓના સમાચારો માટે વિવિધ અખબાર સમૂહોના વ્યાપારી દૈનિકો પણ પ્રકાશિત થાય છે જેમાં દેશનું અગ્રણી વ્યાપાર દૈનિક 'ધ ઈકોનોમિક ટાઈમ્સ' ઉપરાંત એક પ્રીમિયમ વ્યાપાર અખબાર જે તેની તલસ્પર્શી માહિતી માટે જાણીતુ છે. જયારે 'મિન્ટ' અને 'ધ હિન્દુ બિઝનેસલાઈન' વિગતવાર બજાર વિશ્લેષણ અને કોર્પોરેટ સમાચારો પ્રકાશિત કરે છે. વ્યાપાર જગતના સમાચારો સાથે જોડાયેલા આ અખબારો દેશ-વિદેશની રાજકીય અને સામાજિક ઘટનાઓને પણ વાચા આપે છે. જન્મભૂમિ જૂથનું હિન્દી 'વ્યાપાર' તેમજ કેટલાક ટેબલોઈડ પણ મર્યાદિત કોપી સાથે પ્રસિદ્ધ થાય છે. આ તમામ આર્થિક અખબારો ફિલ્મ, ફેશન જેવા વિવિધ વિષયોની સાપ્તાહિક પૂર્તિઓ પણ તેના અંકો સાથે પ્રકાશિત કરે છે.

એશિયાનું સૌથી જૂનું ૧૮૨૨માં શરૂ થયેલું અને આજે પણ મુંબઈગરા ગુજરાતીઓની પ્રથમ પસંદગી બની રહેલું 'મુંબઈ સમાચાર' સમયની માંગ સાથે ન્યૂઝ કન્ટેન્ટ અને અખબારની ગુણવત્તા સુધાર સાથે પ્રકાશિત થાય છે. એવું કહેવાય છે કે, વિના મૂલ્યે અવસાન નોંધ છાપવાની શરૂઆત આ અખબારે કરી હતી તેના કારણે તે ગુજરાતીઓના ઘરઘરમાં પહોંચ્યું છે.

અમદાવાદમાં મુખ્ય મથક ધરાવતા 'ગુજરાત સમાચાર'ની મુંબઈ આવૃત્તિ પણ શરૂ થઈ છે જે ગુજરાતી અખબારોમાં બહોળો વાચક વર્ગ ધરાવે છે. અમદાવાદના 'સંદેશ' દૈનિકે પણ વર્ષો અગાઉ મુંબઈ આવૃત્તિ શરૂ કરી હતી પરંતુ થોડા વર્ષો બાદ તે બંધ થઈ ગયેલી.

મુંબઈમાંથી અન્ય ગુજરાતી અખબારોમાં સૌથી જૂનું 'જન્મભૂમિ પ્રવાસી' અને 'જનશક્તિ' દૈનિકો સાહિત્ય-કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સંબંધી લેખો અને તંત્રી લેખ માટે લોકપ્રિય છે. એક્સપ્રેસ જૂથે ૭૦ના દાયકામાં શરૂ કરેલું 'સમકાલીન' ગુજરાતી દૈનિકે તેના અસ્તિત્વના આરંભે જ સમાચાર લેખનની એક આગવી શૈલી શરૂ કરી હતી તેણે ગુજરાતી અખબારી આલમમાં ચકચાર જગાવી હતી.

મુંબઈનું 'ગુજરાત સમાચાર', 'મુંબઈ સમાચાર' પછી ત્રીજા ક્રમનું ગણાતું 'ગુજરાતી મિડ-ડે' તેની વિષય વસ્તુ માટે આજે લોકપ્રિય છે. અન્ય ભાષાના અખબારોમાં મુંબઈથી પ્રકાશિત થતું એક અગ્રણી ઉર્દૂ દૈનિક 'ઈન્કિલાબ' અને 'ઉર્દૂ ટાઈમ્સ' શહેરની મોટી ઉર્દૂ ભાષી વસ્તીની વાંચન ભૂખને સંતોષે છે. મુંબઈના મીડિયા જગતના ઉજળા ઈતિહાસનું અહીં એક વિહંગાવલોકન પ્રસ્તુત કર્યું છે.

મુંબઈમાં વસતા વિભિન્ન ભાષા સમુદાયો માટે મુંબઈમાંથી 'મલયાલા મનોરમા', તામિલ ભાષામાં 'ડેલી થંથી' અને કન્નડ ભાષામાં 'કર્ણાટક મલ્લા' જેવા અખબારો પ્રકાશિત કે વિતરિત થાય છે.

મુંબઈમાં વસેલા પારસીઓના વાંચનની તરસને છીપાવવા પારસી અખબાર 'જામ-એ-જમશેદ' પણ પ્રસિદ્ધ થાય છે.



ફીલિંગ્સ ટીમ



# જિનશાસનનું ગૌરવ વધારતા વિનમ્ર અને વિચક્ષણ દાનવીર એવા ભાઈશ્રી.....

જિન શાસનના દાનવીર અને સમાજ સેવક ભાઈશ્રી પોતાના સમગ્ર પરિવાર તેમજ મિત્રો સાથેના તમામ સાંસારિક સંબંધોનો ત્યાગ કરીને એક સાદગીપૂર્ણ જીવન જીવી રહ્યા છે. તેમણે પોતાના નામનો પણ ત્યાગ કર્યો છે. 'ભાઈશ્રી' નામ તેમને એક સાધુએ આપ્યું છે.

સમગ્ર ભારતમાં ૧૦૮ ગૃહ જિનાલયો (જૈન મંદિરો) સ્થાપિત કરવાનો સંકલ્પ તેમણે તાજેતરમાં લીધો છે. સ્વ-દ્રવ્ય દ્વારા નિર્મિત, ફેઝ ૧ હેઠળ ૨૦૨૬ના અંત સુધી રાજસ્થાન, હરિયાણા, ઈન્દોર આદિમાં ૯ નવા જિનાલયો કાર્યરત થઈ જશે જ્યારે ૨૦૨૭માં બીજા ૧૧ જિનાલયો કાર્યરત થશે. મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં તો જિનાલયોની પ્રતિષ્ઠા પણ થઈ ચૂકી છે.

અગાઉ, તેમણે અન્ય ૧૦૮ જિન શાસનના પ્રોજેક્ટમાં કરોડો રૂપિયાનું દાન આપ્યું છે. જેમાં પૂનામાં ઉપાશ્રયનું નિર્માણ, અમદાવાદ પરિમલમાં પ્રાચીન ગ્રંથો માટે શ્રુત મંદિરમાં અને પૂનામાં શ્રુત ભવનમાં મોટા લાભો, શ્રી જયંતીભાઈ રાહી દ્વારા વિરારમાં નવકાર ભાષ્ય જાપ, વિરારમાં ૧૦૮ સાધર્મિક પરિવારોને માસિક ફૂડ પેકેટ, મુંબઈમાં ૮ વરિષ્ઠ આચાર્ય ભગવંતોની નિશ્રામાં શ્રી કુમાર ચેટર્જીનો જૈન મંત્રો પર સ્ટેજ શો, સમસ્ત મહાજન દ્વારા અનેક ગૌમાતાઓને જીવન દાન, ૬૦૦ કબૂતરોને સારવાર, IDA દ્વારા ૩૦૦ કૂતરાઓ માટે ચેમ્બુરમાં શેડ, પૂનામાં સાધર્મિકો પરિવારોને રહેઠાણો જેવા અનેક સત્કાર્યોનો સમાવેશ છે.

ભાઈશ્રીની ૧૦૮ ગૃહ મંદિર યોજનાને સાત ગચ્છાધિપતિઓ અને ચારેય ફિરકાના



૨૫થી વધુ જૈનાચાર્યોના આશીર્વાદ પ્રાપ્ત છે.

શ્રીમંત હોવા છતાં, તેઓ મુંબઈ કે પૂનાના પોતાના બંગલાઓમાં રહેવાને બદલે મુંબઈના ઉપનગર વિલેપાર્લે (ઈ)માં સાધારણ 1BHK ફ્લેટમાં રહે છે. જિનાલય યોજના માટે ભાઈશ્રીએ પોતાની અન્ય તમામ મિલકતો વેચી દીધી છે.

તેઓ વિદ્વાન અને બહુશ્રુત છે. વિવિધ વિષયો, ખાસ કરીને તત્વજ્ઞાન, ધર્મ અને વિજ્ઞાન પર તેમણે ૫,૦૦૦થી વધુ પુસ્તકોનું વાંચન કર્યું છે. તેમાં પણ, જૈન ધર્મનો તેમનો વિસ્તૃત અભ્યાસ છે. તેમણે જૈન ધર્મના કલાસની ૩૪ બેચો લીધી છે. ઉપરાંત 'ijf જિનવાણી' નામે જૈન ધર્મનો ડિજિટલ કોર્સ પણ બનાવ્યો છે જે ૨૦૧૮માં સોશિયલ મીડિયા દ્વારા ૧૪ દેશોમાં પ્રસારિત થયો હતો અને જેના દૈનિક ૨ લાખ ફોલોઅર્સ હતાં.

તેઓ ચિંતક પણ છે. તેમના ચિંતનનું ઊંડાણ ગંભીર વિષયો પર તેઓના ૩,૦૦૦થી વધુ લેખો અને ખાસ કરી ગહન શ્રેણીના ફિલસૂફી અવતરણો પરથી માપી શકાય છે. તેઓ અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષા પર પ્રભુત્વ ધરાવે છે. આજે ૭૨ વર્ષની વયે તેઓ હજુ પણ સ્વસ્થ અને કાર્યરત રહી દેશભરમાં વ્યાપક પ્રવાસ કરે છે.

**ભાઈશ્રીની ૧૦૮ ગૃહમંદિર યોજના અંગે....**

આ યોજનાનો ઉદ્દેશ્ય ખાસ કરીને જૈનોની ઘટતી સંખ્યાને રોકવાનો અને કોઈપણ જૈન પરિવાર પ્રભુ દર્શન-પૂજાથી વંચિત ન રહે તે છે.

દેશના કોઈપણ ખૂણામાં, કોઈપણ રાજ્યમાં, જ્યાં અલ્પ સંખ્યામાં પણ જૈનો વસતા હોય અને તેમની પાસે ૩થી ૪ કિ.મી. સુધી જિનાલય ન હોય, તે સંઘને જૈન વર્લ્ડ સેન્ટર ટ્રસ્ટ (મુંબઈ) વિના શુલ્ક, વિના ખર્ચ, સંપૂર્ણ ગૃહ જિનાલય નિર્માણ કરી આપશે. એમાં જગ્યાની વ્યવસ્થા, તેનું સુંદર નવીનીકરણ, પ્રભુને પ્રતિષ્ઠિત કરવા માર્બલનું સુંદર કોતરકામવાળું પબાસન, ૩ અંજન કરેલા પ્રભુજી, ત્રીગડો, ભંડાર સહિત બધા જ ઉપકરણ તથા ચંદન-કેસર-ઘી, આદિ પણ સમાવિષ્ટ છે. એટલું જ નહીં, પ્રતિષ્ઠાની વિધિ પણ આ ટ્રસ્ટ કરાવી આપે છે. તદુપરાંત, પ્રતિષ્ઠા ઉત્સવની તમામ બોલીઓમાં સ્થાનિક સંઘના દાતાઓ લાભ લઈ શકે છે. તેમજ તેની ઊપજ પણ સ્થાનિક સંઘની જ રહે છે! અને મુખ્ય વાત એ છે કે, નિર્માણ બાદ, કોઈપણ શરત વગર એ જિનાલયની માલિકી અને સંચાલન પણ સ્થાનિક સંઘને સોંપી દેવામાં આવે છે. ધન્ય છે આ દરિયાદિલ નવરત્નને... ફી






# મુંબઈના આ મહાનુભાવોની નજરે નીરખીએ... દરિયાદિલ મુંબઈને

મુંબઈ એટલે દેશનું આર્થિક પાટનગર. મનોરંજનની અનોખી અલબેલી નગરી. મુંબઈ એટલે મુંબઈગરાની મમ્મી, બા, આઈ. જેના વિશાળ ખોળામાં અનેક પ્રાંતના, દેશ વિદેશના લોકો ખમતીધર બની વસવાટ કરી રહ્યા છે.

અસંખ્ય કલાકાર કસબીઓ, કલમના જાગીરદાર એવા કવિઓ, લેખકો સાહિત્યકારો, નાટ્યકારો તેમજ ભિન્ન-ભિન્ન વ્યવસાયના લોકો મુંબઈની ધરતી ઉપર વસવાટ કરી પ્રસિદ્ધિ પામી મુંબઈનો રંગીન મિજાજ માણી રહ્યા છે. તો કોઈ ફક્ત રજાઓનો આનંદ લેવા, મુંબઈની ખાણી-પીણી અને શોપિંગની શાનને શોખનું નામ આપી મુંબઈની મહેમાનગતિનો આનંદ લઈ રહ્યા છે. વર્ષોથી મુંબઈમાં વસવાટ કરી સ્થાયી થનાર મુંબઈગરા માટે દોડધામ ભર્યું જીવન પણ જિંદગીનો એક દબદબો છે. આ તમામ ખુશમિજાજી મિત્રો 'ફીલિંગ્સ' મેગેઝિનની મુંબઈ આવૃત્તિના પ્રકાશન પર્વે મુંબઈ માટેની પોતાની ફીલિંગ્સને 'ફીલિંગ્સ'ના માધ્યમથી વ્યક્ત કરે છે ત્યારે 'દરિયાદિલ મુંબઈ' માટે દિલની વાતો દિલથી લઈને આવી છે આપની દોસ્ત દીપા દેસાઈ.



પદ્મભૂષણ શ્રી કુંદનભાઈ વ્યાસ - જન્મભૂમિ ગ્રૂપ

**પદ્મભૂષણ શ્રી કુંદનભાઈ વ્યાસ - જન્મભૂમિ ગ્રૂપના સી.ઈ.ઓ.**

મુંબઈ 'દરિયાદિલ' છે એવો અનુભવ મુંબઈ રહેતા હોય એમને, તથા બહારથી આવ્યા હોય એ તમામને સમાન સ્તરે થાય છે કે મુંબઈ ખરેખર 'દરિયા દિલ' છે. મુંબઈમાં જો દરિયાદિલી ના હોય ને, તો મુંબઈ Cosmopolitan પચરંગી બન્યું જ ન હોત. એક સમય એવો હતો કે, એમ કહેવાતું હતું કે, 'મુંબઈમાં રોટલો મળે પણ ઓટલો ના મળે' મુંબઈમાં રહેઠાણ માટેની મુશ્કેલી એક જમાનામાં હતી પરંતુ આજે એવું છે કે તમારે જોઈએ એ પ્રમાણેની અહીં કમાણી તમને મુંબઈમાં થાય છે એટલે તમારી જરૂરિયાત મુજબનું ઘર તમે અહીં શોધી શકો છો. હા, દક્ષિણ મુંબઈ જે બિલકુલ દરિયા કાંઠે વસેલું છે એની વાત કંઈક અલગ છે. મુંબઈ વિશાળ છે, દરિયાદિલ છે જેના કારણે અનેક સારા-નરસા સંજોગો સામે, અનેક નાની-મોટી સમસ્યાઓ સાથે મુંબઈગરાઓ દરિયાદિલી દાખવી જીવી જાણે છે. વર્ષો પહેલા મુંબઈમાં જે સમસ્યાઓ હતી એના કરતાં હવે અલગ મુશ્કેલીઓ જણાઈ આવે છે. જેમાંની એક એ છે કે હવે રસ્તે રખડતા પ્રાણીઓ હોતા નથી પરંતુ અસંખ્ય વાહનો મુશ્કેલી સર્જી રહ્યા છે. ટ્રાફિક જામના પ્રશ્નોનું નિરાકરણ જરૂરી છે. હાલમાં મુંબઈના રસ્તાઓ, પુલ, સબ-વેનું બાંધકામ ભવિષ્યમાં વધનાર વાહનવ્યવહારને અનુલક્ષીને જ થઈ રહ્યું છે જેમકે કોસ્ટલ રોડ, અટલ સેતુ, તો આ બાજુ

મેટ્રો રેલ અને મોનો રેલની સુવિધા પણ આવકાર દાયક છે.

મુંબઈમાં વસતો નાગરિક દરિયાદિલ છે. મુંબઈમાં ભાષાકીય વિવાદ જ અસ્થાને છે. મુંબઈને દરિયાદિલ કહેવા માટેનો મોટો પુરાવો છે મુંબઈની ભાષાનો. મુંબઈ પાસે પોતાની મુંબૈયા શૈલીની, બોલચાલની એક આગવી બોલી છે. અહીંની હિન્દી ભાષા પણ મુંબૈયા છે. ફિલ્મી લઢણ સાથે વણાયેલી છે. જે મુંબઈના ફિલ્મ ઉદ્યોગને આભારી છે.

આવું મુંબઈ મહારાષ્ટ્રનું, ભારતનું નંબર વન (અગ્રેસર) શહેર છે. સવાલો અને સમસ્યાને લઈને દોડતું-ભાગતું શહેર મુંબઈ અનેક મુશ્કેલીઓ સાથે વસીને હસી રહ્યું છે. કારણ મુંબઈનું એક જ સૂત્ર કહો કે મંત્ર ગણો એ છે 'ચલતા હૈ' - જે હોય એમાં લોકો ચલાવી લેતાં શીખી જાય છે. ટ્રાફિક પ્રોબ્લેમ, બાંધકામની સમસ્યા, જાહેરજીવનની સમસ્યા કે પછી આર્થિક કે સામાજિક સમસ્યા અથવા માનવ સર્જિત આફતો કે કુદરતી આફતો વચ્ચે પણ મુંબઈવાસી દરિયાની રેત સમા સમયને ઓળખી પોતાના દિલને દરિયા જેવું વિશાળ બનાવી પોતાનો અને બીજાનો સમય સાચવી જાણે છે. આજે અખબારોની સંખ્યા ઘણી વધી છે તેનું કારણ દરિયાદિલ મુંબઈ છે સાથે સાથે આજે ટી.વી., ઈલેક્ટ્રોનિક મીડિયા, આઈ.ટી ક્ષેત્રના વિકાસના કારણે હરીફાઈ પણ વધી છતાં પણ Print Media will Remain...

પ્રિન્ટ મીડિયા, અખબાર, સામયિક, પત્રિકા, કે પુસ્તક પોતપોતાની રીતે સચવાઈને જળવાઈ રહ્યાં છે. ભલે અખબાર કે મુદ્રણ કલા કાર્યનું વિસ્તરણ સર્ક્યુલેશન ઓછું થયું લાગે છે. પરંતુ પ્રિન્ટ મીડિયાનું મહત્વ સચવાયું છે. જેમાં દરિયાદિલ મુંબઈની પ્રજા અને ધરતીનો અમૂલ્ય ફાળો છે.

મુંબઈ કુદરતી કે માનવસર્જિત મુશ્કેલીઓનો સામનો કરી જાણે છે. આતંકવાદી હુમલા સહિત ભૂતકાળમાં મુંબઈએ ઘણા હુલ્લડો અને દંગા ફસાદ જોયા છે. ખુવારી પણ જોઈ છે, પરંતુ ખમતીધર મુંબઈ ક્યારેય તૂટ્યું-ભાગ્યું નથી પણ વધુ તાકાતવાન બની ઊભું થયું છે. મુંબઈ મજબૂત અને અડીખમ બની હંમેશાં ઊભું રહેશે કારણ 'મુંબઈ દરિયાદિલ' છે. મુંબઈ દુશ્મનોને ઓળખી શકે છે અને દુશ્મનોને પણ દોસ્ત બનાવી શાંતિ સ્થાપી શકે છે. નાત-જાત જ્ઞાતિ ધર્મથી ઉપર મિત્રતાને ભાઈચારાની ભાવના સાથે જીવતું મુંબઈ દરિયાદિલ શબ્દની સાર્થક્તા સાચવી જાણે છે



શ્રી નિલેશ દવે, સંપાદક - મુંબઈ સમાચાર

**શ્રી નિલેશ દવે, સંપાદક - મુંબઈ સમાચાર**

'મુંબઈ દરિયાદિલ છે' હા, ચોક્કસ કહી શકાય કારણ કે, મુંબઈ આપતાં શીખ્યું છે. જ્ઞાતિ, જાતિ, ધર્મ, પ્રાંત, ભાષા આ બધાના ભેદભાવ ભૂલીને મુંબઈએ મુંબઈવાસીઓને, દેશવાસીઓને અને સમગ્ર વિશ્વને ઘણું બધું આપ્યું છે.

અમે નાના હતાં ત્યારે એમ કહેવાતું હતું કે, 'જે મુંબઈમાં ના કમાઈ શકે એ વિશ્વમાં ક્યાંય કમાઈ ના શકે.' મુંબઈમાં તમે અભ્યાસ, નોકરી, વ્યવસાય, વ્યાપાર સાથે જીવન જીવવાની સાચી રીત શીખી શકો છો. એક સમયે મુંબઈ સ્વપ્નની નગરી તરીકે ઓળખાતું હતું કારણ મનોરંજન, ગીત-સંગીત, નાટક-રંગમંચ, ખાસ કરીને ફિલ્મ ક્ષેત્રની ઝાકમઝોળ માયાનગરી મુંબઈમાં અનુભવાતી હતી પણ આજે નવી નવી શોધ, સ્માર્ટ ગેઝેટ્સ, સંશોધન સાથે દૂરના અંતરિયાળ નાના ગામ, શહેર કે રાજ્ય સાથેનું મુંબઈનું અંતર ઘટી રહ્યું છે. છતાં પણ આજે મુંબઈ નગરીએ તેના દરિયાદિલ સ્વભાવથી પોતાની આગવી ઓળખ જાળવી રાખી છે.

આમ જુઓ તો મુંબઈની વસ્તી ભલે વધારે હોય પણ મુંબઈની મૂળ નિવાસી પ્રજા બહુ ઓછી છે. મુંબઈનો વિસ્તાર, વસ્તી અને વિકાસ વધ્યો છે કારણ દેશભરના અનેક પ્રાંતના લોકો અહીં આવીને વસ્યા છે, એ લોકોએ મુંબઈને પોતાનું બનાવ્યું તો આ લોકોને મુંબઈએ પોતાના બનાવી લીધા છે. એક એવો સંબંધ વિવિધ જગ્યાના લોકો વચ્ચે મુંબઈમાં વણાઈ જાય છે જેના ફળસ્વરૂપે વ્યાપાર-વ્યવસાય, નોકરી-ધંધાને અનુરૂપ આર્થિક ઉપાર્જન થઈ શકે છે. વ્યક્તિગત વિકાસ અને મુંબઈના વિકાસમાં મુંબઈનો દરિયાદિલ સ્વભાવ ઓળખી શકાય છે. સાથે-સાથે દરેક પ્રાંતની સંસ્કૃતિને વિશાળ હૃદય સાથે મુંબઈએ અપનાવી છે. એ પણ હકીકત છે.

મુંબઈ કોઈની જન્મભૂમિ છે તો કોઈની કર્મભૂમિ, પણ મહેનત કરનારા સહુ કોઈને મુંબઈ નગરીએ ક્યારેય નિરાશ કર્યા નથી. એટલે જ તો મુંબઈ વહાલું છે દરેક મુંબઈવાસીને. દુનિયાના કોઈ પણ અવ્વલ દરજ્જાના નામાંકિત શહેરમાં વસવાટ કરવાનો મોકો મળે ને, તો પણ મુંબઈગરા માનવીઓ મુંબઈને તિલાંજલી આપવા તૈયાર ના થાય.

લોકલ ટ્રેનની ગીર્દીમાં, બેસ્ટની બસોની ભીડમાં કે ભરચક ટ્રાફિકજામમાં પણ મુંબઈગરો આનંદ માણી શકે છે. સાચું કહું તો મુંબઈમાં વસેલા દરેક માણસો 'દરિયાદિલ' છે. લોકો અહીં કમાઈને વાપરી પણ જાણે છે અને પોતાના વતનમાં પણ મુંબઈની કમાણી પહોંચાડે છે. આ અહીંના વાતાવરણમાંથી મળેલી ઉદારતા છે.

મુંબઈને દોડતું ને ધબકતું રાખવામાં ગુજરાતીઓ, પારસી ગુજરાતીઓ અને મરાઠીમિત્રોનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. આ સમાજના લોકોને મુંબઈએ ઘણું આપ્યું છે તો સામા પક્ષે આ ગુજરાતી, પારસી અને મરાઠી સમુદાયે મુંબઈને વૈશ્વિક સ્તરે ઉચ્ચ એવો આર્થિક સામાજિક દરજ્જો આપ્યો છે. મુંબઈ દરિયાદિલ છે અને સદાય દરિયાદિલ બની રહેશે.



પ્રોફે. ડૉ. કૃષ્ણા હસમુખ ગાંધી

**પ્રોફે. ડૉ. કૃષ્ણા હસમુખ ગાંધી (મુંબઈ)**

કૃષ્ણાબેન શિક્ષણ ક્ષેત્રે ૪૬ વર્ષ સુધી કાર્યરત રહી, ગવર્મેન્ટ, યુનિવર્સિટી તેમજ અન્ય સંસ્થાઓમાં વિવિધ પદ શોભાવી માટુંગાની એસ.એન.ડી.ટી. કોલેજ તથા ઋતુંભરા કોલેજના પ્રિન્સિપાલ પદેથી નિવૃત્ત થયા છે. તેઓ અનેક એવોર્ડ્સથી સન્માનિત પણ થયા છે.

તેમના આઠ પુસ્તકો પ્રકાશિત થયા છે. 'ધબકતું ધડકતું મુંબઈ' મારા દિલની ખૂબ નજીક છે. મુંબઈની હવામાં મારું દિલ હંમેશાં ધબકતું ધડકતું હસતું રમતું અને પ્રવૃત્તિશીલ રહે છે. અહીં દરેક વ્યક્તિને પોતાને ગમતું કામ અને આર્થિક રીતે પગભર થવાની તક મળી જ રહે છે. હું થોડા દિવસ પણ બહારગામ જાઉં તો મારું મુંબઈ મને પાછું બોલાવી જ લે છે અને પાછા મુંબઈ આવતાં જ 'હા... શ'ની લાગણી ઉદ્ભવે છે. અહીં કેટલીયે સંઘર્ષ કરતી વ્યક્તિઓને મંજિલ મળે છે. વિસામો મળે છે. જીવન જીવવાની ગુરુ ચાવી મળે છે .

આબાલ-વૃદ્ધ સહુને પોતાને અહીં ગમતી સાહિત્ય, સંગીત, રમતગમત, નૃત્ય તેમજ કલાને આનુષંગિક પ્રવૃત્તિઓ કરવા મળે છે. વળી, મનગમતા ઉચ્ચ કક્ષાના કાર્યક્રમો માણવાનો લ્હાવો મળે છે. મુંબઈ સતત જાગતું સલામત શહેર છે. નિષ્ણાત ડોક્ટરો, સુસજ્જ હોસ્પિટલો, નાના-મોટા સુંદર ઓડિટોરિયમ, સભાગૃહ, ટ્રાન્સપોર્ટેશનની સુવિધા દરિયાદિલ મુંબઈમાં આસાનીથી મળી રહે છે. મુંબઈ પોલીસ પણ કાર્યદક્ષ છે. શિક્ષણક્ષેત્રમાં તો સમગ્ર ભારતમાં ક્યાંય ના હોય તેટલી કોલેજો-યુનિવર્સિટીઓ મુંબઈમાં છે. તેથી જ મુંબઈમાં શિક્ષણ માટે, આજીવિકા માટે તેમજ પોતાના સપનાને સાકાર કરવા માટે દેશભરમાંથી લોકો આવતા જ રહે છે. આ મુંબઈ તો, દરિયા કિનારે વસી 'દરિયાદિલ' શબ્દને સાર્થક કરી જાણે છે. બધાને પોતાનામાં સમાવી લે છે અને પોતીકા બનાવી જાણે છે.

I LOVE MUMBAI હું ખૂબ જ ખુશ છું કે મારા જીવનનો અધિકાંશ સમય મેં મુંબઈમાં ગાળ્યો છે. આ મહાનગરના અનેક સ્વરૂપોને મેં નિહાળ્યા છે. લોકલ ટ્રેનની ગીર્દીમાં રોજ મુસાફરી કરી છે. વરસતા વરસાદમાં તેનું રૌદ્ર સ્વરૂપ પણ જોયું છે અને ઉનાળાની ગરમીમાં પરસેવે રેબઝેબ થઈને ખરીદી પણ કરી છે. ભારતમાં નહીં પણ પૂરી દુનિયામાં મુંબઈ એકમાત્ર એવું શહેર છે કે, જ્યાં 'મહિલા સ્પેશિયલ ટ્રેન' સ્ત્રીઓના રંગીન મિજાજને લઈને દોડે છે.

અહીં દરેક વ્યક્તિ એકબીજાને મદદ કરે છે. અહીંની ખાણીપીણીની પણ એક અલગ મજા છે. રૂ.૨૦ના વડા પાવથી માંડી રૂ.૨૦,૦૦૦ સુધીની પ્લેટ તાજ જેવી હોટલમાં તમે જમી શકો છો. જગ્યાની સંકડાશ કે હાડમારી ગમે તેવી હોય પણ મુંબઈ એટલે મુંબઈ.



રક્ષા દેસાઈ - અભિનેત્રી

**રક્ષા દેસાઈ - અભિનેત્રી**

હું રક્ષા દેસાઈ. મારા મૂળિયા ગુજરાત-અમદાવાદના, પણ હું જન્મથી મુંબઈમાં જ રહેલી ગરવી ગુજરાતણ છું. 'દરિયાદિલ' મુંબઈ મારા દિલમાં વસેલું છે. મારા સ્વર્ગીય પિતાશ્રી પ્રફુલ્લભાઈ દેસાઈ ૧૭ વર્ષની ઉંમરથી મુંબઈ આવી વસેલા. કવિ, નાટ્યકાર, ફિલ્મ લેખક તરીકે પોતાનું સ્થાન બનાવેલું.

મને મોજીલા મુંબઈમાં જ રહેવાનું ગમે. મેં ૧૭ વર્ષની ઉંમરથી નાટ્યકાર જગદીશ શાહ સાથે નાટકોની શરૂઆત શોખથી કરેલી. જૂની રંગભૂમિ-નવી રંગભૂમિ સાથે પણ હું જોડાયેલી રહી છું. રેડિયો, ટેલિવિઝન સાથે સંકળાયેલી હતી અને ખાસ તો ગુજરાતી ફિલ્મોમાં પણ કામ કર્યું. જેમાં 'ગરવી ગુજરાતણ' ફિલ્મના મારા પોસ્ટર્સ મારી કલાકાર તરીકેની પ્રસિદ્ધિની ગાથા પ્રદર્શિત કરતા હતાં જેનો શ્રેય દરિયાદિલ મુંબઈને જ આપી શકાય.

મુંબઈને સતત ધબકતું શહેર ગણવામાં આવે છે. ધબકે તો દિલ ને? કદાચ મુંબઈના દરિયા જેવા દિલને લીધે જ તેને આ ઉપમા મળી હશે!



વિકાસ ઘનશ્યામ નાયક

**વિકાસ ઘનશ્યામ નાયક**

મુંબઈ સર્વ સમાવેશક શહેર છે. દેશનાં વિવિધ રાજ્યોમાંથી અહીં રોજ હજારો લોકો સપનાંઓ સાથે આવે છે. મુંબઈ સૌને આવકારે છે, સમાવે છે. દરિયો જેમ સર્વને પોતાનામાં સમાવી લે છે એમ જ! ભલે કદાચ એ સૌને ઓટલો નથી આપી શકતું પણ રોટલો તો આપી જ દે છે! આ દરિયાદિલી જ છે ને?

અહીં લોકો એકમેકને સહાય કરે છે, સમાવે છે. લોકલ ટ્રેન કે બસ જોઈ લો. ભીડનાં સમયે ધક્કા-મુક્કી થાય પણ કોઈ અંદર જવા મથતું હોય તો મુંબઈગરો પોતાનો હાથ લંબાવી તેને અંદર ખેંચી લે છે. ત્રણ જણ બેસી શકે એવી બેઠક પર સાંકડ-માંકડ બેસી ચાર જણ સમાઈ જાય છે! કોઈ દુર્ઘટના ઘટે કે સમસ્યા સર્જાય ત્યારે આખું શહેર મદદ માટે પાટા કે રસ્તા પર ઉતરી આવે છે, ટિફિન લઈને, પાણી લઈને, જરૂરિયાતની ચીજ-વસ્તુ લઈને, ના ઓળખાણ, ના

પિછાણ. તો યે, નિ:સ્વાર્થ મદદનું આવું માનવીય દર્શન મુંબઈમાં જ જોવા મળે! આ દરિયા દિલી જ છે ને?

**જયશીલ દીપક દેસાઈ (Risk management and Insurance Consultant)**

મુંબઈ દરિયાદિલ છે એટલે જ ખુલ્લા મન થી હંમેશા લોકોને આવકારે છે. મુંબઈના દિલના દ્વાર દરેક વ્યક્તિ માટે 24x7 ખુલ્લાં જ હોય છે. એટલે જ કહેવાય છે ને કે મુંબઈ ક્યારેય સૂતું નથી. અમારી ત્રણ પેઢીએ મુંબઈની વિશાળતા અનુભવી છે. મુંબઈમાં મારું ભણતર ને ચણતર થયું. હું વીમા અને રિસ્ક મેનેજમેન્ટમાં અભ્યાસ કરી મુંબઈમાં સફળ – સધ્ધર કારકિર્દી તરફ આગળ વધી રહ્યો છું. મારા પિતાજી દીપકભાઈ અને વડીલ મુરબ્બી દિનેશભાઈ દેસાઈ ઈન્સ્યોરન્સ ક્ષેત્રમાં નામાંકિત વ્યક્તિત્વ. આ પ્રસિદ્ધિ પણ દરિયાદિલ મુંબઈની ધરતીને આભારી છે.

અહીં મી મુંબઈકરને મુંબઈ અપુનકામાં બધી જ નાતજાત કે ભાષા આવી જાય. મારી પત્ની સવિતા સાથેના લગ્નમાં પણ મુંબઈનો મિજાજ સહભાગી બન્યો. અત્યારે દીકરી તશ્વીના જન્મ પછી પણ




જયશીલ દીપક દેસાઈ – સવિતા જયશીલ દેસાઈ

આઈ. ટી. પ્રોફેશનલ્સના રિક્રુટર તરીકે ઘરે રહીને પણ સવિતાની નોકરી ચાલુ છે. કારણ મુંબઈમાં જો તમે મહેનત કરો છો તો મહેનતાણું મેળવી જિંદગીનો આનંદ માણી શકો છો.

મુંબઈ દરિયાદિલ તો છે જ પણ હું તો કહું છું મુંબઈ હિંમતવાન છે. મુંબઈ વિશ્વાસુ છે. મુંબઈ ક્યારેય કોઈને નકારો કરી જાકારો આપતું નથી. મુંબઈમાં આંધી આવે કે તોફાન, પૂર આવે, વાવાઝોડું આવે કે ધરતીકંપ થાય કે પછી આતંકવાદનો હુમલો થાય, સાચો મુંબઈકર એકબીજા સાથે હળીમળીને મુશ્કેલીનો સામનો કરે છે. મુંબઈનું અંતર કિલોમીટરમાં નહીં પણ કલાકથી મપાય છે. સેકન્ડ્સ અને કલાકોમાં મુંબઈ હરે-ફરે દોડે-ભાગે છે. આ જીવંત શહેર તમને ગજબની શક્તિ આપે છે, તક આપે છે. દરિયા કિનારે વસીને તમે ગગનચુંબી આવાસના નિવાસી બની શકો છો. દરિયાદિલ મુંબઈનો આ એક અલગ નજારો છે. મુંબઈને તમે ક્યારેય 'અલવિદા' ના કહી શકો. Love You Mumbai.

દરિયા કિનારે વસેલું મુંબઈ દિલથી લોકોને પોતાના બનાવી જાણે છે. 'દરિયાદિલ મુંબઈ'ને પ્રણામ અને 'ફિલિંગ્સ' મેગેઝિનને લાગણીમય શુભેચ્છા. ફી







મિહિર આર. ઓઝા

# ધોળા દિવસે પણ જતાં ડર લાગે તેવા મુંબઈના ડરામણાં સ્થળો

એક તરફ મુંબઈ ઘણી વૈવિધ્યસભર જગ્યાઓથી સમૃદ્ધ છે જ્યારે બીજી તરફ ધોળા દિવસે પણ ડર લાગે તેવી જગ્યાઓ પણ મુંબઈમાં છે. તો ચાલો, મેળવીએ મુંબઈની આ ડરામણી જગ્યાઓની જાણકારી...




**મુકેશ મિલ:-**

કોલાબામાં આવેલ મુકેશ મિલ ૧૯મી સદીના અંતમાં બ્રિટિશ શાસન દરમિયાન એક સમૃદ્ધ કાપડ મિલ તરીકે પ્રખ્યાત હતી. પરંતુ ૧૮૭૦ના વર્ષમાં એક દુ:ખદ દુર્ઘટના બની. મુકેશ મિલમાં લાગેલી ભયાનક આગ થકી એ જમીનદોસ્ત થઈ ગયેલી. જેનાં કારણે તે ખંડેર બની ગઈ હતી. આ ભયાનક આગ ક્યા કારણસર લાગી તે આજે પણ અજ્ઞાત છે.

મુકેશ મિલ દિગ્દર્શકો માટે ફિલ્મોના શૂટિંગ માટે ફેવરિટ સ્થળ છે, પરંતુ તે પેરાનોર્મલ પ્રવૃત્તિઓ માટેનું પણ સ્થળ છે. આ સ્થળ ઘણા લોકોને તેમની કરોડરજ્જુમાં ધ્રુજારીનો અનુભવ કરાવે છે, તે ભય ઉત્પન્ન કરે છે.

અગ્નિપથ (૧૯૯૦), 'સડક' અને ફિલ્મ 'લુકા છુપી'નું ગીત 'પોસ્ટર લગવા દો' આ ભૂતિયા સ્થળે શૂટ કરવામાં આવ્યું હતું.

મુકેશ મિલને જર્જરિત હાલતમાં દાયકાઓ થઈ ગયા છે, પરંતુ તેની નાશ પામેલી છત, શેવાળથી જડેલી દીવાલો અને બારીઓ આજે પણ મુંબઈના ભૂતિયા સ્થળોની યાદીમાં ગણાય છે. ૨૦૧૯માં BMC દ્વારા નોટિસ જારી કરવામાં આવી હતી કે, તેનું માળખું ખૂબ નબળુ પડી ગયું છે, જેનાં કારણે મિલ કમ્પાઉન્ડ બંધ છે. છતાં, અફવાઓ કહે છે કે મિલ હજુ પણ અન્ય પ્રકારના ભાડૂઆતોથી ભરેલી છે. એવું માનવામાં આવે છે કે 'ભૂત' હજુ પણ મિલના ખાલી કોરિડોરમાં ફરતા રહે છે અને જે લોકો મિલના કમ્પાઉન્ડમાં જાય છે તેઓને ઘણીવાર વિચિત્ર પગલાંઓના અવાજો સંભળાય છે અને ફરતા પડછાયા જેવી ઘટનાઓ જોવા મળે છે.

**ડિ'સોઝા ચાલ:-**

આમ જોવા જઈએ તો માહિમ સ્થિત આ ચાલ ઘણાં વર્ષો પહેલાં એક સામાન્ય રહેણાક જગ્યા હતી. લોકો અહીં ખુશહાલ અને સામાન્ય જીવન જીવતા હતા. આ ચાલમાં બંને બાજુ ઘરો છે અને કમ્પાઉન્ડની વચ્ચે એક કૂવો છે પણ તેની બોર્ડર નથી, આ કારણે, ચાલમાં રહેતી એક મહિલા પાણી ભરવા ગઈ હતી તે કૂવામાં પડી ગયેલી અને તેનું મૃત્યુ થયું હતું ત્યારથી એવું માનવામાં આવે છે કે, તેનો આત્મા કૂવાની આસપાસના વિસ્તારમાં ભટકે છે. ઘણા લોકોએ એક મહિલાની આકૃતિ પણ જોઈ છે. જે પછીથી




ગાયબ થઈ જાય છે. પરંતુ રહેવાસીઓનો દાવો છે આ સ્ત્રીનો આત્મા હાનિકારક નથી. કારણ કે તે કોઈને પરેશાન કરતી નથી. પરંતુ લોકોને ઘણીવાર રાત્રે એકલા ત્યાં ન જવાની સલાહ આપવામાં આવે છે. આ ચાલમાં બીજું ભૂત એક રક્ષકનું છે, જે ઘણીવાર એક ઝાડ પાસે જોવા મળે છે. તે રાત્રે ત્યાં હોય તેવું લાગે છે કારણ કે, લોકોએ ઘણીવાર તેને આ વિસ્તારની સુરક્ષા કરતાં પણ જોયો છે.

આમાંની કેટલી વાતો સાચી છે, તે ફક્ત તે લોકો જ કહી શકે છે જેમણે આ બધું જોયું છે. જ્યારે અમુક લોકો આ વાતો પર વિશ્વાસ કરતા નથી. તેમ છતાં, ડી'સોઝા ચાલ મુંબઈની ભૂતિયા જગ્યાઓમાંની એક છે.

**સેન્ટ જોન્સ બાપ્ટિસ્ટ ચર્ચ:-**

મુંબઈના અંધેરીમાં આવેલું સેન્ટ જોન્સ બાપ્ટિસ્ટ ચર્ચ ૧૮૪૦માં મહામારી પછી ત્યજી દેવામાં આવ્યું હતું. ૧૬મી સદીમાં બનેલ આ ચર્ચની સાથે ઘણી ભૂતપ્રેતની વાર્તાઓ જોડાયેલી છે. સેન્ટ જોન્સ બાપ્ટિસ્ટ ચર્ચ, સદીઓ જૂનું પોર્ટુગીઝ ચર્ચ છે જે એક સમયે એક યુવાન કન્યાના આત્માનું નિવાસસ્થાન હતું. ચર્ચની નજીક આવતા લોકોને તે ત્રાસ આપતી હતી. આ ચર્ચમાં વર્ષમાં ફક્ત એક જ પ્રાર્થના સભા યોજાય છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, ૧૯૭૭માં કન્યાના ભૂતથી છૂટકારો મેળવવા માટે એક વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ-જેમ પાદરી બાઈબલમાંથી પંક્તિઓ વાંચતા ગયા તેમ-તેમ પહેલા અટ્ટ હાસ્ય અને પછી જોરથી વિલાપ કરતો અવાજ સંભળાયો પછી આ અજાણ્યો રડવાનો અવાજ બંધ થઈ ગયો અને અચાનક ચર્ચની બાજુના તળાવમાં જોરથી કોઈના પડવાનો અવાજ આવ્યો. પછી બધું શાંત થઈ ગયું. બીજા દિવસે તળાવમાં બધી માછલીઓ મૃત અવસ્થામાં સપાટી પર તરતી જોવા મળી હતી.

પાદરીના જણાવ્યા મુજબ, તે એક નવપરિણીત સ્ત્રીનું ભૂત હતું જેણે લગભગ ૩૦૦ વર્ષ પહેલાં આત્મહત્યા કરી લીધી હતી અથવા તેની હત્યા કરવામાં આવી હતી. પરંતુ આ પછી, તે ફરી ક્યારેય જોવા નથી મળી. દુલ્હનના બે વાર થયેલા અપમૃત્યુના કારણે મુંબઈના ડરામણા ભૂતિયા સ્થળોમાં આ ગણાય છે.







**સંજય ગાંધી નેશનલ પાર્ક:-**

મુંબઈમાં આવેલું લીલુછમ સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન શહેરના સૌથી વધુ ફરવાલાયક આકર્ષણોમાંનું એક છે. ખડકોથી કોતરેલી રચનાઓ, રાષ્ટ્રીય ઉદ્યાનની સમૃદ્ધ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ તથા કાનેહરી ગુફાઓ અહીંના લોકપ્રિય આકર્ષણો છે. સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનમાં દરરોજ પ્રકૃતિ પ્રેમીઓની ભીડ હોવા છતાં, તેની એક ભૂતિયા વાર્તા પણ છે જે શાંત સ્વરમાં સંભળાય છે.

ખાસ કરીને રાત્રે અહીંના સ્થાનિક




લોકો દાવો કરે છે કે તેમણે પેરાનોર્મલ પ્રવૃત્તિઓ અને ભૂત જોયું છે, કહેવાય છે કે રાત્રે એક મહિલા દેખાય છે જે અહીં લિફ્ટ માંગે છે પછી અચાનક હવામાં ઓગળી જાય છે. સેંકડો મુલાકાતીઓએ આ નેશનલ પાર્કના અલગ અલગ ભાગમાં જુદી-જુદી જગ્યાઓએ આવો બિહામણો આકાર જોયો હોવાનો અનુભવ કરેલ છે.

**આરે મિલ્ક કોલોની:-**

ગોરેગાંવના ઉપનગરોમાં આવેલી આ વસાહત તેની કુદરતી સુંદરતા માટે જાણીતી છે જ્યાં પરિવારો પિકનિક માટે આવે છે અને આનંદ માણે છે. તેની હરિયાળી અને વૃક્ષોથી ઘેરાયેલા રસ્તાઓ માટે પણ આ સ્થળ જાણીતું છે. છતાં, આ કોલોનીને ભૂતિયા માનવામાં આવે છે. રાત્રે તમને અહીંના રસ્તાઓ ઉજ્જડ જોવા મળશે. જ્યારે તમે તે રસ્તાઓ પરથી પસાર થાવ છો ત્યારે તમને એક વિચિત્ર અને ભયાનક અનુભૂતિ થાય છે. ઘણા લોકોએ એક વાર નહીં પરંતુ ઘણી વાર આ અનુભવ કર્યો છે.

ઘણીવાર મુસાફરો ટ્રાફિકથી બચવા માટે અહીંથી પસાર થાય છે. પરંતુ કેટલીક ડરામણી ઘટનાઓના કારણે લોકોની સંખ્યા ઘટી છે. લોકો કહે છે કે તેઓએ ઘણીવાર અહીં બાળકોના રડવાનો અથવા મહિલાના રડવાનો અવાજ સાંભળ્યો છે. ઘણા લોકો દાવો કરે છે કે તેઓએ એક મહિલાને લિફ્ટ માંગતી અને પછી ગાયબ થતી જોઈ છે. ઘણા ઓટો ડ્રાઈવરો આ જ કારણસર મોડી રાત્રે આ રસ્તા પર જવા આના-કાની કરે છે. ગોરેગાંવમાં હોવાથી આ કોલોનીમાં અને તેની આસપાસ ઘણી ફિલ્મોના શૂટિંગ થયા છે. વૃક્ષોથી ઘેરાયેલો આ વિસ્તાર એકદમ ઉજ્જડ અને ઝાંખો પ્રકાશ ધરાવતો હોવાથી તે ભૂતિયા ન હોય તો પણ ભૂતિયા જેવો કેમ લાગે છે તે આપણે જાણતા નથી. પરંતુ આરે મિલ્ક કોલોનીને પણ મુંબઈની ભૂતિયા જગ્યાઓમાં ગણવામાં આવે છે. એક અહેવાલ મુજબ સરકાર દ્વારા પ્રતિબંધ હોવા છતાં પણ અહીં લોકો જંગલમાં જાદુ-ટોના જેવી પ્રવૃત્તિઓ કરતાં હોય છે.

**મુંબઈ હાઈકોર્ટ:-**

બોલિવૂડ ફિલ્મો પર વિશ્વાસ કરવામાં આવે તો કોર્ટરૂમમાં ક્યારેય કંટાળાજનક ક્ષણો હોતી નથી. પરંતુ અહીંની વાસ્તવિકતા કલ્પના કરતાં કંઈક અલગ છે સામાન્ય રીતે એક કોર્ટને ડરામણી જગ્યા માનવી એ બહુ અઘરી વાત લાગે છે.

આ જગ્યા મુંબઈ શહેરની એક પ્રતિષ્ઠિત ઈમારત છે, ગોથિક સ્થાપત્ય કલાનો નમૂનો ગણાતી મુંબઈ હાઈકોર્ટ ઈમારતનું ૧૮૬૨માં ઉદ્દઘાટન કરાયેલ. તે ભારતની સૌથી જૂની હાઈકોર્ટમાંની એક છે. તદ્ઉપરાંત સ્વતંત્રતા પછી ભારતના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ, પ્રથમ એટર્ની જનરલ અને સોલિસિટર જનરલ પણ આ હાઈકોર્ટે જ આપ્યા હોવાનો ગૌરવપૂર્ણ ઈતિહાસ ધરાવે છે. તેમ છતાં બોમ્બે હાઈકોર્ટને ભૂતિયા સ્થળ તરીકે માનવામાં આવે છે.

સ્થાનિક લોકો કહે છે કે, ગુનામાં પકડાયેલ ગુનેગાર કે વકીલનો આત્મા આ કોર્ટરૂમમાં ફરે છે. તે ખૂનના આરોપીઓ સાથે કર્કશ અવાજમાં વાત કરી તેમને ડરાવે છે. તે તેમને કોર્ટરૂમમાં પ્રવેશતાં પણ ડરાવે છે. એવું કહેવાય છે કે આ આત્મા ૩૦ વર્ષથી અહીં અસ્તિત્વમાં છે પરંતુ લોકો જાણતા નથી કે તે ખરેખર કોણ છે! શું એ કોઈ વકીલ હતો જેને પોતાની નોકરી એટલી બધી ગમે છે કે તે અહીંથી ક્યાંય જતો નથી? કે પછી કોઈને ખોટી રીતે ખૂનનો દોષી ઠેરવવામાં આવ્યો હતો? આનો કોઈ ચોક્કસ જવાબ મળતો નથી.




**નાસેરવાંજ વાડી:-**

માહિમમાં આવેલી આ રહેણાંક જગ્યામાં તેનો માલિક તેના મૃત્યુ બાદ પણ રહેતો હોવાની વાત છે. નસેર નામના એક પારસીની મિલકત ગણાતી આ નાસેરવાંજ વાડી માહિમ સ્ટેશનને અડીને આવેલી જગ્યા છે. લગભગ બે દશકા પહેલાં નસેરને બહુ જ ઘાતકી રીતે મારીને નજીકના એક કૂવામાં ફેંકી દેવામાં આવ્યો હતો.

આ વાડીની નજીકમાં રહેવાવાળા



લોકો એવો દાવો કરે છે કે, તેઓએ નસેરના આત્માને આ વાડીની રખેવાળી કરતાં જોયો છે. ભલે આપણને આ મનાય કે ન મનાય પણ નસેરને એક ચીવટવાળો મકાન માલિક તો જરૂર કહી શકીએ.

આ કમ્પાઉન્ડમાં એક કૂવો હતો. મિલકત પ્રત્યેનો પ્રેમ અને સ્નેહને કારણે નસેરનું ભૂત આ જગ્યા છોડતું ન હતું. જે રાત્રે અહીંથી પસાર થતા લોકોને ત્રાસ આપે છે. લોકો આ મિલકતને શાપિત માને છે. નાસેરના મૃત્યુ પછી ટૂંકા ગાળામાં સાતથી વધુ લોકો અકુદરતી રીતે મૃત્યુ પામ્યાં હતાં એટલે રહેવાસીઓને લાગ્યું કે નસેરનું ભૂત કૂવાની આસપાસ ફરે છે. તેથી તેઓએ કૂવાને ઢાંકી દીધો છે. છતાં તેઓ કોઈપણ સંજોગોમાં રાત્રે કૂવા પાસે જતા નથી.







**પૂનમ ચેમ્બર્સ:-**

વરલીમાં સ્થિત, પૂનમ ચેમ્બર્સ કદાચ શહેરમાં સૌથી વધુ દુર્ઘટના-સંભવિત સ્થળ છે. ખાસ કરીને ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટો અને ૧૯૯૭માં બી-વિંગના પતન પછી, અહીં વિચિત્ર અને પેરાનોર્મલ ઘટનાઓ ઘટે છે.

અહીં રાતની શિફ્ટમાં કામ કરતા ચોકીદાર અને કર્મચારીઓને પૂનમ ચેમ્બર્સની કુખ્યાત બી-વિંગમાં દરવાજા ખખડાવવા જેવી ભયાનક ઘટનાઓનો અનુભવ થઈ ચૂક્યો છે. એવું કહેવાય છે કે ૧૯૯૩ અને ૧૯૯૭માં અહીં જે લોકો દુ:ખદ રીતે માર્યા ગયા હતાં તેઓનો આત્મા આ માટે જવાબદાર છે. ઈમારતના મેનેજમેન્ટે આ ઘટનાઓને ગંભીરતાથી લીધી છે અને રાત્રે બી વિંગમાં જવા માટે મનાઈ ફરમાવી છે.

**એસ.એન.ડી.ટી ગર્લ્સ કોલેજ:-**

જુહુ ખાતે આવેલી મુંબઈની આ પ્રખ્યાત એસ.એન.ડી.ટી ગર્લ્સ કોલેજ એની બહુચર્ચિત છૂપી વાતો લઈ આવે છે. મુંબઈની જૂની SNDT ગર્લ્સ કોલેજના ખંડેરોમાં એક શિક્ષિકાના આત્માનો વાસ હોવાનું કહેવાય છે. વર્ગખંડમાં સ્ત્રી ભૂત ગુણાકાર અને કોષ્ટકો વાંચતી સંભળાય છે, ત્યારબાદ થપ્પડ મારવાના અને બાળકોના રડવાના પણ અવાજો આવે છે. કોલેજમાં આ ભૂત રાત્રિના ૨ વાગ્યે સૌથી વધુ સક્રિય હોવાનું કહેવાય છે.

થોડા વર્ષો પહેલાં, અમુક છોકરાઓએ આ અવાજ પાછળનું કારણ શોધવાનું નક્કી કર્યું. જેમ-જેમ તેઓ જર્જરિત ઈમારતો પાસે આવ્યા, ત્યાં તો શાંતિ છવાઈ ગઈ. હાજરી પૂરવાની પણ બંધ થઈ ગઈ છે એમ વિચારીને, આ છોકરાઓ ઘરે ગયા ત્યારબાદ ફરી રડવાના અવાજો આવવા લાગ્યા હતાં. આનું કારણ શોધવા માટે પાછા જવાની પછી હિંમત કોઈની નહોતી.

**આશીર્વાદ બંગલો :-**

કાર્ટર રોડ પર બાન્દ્રા ખાતે આવેલ બહુ પરિચિત આ બંગલો એક જમાનાના સુપરસ્ટાર રાજેશ ખન્નાના ઘર તરીકે જાણીતો છે. સ્થાનિકો સિવાય બહુ ઓછા લોકોને ખબર હશે કે, આ બંગલો પણ મુંબઈની એક ડરામણી જગ્યા છે. અહીંના નોકરો અને વ્યવસ્થાપકો આ સ્વર્ગીય અદાકારના સ્વાસ્થ્યને લગતી આફતો માટે આ ઘરમાં ભૂત હોવાનો આક્ષેપ કરે છે.

મુંબઈ માટે કહેવાય છે, 'રાતકો બારહ બજે દિન નિકલતા હૈ સુબહકો છે બજે રાત હોતી હૈ,' પ્રમાણમાં મુંબઈ રાત્રે સલામત જ છે. પરંતુ કેટલીક જગ્યાઓથી દૂર રહીએ એમાં જ શાણપણ છે. સલામત રહીએ, સ્વસ્થ રહીએ અને મસ્ત રહીએ.



■ કૃપાલી પટેલ



# જીવનથી પ્રેરિત કળાના અનોખા આર્ટિસ્ટ
# કાનન ખાંટ

જેમનાં અનેક સોલો આર્ટ એક્ઝિબિશન્સ જહાંગીર આર્ટ ગેલેરી, નહેરુ આર્ટ ગેલેરી, કમલ નયન બજાજ આર્ટ ગેલેરી જેવી પ્રતિષ્ઠિત આર્ટ ગેલેરીમાં યોજાઈ ચૂક્યા છે તથા 'વર્લ્ડ આર્ટ ફેર-દુબઈ'થી માંડીને વિદેશોના અનેક આર્ટ એક્ઝિબિશન્સમાં પણ જેમનાં પેઈન્ટિંગ્સ અનેક કલાપ્રેમીઓનાં ઘરો સુધી પણ પહોંચ્યાં છે એવાં, મુંબઈ સ્થિત આર્ટિસ્ટ કાનન ખાંટના કલાજગતની કલાત્મક સફર આ રહી...

તેમણે ઘણાં ગ્રૂપ આર્ટ એક્ઝિબિશન્સમાં પણ ભાગ લીધો છે. કાનનનાં આર્ટ એક્ઝિબિશનની મુલાકાત વિવિધ ક્ષેત્રની નામાંકિત હસ્તીઓએ લઈને તેમના આર્ટ વર્કને બિરદાવ્યું છે. કાનને ૨૦૨૨માં દુબઈના વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં યોજાયેલા 'વર્લ્ડ આર્ટ ફેર'માં પણ પોતાનાં પેઈન્ટિંગ્સનું પ્રદર્શન યોજેલું. ૨૦૨૫માં પણ હોંગકોંગમાં યોજાયેલા 'અફોર્ડેબલ આર્ટ એક્ઝિબિશન'માં તેમણે ભાગ લીધો હતો. અહીં તેમનાં પેઈન્ટિંગ્સ વિદેશીઓને પણ પસંદ આવ્યા હતા અને વેચાયા પણ હતાં. કાનનનાં આર્ટ એક્ઝિબિશન્સ યોજાય ત્યારે ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજી સહિત વિવિધ ભાષાઓના માધ્યમોમાં પણ એની નોંધ લેવાતી હોય છે.

કાનનના કરીયરની શરૂઆત વિખ્યાત અંગ્રેજી અખબાર 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' જૂથનાં 'ફેમિના' મેગેઝિનમાં આર્ટિસ્ટ તરીકે થયેલી. ત્યાં પાંચ વર્ષ સુધી ફરજ બજાવ્યા પછી બે દાયકા અગાઉ તેમણે ઈન્ડિવિઝ્યુઅલ આર્ટિસ્ટ તરીકે પેઈન્ટિંગ્સ બનાવવાનું શરૂ કર્યું હતું.

કાનનનું એક્ઝિબિશન દેશની ટોચની આર્ટ ગેલેરીમાં સ્થાન ધરાવતી મુંબઈની વિખ્યાત જહાંગીર આર્ટ ગેલેરીમાં યોજાયું હતું એ વખતે તેમણે 'માયા' સીરિઝના પેઈન્ટિંગ્સ કલાચાહકો માટે પ્રદર્શિત કર્યા હતાં. કાનનનાં એક્ઝિબિશનને કલારસિકોનો બહુ જ ઉમળકાભર્યો પ્રતિસાદ મળેલો. દેશવિદેશના સંખ્યાબંધ કલાચાહકો તથા વિવિધ ક્ષેત્રોની અનેક નામાંકિત પ્રતિભાઓએ કાનનના એક્ઝિબિશનની મુલાકાત લઈ કાનનનાં પેઈન્ટિંગ્સની પ્રશંસા કરી હતી. 'ઈન્ડિયા આર્ટ ફેર'માં પણ તેમની કલાકૃતિઓ કળાચાહકોને પસંદ આવી હતી.




મુંબઈની પ્રખ્યાત નિર્મલ નિકેતન કોલેજમાં કમર્શિયલ આર્ટનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની કાનન ખાંટ ઍડ એજન્સીઝ તથા એનિમેશન ફિલ્મ સ્ટુડિયોમાં આર્ટ ડિરેક્ટર તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે. તેઓ ૨૦૧૫થી ઈન્ડિપેન્ડન્ટ આર્ટિસ્ટ તરીકે કામ કરી રહ્યાં છે. અનેક એક્ઝિબિશન્સમાં તેઓ પોતાની કળાનું પ્રદર્શન કરી ચૂક્યા છે.





કાનનની કલાકૃતિઓએ ભારત અને વિદેશના અનેક કલાપ્રેમીઓના હૃદયમાં વિશેષ સ્થાન મેળવ્યું છે. હાલમાં તેઓ એક વેબ સીરિઝમાં આર્ટ ડિરેક્ટર તરીકે કામ કરી રહ્યાં છે.

તેમનાં 'માયા' શ્રેણીનાં પ્રદર્શનને મુલાકાતીઓ દ્વારા અદ્‌ભૂત પ્રતિસાદ મળ્યો હતો. નેશનલ સ્ટોક એક્ચેન્જના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી આશિષકુમાર ચૌહાણથી માંડીને વિખ્યાત અભિનેતા મનોજ જોશી, નેહા મહેતા, સુજાતા મહેતા તથા વિન્દુ દારા સિંઘ કાનનના પેઈન્ટિંગ્સની પ્રશંસા કરી ચૂક્યા છે.

નેહરુ આર્ટ ગેલેરીમાં કાનનનાં આર્ટ એક્ઝિબિશન્સનું ઓપનિંગ કરી ચૂકેલા અને કાનનનાં અન્ય આર્ટ એક્ઝિબિશન્સમાં પણ હાજરી આપી ચૂકેલા સુપ્રસિદ્ધ અભિનેત્રી નેહા મહેતા કહે છે કે 'હું કાનનની કલાની ચાહક છું. તેમનાં ઘણાં-બધાં એક્ઝિબિશન્સમાં હું હાજરી આપી ચૂકી છું. મારી સોલ સિસ્ટર સમાન ફ્રેન્ડ કાનનના પેઈન્ટિંગ્સ જીવંત હોય છે. તેમની પેશન મેં જોઈ છે. મને તેમનાં બધા પેઈન્ટિંગ્સ ખૂબ જ ગમે છે, તેમણે પ્રાચીન સમયની નાયિકાઓનાં જે ચિત્રો દોર્યાં છે એ તો અદ્‌ભૂત છે. કાનનને મેં આ ચિત્રોનું સર્જન કરતાં જોયાં છે. તેઓ એવા કલાકાર છે જે કલા સાથે જીવે છે. તેમની કલાનું સિંચન તેમણે આ પેઈન્ટિંગ્સમાં કર્યું છે.'

'ફીલિંગ્સ'ની મુંબઈ આવૃત્તિ માટે પોતાની ખાસ મુલાકાત દરમિયાન કાનન કહે છે કે, 'આર્ટ મારા માટે પેશન છે. હું ક્યારેક એક વર્ષે એક જ પેઈન્ટિંગ બનાવું છું તો ક્યારેક એક સપ્તાહ કે એક પખવાડિયામાં પણ એક પેઈન્ટિંગ પૂરું કરું છું. મને જ્યારે અંદરથી ઈચ્છા થાય એ વખતે જ હું ચિત્રો દોરવા માટે બેસું છું.'

'માયા' શ્રેણી પાછળની પોતાની વિચારપ્રક્રિયા વિશે કાનન કહે છે કે, 'મેં આધ્યાત્મિક અને પૌરાણિક કથાઓમાં નારીતત્વોને જોડવાનો પ્રયત્ન કર્યો છે. માયા સીરિઝમાં મેં કલમકારી કલા સ્વરૂપને અપનાવ્યું છે. ઘણા લોકોને કદાચ ખબર નહીં હોય કે, વર્ષો પહેલાં જે કલાકારો ગામડે-ગામડે જતાં હતાં, તેઓ તેમની વાર્તાઓ કહેવા માટે કલમકારી ચિત્રકલાનો ઉપયોગ કરતા હતા. હું પણ મારી કલા દ્વારા વાર્તા કહું છે. હું આજીવન વિદ્યાર્થી તરીકે સતત કંઈક ને કંઈક નવું શીખી રહી છું. પ્રયોગો કરી રહી છું.'

વધુમાં તેઓ કહે છે કે, 'દરેક કલાકારનું સપનું હોય છે કે જહાંગીર આર્ટ ગેલેરી, નેહરુ સેન્ટર અને કમલનયન બજાજ જેવી અત્યંત પ્રતિષ્ઠિત આર્ટ ગેલેરીઝમાં પોતાના પેઈન્ટિંગ્સનું સ્વતંત્ર પ્રદર્શન યોજાય. મારાં એ સપનાં પૂરાં થયાં છે એટલે હું ખૂબ જ આનંદ અનુભવું છું. ઘણા કલાકારો સામાન્ય રીતે એક 'થીમ' પસંદ કરી તેની આસપાસ આર્ટવર્કસ બનાવે, પરંતુ મારી કળા જીવનથી પ્રેરિત છે. જ્યાં જીવન પોતે જ એક વૈવિધ્યસભર રહસ્ય છે એટલે મારા આર્ટવર્કમાં પણ એકથી વધારે થીમ્સ રિફ્લેક્ટ થાય છે. જે જીવનની વિવિધ અર્થચ્છાયાઓ અને લાગણીઓને પ્રતિબિંબિત કરે છે.

મેં પૌરાણિક કથાઓની સ્ત્રીઓને તેમના મુક્ત સ્વરૂપોમાં સન્માનિત કરતી એક થીમ બનાવી છે. મને મારી કળામાં પ્રયોગો કરવા ગમે છે, હું સતત શીખતી રહી છું. મારા આર્ટવર્કસ ભારતના ભૂતકાળનું સન્માન કરે છે અને વર્તમાનમાં સ્થાપિત રહેવા મદદ કરે છે. ઉદાહરણ તરીકે, મેં કલમકારી આર્ટનો ઉપયોગ કરીને જે પેઈન્ટિંગ્સ બનાવ્યાં છે તે સ્ત્રીત્વ પર કેન્દ્રિત છે. મહિલાઓ પર 'કલર પાવર' કેવો દેખાય તે વ્યક્ત કરવાની મારી આ રીત છે! બીજી વસ્તુ જે તમે મારા આર્ટવર્કસમાં જોશો તે છે બ્યુટિફૂલ લેન્ડસ્કેપ્સ અને દ્રશ્યો. મારી કલાયાત્રામાં મેં એ સઘળું જોયું છે. પેઈન્ટિંગ્સ દ્વારા હું હિમાચલ પ્રદેશના સ્પિટી જેવા સ્થળોને ફરીથી જીવવાનો પ્રયાસ કરી રહી છું!'

**પ્રખ્યાત વૈજ્ઞાનિક અને ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટીના અધ્યક્ષ ડોક્ટર જે.જે. રાવલ, નેશનલ સ્ટોક એક્ચેન્જના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર આશિષકુમાર ચૌહાણ, પ્રખ્યાત આર્ટિસ્ટ પૃથ્વી સોની, 'તારક મેહતા કા ઊલટા ચશ્માં' સિરિયલના પ્રોડ્યુસર આસિતકુમાર મોદી અને નીલા મોદી, 'ખુદાગવાહ' ફેમ બોલિવૂડ પ્રોડ્યુસર અને 'મરાઠા મંદિર' તથા 'ગેલેક્સી' થિયેટરના માલિક મનોજ દેસાઈ, વિશ્વવિખ્યાત સેક્સોલોજિસ્ટ અને કલાચાહક, આર્ટ પીસ સંગ્રહક પદ્મશ્રી ડૉ. પ્રકાશ કોઠારી, ઈન્ડો-યુએસ કલ્ચરલ કાઉન્સિલના ફાઉન્ડર પ્રેસિડન્ટ અને વિખ્યાત સંતૂરવાદક સ્નેહલ મુઝુમદાર, બોલિવૂડ અને ટેલિવૂડના પ્રસિદ્ધ કલાકારો પદ્મશ્રી મનોજ જોશી, દયાશંકર પાંડે, નેહા મહેતા, સુજાતા મહેતા, તન્મય વેકરિયા, કિરણ ભટ્ટ (તારક મેહતા... સીરિયલના બાઘા બોચ અને નટુકાકા), જિમીત ત્રિવેદી, 'સીઆઈડી' ટીવી સીરિયલના અભિનેતા ઋષિકેશ પાંડે તથા મીનળ પટેલ અને અભિનેતા-દિગ્દર્શક અરવિંદ વેકરિયા, ફિલ્મ દિગ્દર્શક અભિષેક જૈન, નાટ્યનિર્માતા મનોજ શાહ, પ્રખ્યાત ગાયક-સંગીતકાર ઉદય મઝુમદાર, જાણીતાં ગાયિકા શ્રદ્ધા શ્રીધરાણી, કેન્દ્રીય સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા-સુખ્યાત સાહિત્યકાર વર્ષા અડાલજા, જાણીતાં લેખિકા ગીતા માણેક, જાણીતાં આર્ટિસ્ટ માધવી અડાલજા સહિત વિવિધ ક્ષેત્રોની નામાંકિત વ્યક્તિઓ કાનનના જુદાંજુદાં એક્ઝિબિશન્સની મુલાકાત લઈ ચૂકી છે.**

વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક અને ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટીના અધ્યક્ષ ડોક્ટર જે.જે. રાવલ કહે છે કે, 'કાનનબેનનાં ચિત્રોમાં આધ્યાત્મિકતા જોવા મળે છે. ઈશ્વરના આશીર્વાદ હોય તો જ આટલું અદ્‌ભૂત કલાસર્જન થઈ શકે.' વિશ્વવિખ્યાત સેક્સોલોજીસ્ટ ડોક્ટર પ્રકાશ કોઠારી કાનનનાં અનેક આર્ટ એક્ઝિબિશન્સની મુલાકાત લઈ ચૂક્યાં છે. તેમણે કમલનયન બજાજ આર્ટ ગેલેરીમાં કાનનના એક્ઝિબિશન્સની મુલાકાત વખતે કહ્યું હતું કે, 'કાનનનાં પેઈન્ટિંગ્સમાં ખૂબ સુંદર કળા છે. આ પેઈન્ટિંગ્સ જીવંત લાગે છે, તમે જોઈ શકો છો કે તેણે દરેક વસ્તુની વિગતવાર કાળજી લીધી છે અને ફ્રેમિંગ પણ ખૂબ જ અનન્ય છે! આ બધું બતાવે છે કે કાનને એમાં પૂર્ણપણે પોતાનો જીવ રેડી દેવાનો પ્રયત્ન કર્યો છે.' તેમણે કાનનની કલાને બિરદાવ્યા પછી એક શેર કહ્યો હતોઃ 'ક્યા ખૂબ ઉતારી હૈ મુદદસર યે તસવીર દેખી ન સુની ઐસી તો પ્યારી તસવીર. અરે જબ હાથ લગાતા હું તો જી ડરતા હૈ કહીં કુછ કહ ન બૈઠે યે તસવીર!' પછી તેમણે ઉમેર્યું હતું, 'કાનન મારી જૂની ફ્રેન્ડ છે. મેસેજ એ છે કે આ કળા છે. એક ભાવ છે જે અંદરથી ઉભરી આવે છે. 'માયા'ના એક-એક પેઈન્ટિંગ્સમાં કાનનજીએ જે કલર કોમ્બિનેશન્સ દર્શાવ્યાં છે એ અદ્‌ભૂત છે.'



૨૦૨૨માં દુબઈના 'વર્લ્ડ ટ્રેડ સેન્ટર'માં આયોજિત થયેલાં 'દુબઈ વર્લ્ડ આર્ટ ફેર'માં વિશ્વના જુદા-જુદા દેશોના કલાકારોને પોતાની કલા પ્રદર્શિત કરવાની તક મળી હતી. એમાં કાનન ખાંટનો પણ સમાવેશ થયો હતો. 'દુબઈ વર્લ્ડ આર્ટ' ફેરમાં તેઓના પેઈન્ટિંગ્સનું જે જગ્યાએ પ્રદર્શન યોજાયું હતું ત્યાં તેમની સાથે અન્ય બે ભારતીય કલાકારો મૌસુમી સરકાર અને રીના ચોપરા પણ હતાં (રીના ચોપરા બોલિવૂડની વિખ્યાત અભિનેત્રી પરિણીતી ચોપરાનાં માતા છે). આ આર્ટ ફેરમાં પણ કાનને કલમકારી શૈલીમાં બનાવેલાં 'માયા' સીરિઝના પેઈન્ટિંગ્સનું પ્રદર્શન કર્યું હતું જેની મુલાકાત સેંકડો કલાપ્રેમીઓએ લીધી હતી.

દુબઈમાં દર વર્ષે યોજાતા 'વર્લ્ડ આર્ટ ફેર'માં પોતાની કલાનું પ્રદર્શન કરવાની ઝંખના અને મહત્વકાંક્ષા કેટલાય આર્ટિસ્ટ્સની હોય છે. આ વર્લ્ડ આર્ટ ફેરમાં સેંકડો આર્ટિસ્ટ્સ પૈકી આંગળીના વેઢે ગણાય એટલા કલાકારોને તેમનાં આર્ટપીસ સાથે રેમ્પવોક કરવાની તક મળી હતી એમાં કાનનનો સમાવેશ થયો હતો.

કાનન કહે છે કે, 'મુંબઈમાં મારાં અનેક આર્ટ એક્ઝિબિશન્સ યોજાયાં છે, પરંતુ વિદેશમાં એ મારું પ્રથમ એક્ઝિબિશન હતું. દુબઈના વર્લ્ડ આર્ટ ફેરમાં મારી કલાનું પ્રદર્શન કરવાની તક મળી એનો રોમાંચ અનેરો છે. મને અહીં અલગ-અલગ દેશોના કેટલાય કલાકારોને મળવાની, તેમની કલાને માણવાની તથા તેમની આર્ટ બનાવવાની પદ્ધતિ જાણવાની તક મળી હતી. ઘણા આર્ટિસ્ટ સાથે પરિચય થયો. કેટલાક સાથે તો મિત્રતા પણ થઈ. વૈશ્વિક મંચ પર પોતાની કલાનું પ્રદર્શન કરવાનું મારું એ સપનું સાકાર થયું એનો મને વિશેષ આનંદ છે.

કાનનનાં 'માયા' સીરિઝનાં પેઈન્ટિંગ્સ ખરીદનારા 'તારક મેહતા કા ઊલટા ચશ્મા' ટીવી સિરિયલનાં પ્રોડ્યુસર્સ આસિતકુમાર મોદી અને નીલા મોદીએ કહ્યું હતું કે, 'કાનનનાં 'માયા' સીરિઝનાં પેઈન્ટિંગ્સમાં એક અનેરું આકર્ષણ છે. અને આ થીમ અંતર્ગત બનેલા પેઈન્ટિંગ્સ કંઈક જુદાં જ પ્રકારનાં છે.'

'ખુદાગવાહ' ફિલ્મના પ્રોડ્યુસર અને મુંબઈના સૌથી જૂના 'મરાઠા મંદિર' તથા 'ગેઈટી-ગલેક્સી' સહિત અનેક થિયેટર્સના માલિક મનોજ દેસાઈ પણ કાનન ખાંટના ચિત્રો નિહાળીને પ્રભાવિત થયા હતાં. તેઓ કહે છે કે, 'આવા ચિત્રો બનાવવા માટે અંદરથી ખૂબ જ વલોવાઈ જવું પડે જે કાનન ખાંટનાં પેઈન્ટિંગ્સમાં દેખાય છે. મેં ઘણી બધી આર્ટ ગેલેરીઝની મુલાકાત લીધી છે. ઘણા પેઈન્ટિંગ્સ જોયા છે પરંતુ કાનનનાં પેઈન્ટિંગ્સ અલગ જ પ્રકારના છે. ઈશ્વરે કલાસર્જન માટે આશીર્વાદ આપ્યા હોય એ જ કલાકાર આવા અદ્‌ભૂત ચિત્રો કેનવાસ પર ઉતારી શકે. કાનનબેનની કલાસફર તેમને હજી ખૂબ ઊંચાઈ પર લઈ જશે એવી મને ખાતરી છે.'

કાનનનાં આર્ટ એક્ઝિબિશનની મુલાકાત લીધાં પછી પ્રખ્યાત સાહિત્યકાર વર્ષા અડાલજાએ કહ્યું હતું કે, 'હું કાનનને ઘણા વર્ષોથી ઓળખું છું. તેને પોતાને ફૂલોની જેમ ખીલતા મેં જોઈ છે. તે સ્ટુડન્ટ હતી ત્યારથી હું તેને ઓળખું છું અને મેં તેને એક જબરદસ્ત પેશન સાથે કલાની સાધના કરતી જોઈ છે. જે કામ હાથમાં લીધું હોય એ કલાકો સુધી થાક્યા વિના કરતા રહેવું એ કાનનની ભીતરના કલાકારનો ગુણ રહ્યો છે એમ હું કહીશ.'

જાણીતાં અભિનેત્રી મીનળ પટેલ કહે છે કે, 'મને કાનનનાં પેઈન્ટિંગ્સનું એક્ઝિબિશન્સ જોઈને બહુ જ ખુશી થાય છે. કાનન મારી ફ્રેન્ડ છે. એનો મને ગર્વ છે. તે એક-એક પેઈન્ટિંગ્સમાં જે કલર અને એના શેડ્સ વાપરે છે તેનું અદ્‌ભૂત સંયોજન હોય છે.'





'ભૂલભૂલૈયા' અને '૧૦૨ નોટ આઉટ' જેવી ફિલ્મોમાં અભિનય કરી ચૂકેલા અને અનેક ટીવી સિરિયલ્સમાં લીડ રોલ કરી ચૂકેલા પ્રખ્યાત અભિનેતા જિમિત ત્રિવેદીએ નહેરુ આર્ટ ગેલેરીમાં કાનનના આર્ટ એક્ઝિબિશનની મુલાકાત પછી કહ્યું હતું કે, 'આ એક્ઝિબિશનની મુલાકાતમાં કાનન ખાંટના અનોખા ચિત્રો જોયા પછી મને લાગે છે કે હું એક અલગ દૃષ્ટિકોણથી મારી જિંદગીની નવી શરૂઆત કરીશ.' તો બોલિવૂડના જાણીતા અભિનેતા દિનેશ લાંબાએ કહ્યું હતું કે, 'કાનન ખાંટ અદ્‌ભૂત પેઈન્ટિંગ્સ બનાવે છે. તેમનાં એક્ઝિબિશનની પ્રથમ વાર મુલાકાત લીધા પછી ખરેખર અચંબો થયો હતો કે કાનન આટલા સારા પેઈન્ટિંગ્સ બનાવે છે!'

જાણીતાં લેખિકા ગીતા માણેક કહે છે કે, 'કાનનની ભાષા સૌમ્ય અને મૃદુ છે, પણ તેનાં પેઈન્ટિંગ્સ બહુ બોલકા છે. કાનનના પેઈન્ટિંગ્સ તમને બહારથી ભીતર તરફ જવા પ્રેરિત કરે છે કારણ કે એ ભીતરથી આવીને બાહ્ય અભિવ્યક્તિ પામ્યા છે. તેના પેઈન્ટિંગ્સમાં દિવ્ય, અલૌકિક કે આધ્યાત્મિક રંગ નજરે પડે છે અને સ્પર્શે છે. તેનાં ચિત્રો એટલું બધું બોલે છે કે, તમે બસ તેને સાંભળ્યા કરો. આ માત્ર પેઈન્ટિંગ્સ નથી જીવનની એક કવિતા છે. એક ગીત છે. એક ભાવના છે.'

'તારક મેહતા કા ઊલટા ચશ્માં'માં 'બાઘા બોય'ના પાત્ર થકી પ્રખ્યાત બનેલા અભિનેતા તન્મય વેકરિયા કહે છે કે, 'કાનન ખાંટ મારા માટે ફેમિલી મેમ્બર સમાન છે. કાનનનું આર્ટવર્ક અદ્‌ભૂત છે. તેમનાં બધાં જ પેઈન્ટિંગ્સ જાણે હમણાં બોલી ઊઠશે એવું લાગે છે. તેમના દોરેલા દરેક ચિત્રો દર્શાવે છે કે તેમના હાથમાં અદ્‌ભૂત કળા છે. અને બધા જ પેઈન્ટિંગ્સ જાણે પોતાની કોઈને કોઈ વાર્તા કહી રહ્યા છે.'

જહાંગીર આર્ટ ગેલેરીમાં કાનનનાં આર્ટ એક્ઝિબિશનની મુલાકાત વખતે પ્રખ્યાત અભિનેત્રી સુજાતા મહેતાએ કહ્યું હતું કે, 'કાનનનું એક્ઝિબિશન જોઈને ખૂબ જ ખુશી થઈ અને સાથે નવાઈ પણ લાગી કે તેમણે આટલું અદ્‌ભૂત આર્ટવર્ક કર્યું છે.'

જાણીતા લેખક-દિગ્દર્શક લતેશ શાહે પણ કહ્યું હતું કે, 'કાનનનાં પેઈન્ટિંગ્સ જોઈને હું ખુશ જ નથી થયો, પણ દિગ્મૂઢ બની ગયો છું. કારણ કે એક-એક પેઈન્ટિંગ અદ્‌ભૂત છે. કાનને માયાની જે વ્યાખ્યા કરી છે એ કમાલની છે! કલર અને સિમ્બોલ સાથે આવી વ્યાખ્યા કદાચ કોઈ આપી શકશે નહીં.'








# ફેશનના માધ્યમથી મહિલા સશક્તિકરણનો ચમત્કાર સર્જતા ભાવિની પારેખ



ભારતીય ફેશન ઉદ્યોગ જે મોટેભાગે ગ્લેમર અને વ્યાપાર સુધી સીમિત રહ્યો છે, ત્યાં ભાવિની પારેખે ફેશનને સામાજિક જવાબદારી અને પર્યાવરણીય ચેતનાનું શક્તિશાળી સાધન બનાવ્યું. ફેશન અને મહિલા સશક્તિકરણના ક્ષેત્રમાં તેમના કાર્યની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ ઉભી થઈ છે. ૩૪ વર્ષના સમૃદ્ધ અનુભવ સાથે ભાવિની પારેખે સાબિત કર્યું છે કે ફેશન માત્ર દેખાવ માટે નહીં, પરંતુ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું માધ્યમ બની શકે છે. તેઓ Bunko Junkoની સ્થાપક એવમ્ ક્રિએટિવ ડિરેક્ટર છે અને સાથે Dezinelife Social Welfare Foundationની CEO તરીકે પણ કાર્યરત છે. તેમના નેતૃત્વ હેઠળ ફેશન, કલા અને સમાજસેવા એકબીજાના પૂરક બની સમાજને નવી દિશા તરફ દોરે છે.

Bunko Junko ભાવિની પારેખની વિચારધારાનું જીવંત ઉદાહરણ છે. અહીં કાપડ ઉદ્યોગમાંથી નીકળતા કચરાને અપસાઈકલિંગ દ્વારા વેરેબલ આર્ટમાં ફેરવવામાં આવે છે. લેન્ડફિલમાં જવા યોગ્ય ફેબ્રિકને ફરી ઉપયોગમાં લઈને અનોખા ફેશન ઉત્પાદનો તૈયાર થાય છે. જેનાથી એક તરફ પર્યાવરણને નુકસાન પહોંચાડતા કચરામાં ઘટાડો થાય છે, તો બીજી તરફ ગ્રામ્ય અને આર્થિક રીતે પછાત મહિલાઓને રોજગાર સાથે સ્વનિર્ભરતા મળે છે.

ભાવિની પારેખની આ સફર સાવ સરળ નહોતી. શરૂઆતમાં અપસાઈકલિંગ અને સસ્ટેનેબલ ફેશન જેવા વિચારોને લઈને આ ઉદ્યોગમાં શંકા અને વિરોધનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ તેમની અડગ નિષ્ઠા, નવીન વિચારશક્તિ અને કળાત્મક દૃષ્ટિએ આ પડકારોને અવસરમાં રૂપાંતરિત કર્યા. આજે ગારમેન્ટ ઓર્નામેન્ટેશન અને એમ્બ્રોઈડરી ક્ષેત્રમાં તેમણે જે પ્રતિષ્ઠા ઊભી કરી છે, તે તેમની સફળતાનો મજબૂત પાયો છે.

પર્યાવરણના દૃષ્ટિકોણથી જોતા ભાવિનીબેનનું આ કાર્ય પ્રશંસાને પાત્ર છે. તેમના પ્રયાસોથી ટનના હિસાબે કાપડનો કચરો લેન્ડફિલમાં જતાં અટકાવ્યો છે, અબજો ગેલન પાણી બચાવાયું છે અને અપસાઈકલિંગના કારણે કાર્બન ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

ભાવિની પારેખને પૂણે ફેશન વીક, નેશનલ ડિઝાઈનર એવોર્ડ્સ, મહારાષ્ટ્ર સ્ટાર્ટઅપ વીક જેવા મંચો પર આ ફેશનને મૂકવા બદલ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો પ્રાપ્ત થયા છે.

આજે ભાવિની પારેખ હજારો મહિલાઓ માટે પ્રેરણાસ્રોત છે. મહારાષ્ટ્ર, ગુજરાત, હિમાચલ પ્રદેશ સહિત અનેક વિસ્તારોમાં તેમણે મહિલાઓને તાલીમ અને રોજગાર આપીને આત્મનિર્ભર બનાવ્યા છે. નિષ્કર્ષરૂપે કહી શકાય કે ભાવિની પારેખ ફેશનને માત્ર ટ્રેન્ડ નહીં, પરંતુ એક સામાજિક આંદોલન તરીકે આગળ વધારી રહ્યાં છે જે ધરતીને બચાવે છે અને મહિલાઓને સશક્ત બનાવે છે.









# સામાજિક અને રાજકીય સેવા પ્રવૃતિઓમાં અગ્રણી અનેક એવોર્ડ વિજેતા ઘાટકોપરના ડિમ્પલ પંડ્યા

સેવા, સમર્પણ અને સહકારની ભાવના જેમના સમગ્ર વ્યક્તિત્વમાં ઝળકે છે તેવા શ્રીમતી ડિમ્પલબેન પંડ્યા પોતાની એકધારી વિવિધ સમાજિક અને રાજકીય સેવા પ્રવૃત્તિના માધ્યમથી સૌના દિલમાં આગવું સ્થાન ધરાવે છે. સખત મહેનતથી જ આગળ વધવાનું ધ્યેય રાખનાર ડિમ્પલબેનની આ રાજકીય સફર ૨૦૦૯થી શરૂ થઈ છે.

એક જાગૃત નાગરિક તરીકે ઘાટકોપરમાં ભારતીય જનતા પાર્ટી તથા જૈન, બ્રાહ્મણ સહિત અનેક સમાજ સેવી સંસ્થાઓ સાથે જોડાઈને વિવિધ સરકારી યોજનાઓ જેમ કે આયુષ્યમાન ભારત કાર્ડ, સિનિયર સિટિઝન કાર્ડ, E-Shram, ભારતીય ડાક વિભાગની સાથે સંકલન કરી સુકન્યા સમૃદ્ધિ યોજના, લાડકી બહેન યોજના, બ્લડ ડોનેશન કેમ્પ, હેલ્થ ચેકઅપ કેમ્પ જેવા મેડિકલ કેમ્પ જેમાં આંખોની તપાસ સાથે ચશ્મા અને મોતીયાના ઓપરેશન પણ મફત કરાવી આપવાના કેમ્પ તથા જનજાગૃતિના ઘણાં કેમ્પોનું આયોજન કરી તે અનેક લોકોને મદદરૂપ બન્યા છે.

ડિમ્પલબેનને ઘણી બધી સંસ્થાઓ દ્વારા સન્માન પત્ર અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા છે. જેમાં

- ભારતીય ડાક વિભાગ ઈશાન મુંબઈ-૨૦૨૩
- મુંબઈ Mid-Day એવોર્ડ ૨૦૨૩
- ઘાટકોપર ગૌરવ એવોર્ડ ૨૦૨૪
- સમાજ રત્ન એવોર્ડ જેવા ઘણાં બધાં એવોર્ડ તેઓને મળ્યાં છે.

હાલમાં સમસ્ત બ્રહ્મ સમાજ મુંબઈના સેક્રેટરી, ઘાટકોપર બ્રાહ્મણ સમાજની મહિલા કારોબારી, ત્રિવેદી મેવાડા પ્રગતિસંઘના ખજાનચી તરીકે તેઓ જોડાયેલા છે. બૃહદ્ મુંબઈ મહાનગર પાલિકામાં ALM તરીકે જોડાઈને રસ્તા, પાણી, દવા છંટકાવ, ગટર સાફ સફાઈ જેવા સમાજ ઉપયોગી કામો પણ તેઓ કરી રહ્યાં છે.


હોય શિવરાત્રી, હોળી કે ઉનાળો...
મેળવો ૧૦૦% નેચરલ ઠંડક, માત્ર ઠંડાઈ થી !
SINCE 2008
રસોઈ માટે તૈયાર...
શ્રી હરિ®
રેડી-ટુ-કૂક મસાલા
SHRI HARI
Thandai Masala
ઠંડાઈ મસાલા
જેમાં છે ૧૦૦% નેચરલ ઠંડક આપનાર તત્વો...પિસ્તા, બદામ, કેસર, ઈલાયચી, જાયફળ, જાવંત્રી, મગજતરી, વરિયાળી વગેરે...
૧લિટર દૂધમાં ઠંડાઈ બને
માત્ર રૂા.૪૦/- માં
★ ઠંડાઈ પૅકેટ પાછળ આપેલ રીત મુજબ જ બનાવો,
સ્વાદિષ્ટ ઠંડાઈનો સ્વાદ માણો...
100% natural product
IMAGE MAKER-09327020557
www.shriharimasala.com
CUSTOMER CARE :
94092 00015 / 63536 87099




સ્વ. ડૉ. સુધીર શાહ (મુંબઈ)

# મસ્તીમાં કૉન્સ્યુલેટ, કૉન્સ્યુલેટમાં મસ્તી

## અમેરિકન વિઝા મેળવવાના ખટ-મધુરા અનુભવો શેર કરતાં કલાકારો







**અપરા મહેતા :-**

'ક્યૂંકી સાસ ભી કભી બહુ થી' સીરિયલથી લોકપ્રિય બનેલી અપરા મહેતાએ ૨૦૦૩માં 'અધૂરાં તોય મધુરાં' નાટક માટે 'પી-૩' વિઝા માટે અરજી કરી હતી, જે શરૂઆતમાં નકારાઈ હતી. તેમના કહેવા મુજબ ગ્રૂપમાં કેટલાક યુવાન અને નવા કલાકારો હોવાને કારણે આવું થયું. બાદમાં સ્પોન્સરરે વધારાના દસ્તાવેજો મોકલતાં ફરી અરજી કરવામાં આવી. આ વખતે કોન્સ્યુલર ઑફિસરે તેમની ખ્યાતિ અંગે હાજર લોકોને પૂછ્યું અને સૌના સમર્થન બાદ સમગ્ર ગ્રૂપને વિઝા મળી ગયા હતા.

**સરિતા જોશી :-**

ગુજરાતી રંગભૂમિની સામ્રાજ્ઞી સરિતા જોશી જ્યારે વિઝિટર્સ (B-2) વિઝા મેળવવા અમેરિકન દૂતાવાસે ગઈ હતી, ત્યારે કોન્સ્યુલર ઑફિસરે તેમને પૂછ્યું, 'આ વખતે અમેરિકા નાટક ભજવવા જવાના નથી ને?' જવાબમાં સરિતા જોશીએ જણાવ્યું કે, 'આ વખતે તેમને અમેરિકા માત્ર ફરવા જવું હતું. નાટક ભજવવા જઈએ ત્યારે ફરવાનો સમય મળતો જ નથી.' આ વાત સાંભળીને કોન્સ્યુલર ઑફિસરે હળવાશભરી રમૂજી અંદાજમાં કહ્યું, 'ઓલ વર્ક ઍન્ડ નો પ્લે મેક્સ જેક અ ડલ બોય', (સતત કામ અને મનોરંજનનો અભાવ માણસને નીરસ બનાવી દે છે.) આ ઉચ્ચારીને તેમણે સરિતા જોશીને તરત જ વિઝા આપી દીધા હતા.

એક નાટ્યકાર અને કલાકાર તરીકેની તેમની પ્રતિષ્ઠા અને ખ્યાતિના કારણે સરિતા જોશીના અમેરિકન વિઝા મેળવવાના અનુભવો હંમેશાં સુખદ રહ્યા છે.

**કેતકી દવે :-**

'ક્યૂંકી સાસ ભી કભી બહુ થી'માં દક્ષાચાચીના પાત્રથી લોકપ્રિય બનેલી કેતકી દવે, વર્ષો પહેલાં 'કલ હો ના હો' ફિલ્મના યુનિટ સાથે અમેરિકા જવા માટે મુંબઈના લિંકન હાઉસ સ્થિત અમેરિકન કોન્સ્યુલેટમાં વિઝા લેવા ગયેલા. તેમની હાજરીથી કોન્સ્યુલેટમાં કામ કરતા ભારતીય સ્ટાફમાં તરત જ ખળભળાટ મચી ગયો.

ઈન્ટરવ્યૂ દરમિયાન કોન્સ્યુલર ઑફિસરે રમૂજી અંદાજમાં કહ્યું કે, 'હું તમને વિઝા તો આપીશ, પણ તમારે અમારા ઈન્ડિયન સ્ટાફ મેમ્બરો માટે એક વાર 'અરરર' બોલવું પડશે અને આ 'અરરર' શું છે?' જવાબમાં તેમણે જણાવ્યું કે, 'આ શબ્દપ્રયોગ તેમના ટીવી પાત્રનો ભાગ હતો અને હવે લોકો તેમને જોઈને એ જ અંદાજમાં 'અરરર' બોલે છે.'

કેતકી દવેએ પહેલી વાર અમેરિકન વિઝા માટે અરજી ત્યારે કરી હતી, જ્યારે તેઓ સુપ્રસિદ્ધ નાટક 'સવિતા દામોદર પરાજંપે' ભજવવા અમેરિકા જવાના હતા, અને તે સમયે પણ તેમને સહજ રીતે વિઝા મળી ગયા હતા.

**સંગીતા જોશી :-**

અભિનેત્રીમાંથી નિર્માત્રી બનેલી સંગીતા જોશીએ 'વરને શોધું કે વિઝાને?' નામના હળવા અને રમૂજી નાટક દ્વારા પ્રેક્ષકોને અમેરિકાના વિવિધ પ્રકારના વિઝા



અંગેની માહિતી રસપ્રદ રીતે રજૂ કરી હતી.

તેઓ સુશિક્ષિત, અનુભવી અને નાટકો, ટીવી સીરિયલો તેમજ ફિલ્મોમાં લાંબા સમયથી કાર્યરત હોવાથી તેમના મનમાં કોઈ ખચકાટ નહોતો. તેઓએ અમેરિકાના વિઝિટર્સ વિઝા માટે અરજી વિઝા સંબંધિત જરૂરી તમામ માહિતી અગાઉથી મેળવી લીધી હતી.

સુરક્ષા તપાસ બાદ વેઈટિંગ રૂમમાં થોડી વાર બેસી રહ્યા પછી તેમનું નામ બોલાયું ત્યારે કોન્સ્યુલર ઑફિસરે પાસપોર્ટ પર લાગેલો જૂનો ફોટો બતાવીને પૂછ્યું કે, 'શું આ વ્યક્તિ તમે જ છો?' ફોટો થોડા વર્ષ પહેલાનો હોવાથી તેઓ ફોટાથી થોડા જુદા લાગતા હતાં. ત્યારબાદ ઑફિસરે બીજો સવાલ કર્યો કે, 'તમે અમેરિકા શા માટે જવા માંગો છો?' સંગીતાએ જવાબ આપ્યો કે, 'હું એક કલાકાર છું. હમણાં જ મેં પ્રોડક્શન હાઉસ શરૂ કર્યું છે અને મારા નવા નાટકમાં બ્રોડવેની ઉત્તમ બાબતો ઉમેરવા માગું છું. તેથી બ્રોડવેના નાટકો જોવા ખાસ ન્યુયોર્ક જવા ઈચ્છું છું. વધુ પ્રશ્ન કર્યા વિના જ કોન્સ્યુલર ઑફિસરે તેમને દસ વર્ષનો મલ્ટિપલ એન્ટ્રી વિઝા આપી દીધો. 'વરને શોધું કે વિઝાને?'ની નિર્માત્રી અને અભિનેત્રી સંગીતા જોશી કોન્સ્યુલેટમાંથી બહાર નીકળતાં મનમાંને મનમાં હળવાશથી વિચારતા હતા 'હવે હું કોને શોધું?

**સુધા ચંદ્રન :-**

અમેરિકાથી પરત આવેલી એક સ્ત્રીને જ્યારે ખબર પડે છે કે તે જે પુરુષ સાથે પરણી છે, તેના છૂટાછેડા કાનૂની નથી અને ત્યારબાદ જે ગૂંચવણો ઊભી થાય છે, એ



વિષય પર આધારિત નાટકનું શીર્ષક છે 'મિસળ પાવ.' તેમાં અમેરિકન સ્ત્રીનું મુખ્ય પાત્ર સુધા ચંદ્રન ભજવે છે.

સુધા પ્રથમ વખત ૧૯૮૫માં અમેરિકા ગઈ હતી. તે સમયના પોતાના અમેરિકન કોન્સ્યુલેટના અનુભવને યાદ કરતાં કહે છે કે, 'કોન્સ્યુલેટ વિશે તેમને કંઈ જ ફરિયાદ કરવાની જરૂર પડી નથી. વિઝાની અરજી કર્યા બાદ કોઈપણ પ્રકારના સવાલ-જવાબ વગર તેમને તરત જ વિઝા મળી ગયો હતો.'

'ફીલિંગ્સ'ના વાચકોને અમેરિકન વિઝા મેળવવા અંગે સંદેશ આપતાં અભિનેત્રી સુધા ચંદ્રન કહે છે કે, 'અમેરિકન કોન્સ્યુલેટના ઑફિસરોની સરખામણી ઘણી વખત મશીન સાથે કરી શકાય. અરજદાર જેવો તેમની સામે ઊભો રહે છે, તેઓ તેને તરત જ પારખી લે છે. જો અરજદાર સાચ્ચો હશે તો તેને વિઝા મેળવવામાં કોઈ મુશ્કેલી નથી આવતી.'



**દિશા વાકાણી :-**

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં 'દયા'ના પાત્રથી લોકપ્રિય બનેલી દિશા વાકાણી, 'લગાન' અને 'જોધા અકબર' જેવી ફિલ્મોમાં અભિનય કરનાર ડ્રોઈંગ ટીચર ભીમ વાકાણીની પુત્રી છે.

વર્ષ ૨૦૦૦માં સંજય ગોરડિયા દ્વારા પ્રસ્તુત 'દેરાણી જેઠાણી' નાટક અમેરિકા ભજવવા જતી વખતે વિઝા મેળવવાના પોતાના અનુભવ શેર કરતાં તેઓ કહે છે કે, 'અમારા ગ્રૂપમાં દસ જણા હતા અને અમેરિકન કોન્સ્યુલેટમાં વિઝા માટે જતા સૌના મનમાં થોડો ઘણો ગભરાટ હતો. પરંતુ સંજય ગોરડિયાએ તમામ કલાકારોમાં આત્મવિશ્વાસ ભરી દીધો હતો. દરેક કલાકાર પોતાની અભિનયયાત્રા અને નાટકોના સમીક્ષા કટિંગ્સની ફાઈલ લઈને ઈન્ટરવ્યૂ માટે ગયા હતા.'

વિઝા ઈચ્છુકોને સંદેશ આપતાં દિશા વાકાણી કહે છે કે, 'કોન્સ્યુલેટમાં જતા અતિ ગંભીર બનવાની જરૂર નથી. જો કોઈ કારણસર ડર લાગે, તો 'તારક મહેતાના ઉલ્ટા ચશ્મા'ને યાદ કરજો. આપોઆપ હોઠ પર સ્મિત આવી જશે, અને તમારો હસતો ચહેરો જોઈને કોન્સ્યુલર ઑફિસર વિઝા આપી દેશે.'




**ટીકુ તલસાણિયા :-**

ટીવી, રંગભૂમિ અને રૂપેરી પડદાના જાણીતા અભિનેતા ટીકુ તલસાણિયાને થોડાં વર્ષો પહેલાં એક ટેલેન્ટ કોન્ટેસ્ટમાં નિર્ણાયક જજ તરીકે આમંત્રણ મળ્યું હતું, જેના કારણે તેમને અમેરિકાના વિઝિટર્સ વિઝાની જરૂર પડી. અમેરિકા શા માટે જવું છે? એવા પ્રશ્નના જવાબમાં તેમણે સરળ અને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'મને જજ તરીકે આમંત્રણ મળ્યું છે અને ફ્રી ટિકિટ પણ છે, એટલે આ મોકો હું ચૂકી જવા માગતો નથી. તેમની નિખાલસતા જોઈ કોન્સ્યુલર ઑફિસરે તુરંત જ વિઝા આપી દીધો.'

પરંતુ ત્યારબાદ જ્યારે તેઓ એક નાટક ભજવવા માટે પોતાના ગ્રૂપ સાથે અમેરિકા જવા માટે વિઝા લેવા ગયા, ત્યારે જાણીતા કલાકાર હોવાના કારણે તેમને ગ્રૂપ લીડર બનાવવામાં આવ્યા. આ વખતે કોન્સ્યુલર ઑફિસરે તેમના પર એક પછી એક અનેક સવાલો કર્યા. અગાઉ અમેરિકા જઈને પરત ન ફરેલા કેટલાક કલાકારો વિશે પૂછપરછ કરી, તેમજ તેમની પત્ની-જે ડ્રેસ ડિઝાઈનર તરીકે ગ્રૂપ સાથે જવાની હતી તે અંગે પણ પ્રશ્નો કરીને ટીકુભાઈને વધુ મૂંઝવ્યા.

આ અનુભવ પરથી 'ફીલિંગ્સ'ના વાચકોને સંદેશ આપતાં તેઓ કહે છે કે, 'કોન્સ્યુલર ઑફિસરો સામે ક્યારેય કંઈ છૂપાવવું નહીં. સત્ય અને માત્ર સત્ય જ બોલવું જોઈએ. છેતરવાનો પ્રયત્ન કરશો તો તેઓ તરત જ 'યે ક્યા હો રહા હૈ?' કહીને તમારી અરજી ફગાવી દેશે.'



**દીપક ઘીવાલા :-**

સુજ્ઞ વાચકોને દીપક ઘીવાલા અમેરિકાના વિઝા માટે અરજી કરતી વખતે સંપૂર્ણ તૈયારી સાથે જવાની સલાહ આપે છે. લોકપ્રિય ફિલ્મ 'ગોલમાલ રિટર્ન્સ' જે નાટક પરથી પ્રેરિત હતી, તે 'ચકડોળ'માં દીપકે યાદગાર અભિનય આપ્યો હતો. આ સંદર્ભને જોડતાં તેઓ વિઝા અરજદારોને કહે છે કે, 'કોન્સ્યુલર ઑફિસરો સામે ક્યારેય નકલ કે ગોલમાલ ન કરવી અને વાતને 'ચકડોળ' ન બનાવવી.' તેઓ વધુમાં કહે છે કે, 'વિઝા માટે અરજી કરતા પહેલાં અનુભવી એડવોકેટની સલાહ અવશ્ય લેવી જોઈએ, જેથી ઈન્ટરવ્યૂ દરમિયાન અપૂરતા દસ્તાવેજોના કારણે વિઝા રિજેક્ટ ન થાય.'

ગુજરાતી રંગભૂમિના અભિનેતા તરીકે જાણીતા અને દેખાવમાં એલ્વિસ પ્રેસલી જેવા લાગતા દીપક ઘીવાલાને વર્ષ ૨૦૦૦માં અપૂરતા દસ્તાવેજોના કારણે અમેરિકન વિઝા મળ્યો ન હતો. આ અનુભવ પરથી તેઓ કહે છે, 'વિઝા માટે એવી તૈયારી કરીને જાવ કે કોન્સ્યુલર ઑફિસર તમારી તૈયારી જોઈને જ કહે 'તમે મને ગમો છો' અને વિઝા આપી દે.'



**સિદ્ધાર્થ રાંદેરિયા :-**

અતિ લોકપ્રિય 'ભાઈ' નાટક ભજવવા પ્રથમ વખત અમેરિકા ગયેલા સિદ્ધાર્થ રાંદેરિયાને એક વખત કોન્સ્યુલેટમાં અચાનક પૂછાયું, 'તમે કેટલા કબૂતરો લઈને આવ્યા છો?' આ પ્રશ્ન સાંભળીને તેઓ ચોંકી ઉઠ્યા, કારણ કે 'કબૂતરો'નો અર્થ શું એ સમય સુધી તેમને ખબર નહોતી. બાદમાં જાણવા મળ્યું કે કલાકારોના ગ્રૂપમાં બિનકલાકારોને ભેળવીને અમેરિકા મોકલવાની ચાલબાજીને 'કબૂતરબાજી' કહેવામાં આવે છે.

તે સમયને યાદ કરતા રાંદેરિયા કહે છે કે, 'અમેરિકન કોન્સ્યુલર ઑફિસરો થિયેટરના કલાકારોને હંમેશાં આદરપૂર્વક જોતાં. તેમને અમેરિકાના P-3 વિઝા મેળવવામાં ક્યારેય તકલીફ પડી નથી.'

સિદ્ધાર્થભાઈ કહે છે કે, 'જો અમેરિકન ઑર્ગેનાઈઝર વિશ્વસનીય હોય, તેણે જરૂરી બધી માહિતી સાથે યોગ્ય રીતે પિટિશન દાખલ કરી હોય અને વિઝા માટે જનાર વ્યક્તિ ખરેખર જેન્યુઈન કલાકાર હોય, તો તેને અંગ્રેજી આવડતું હોય કે નહીં વિઝા મેળવવામાં મુશ્કેલી પડતી નથી. કોન્સ્યુલેટને છેતરવાનો પ્રયાસ ન કરો. સાચા કલાકાર બનીને જાઓ. સાથે જ અમેરિકન ઑર્ગેનાઈઝરનો ટ્રેક રેકોર્ડ પણ મજબૂત હોવો જરૂરી છે.'



**શર્મન જોશી :-**

ગુજરાતી રંગભૂમિના અભિનેતા, લેખક, દિગ્દર્શક અને પ્રોડ્યુસર અરવિંદ જોશીના પુત્ર શર્મન જોશી, જેમણે 'અલ્હા કે બંદે'માં અભિનય કર્યો છે, પત્ની અને પુત્રી સાથે અમેરિકા જવા વિઝિટર્સ વિઝા મેળવવા કોન્સ્યુલેટ ગયા હતા. જો કે તેમના આ અનુભવને એક જ વાક્યમાં વ્યક્ત કરવો હોય તો તેઓ કહે છે કે, 'અમે લઈ ગયા, તમે રહી ગયા.'

શર્મન જણાવે છે કે, 'વિઝિટર્સ વિઝા માટેની તમામ લાયકાતો મેં અગાઉથી જાણી લીધી હતી અને સંપૂર્ણ તૈયારી તથા આત્મવિશ્વાસ સાથે ગયો હતો. પરિણામે વિઝા તરત જ મળી ગયા.'

તમારી જેવી ખ્યાતિ સૌને ન મળી હોય, તો એવા લોકોએ વિઝા મેળવવા શું તકેદારી રાખવી? એવા પ્રશ્નના જવાબમાં, તેઓ કહે છે કે, 'વિશ્વાસ સાથે જઈએ તો વાત પાક્કી-વિઝા જરૂર મળશે.'

**શ્રી અરવિંદ વૈદ્ય :-**

લોકપ્રિય ટીવી સીરિયલો અને રંગભૂમિમાં કામ કરનારા અરવિંદ વૈદ્યની અમેરિકાની વિઝિટર્સ વિઝાની અરજી સતત ત્રણ વખત નકારવામાં આવી હતી. ત્રીજી વખત તો કોન્સ્યુલર ઑફિસરે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'ત્રણ વખત તમારા વિઝા નકારાયા છે, તો ફરી કેમ આવ્યા છો?' અને તેમની અરજી ફરી નામંજૂર કરી દીધી.

કોન્સ્યુલેટમાંથી બહાર નીકળતાં ત્યાં હાજર લોકોમાંથી કોઈએ આશ્ચર્યથી પૂછ્યું કે, 'આપકો વિઝા નહીં મિલા?' આ સાંભળીને અરવિંદભાઈને અત્યંત અપમાનજનક લાગ્યું. તે ક્ષણે તેમણે મનમાં નક્કી કરી લીધું કે હવે અમેરિકા જવું જ નથી. જીવનમાં ક્યારેય ખોટો માર્ગ ન અપનાવનાર અરવિંદભાઈએ લોકોને મળતી 'આમ કરજો, તેમ કરજો' જેવી વણમાગી સલાહોને પણ અવગણી દીધી.

પરંતુ વર્ષ ૨૦૦૭માં પત્નીના આગ્રહથી તેમણે ફરી એક વખત વિઝાની અરજી કરી. આ વખતે તેમણે ઈન્ટરવ્યૂ ગુજરાતીમાં આપવાનું નક્કી કર્યું. ઈન્ટરપ્રિટર મહિલા તેમના નાટકો અને ટીવી સીરિયલો જોઈ ચૂકી હતી. તેણે કોન્સ્યુલર ઑફિસરને જણાવ્યું કે અરજદાર એક પ્રતિષ્ઠિત દિગ્દર્શક અને કલાકાર છે. પરિણામે ઑફિસરે અરવિંદ વૈદ્યને દસ વર્ષનો મલ્ટિપલ એન્ટ્રી B1/B2 વિઝા આપી દીધો.

નાટ્યકલા વિષયક વ્યાખ્યાનો આપતા અરવિંદભાઈ વૈદ્ય અંતમાં એક સ્પષ્ટ સલાહ આપે છે કે, 'વિઝા લેવા જાવ ત્યારે ક્યારેય જૂઠું ન બોલશો. જૂઠ બોલે, કૌઆ કાટે.'



■ ફીલિંગ્સ ટીમ



## મુંબઈની ઓળખ જેના વગર અધુરી લાગે તે
# ‘બોમ્બે હલવો’
## સ્વાદ, પરંપરા અને મીઠાશનું અદ્‌ભૂત સંયોજન

ભારતીય મીઠાઈઓની દુનિયામાં ‘બોમ્બે હલવો’ એક ખાસ સ્થાન ધરાવે છે. રંગબેરંગી દેખાવ, જેલ જેવી પારદર્શક રચના અને મીઠી સુગંધ તેને અન્ય મીઠાઈઓથી અલગ બનાવે છે. ‘બોમ્બે હલવો,’ જેને ઘણી જગ્યાએ કરાચી હલવો તરીકે પણ ઓળખવામાં આવે છે, એ પરંપરાગત ભારતીય મીઠાઈ છે જે ખાસ કરીને તહેવારો, લગ્ન પ્રસંગો અને શુભ પ્રસંગોમાં પીરસવામાં આવે છે. ગુજરાતમાં પણ આ મીઠાઈ ખૂબ લોકપ્રિય છે અને મીઠાઈની દુકાનોમાં તે સહેલાઈથી ઉપલબ્ધ હોય છે.

**બોમ્બે હલવાનો ઈતિહાસ**

‘બોમ્બે હલવો’ નામ પરથી લાગે છે કે તેનો સંબંધ મુંબઈ શહેર સાથે હશે, પરંતુ ઈતિહાસ મુજબ તેનું મૂળ સિંધ પ્રદેશ સાથે જોડાયેલું માનવામાં આવે છે. ભારતના વિભાજન પહેલાં કરાચીમાં આ મીઠાઈ ખૂબ લોકપ્રિય હતી, તેથી તેને કરાચી હલવો પણ કહેવામાં આવે છે. વિભાજન પછી ઘણા સિંધીઓ ભારતમાં આવ્યા અને તેઓએ પોતાની પરંપરાગત વાનગીઓ સાથે આ મીઠાઈને પણ લોકપ્રિય બનાવી. ખાસ કરીને મુંબઈ (પૂર્વનું બોમ્બે) શહેરમાં આ મીઠાઈ વિશેષ પ્રખ્યાત થઈ, જેના કારણે તેને ‘બોમ્બે હલવો’ નામ મળ્યું.

**બોમ્બે હલવાની વિશેષતાઓ**

બોમ્બે હલવો સામાન્ય હલવા કરતા અલગ હોય છે. સામાન્ય રીતે આપણે ગાજરનો હલવો, સૂજીનો હલવો અથવા મગનો હલવો જાણીએ છીએ, પરંતુ બોમ્બે હલવો તેની રચના અને બનાવટમાં એકદમ અલગ છે. તે મકાઈના લોટ (કોર્નફ્લોર), ખાંડ અને ઘી વડે બનાવવામાં આવે છે. તેની રચના થોડી પારદર્શક અને ચપ્પટ હોય છે, જે ખાવામાં નરમ અને મીઠી લાગે છે.

તેમાં સામાન્ય રીતે પિસ્તા, બદામ કે કાજુ જેવા સુકા મેવાઓ ઉમેરવામાં આવે છે, જે તેના સ્વાદ અને દેખાવને વધુ આકર્ષક બનાવે છે. ક્યારેક તેને લાલ, લીલા કે પીળા રંગમાં બનાવવામાં આવે છે, જેથી તે દેખાવમાં પણ ખૂબ સુંદર લાગે.

**પૌષ્ટિકતા અને સ્વાદ**

‘બોમ્બે હલવો’ મુખ્યત્વે ખાંડ અને ઘીથી બનેલો હોવાથી તે ઊર્જાનો સારો સ્રોત છે. તહેવારોમાં અથવા ખાસ પ્રસંગોમાં થોડી માત્રામાં તેનું સેવન આનંદ આપે છે. સુકા મેવાઓના કારણે તેમાં થોડા પોષક તત્વો પણ ઉમેરાય છે. જો કે, તેમાં ખાંડનું પ્રમાણ વધુ હોવાથી તેનું સેવન મર્યાદિત માત્રામાં કરવું યોગ્ય છે.

તેનો સ્વાદ મીઠો, નરમ અને થોડો ચીકાશવાળો હોય છે. ઘી અને એલચીની સુગંધ તેને વધુ રોચક બનાવે છે. દરેક કટકામાં મીઠાશ અને મેવાઓની કરકરી મજા મળે છે.

**તહેવારો અને પ્રસંગોમાં મહત્વ**

દિવાળી, લગ્ન પ્રસંગો, જન્મદિવસ અને અન્ય શુભ પ્રસંગોમાં બોમ્બે હલવો ખાસ બનાવવામાં આવે છે. ગુજરાતમાં દિવાળી વખતે મીઠાઈઓની થાળી બોમ્બે હલવા વગર અધૂરી લાગે છે. ઘણા લોકો તેને ગિફ્ટ બોક્સમાં પણ સામેલ કરે છે, કારણ કે તે લાંબા સમય સુધી ખરાબ થતો નથી અને દેખાવમાં આકર્ષક હોય છે.

**વેપાર અને લોકપ્રિયતા**

મીઠાઈની દુકાનોમાં બોમ્બે હલવો બારે માસ ઉપલબ્ધ રહે છે. ખાસ કરીને સિંધી અને ગુજરાતી સમાજમાં તેની માંગ વધારે હોય છે. આજકાલ અલગ-અલગ સ્વાદમાં પણ તે ઉપલબ્ધ છે, જેમ કે કેસર ફ્લેવર, પાઈનેપલ ફ્લેવર વગેરે. આધુનિક પેકિંગના કારણે તે દેશ-વિદેશમાં પણ એક્સપોર્ટ થાય છે.

**ઘરેલું અને બજારું હલવામાં તફાવત**

ઘરે બનાવેલો બોમ્બે હલવો સામાન્ય રીતે વધુ તાજો અને સ્વાદિષ્ટ હોય છે, કારણ કે તેમાં શુદ્ધ ઘી અને ગુણવત્તાવાળા ઘટકોનો ઉપયોગ થાય છે. બજારમાં મળતો હલવો ઘણી વખત વધુ રંગીન અને આકર્ષક હોય છે, પરંતુ તેમાં કૃત્રિમ રંગો અને પ્રિઝર્વેટિવ્સ પણ હોઈ શકે છે.

**આધુનિક સમયનો પ્રભાવ**

આધુનિક યુગમાં લોકો આરોગ્ય પ્રત્યે વધુ સચેત બન્યા છે. તેથી હવે ઓછી ખાંડવાળો અથવા સુગર-ફ્રી બોમ્બે હલવો પણ બનાવવામાં આવે છે. કેટલીક મીઠાઈની દુકાનો ઓર્ગેનિક સામગ્રીથી પણ આ મીઠાઈ બનાવે છે. છતાં, પરંપરાગત સ્વાદ અને બનાવટનું મહત્વ હજી પણ અકબંધ છે.

આમ, બોમ્બે હલવો માત્ર એક મીઠાઈ નથી, પરંતુ તે પરંપરા, સંસ્કૃતિ અને સ્વાદનું પ્રતિક છે. તેના રંગીન દેખાવ અને મીઠા સ્વાદને કારણે તે તમામ વયના લોકોમાં પ્રિય છે. તહેવારોમાં મીઠાઈની થાળીમાં તેની હાજરી આનંદ અને ઉજવણીનો અહેસાસ કરાવે છે. ઘરેલું બનાવટ હોય કે બજારું, ‘બોમ્બે હલવો’ દરેકને મીઠાશથી ભરેલી તૃપ્તિનો અહેસાસ કરાવે છે.

આ રીતે બોમ્બે હલવો ભારતીય મીઠાઈઓની સમૃદ્ધ પરંપરાનો એક અનમોલ ભાગ છે, જે વર્ષો સુધી લોકોના દિલ અને સ્વાદ પર રાજ કરતો રહેશે. એમાં બે મત નથી. ફી





# મુંબઈની ફેશન સ્ટ્રીટઃ રસ્તા પર ચાલતું જીવન

ફેરિયાઓ અને શેરી વિક્રેતાઓ ભારતના શહેરી જીવનનો અવિભાજ્ય હિસ્સો છે. તેમની હાજરી વિના ભારતીય શહેરોની કલ્પના કરવી મુશ્કેલ છે. એક તરફ તેઓ સામાન્ય માણસને રોજિંદી જરૂરિયાતોની સરળ સુવિધા પૂરી પાડે છે, તો બીજી તરફ ટ્રાફિક, ભીડ અને અવરોધનું કારણ પણ બને છે. તેમ છતાં, તેઓ શહેરની જીવંતતા જાળવી રાખે છે. દરેક નગર અને મહાનગરમાં એવા રસ્તાની બાજુના જે બજારો હોય છે, તે સમય જતાં શહેરની આગવી ઓળખ બની જાય છે.

નામદાર સુપ્રિમ કોર્ટે પણ શેરીઓ અને ફૂટપાથના ઉપયોગ અંગે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે. બોમ્બે હોકર્સ યુનિયન વિરુદ્ધ બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન (AIR 1985 SC 1206) કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, 'જાહેર રસ્તા અને ફૂટપાથનો પ્રાથમિક ઉપયોગ સામાન્ય નાગરિકો માટે છે, ખાનગી વેપારને સરળ બનાવવા માટે નહીં.' સાથે સાથે, ફેરિયાઓ માટે ચોક્કસ માર્ગદર્શિકાઓ પણ નક્કી કરવામાં આવી હતી.

આ માર્ગદર્શિકાઓના આધારે મુંબઈને હોકિંગ ઝોન, પ્રતિબંધિત ઝોન અને બાકીના વિસ્તારોમાં વર્ગીકૃત આવ્યું છે. હોકિંગ ઝોનમાં પસંદ કરાયેલા રસ્તાઓ પર દર વર્ષે લોટરી પદ્ધતિ દ્વારા પસંદ કરાયેલા અંદાજે ૨૩,૦૦૦ ફેરિયાઓને જગ્યા મળે છે. આવા હોકિંગ ઝોનમાં મુંબઈનું સૌથી લોકપ્રિય અને પ્રચલિત સ્થળ છે – ફેશન સ્ટ્રીટ.

ક્રોસ મેદાન અને આઝાદ મેદાન વચ્ચે એમ.જી. રોડ પર, વિશાળ વડના વૃક્ષોની શીતળ છાયામાં વસેલ ફેશન સ્ટ્રીટ એવા વ્યક્તિઓ માટે સ્વર્ગ સમાન છે, જે ઓછા બજેટમાં ટ્રેન્ડી કપડાં અને એસેસરીઝ શોધી રહ્યા હોય. અહીં પગ મૂકતા જ રંગો, અવાજો અને ભીડ મળીને એક અનોખું શહેરી દૃશ્ય ઊભું કરે છે.

'ફેશન' સ્ટ્રીટ પર મળતા બ્રાન્ડેડ કપડાં ઘણી વખત કોઈ મોંઘા બુટિક સ્ટોરમાં વેચાઈ શકે એવા હોય છે. અહીં મળતો મોટાભાગનો સ્ટોક એક્સપોર્ટ રિજેક્ટ હોય છે – ક્યારેક ખોટી સાઈઝ, ક્યારેક પ્રિન્ટમાં નાની ખામી, તૂટેલ બટન – જેવી ક્ષતિ હોવા છતાં ગુણવત્તા મોટાભાગે ઉત્તમ હોય છે.





અહીં લગભગ ૨૦૦ જેટલા સ્ટોલ પર લોકો પોતાની પસંદ મુજબ ખુશખુશાલ રીતે ખરીદી કરતા જોવા મળે છે.

અહીં ખરીદી કરવાની સાચી કળા છે સોદાબાજી. શરૂઆતમાં કહેવામાં આવતી કિંમત ઘણીવાર અપેક્ષા કરતા વધારે હોય છે. પરંતુ નિયમ સાદો છે – અડધા ભાવથી શરૂઆત કરો અને ધીમે ધીમે બંને પક્ષને અનુકૂળ ભાવે પહોંચી જાઓ. અહીંના ઘણા વિક્રેતાઓ દેખાવમાં અશિક્ષિત લાગતાં હોવા છતાં, ભારતીય અને વિદેશી ભાષાઓમાં વાતચીત કરવામાં નિપુણ હોય છે. તેઓ ગ્રાહકની માનસિકતા સમજવામાં પણ હોંશિયાર હોય છે.

મુંબઈની આ ફેશન સ્ટ્રીટ માત્ર ખરીદીની જગ્યા નથી; એક સામાજિક અનુભવ પણ છે. અહીં 'સોદાબાજી' એક પ્રકારનું નાટ્યરૂપ છે, જેમાં હાસ્ય, તર્ક અને માનવીય સંપર્ક ભળી જાય છે. ફર્સ્ટ કસ્ટમર, લાસ્ટ પીસ જેવા સંવાદો અહીં રોજિંદા છે. અહીં કોલેજના વિદ્યાર્થીઓ, યુવા પ્રોફેશનલ્સ, પ્રવાસીઓ અને ક્યારેક ઉચ્ચ વર્ગના લોકો પણ ખરીદી કરતા જોવા મળે છે.

સાંજ પડતાં ફેશન સ્ટ્રીટ વધુ જીવંત બની જાય છે. ઓફિસમાંથી છૂટેલા લોકો, ફરવા આવેલા યુવાનો અને પરિવાર સાથે નીકળેલા લોકો ભીડમાં ભળી જાય છે. પીળી લાઈટ્સ, અવાજો અને ચહલપહલ મળીને અહીં એક આગવું દૃશ્ય સર્જે છે, જે મુંબઈ સિવાય બીજે ક્યાંય જોવા નહીં મળે.

ફેશન સ્ટ્રીટને નજીકથી જોતાં એક બીજી મહત્વની વાત સમજાય છે – અહીં 'ફેશન' માત્ર દેખાવ પૂરતું નથી, પરંતુ

રોજગારનું સાધન પણ છે. દરેક સ્ટોલ સાથે એક પરિવાર, એક સંઘર્ષ અને એક સપનું જોડાયેલું છે. ઘણા ફેરિયાઓ મુંબઈમાં ગ્રામ્ય વિસ્તારોમાંથી રોજગારની શોધમાં મુંબઈ આવ્યા છે. કોઈએ શિક્ષણ અધુરૂ રાખ્યું છે, કોઈએ ખેતી છોડીને શહેરનો રસ્તો પકડ્યો છે, તો કોઈ પેઢીઓથી આ વ્યવસાયમાં છે. ફેશન સ્ટ્રીટ તેમના માટે માત્ર બજાર નથી; એ તેમની રોજી-રોટી છે.

આ ફેરિયાઓની દિનચર્યા સરળ નથી. વહેલી સવારે તેઓ પોતાનો માલ લાવીને સ્ટોલ ગોઠવે છે. વરસાદમાં પ્લાસ્ટિક શીટથી કપડાં બચાવવાનું કામ, ઉનાળામાં તાપમાં રસ્તા પર ઊભા રહેવું, ક્યારેક મહાનગરપાલિકા અથવા પોલીસની કાર્યવાહીનો સામનો કરવો – આ બધું તેમના રોજિંદા જીવનની હકીકત છે. છતાં, ગ્રાહક સામે તેઓ હંમેશા સ્મિત સાથે ઊભા રહે છે. આનું કારણ કદાચ એ છે કે, તેઓ જાણે છે કે આ શહેરને પણ તેમની જરૂર છે.

ફેશન સ્ટ્રીટ એ વાતનો પુરાવો છે કે મુંબઈમાં અનૌપચારિક અર્થતંત્ર કેટલું સશક્ત છે. મોટા મોલ્સ અને બ્રાન્ડેડ દુકાનોની ચમક વચ્ચે, ફેશન સ્ટ્રીટ જેવા શેરી બજારો હજુ પણ ટક્યા છે, કારણ કે તેઓ સામાન્ય માણસની પહોંચમાં છે. અહીં ખરીદી કરવી એટલે માત્ર વસ્તુ ખરીદવી એટલું નથી, પરંતુ વસ્તુનો ભાવ, ગુણવત્તા અને જરૂરિયાત વચ્ચે એક સંવાદિતતા પણ સ્થાપિત થતી હોય છે.

આ બજારમાં ફરતાં-ફરતાં, માણસ પોતે પણ થોડો બદલાઈ જાય છે. મોલ્સમાં ખરીદી કરતી વખતે જે સંકોચ અથવા ઔપચારિકતા હોય છે, તે અહીં નથી હોતી. અહીં ખુલ્લી વાતચીત છે, સહજ હાસ્ય અને માનવીય સંબંધ છે. કદાચ આ જ કારણ છે કે લોકો વારંવાર અહીં ખરીદી માટે પાછા આવે છે, ભલે તેમને કંઈ ખાસ ખરીદવું ન હોય તો પણ.

ફેશન સ્ટ્રીટનું એક રસપ્રદ પાસું એ છે કે અહીં ફેશન ટ્રેન્ડસ ખૂબ ઝડપથી બદલાય છે. જે ડિઝાઈન આજે લોકપ્રિય છે, તે કાલે કદાચ ન મળે. તેથી અહીં ખરીદી કરવી એક પ્રકારનો 'અભી નહિ તો કભી નહીં'નો અનુભવ પણ કરાવે છે. આ અસ્થિરતા જ અહીંનું આકર્ષણ છે.

હવે સમય સાથે ફેશન સ્ટ્રીટ પણ બદલાઈ રહી છે. સોશિયલ મીડિયા, ઑનલાઇન શોપિંગ અને ફાસ્ટ ફેશનના યુગમાં પણ આ બજારે પોતાની ઓળખ જાળવી રાખી છે. કારણ કે અહીં માનવીય સંપર્ક છે, સ્પર્શ છે, અને તરત સંતોષ છે. કોઈ એપ તમને સેન્ડલનો ભાવ ઓછો કરાવી નહીં આપે, પરંતુ અહીં એક નજર, એક વાક્ય અને એક સ્મિત એ કામ કરી જાય છે. એટલે ચોક્કસ કહી શકાય કે, ફેશન સ્ટ્રીટ માત્ર રસ્તાની બાજુનું બજાર નથી; એ મુંબઈના સ્વભાવનું પ્રતિબિંબ છે – સંઘર્ષશીલ, જીવંત અને લવચીક. અહીં ભલે બધું અસ્તવ્યસ્ત લાગે છે, પરંતુ આ અસ્તવ્યસ્તતામાં પણ એક અનોખો ક્રમ છે. અને એ જ ક્રમ મુંબઈને 'મુંબઈ' બનાવે છે.

ફેશન સ્ટ્રીટ એ યાદ અપાવે છે કે આ શહેર માત્ર ઈમારતો અને રસ્તાઓથી બનેલું નથી, પરંતુ લોકો, તેમના સંઘર્ષ અને તેમની નાની-નાની ખુશીઓથી બનેલું છે. એટલે જ ફેરિયાઓ અને શેરી બજારો વિના મુંબઈ અને ભારત અકલ્પનીય લાગે છે.







ફીલિંગ્સ ટીમ

# ઉત્તમ મેનેજમેન્ટનું આદર્શ ઉદાહરણ મુંબઈના ડબ્બાવાળા

મુંબઈના ડબ્બાવાળા, કે જેઓને ટિફિનવાળા તરીકે પણ ઓળખ મળેલી છે, તેઓ ઘરનું રાંધેલું અથવા હોટેલમાંથી પાર્સલ કરેલ ગરમ ભોજન નોકરી, ધંધે ગયેલા લોકોને આપવાનું કામ કરે છે. આ ડબ્બા તેઓ મોડી સવારના લઈ જે તે જગ્યાએ આપીને બપોર પછી ખાલી ડબ્બા પરત કરે છે. આ માટે તેઓ સાઈકલ અને ટ્રેનનો ઉપયોગ કરે છે.

૧૮મી સદીના ઉત્તરાર્ધમાં મુંબઈમાં બહારથી આવીને વસનારા લોકોની વસતી વધતી ગઈ અને તે સમયે કેન્ટીન અને ફાસ્ટ ફૂડની એટલી વ્યવસ્થા ન હતી, ઉપરાંત દરેક પ્રાંતમાંથી આવનાર વ્યક્તિઓ પોતાના સ્વાદ પ્રમાણેનું ભોજન પ્રાપ્ત કરી શકે તે હેતુથી મહાદેવ હવાજી બચ્છે નામની વ્યક્તિએ મુંબઈમાં ૧૦૦ માણસો સાથે આ સેવા શરૂ કરી હતી, જેથી નોકરિયાત વર્ગને ઘરનું ભોજન મળી રહે. સન ૧૯૩૦માં ડબ્બાવાળાઓને કાયદાકીય પીઠબળ મળી રહે તે હેતુથી યુનિયનમાં આવરી લેવામાં આવ્યા. આના પછી તેઓના નામ પર ૧૯૫૬માં નૂતન મુંબઈ ટિફિન બોક્ષ સપ્લાયર્સ ટ્રસ્ટની નોંધણી કરાવવામાં આવી જે બાદમાં ઈ.સ. ૧૯૬૮માં મુંબઈ ટિફિન બોક્ષ સપ્લાયર્સ એસોસિએશનના નામે વાણિજ્યિક હેતુથી રજિસ્ટર્ડ કરાવવામાં આવ્યું હતું.

આ તો થઈ માળખાકીય શરૂઆતની વાત, હવે જોઈએ તેઓનો પહેરવેશ. સફેદ લેંઘો, સફેદ ઝભ્ભો અને માથે ગાંધી ટોપી. જોતાંમાં જ ખબર પડી જાય કે આ તો ડબ્બાવાળાભાઈ છે. મોટાભાગે તેઓ એક બીજાના સંબંધી હોય છે જે મુખ્યત્વે વારકરી જાતિના પૂના નજીકના ગામના રહેવાસીઓ હોય છે. આનંદ અને આશ્ચર્યની વાત તો એ છે કે, તેઓએ કોઈ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત નથી કર્યું હોતું પણ આંતરિક કોઠાસૂઝ અને અનુભવ તેમને એટલા હોશિયાર બનાવે છે કે ભાગ્યે જ કોઈનો ડબ્બો કોઈને જતો રહે અથવા મોડો પહોંચે. આપણને થાય કે કેવી રીતે તેઓ સેંકડો, હજારો નહીં ઓછામાં ઓછા બે લાખ ડબ્બા દરરોજ લાવવા લઈ જવાનું કઠિન-કાર્ય કરી શકે છે !

તેઓ જ્યાંથી ડબ્બા પ્રાપ્ત કરે છે તે જગ્યાનું ટૂંકું નામ, જે સ્ટેશનથી સફર શરૂ કરવાની છે તેનો કલર કોડ, જે સ્ટેશને પહોચાડવામાં આવે છે તેનો નંબર અને જગ્યાનું નામ તથા માળની માહિતીના આધારે જે તે સ્ટેશને જ્યાં ડબ્બો પહોંચાડવાનો છે ત્યાં તેના માણસો સામસામા ભરેલા અને ખાલી ડબ્બાની આપ-લે કરતા હોય છે. કોમ્પ્યૂટરના આ યુગમાં ડબ્બાવાળાઓને ધન્ય છે કે તેઓ તેમનાં મગજમાં ડેટા ફીડ કરી રાખી દૈનિક કાર્યક્રમમાં જોતરાઈ જાય છે. હજારો ડબ્બાવાળાઓની આ રોજીરોટી છે આ વ્યવસ્થા થકી ઓફિસોમાં કાર્યરત લોકો તથા મજૂર વર્ગના લોકોને સંતોષ મળે તેવું ભોજન પ્રાપ્ત થઈ રહે છે. રસપ્રદ બાબત એ છે કે, છેલ્લા થોડા વર્ષોમાં સ્ત્રીઓ પણ ગર્વભેર આ કામકાજમાં જોડાઈ છે.

રોજે રોજ અવિરત પણે ચાલતી આ સેવાઓ માર્ચ મહિનામાં થંભી જાય છે જ્યારે ડબ્બાવાળાઓ તેમના ગામે વાર્ષિક કાર્યક્રમ માટે જાય છે. ઓછી કમાણી અને વધુ શારીરિક શ્રમવાળી આ કામગીરીથી ડબ્બાવાળાના બાળકો હવે આમાં જોડાવાની ના પાડે છે.

આપણે વર્ષોથી કોર્પોરેટ અને વ્યવસ્થાકીય મોટા-મોટા શબ્દો ઉપયોગમાં લઈ રહ્યા છીએ, પરંતુ આ સ્વયં સંચાલિત માળખું એવું છે, જેમાં ઉચ્ચ શિક્ષિત મહાનુભાવોને પણ ઊંડાણથી અભ્યાસ કરવાનો રસ જાગ્યો છે. ઈ.સ ૨૦૦૧માં ડૉ.પવન અગ્રવાલે A study of Logistics and Supply Chain Management of Dabbawala વિશે સંશોધન કર્યું હતું. ૨૦૦૫માં IIM (Ahmedabad) દ્વારા World Class Logistics Operations: The Case of Bombay Dabbawallas વિષય પર અભ્યાસ કરવામાં આવ્યો હતો. હાવર્ડ બિઝનેસ સ્કૂલે The Dabbawala System: On-Time Delivery, Every Time નામથી એક ઈન્સાઈડ કેસ પ્રકાશિત કર્યો હતો. ૨૦૧૪માં ઉમા એસ. ક્રિષ્ને Literacy Practices of The Mumbai Dabbawalas, India નામનું પુસ્તક પણ લખ્યું છે.

આપણા માટે ગર્વ લેવા જેવી વાત એ છે કે, પ્રિન્સ ચાર્લ્સ, રિચાર્ડ બ્રેન્સન અને યુએસએના કોમર્સ સેક્રેટરી ગેરી લોક જેવા મહાનુભાવો પણ મુંબઈના આ ડબ્બાવાળાઓની મુલાકાત લઈ ચૂક્યા છે. પ્રિન્સ ચાર્લ્સે ડબ્બાવાળાઓને પોતાના લગ્નમાં જોડાવવાનું આમંત્રણ પણ આપ્યું હતું. પ્રકાશ બાલી બચ્છે એ ત્રણ કેરેટ એક સામટા પોતાના માથે ઉપાડ્યા હતાં જે ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયેલ છે. ધન્ય છે આ શ્રમજીવીઓની અસાધારણ મેનેજમેન્ટ સિસ્ટમને...



### સામાજિક-આર્થિક અને માનસિક સમસ્યાઓથી ઘેરાયેલા વ્યક્તિઓને સધિયારો પૂરું પાડતું

# ‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’

**‘ફીલિંગ્સ’ ફાઉન્ડેશન ચક્ષુદાન, અન્નદાન, ઓર્ગન ડોનેશન તેમજ શાકાહારી ભોજનના પ્રચાર-પ્રસાર માટે અવિરતપણે અનેક લોકોના જીવનમાં અજવાળું પાથરવાનું કાર્ય કરે છે.**



Feelings Foundation

SPIRIT OF LIFE

તાજેતરમાં વિશ્વના અનેક દેશો મોંઘવારીનો સામનો કરી રહ્યાં છે. ભારતમાં પણ મોંઘવારી અને બેરોજગારીના કારણે અનેક પરિવારોની સ્થિતિ ખરાબ થઈ છે. તેઓ તેમની આર્થિક સમસ્યાનો કોઈ ઉકેલ નજરે ન પડતાં, હતાશ થઈ, જીવલેણ પગલું ભરી બેસે છે.

આવી સમસ્યાના ઉકેલ માટે તથા મદદ પૂરી પાડવાનું કામ ‘ફીલિંગ્સ’ પબ્લિકેશન દ્વારા પ્રેરિત ‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’ના સ્થાપક પ્રમુખ શ્રી અતુલભાઈ શાહના નેતૃત્ત્વ અને માર્ગદર્શન હેઠળ તેમની ટીમ ડિપ્રેશનમાં આવેલ લોકોને જરૂરી માર્ગદર્શન અને હૂંફ આપી ડિપ્રેશનમાંથી બહાર લાવી તેઓનું જીવન બચાવે છે.

‘ફીલિંગ્સ’ મેગેઝિનનું વિશ્વમાં ૫૫થી વધુ દેશોમાં નેટવર્ક હોવાથી ‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’ના બેનર હેઠળ નોકરીની જરૂરિયાત હોય તેવા કોઈપણ ક્ષેત્રમાં નોકરી કરવા ઈચ્છતા યુવક-યુવતીઓને તેમના ક્વોલિફિકેશનને અનુરૂપ નોકરી શોધી આપવામાં સહાય કરે છે.

‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’ ચક્ષુદાન તેમજ શાકાહારી ભોજનનો પ્રચાર-પ્રસાર કરી પોતાનું સામાજિક ઉત્તરદાયીત્વ નિભાવી રહ્યું છે. એક અંદાજ પ્રમાણે દેશમાં ૫૦ લાખથી વધારે અંધજનો તેમના જીવનમાં પ્રકાશ રેલાય તેની રાહ જોઈ રહ્યાં છે. આ ફાઉન્ડેશન વિવિધ માધ્યમો દ્વારા સમાજમાં ચક્ષુદાન માટે લોકોને જાગૃત કરે છે. કૃત્રિમ રીતે ન બનાવી શકાતી આંખો, મૃત્યુબાદ શરીર સાથે બળી જાય છે કે દટાઈ જાય છે. તેના બદલે જો તેનું દાન કરવામાં આવે તો બીજી નેત્રહીન વ્યક્તિના જીવનમાં પ્રકાશ પાથરી શકાય છે! નેત્રદાન માટેના આ પ્રયાસોને સદીના મહાન અભિનેતા અમિતાભ બચ્ચને પણ બિરદાવ્યા છે.

માર્કેટિંગની આ દુનિયામાં માંસાહારના પોષણ યુક્ત ભ્રામક પ્રચારના કારણે જીવહત્યાનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. ત્યારે લોકોને શાકાહાર અને પ્રકૃતિ તરફ વાળવા માટે ‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’ શાકાહારની હિમાયત કરનારા, વિશ્વના અગ્રણીઓના વિચારોને ‘રત્નકણિકા’ પુસ્તિકા દ્વારા લોકો સુધી પહોંચાડે છે.


મનોદિવ્યાંગ બાળકો તેમજ વૃદ્ધો માટે વડોદરા નજીક આધુનિક સુવિધાઓથી સજ્જ એક વિશાળ રેસિડેન્શિયલ કેમ્પસનું પ્લાનિંગ ચાલી રહ્યું છે જેમાં ગૌશાળા સાથે વર્લ્ડબેસ્ટ સુવિધા ધરાવતું નેચરોપેથી સેન્ટર પણ નિર્માણ પામશે.

દેશ-વિદેશમાં લગ્ન માટે યોગ્યપાત્રની પસંદગી કરવામાં પણ ફીલિંગ્સ આપને સહાયરૂપ બનશે. આપનો બાયોડેટા ફીલિંગ્સ કાર્યાલય પર મોકલી શકો છો.

મિત્રો, શુભેચ્છકો અને માનવ માત્રને ઉપયોગી થવાની ભાવનાવાળા એવમ્ સંબંધીઓનો પ્રોત્સાહક સહયોગ મેળવતા ખુશનસીબ શ્રી અતુલભાઈ શાહ આ કાર્યને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાના બદલે સેવાભાવે સહજ પરમાર્થરૂપે કરે છે. તેઓ માને છે કે, જે સમાજે આપણને ઘણું આપ્યું છે તે સમાજને આપણે કંઈક ઉપયોગી બનીએ. આવી ભાવનાથી ‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’ આપને મદદરૂપ થઈ શકે છે. વધુ માહિતી માટે આપ ‘ફીલિંગ્સ ફાઉન્ડેશન’નો નીચેના નંબર પર સંપર્ક કરી શકો છો.

**Whatsapp No : +91-98253 28488**
**feelingsfoundation2010@gmail.com**

## ૨૮ વર્ષ, ૫૫ દેશો, ૪૦ લાખથી વધુ વાચકોનું ગ્લોબલ નેટવર્ક



'Feelings'-International Gujarati Family Magazine

# ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

## Subscription Offer

1 Year Subscription — INDIA ₹ 1100

1 Year Subscription — ABROAD US $100

## Subscription Form

Name : Mr/Ms.............................................Period :..........................

Address : ..........................................................................

...........................................................City :......................

Pin :.......................... Ph (Off):.......................(Resi)........................

Mobile:.......................... E-mail :..............................................

Please find enclosed Cheque/DD no:.................... Dated.................. for Rs.................... favoring

FEELINGS MULTIMEDIA LTD.

Date :...../...../.......................Receipt No.:..........................Signature :..........................

Website: www.feelingsmultimedia.com


**FEELINGS MULTIMEDIA LIMITED**

**Corporate Office:** 102-03-04, Pacific Plaza, VIP Road, Karelibaug, Vadodara-390 018, Gujarat (India).
Cell: 088663 99530, **E-mail:** info@feelingsmultimedia.com, atulshah496@gmail.com

**USA (NEW JERSEY) :** 266 MIDDLESEX ESSEX TPK., SUITE 207 ISELIN, NJ 08830 E-mail : infousa@feelingsmultimedia.com

INTERNATIONAL ASSOCIATES : USA | UK | CANADA | AUSTRALIA | KENYA | MUSCAT | DUBAI | MALAYSIA



સંજય થોરાત 'સ્વજન'

# આમચી મુંબઈ - આમચા વડાપાવ..!

વડાપાવ.. મહારાષ્ટ્રમાં જન્મેલી આ વાનગી વિશ્વમાં પ્રખ્યાત છે. ઘણીવાર ડોકટરો અથવા જીમ ટ્રેનર્સ વડાપાવને આહાર તરીકે બંધ કરવાની સલાહ આપે છે પણ વડાપાવ હવે એક વ્યસન જેવું થઈ ગયું છે. તેથી કોઈને વડાપાવ છોડી દેવાનું કહેવું એ શરાબીને દારૂ છોડવાનું કહેવા જેવું છે. વિશ્વમાં વર્ષના ૩૬૫ દિવસ, કોઈને કોઈ ડે ઉજવાય છે. તેથી જ ૨૩મી ઓગસ્ટે વિશ્વ વડાપાવ દિવસ ઉજવવામાં આવે છે. આમ પેટ ભરતા વડાપાવ ઘણા લોકો માટે ભોજન તો ઘણા લોકો માટે તે આવકનો સ્રોત છે. આ વડાપાવ એક સમયે મિલ કામદારોનું પેટ ભરતી આઈટમ હતી.

મહારાષ્ટ્રમાં, ખાસ કરીને મુંબઈની, ગલી ગલીમાં એક પ્રખ્યાત વડાપાવ વાળા હોય છે. વડાપાવનું જન્મ સ્થાન મુંબઈ છે. દાદર સ્ટેશનની બહાર અશોક વૈધની લારી પર પ્રથમ વડાપાવ તળવામાં આવ્યો હતો તેમજ સુધાકર મ્હાત્રેએ પણ દાદરમાં જ વડાપાવની શરૂઆત કરી હતી. આ વડાપાવની ખાસિયત એ છે કે, ગરીબોથી લઈને અમીર સુધી દરેકને તેનો સ્વાદ પસંદ છે. જો કે વડાપાવની કિંમત સમયની સાથે વધતી ગઈ છે. જ્યારે વડાપાવનો જન્મ થયો ત્યારે તે માત્ર ૧૦ પૈસામાં ઉપલબ્ધ હતો. આજે તેની કિંમત ૧૦ રૂપિયાથી લઈને ૧૦૦ રૂપિયા જેટલી થઈ ગઈ છે!

મુંબઈ અને ટેક્સટાઈલ મિલો વચ્ચે એક સમયે અતૂટ સંબંધ હતો. વડાપાવ અને મુંબઈકર વચ્ચેના નવા સંબંધનો આ દોર હતો.

**દુબઈમાં 'ઓ પાવ' નામની રેસ્ટોરન્ટમાં સોનાનો વડાપાવ બનાવવામાં આવે છે. તેની કિંમત ૯૯ દિરહામ (લગભગ ૨ હજાર રૂપિયા) રાખવામાં આવી છે. તે માત્ર રેસ્ટોરન્ટની અંદર જ ખાઈ શકાય છે, તેને બહાર લઈ જવાની મંજૂરી નથી. આ રેસ્ટોરન્ટ ઘણા સમયથી વડાપાવની વિવિધ જાતો બનાવે છે. દુબઈમાં ભારતીય ભોજન માટે આ રેસ્ટોરન્ટ લોકપ્રિય છે!**

મુંબઈના દાદર, લાલબાગ, પરેલ અને ગિરગાંવ વિસ્તારોમાં મિલ કામદારોને કારણે વડાપાવની લોકપ્રિયતા વધી હતી. મિલો બંધ થયા પછી પણ આ સ્વાદિષ્ટ વડાપાવથી મિલ કામદારોનું પેટ ભરાતું હતું. મિલો બંધ થયા પછી ઘણા મિલ કામદારોના બાળકોએ વડાપાવના ધંધામાંથી પોતાનો જીવનનિર્વાહ ચાલુ રાખ્યો. પરિણામે આજે પણ આ વડાપાવ ઘણા લોકોનું પેટ ભરે છે. વડાપાવનો જન્મ મુંબઈમાં થયો ત્યારે મરાઠી લોકો માટે લડનાર બાળાસાહેબની શિવસેનાનો પણ ઉદય થયેલો. તેમની બિન મરાઠી પ્રત્યે નારાજગી વધવાને કારણે શિવસૈનિકોએ જ્યારે મુંબઈમાં દક્ષિણ ભારતીયો વિરુદ્ધ આંદોલન શરૂ કર્યું હતું ત્યારે શિવસૈનિકોએ મુંબઈકરોને અપીલ કરી હતી કે ઈડલી અને ઢોંસા ખાવાને બદલે ઓથેન્ટિક મરાઠ મોલા વડાપાવ ખાઓ. આ માટે શિવસેનાએ મરાઠી યુવાનોને રોજગાર આપવા માટે 'શિવવડા' શરૂ કર્યું હતું.

મુંબઈ તેની ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને ઉદ્યોગ જગતના કારણે જેટલું જાણીતું છે તેટલું જ તેના વડાપાવના કારણે ફેમસ છે. આનો શ્રેય મુંબઈના સામાન્ય પરિવારમાં જન્મેલા



અશોક વૈદ્યને મળે છે. વર્ષ ૧૯૬૬નો તે સમય હતો જ્યારે મુંબઈમાં શિવસેના નવી-નવી શરૂઆત કરી રહી હતી. અશોક વૈદ્ય પણ તે સમયે શિવસેનાના કાર્યકર હતા. તે સમયે શિવસેનાના સુપ્રીમો બાળાસાહેબ ઠાકરે દરેક કાર્યકરને નાના મોટા વ્યવસાય સાથે જોડાવવાની શીખ આપતા હતા. તેઓની પ્રેરણાથી અશોક વૈદ્ય દાદર રેલવે સ્ટેશન પર બટાકાવડા (આલુવડા)નો સ્ટોલ શરૂ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. દરરોજ બટાકાવડા વેચતા વૈદ્યને અખતરો કરવાનું સૂઝ્યું. અશોક વૈદ્યે તેની પાસે જ આમલેટનું વેચાણ કરતા સ્ટોલ માલિક પાસેથી કેટલાક પાવ લીધા. આ પાવને ચપ્પાથી વચ્ચેથી કાપ્યા અને તેની વચ્ચે બટાકાવડા મૂકી દીધા. આ પ્રયોગાત્મક વાનગીને અશોક વૈદ્ય મહારાષ્ટ્રની પરંપરાગત લાલ મરચું અને લસણની ચટણી તથા લીલાં મરચાં સાથે ગ્રાહકોને આપવા લાગ્યા. મહારાષ્ટ્રીયન લોકોને તીખું તમતમતું ખાવું પહેલેથી પસંદ હતું તેથી તેમને અશોક વૈદ્યે બનાવેલી આ પ્રયોગાત્મક વાનગી પસંદ આવવા લાગી.

આ રીતે અશોક વૈદ્યના વડા અને પાવ જોતજોતામાં ખૂબ જ લોકપ્રિય થવા લાગ્યા. તે સમયે શિવસેનાના કાર્યકર્તાઓને પણ વડાપાવ ખવડાવવામાં આવતા હતાં. કેટલાક વર્ષોમાં અન્ય લોકો સુધી વડાપાવની રેસિપી પહોંચી ગઈ. વર્ષ ૧૯૯૮માં અશોક વૈદ્યના નિધન બાદ તેમના પુત્ર નરેન્દ્ર વૈદ્યે આ વારસો સંભાળ્યો ત્યારે દાદર રેલવે સ્ટેશનથી શરૂ થયેલો વડાપાવનો ટેસ્ટ ન માત્ર મુંબઈ પરંતુ સમગ્ર ભારતમાં ફેલાઈ ગયો હતો. ૭૦ના દાયકામાં એક વડાપાવની કિંમત ૧૦ પૈસા હતી. આજે પણ ભારતની સૌથી સસ્તી વાનગીમાં વડાપાવનો સમાવેશ થાય છે. વડાપાઉ પર 'વડાપાવ ઈન્ક' નામની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પણ બની હતી જેને મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલમાં ડાઈમેન્શન મુંબઈ કેટેગરીમાં સામેલ કરવામાં આવી હતી.

મુંબઈનો વડાપાવ હવે ૬૦ વર્ષનો થઈ ગયો છે. આજે હજારો લોકો માટે આજીવિકાનું સાધન બની ગયો છે. સામાન્ય લોકો જ નહીં પણ પૈસાદાર લોકો પણ તેને પસંદ કરે છે. પ્રથમ વડાપાવ ચોક્કસપણે ફૂટપાથ પર બનાવવામાં આવ્યો હતો, પરંતુ મુંબઈનું સ્ટ્રીટ ફૂડ ફાઈવ સ્ટાર હોટલમાં પણ ઉપલબ્ધ છે. વિદેશમાં પણ તેના ચાહકો છે. પ્રખ્યાત રેસ્ટોરન્ટ ચેઈન્સ તેને 'બોમ્બે બર્ગર'ના નામથી લંડન-દુબઈમાં વેચે છે. ક્યાંક આ 'મેક-બટાટા જમ્બો કિંગ'ના નામે વેચાય છે. તે માંગ પ્રમાણે અનેક ફલેવરમાં ઉપલબ્ધ છે. જો કે, મોટાભાગના લોકો લાલ મરચું-લસણ અને નારિયેળની સૂકી અને ધાણા-ફૂદીનાની લીલી ચટણી સાથે ખાય છે. મહાનગરમાં હજારો લોકો માત્ર વડાપાવ પર જ રહે છે. જેમાં બોલિવૂડના સ્ટ્રગલર્સનો પણ સમાવેશ થાય છે!

હવે વડા-પાવમાં પણ સમયની સાથે બદલાવ આવ્યો છે. લાલ અને લીલી ચટણી-મરચાં સાથે પીરસવામાં આવતા પરંપરાગત વડાપાવ ઉપરાંત, તે શેઝવાન, સ્વીટકોર્ન, માયોજીન, મસાલા વડા-પાવ જેવા ઘણા સ્વાદમાં ઉપલબ્ધ છે. દેશના ખૂણે ખૂણેથી લોકો આ વ્યવસાય સાથે જોડાયેલા છે. યુવા પેઢી અને આરોગ્ય પ્રત્યે સભાન લોકો પણ પ્રેમપૂર્વક વડાપાવ ખાય છે.

બોલિવૂડ સેલિબ્રિટી અને ક્રિકેટર સચિન તેંડુલકર, સુનીલ ગાવસ્કર, લતા મંગેશકર અને અમિતાભ બચ્ચન જેવી ઘણી બધી હસ્તીઓ પણ વડાપાવના ચાહક છે. સિત્તેરના દાયકાથી શરૂ થયેલ વૈદ્ય પરિવારની આજે મહારાષ્ટ્રમાં ઠેર-ઠેર વડાપાવની દુકાનો છે. કલ્યાણનો બારી વડાપાવ પણ પ્રખ્યાત છે. તેને ઝોમેટો અને સ્વીગી જેવા ફૂડ ડિલિવરી નેટવર્ક પરથી પણ ઓર્ડર કરી શકાય



છે. આમ તો બટાકા વડા પોર્ટુગીઝ વખતના કહેવાય છે. પરંતુ વડાને પાવ અને ચટણી સાથે મૂકીને પિરસવાનું શ્રેય તો મુંબઈને આપવુ જ રહ્યું.

'વિશ્વ વડાપાવ દિવસે' વિશ્વના પ્રથમ ૨૨ કેરેટ સોનાના વડાપાવને લોન્ચ કરતી દુબઈની ભારતીય રેસ્ટોરન્ટનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ રેસ્ટોરન્ટ દ્વારા વડાપાવને ચીઝ અને ફ્રેન્ચ ટ્રફલ બટરથી ભરવામાં આવે છે. બ્રેડ એટલે કે પાવ હોમમેઈડ મિન્ટ મેયોનેઝ ડીપ સાથે પીરસવામાં આવે છે.



લાકડાની પેટીમાં પણ વડાપાવ પીરસવામાં આવે છે. આ વાનગીને વધુ આકર્ષક બનાવવા માટે નાઈટ્રોજનનો ઉપયોગ કરવામાં આવે છે. આ સાથે સ્વીટ પોટેટો ફ્રાય અને ફુદીનો લેમોનેડ પણ આપવામાં આવે છે. લાંબા સમયથી દુબઈમાં ખાદ્ય વાનગીઓ સાથે સોનાનો ઉપયોગ કરવામાં આવે છે. અહીં ૨૪ કેરેટ સોનામાં બર્ગર, આઈસક્રીમ, ફ્રેન્ચ ટોસ્ટ અને બિરયાની પણ બનાવવામાં આવે છે.

**ટેસ્ટ મેં બેસ્ટ:** મુંબઈની વખણાતી ટેસ્ટી વાનગી વડાપાવ દુનિયાભરમાં 'મુંબઈ બર્ગર' તરીકે ઓળખાય છે. એવું કહેનારા ઘણા લોકો મળશે કે 'મેં વડાપાવ ખાઈને દિવસ કાઢ્યો હતો.' ગરીબોનું બર્ગર એટલે વડાપાવ.! એ વાત ચોક્કસ માનવી પડે.

રાજેશ પટેલ



# અમદાવાદમાં યોજાયો લાઠી ગ્રૂપ પરિવારનો સ્નેહમિલન સમારંભ

કલાપીનગર લાઠી અને આસપાસના ગામોના વતની અને હાલ અમદાવાદ સ્થાયી થયેલા સૌ પરિવારોનું સંગઠન 'અમદાવાદ લાઠી ગ્રૂપ' પરિવારનો સ્નેહમિલન સમારંભ તાજેતરમાં અમદાવાદ મેડિકલ એસોસિએશન હોલ (આશ્રમરોડ) ખાતે યોજાઈ ગયો...

અમદાવાદમાં લાઠી ગ્રૂપ પરિવારનું સંગઠન, સેવા અને વતનપ્રેમના હેતુસર કરાયું છે. દર વર્ષે યોજાતા વાર્ષિક સ્નેહમિલન સમારોહમાં સમાજના લોકો એકમેકને ભાવપૂર્વક મળે છે, આનંદ કરે છે અને વતનની માટી પ્રત્યે પોતાનો પ્રેમાળ અહોહોભાવ વ્યક્ત કરે છે.

કલાપીનગર લાઠી બહુ ભાગ્યશાળી નગર છે, લાઠીની તેજવંતી ભૂમિનો ભૂતકાળ પણ ભવ્ય છે. સોમનાથની વહારે ચડેલા વીર હમીરજી ગોહિલથી લઈને કવિ કલાપી જેવા પ્રજાવત્સલ રાજવી લાઠીને મળ્યા છે. હાલમાં વતનપ્રીતિનું આદર્શ ઉદાહરણ ગણાય એવા શેઠશ્રી મનજીભાઇ ધોળકિયા અને શ્રી ઘનશ્યામભાઇ શંકર જેવા મહામાનવોનું લાઠીની કાયાપલટ કરવામાં બહુ મોટું યોગદાન રહ્યું છે. ઉલ્લેખનીય છે કે લાઠી ગ્રૂપ પરિવારનું મુંબઈના વિકાસમાં પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યોગદાન રહ્યું છે.

આ સ્નેહમિલન સમારોહનું શાનદાર આયોજન ટ્રસ્ટીશ્રીઓ અને સંચાલકો દ્વારા કરવામાં આવ્યું હતું, કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. ત્યારબાદ સમૂહ રાષ્ટ્રગાન કરીને દેશપ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવામાં



આવ્યો હતો, સમારંભનું પ્રમુખસ્થાન સંસ્થાના પ્રમુખશ્રી કરશનભાઈ ભુવાએ શોભાવ્યું હતું.

આ સ્નેહમિલન કાર્યક્રમના આયોજનમાં લાઠીના પ્રથમ સીએ બનવાનું જેમને માન મળ્યું છે, એવા શ્રી સી.પી.શાહ સાહેબ (ચેતનભાઈ શાહ) મુખ્ય યજમાન બન્યા હતા. અતિથિ વિશેષ તરીકે સુરતથી હીરાઉદ્યોગના લબ્ધપ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ શ્રી ઘનશ્યામભાઈ શંકર પધાર્યા હતા તેમજ મુખ્ય મહેમાન તરીકે મુંબઈથી શ્રી રાજેશ પટેલ, સુરતથી શ્રી ધીરુભાઈ ધોળીયા, શ્રી ભરતભાઈ સોની અને વડોદરાથી ફીલિંગ્સ મલ્ટિમીડિયાના સીએમડી-એડિટર શ્રી અતુલભાઈ શાહ ખાસ પધાર્યા હતાં. કાર્યક્રમમાં લાઠીના લોકગાયક અને ભજનિક શ્રી રાજેશભાઈ સરલીયાએ સુમધુર ભજનો અને ગઝલની પ્રસ્તુતિ કરી સૌને આનંદમાં ડૂબાડયા હતાં. આ પ્રસંગે ડૉ. અરવિંદભાઈ કોઠીયાએ ગઝલ અને ગીતોની પ્રસ્તુતિ કરીને વાતાવરણને ગીતમય બનાવી દીધું હતું.

શ્રી ઘનશ્યામભાઈ શંકરનું તેમની સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓની અનુમોદના કરીને સંસ્થાના પ્રમુખશ્રી ભુવાસાહેબ અને ઉપપ્રમુખ શ્રી શૈલેષભાઈ જાટકીયા દ્વારા શાલ માળા અને સન્માન પત્ર અર્પણ કરીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.


'Instrumentation Control Engineering Implementation of Air Pollution Forecasting from Remotely Sensed Data Using Artificial Intelligence' આ વિષય પર પીએચડી કરી ડોક્ટરેટની પદવી મેળવવા બદલ ડૉ. તેજસ તુરખીયાનું પણ વિશેષ સન્માન કરવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવવા અમદાવાદ લાઠી ગ્રૂપ પરિવારના કારોબારી સભ્યો શ્રી રજનીભાઈ પંડયા, શ્રી હિતેષભાઈ વેકરીયા, શ્રી બાબુભાઈ ગજેરા, શ્રી ભાવેશભાઈ વનરા, શ્રી મનીષભાઈ પંડયા, શ્રી શૈલેષભાઈ ડોડીયા, શ્રી વિપુલભાઈ વઘાણી, શ્રી સુધીરભાઈ તુરખીયા, શ્રી અશોકભાઈ સાવલિયા, શ્રી ગીરીશભાઈ પટેલ, શ્રી જીતેન્દ્રભાઈ પંડયા, શ્રી બાલુભાઈ મેંદપરા, શ્રી જવાહરભાઈ વળીયા અને સ્વયંસેવકોએ દિવસ-રાત જહેમત ઉઠાવીને સુંદર આયોજન કર્યું હતું.

કાર્યક્રમનું સમાપન પ્રમુખશ્રી કરશનભાઈ ભુવા અને ઉપપ્રમુખશ્રી શ્રી શૈલેષભાઈ જાટકીયા, માનદમંત્રી શ્રી કિરીટભાઈ ધાનાણી, સહમંત્રીશ્રી ઘુસાભાઈ આદ્રોજા દ્વારા કરવામાં આવ્યું હતું. સમારંભના અંતે સૌએ સાથે મળીને સ્વરૂચિ ભોજનનો આનંદ માણી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ફી







'બધિર' અમદાવાદી

# ફાસ્ટ લાઈફ : સમયને પકડવાની રેસ

વીસીઆરનો જમાનો હતો ત્યારે વીડિયો કેસેટ લાવીને ફિલ્મો જોવા સાથે કેટલીક મજાઓ આપણે મફતમાં કરી લેતા. ગમતું ન હોય એ ગીત ફોરવર્ડ કરવાનું કે ગમતું ગીત કે ડાયલોગ રીવાઈન્ડ કરીને ફરી જોવાની મજા જ કંઈ ઓર હતી. શોલેમાં ગબ્બર સ્લો મોશનમાં ટહેલતા ટહેલતા 'કિતને આદમી થે...' બોલતો એ અમને કઠતું એટલે અમે એને દોડાવતા. કાલીયા અને એના સાથીઓને હાડા તૈણ સેકન્ડમાં ભોંય ભેગા કરી દેતા. એક્શન ફિલ્મમાં હીરોની મા, બહેન કે બીવીની રોકકળ આવે એ ફાસ્ટ ફોરવર્ડ કરીને અઢી કલાકની ફિલ્મ દોઢ કલાકમાં પતાવતા. ત્યારથી અત્યાર સુધીમાં ટીવીના પડદા પરની આ ભાગાભાગી ક્યારે જીવાતી જિંદગીમાં આવી ગઈ એનો ખ્યાલ જ ન રહ્યો!

સમયને વીસીઆરની જેમ ફાસ્ટ ફોરવર્ડ કે રીવાઈન્ડ કરી શકાતો નથી. એ એકધારો વહેતો રહે છે. સ્કૂલમાં ભણાવતા કે Time and tide waits for none અર્થાત સમય કોઈના માટે રોકાતો નથી. અમુક સંજોગો માટે કવિઓ અને લેખકો ભલે કહેતા હોય કે સમય થંભી ગયો પણ હકીકતમાં સમયને 'પોઝ' પણ કરી શકાતો નથી. જ્યારે મોડા પડવાથી ટ્રેઈન ચૂક્યો, ઓફિસમાં લેઈટ રીમાર્ક આવી અને સસ્પેન્સ ફિલ્મમાં શરૂઆત ચૂક્યો ત્યાર પછી સમજાયું કે સમય સિવાય બીજું ઘણું બધું છે જે તમારી રાહ જોતું નથી. પછી શરૂ થઈ સમયને પકડવાની રેસ! લાઈફ એટલી ફાસ્ટ થઈ ગઈ કે એક સમયે એવું લાગ્યું કે લો ઓફ રીલેટિવિટી મુજબ મારા માટે સમય થંભી જશે અને હું સમયથી આગળ નીકળી જઈશ! પણ અફસોસ! એવું તો ન થયું પણ મારી હાલત પોતાની જ પૂંછડીને કરડવા માંગતા કૂતરા જેવી થઈ ગઈ! અત્યારે હું ભમરડાનું ભ્રમણ અનુભવી રહ્યો છું.

વોટ્સેપિયા ફોરવર્ડની ભાષામાં કહું તો 'ઘડિયાળ દરેક પાસે હોય છે પણ સમય બધા પાસે હોતો નથી સાહેબ.' આ ઉક્તિમાં જેમને સંબોધન કરાયું છે એ 'સાહેબ' નક્કી મુંબઈકર હોવા જોઈએ. એમની પાસે સમય હોતો નથી. મુંબઈકરની ફાસ્ટ લાઈફ એટલે એક પ્રકારની રેસ જેમાં કાળ રૂપી રેફરીની અદ્રશ્ય પિસ્તોલમાંથી ભડાકો થાય એ સાથે જ એક રેસ શરૂ થાય છે. મજાની વાત એ છે કે એ રેસની ફિનિશ લાઈન પણ દોડવાની દિશામાં જ પણ દોડનારથી સતત આગળ ધપતી રહે છે. એક સમય આવે છે જ્યારે સ્થળ, કાળ, દિશા અને હેતુ ભૂલી ચૂકેલા ધાવકને માત્ર દોડી રહ્યો હોવાનો અહેસાસ રહે છે. આ એક અવસ્થા છે. ટ્રેનની અંદર દોડવાથી ટ્રેન કરતાં વહેલા પહોંચી શકાતું હોત તો આપણને મુંબઈની લોકલ ટ્રેનની પાછળ દોડતા લોકો ઉપરાંત ટ્રેનની અંદર આવા લોકો દોડતા જોવા મળતા હોત.

ઘડિયાળ ધીમી ચાલતી હોઈ શકે પણ સમયની ગતિ અચલ અને અસ્ખલિત છે. મુંબઈની લોકલ ટ્રેનો સમયની જેમ સમયસર ચાલતી હોવાનું મુંબઈગરાઓ ગૌરવ લે છે. મુંબઈમાં 'લોકલ' 'ફાસ્ટ' પણ હોય છે અને 'સ્લો' પણ હોય છે! પ્રચલિત અર્થમાં 'લોકલ' ગાડીઓ દરેક સ્ટેશને ઉભી રહેતી હોઈ ધીમી ગણાય છે. આ ઉપરથી કામકાજમાં થાંથુ, ધીમું કે લાહરીયું હોય એને 'લોકલ' કહેવાનો રિવાજ છે. જોકે અહીંની ફાસ્ટ ટ્રેનને એટલા માટે ફાસ્ટ કહેવામાં આવે છે કેમ કે એ અમુક જ સ્ટેશન પર ઉભી રહેતી હોઈ ગંતવ્ય સ્થાન પર પહોંચવા માટે 'લોકલ' ટ્રેનથી ઓછો સમય લે છે. વાર્તા અહી પૂરી થાય છે. તમારે ગમે તેટલી ઉતાવળ હોય પણ આ 'ફાસ્ટ' લોકલને ચલ ધન્નો... આજ તેરી બસંતી કી ઈજ્જત કા સવાલ હૈ કહીને ભગાડી શકાતી નથી. એ સમયની જેમ વહેતી રહે છે સિવાય કે ટ્રેક ઉપર બ્લોક હોય.

ફાસ્ટ લાઈફ સમયનો મહત્તમ ઉપયોગ કરતા શીખવાડે છે. સમયનો વ્યય ન થાય એ જેટલું જરૂરી છે એટલું જ પોતાના માટે સમય આપવો જરૂરી છે. શાણપણ આ બધા વચ્ચે સંતુલન સાધવામાં છે. હું આવું બધું વિચારતો હતો ત્યાં ગીતાજીના એક શ્લોક ઉપર અભિનવ ગુપ્તાની ટીકા વાંચવામાં આવી જેમાં તેઓ કહે છે કે, **आयुषः क्षण एकोऽपि सर्वरत्नैर्न लभ्यते** - અર્થાત દુનિયાના બધા જ કિંમતી રત્નો આપવા છતાં જીવનની એક ક્ષણ પણ મેળવી શકાતી નથી. ટૂંકમાં જે કોઈ આ કિંમતી સમયને નકામી બાબતોમાં વેડફે છે તે ગંભીર ભૂલ કરી રહ્યો છે. નક્કી આપણે કરવાનું છે. અસ્તુ.






■ ડૉ. ભરત જાદવ 'નિરપેક્ષ'

# મુંબઈની વરવી વાસ્તવિકતા 'ધારાવી'

માયાનગરી તરીકે ઓળખાતું મુંબઈ વિવિધ ભાષા, ધર્મ અને સંસ્કૃતિનો સમન્વય ધરાવતું શહેર છે. એક રીતે કહીએ તો, મુંબઈ સપનાઓનું શહેર છે જ્યાં મહેનત અને તક મળે તો કોઈ પણ આગળ વધી શકે એવી ભરપૂર સંભાવનાઓનું આ શહેર છે, તો બીજી તરફ 'ધારાવી'નો ઝૂંપડપટ્ટી વિસ્તાર અહીંની વરવી વાસ્તવિકતા છે.

**ધારાવી ઝૂંપડપટ્ટી વિસ્તાર શું છે ?**

મુંબઈમાં ધારાવી એ એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટીઓમાંનો એક રહેણાક વિસ્તાર ગણાય છે. તેની પાછળ એક ઈતિહાસ રહેલો છે. ૧૮૫૦ના દાયકામાં, ઈસ્ટ ઈન્ડિયા કંપની અને બ્રિટિશ રાજ હેઠળ થયેલ શહેરી વિકાસ પછી શહેરની વસ્તી અડધા મિલિયન સુધી પહોંચી ગઈ હતી. તે સમયે શહેરી વિસ્તાર મુખ્યત્વે મુંબઈ દ્વીપકલ્પના દક્ષિણ વિસ્તારને આવરી લેતો હતો. વસ્તીની ગીચતા તે સમયે લંડન કરતા અહીં ૧૦ ગણી વધારે હતી. તે સમયે સૌથી વધુ પ્રદૂષિત ઉદ્યોગો ટેનરી હતા, જેથી તેમને સ્થળ બદલવાની ફરજ પડતાં પ્રથમ ટેનરી ઉદ્યોગ ૧૮૮૭માં દ્વીપકલ્પીય મુંબઈથી ધારાવીમાં સ્થળાંતરિત થયો. તેની સાથે જે લોકો ચામડાનું કામ કરતા હતાં તેઓ પણ ધારાવીમાં સ્થળાંતરિત થયા.

અન્ય પ્રારંભિક વસાહતીઓમાં કુંભારોનો પણ સમાવેશ થતો હતો જે ગુજરાતી સમુદાય હતો. તે અરસામાં વળી નોકરીઓ શોધી રહેલા ગ્રામીણ સ્થળાંતરકારો મુંબઈમાં ધસી આવ્યા, અને તેના કારણે તે વિસ્તારની વસ્તી ૧૦ લાખને વટાવી ગઈ. ઉત્તર પ્રદેશના ભરતકામ કરતા કામદારો તથા અન્ય કારીગરોએ પણ મુંબઈમાં તૈયાર કપડાનો વેપાર શરૂ કર્યો. આ ઉદ્યોગોએ નોકરીઓ ઊભી કરી પરિણામે મજૂરોના ધાડે-ધાડાં મુંબઈમાં ઉતરી આવ્યાં. પરંતુ ધારાવીમાં અથવા તેની નજીકમાં માળખાગત સુવિધાઓ માટેનો કોઈ પ્રયાસ થયો નહીં. એટલે સ્વચ્છતા, ગટર વ્યવસ્થા, પીવાનું શુદ્ધ પાણી, રસ્તાઓ જેવી મૂળભૂત સેવાઓની જોગવાઈ વિના, રહેવાની જગ્યાઓ અને નાના પાયાના કારખાનાઓ આડેધડ રીતે વધવા લાગ્યાં પરિણામે ૨૦મી સદીના આરંભે 'ધારાવી' એક ઝૂંપડપટ્ટી તરીકે મિકેનિકલ, કારીગરી અને કબાડી કામકાજ થકી આડેધડ ફેલાતી ગઈ.

આ સમય દરમિયાન મુંબઈ શહેરના અર્થતંત્રમાં વધારે મહત્વ ધરાવતી ઔદ્યોગિક ક્રાંતિના કારણે શ્રમિક વર્ગને બીજા નવા વ્યવસાયો મળ્યા. આઝાદી પછી, ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકામાં મુંબઈ શહેરને વધુ મજબૂત શહેરીકરણ અને ઔદ્યોગિક વિકાસની તક મળી હતી. ૧૯૭૦ના દાયકામાં વધુને વધુ મજૂરો, હેલ્પર્સ અને મધ્યમ વર્ગના લોકોની વસ્તી



વધતી ગઈ. આજે ધારાવી લગભગ ૨૦૦ હેક્ટર (૫૦૦ એકર)માં ફેલાયેલું હોવાથી, ત્યાંની વસ્તી ગીચતા પ્રતિ ચોરસ માઈલ ૮,૬૯,૫૬૫ જેટલી હોવાનો અંદાજ છે.

ધારાવીમાં પરંપરાગત માટીકામ અને કાપડ ઉદ્યોગો ઉપરાંત મુંબઈના અન્ય ભાગોમાંથી રિસાઈકલ કરી શકાય તેવા કચરાનું રિસાઈક્લિંગ કરવાનો ઉદ્યોગ ચાલી રહ્યો છે. આ ઉદ્યોગ આશરે ૨,૫૦,૦૦૦ લોકોને રોજગારી આપે છે. અહીં અંદાજે ૫,૦૦૦ વ્યવસાયો અને ૧૫,૦૦૦ સિંગલ-રૂમ ફેક્ટરીઓ છે. બે મુખ્ય ઉપનગરીય રેલવે સ્ટેશનો પણ ધારાવીની નજીક હોવાથી કામ પર જતા અને પાછા ફરતા વિસ્તારના લોકો માટે ધારાવી એક મહત્વપૂર્ણ પરિવહન સ્ટેશન છે. ધારાવી વિશ્વભરમાં માલની નિકાસ કરે છે. જેમાં ચામડાના વિવિધ ઉત્પાદનો, ઝવેરાત, વિવિધ એસેસરીઝ તથા કાપડનો સમાવેશ થાય છે. ધારાવીનો માલ યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ અને મધ્ય પૂર્વમાં પણ નિકાસ થાય છે. જેનું અંદાજિત

ટર્નઓવર US ૫૦૦ મિલિયન ડોલરથી વધુ હોવાનો અંદાજ છે.

ધારાવીના પશ્ચિમ કિનારે અહીંના મૂળ રહેવાસીઓ, કોળી લોકો રહે છે. તેમની સાથે ગુજરાતી, હિન્દી, મરાઠી, તમિલ, તેલુગુ જેવા અન્ય ભાષી લોકો પણ રહે છે. ધારાવીની લગભગ ૨૯% વસ્તી મુસ્લિમ છે. ખ્રિસ્તી વસ્તી લગભગ ૬% હોવાનો અંદાજ છે, જ્યારે બાકીની વસતીમાં મુખ્યત્વે હિન્દુઓ છે, જેમાં કેટલાક બૌદ્ધ અને અન્ય લઘુમતીઓ છે. આ ઝૂંપડપટ્ટીમાં મસ્જિદો, મંદિરો અને ચર્ચ પણ આવેલા છે. ધારાવીમાં પહેલી મસ્જિદ બાડી મસ્જિદ ૧૮૮૭માં શરૂ થઈ હતી અને સૌથી જૂનું હિન્દુ મંદિર ગણેશ મંદિર ૧૮૮૩માં બનાવવામાં આવ્યું હતું. ઈ.સ.૧૯૧૩થી અહીં ગણેશ ચતુર્થીની ઉજવણી પણ ધામધૂમથી કરવામાં આવે છે.

**વર્તમાન સમયમાં ધારાવીની વાસ્તવિક સ્થિતિ:**

એક રિપોર્ટ મુજબ મુંબઈ (Mumbai)નો ધારાવી સ્લમ વિસ્તાર (Dharavi Slum Area) આમ તો અહીંની ગીચોગીચ વસ્તી અને ગંદકીને કારણે સમગ્ર દુનિયામાં જાણીતો છે. માત્ર અઢી ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ૧૫ લાખ લોકો અહીં રહે છે. એટલે કોઈપણ રોગચાળાની શરૂઆત પણ અહીંથી જ થાય છે. મેલેરિયા, ટાઈફોઈડ કે ફાલ્સીપેરમ જેવી બીમારીઓનું તો ધારાવી કાયમી મથક છે.

મુંબઈની અન્ય વસાહતો સાથે ધારાવીને તબાહ કરનાર પ્રથમ પ્લેગ ૧૮૯૬માં આવ્યો હતો, જ્યારે લગભગ અડધી વસ્તી મૃત્યુ પામી હતી. અન્ય નોંધાયેલા રોગચાળાઓમાં ટાઈફોઈડ, કોલેરા, રક્તપિત્ત, એમોબિઆસિસ અને પોલિયોનો સમાવેશ થાય છે. ૧૯૮૬માં ફેલાયેલી કોલેરાની જે મહામારી નોંધાઈ હતી, એમાં મોટાભાગના દર્દીઓ ધારાવીના બાળકો હતાં.

આગ અને અન્ય આફતો અહીં સામાન્ય છે. જાન્યુઆરી ૨૦૧૩માં લાગેલી આગમાં ધારાવીની ઘણી ઝૂંપડપટ્ટીઓનો નાશ થયો હતો. ૨૦૦૫માં ભારે પૂરને કારણે ઘણા બધા લોકો મૃત્યુ પામેલા અને મિલકતોને પણ વ્યાપક નુકસાન થયું હતું. મુંબઈમાં પ્રથમ કોરોના કેસ પણ ધારાવીમાં જ ઉદ્‌ભવ્યો હતો.

ઝૂંપડપટ્ટીમાં ગોઠવાયેલા જાહેર નળમાંથી પાણીની સુવિધા મળે છે. માહિમ ક્રીક એક સ્થાનિક નદી છે જેનો ઉપયોગ સ્થાનિક રહેવાસીઓ શૌચ માટે વ્યાપકપણે કરે છે પરિણામે ચેપી રોગો ફેલાય છે. શહેરની ખુલ્લી ગટરો ખાડીમાં વહે છે પરિણામે વાયુ પ્રદૂષકોને કારણે કેન્સર, ક્ષય રોગ અને અસ્થમા જેવા ફેફસાના રોગો અહીંના રહેવાસીઓમાં સામાન્ય છે. અહીં એક વર્ગ એવો છે કે તેઓ તેમના કપડાં એવા પાણીમાં ધૂએ છે જેમાં લોકો શૌચ કરે છે, જેના કારણે અહીં ટાઈફોઈડના કેસમાં ખૂબ જ વધારો જોવા મળે છે. જોકે ધારાવીની આરોગ્યલક્ષી સમસ્યાઓના સુધારા માટે મુંબઈ પ્રશાસન પણ પ્રયત્નશીલ છે.



કહેવાય છે કે ધારાવી નશીલા પદાર્થોનું પણ કેંદ્ર છે. દેશી દારૂની ભઠ્ઠીઓ પણ અહી આવેલી છે. ધારાવીમાં તમે માંગો તે પ્રકારના માદક પદાર્થો મળી શકે છે. મુંબઈના ફૂટપાથ પર વેચાતા નાસ્તા અને ફરસાણનું ઉત્પાદન પણ ધારાવીમાં થાય છે. ચાના કૂચાઓને રિસાઈકલ કરવાનો પણ ધંધો અહીં ચાલે છે. આ કૂચાઓને સૂકવી તેમાં વિવિધ સુગંધ ભેળવી ફરી પાછા ચાની લારીઓ ઉપર વેચવામાં આવતાં હોવાનું કહેવાય છે.





આ ઓછું હોય તેમ એક સર્વે મુજબ મુંબઈમાં નવીન ઝૂંપડપટ્ટીઓ પણ હવે ફેલાઈ રહી છે. ૫૫૭ એકર જમીન પર ફેલાયેલા અને ત્રણ લાખ લોકોનાં રહેઠાણો ધરાવતા ધારાવી કરતાં વ્યાપમાં ત્રણ ગણા કદની ચાર ઝૂંપડપટ્ટીઓ મુંબઈના ઉપનગર ક્ષેત્રમાં બની ગઈ છે. કુર્લા-ઘાટકોપરની ઝૂંપડપટ્ટી, માનખુર્દ-ગોવંડી, દિંડોશી અને ભાંડુપ-મુલુંડ વચ્ચે ડુંગરના ઢોળાવ પરની ઝૂંપડપટ્ટીઓ હાલમાં ઝડપથી વધી રહી છે. પરાં વિસ્તારની ઝૂંપડપટ્ટીઓ કેટલી ફેલાયેલી છે તેનું સત્તાવાર ચોક્કસ રેખાચિત્ર હજુ સ્પષ્ટ નથી. દેવનારના ડમ્પિંગ ગ્રાઉન્ડમાં આવેલી માનખુર્દ અને ગોવંડી ઝૂંપડપટ્ટીને શહેરના ગરીબો માટેનું ડમ્પિંગ ગ્રાઉન્ડ પણ કહેવામાં આવે છે.

**ધારાવીની સુધારણાના પ્રયાસો: સરકારી પગલાં અને યોજનાઓ**


૧૯૫૦ના દાયકાથી શરૂ કરીને, ધારાવીના પુનઃવિકાસ માટેની યોજનાઓ માટે સમયાંતરે પ્રયાસો થતા રહ્યા છે. પરંતુ આમાંની મોટાભાગની યોજનાઓ નાણાકીય અથવા રાજકીય સમર્થનના અભાવે સફળ થઈ શકી નથી. ધારાવીની સહકારી ગૃહ સોસાયટીની રચના ૧૯૬૦ના દાયકામાં હજારો ઝૂંપડપટ્ટીવાસીઓને આગળ લાવવા માટે શ્રી એમ.વી. દુરૈસ્વામી, જે જાણીતા સામાજિક કાર્યકર અને કોંગ્રેસી નેતા હતા, તેમની પહેલથી કરવામાં આવી હતી.

ત્યારબાદ સરકાર દ્વારા વખતો વખત અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેમાં ધારાવી રિન્યૂવલ પ્રોજેક્ટ (૨૦૦૪), સ્વચ્છ ભારત અભિયાન (૨૦૧૪), PMAY (પ્રધાનમંત્રી આવાસ યોજના), એલએફએફ અને માનવ હક્કો યોજના તથા ધારાવી પુનર્વિકાસ યોજના જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. પરંતુ આ તમામ યોજનાઓ પછી પણ ધારાવીની સમસ્યામાં ઝાઝો ફરક પડ્યો નથી. જ્યાં ખાવા રોટલો તો મળી જાય પણ સૂવા માટે ઓટલો મળવો મુશ્કેલ છે તેવી મહાનગરી મુંબઈની અનેક ઉત્તમ બાબતોની સાથો-સાથ પૂર્ણિમાના ચંદ્રમાં દેખાતું કાળું ટપકું એવી 'ધારાવી' મુંબઈની વરવી વાસ્તવિકતા છે.

ફીલિંગ્સ ટીમ



# અનેક પ્રજ્ઞાચક્ષુ આંખોમાં દ્રષ્ટિનો પ્રકાશ રેલાવનાર મુંબઈના 'મહામાનવ' શ્રી જશવંત મહેતા

વાનપ્રસ્થ અવસ્થામાં પણ એક નવયુવાન જેવો તરવરાટ ધરાવનાર મુંબઈના આ બિઝનેસમેન અને ચક્ષુદાનના પ્રણેતા શ્રી જશવંત મહેતા માટે 'મહામાનવ' શબ્દ એકદમ બંધ બેસતો છે. જેમનું જીવન હંમેશાં માનવ સેવા-સમર્પણ અને સંવેદનાથી સભર છે, તેવી આ વ્યક્તિ વિશેષ પ્રતિભાના તેજીલા તોખારને જો પૂરતો રાજકીય સપોર્ટ મળ્યો હોત તો આખા મુંબઈ શહેરની શકલ કદાચ આ મુઠ્ઠી ઉંચેરા માનવીએ બદલી નાંખી હોત! પણ હવે આપણી પાસે માત્ર અફસોસ વ્યક્ત કર્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી.

પોતાના અતિ વ્યસ્ત વ્યવસાયિક જીવનમાંથી સમાજ સેવાની વિવિધ પ્રવૃત્તિઓ માટે સક્રિય આ વિભૂતિને વંદન કરવાનું મન એટલા માટે થાય છે કે, તેમણે અસંખ્ય પ્રજ્ઞા ચક્ષુઓની અંધકારભરી આંખોમાં દ્રષ્ટિનો પ્રકાશ પાથરી તેમના જીવનને નવપલ્લવિત કર્યું છે. 'ફીલિંગ્સ' પોતાની મુંબઈ આવૃત્તિમાં શ્રી જશવંત મહેતાની ઉમદા સેવા-પ્રવૃત્તિઓનું દર્શન પોતાના સુજ્ઞ વાચકોને કરાવતા અહોહોભાવ અનુભવે છે.

તો ચાલો, મુંબઈના આ સવાયા ગુજરાતી દાનવીરે ઉભી કરેલ સંસ્થા Eye Bank Coordination & Research Centre (EBCRC)ની 'ચક્ષુદાન' સેવા પ્રવૃત્તિને નજીકથી નિહાળી ધન્યતા અનુભવીએ.

વડાલા મુંબઈ સ્થિત EBCRC એક નોંધાયેલ સંસ્થા છે, જે 'નહીં નફો, નહીં નુકસાન'ના ધોરણે ચક્ષુદાનનું કાર્ય કરે છે. સ્વતંત્ર આઈ બેંક તરીકે સ્થાપિત EBCRC Transplantation of Human Organs & Tissues Act (THOTA) હેઠળ નોંધાયેલ સરકાર માન્ય સંસ્થા છે. તેનું મુખ્ય કાર્ય મહારાષ્ટ્રભરમાં અંધત્વ નિવારણ અને ચક્ષુદાન અંગે સમાજમાં જાગૃતિ લાવી. દાનમાં મળેલ ચક્ષુને વૈજ્ઞાનિક પ્રક્રિયાથી સંરક્ષિત કરી જરૂરિયાતમંદોના જીવનમાં દ્રષ્ટિનો પ્રકાશ પાથરવાનું છે.

આ સંસ્થા માટે આઈ બેંકિંગ માત્ર તબીબી પ્રક્રિયા નથી, તે માનવતાનું કાર્ય છે. અહીં દરેક કોર્નિયા પાછળ એક દાતા, એક પરિવાર અને એક વારસો છૂપાયેલો હોય છે. EBCRC આ વારસાને સર્વોચ્ચ આદર કરે છે.

ચક્ષુદાન હંમેશાં સમય સામેની દોડ છે. મૃત્યુ બાદ નિર્ધારિત સમયગાળામાં કોર્નિયા એકત્ર કરવી, તેની વૈજ્ઞાનિક તપાસ કરી જરૂરિયાતમંદ સુધી પહોંચાડવી - આ સમગ્ર પ્રક્રિયામાં એક એક ક્ષણ અમૂલ્ય હોય છે. EBCRC આ માટે હંમેશા તત્પર હોય છે. EBCRC સંલગ્ન ૨૫ Eye Retrieval Centresના સહયોગથી Eye Bank વર્ષના ૩૬૫ દિવસ ૨૪×૭ કાર્યરત રહે છે. જાહેર રજાઓમાં પણ બેંકની સેવા અવિરત ચાલુ રહે છે.

મુંબઈના વિવિધ વિસ્તારોમાંથી દાન સ્વરૂપે પ્રાપ્ત થતા ચક્ષુઓનું કડક પરીક્ષણ અને પ્રક્રિયા International Fedration of Eye & Tissue Banks (USA) દ્વારા નિર્ધારિત આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર કરવામાં આવે છે. જેથી સુરક્ષા, પારદર્શિતા અને ઉચ્ચ ક્લિનિકલ ગુણવત્તા સુનિશ્ચિત થાય છે.

આ અદ્યતન તકનિકી વ્યવસ્થાની પાછળ EBCRCની સૌથી મોટી તાકાત તેની સમર્પિત માનવીય ટીમ છે. પ્રશિક્ષિત ટેકનિશિયન, ચક્ષુદાન કરવા લોકોને સમજાવવા કાઉન્સેલરો અને સહાયક સ્ટાફની ટીમ સંવેદનશીલતાથી શોકગ્રસ્ત પરિવારોને નેત્રદાનનું મહત્વ સમજાવી એક અત્યંત નાજુક અને જવાબદારી પૂર્ણ ફરજ બજાવે છે.

સાથો-સાથ વિવિધ ક્ષેત્રોના પ્રતિષ્ઠિત વ્યવસાયિકોથી બનેલું ટ્રસ્ટી મંડળ અને સલાહકાર સમિતિ પણ સંસ્થાને સતત માર્ગદર્શન આપે છે, જેથી નીતિ, નૈતિકતા અને વૈજ્ઞાનિક ધોરણોમાં સતત સુધારો થતો રહે.

EBCRC સમાજના સૌથી નબળા વર્ગ સુધી દષ્ટિ પહોંચાડવાનું કાર્ય કરે છે. દ્વિપક્ષીય કોર્નિયલ અંધત્વથી પીડિત દર્દીઓ, સાત વર્ષથી નીચેના બાળકો અને નગરપાલિકા તથા સરકારી હોસ્પિટલોમાં સારવાર લેતા દર્દીઓને ચક્ષુદાન નિ:શુલ્ક પૂરા


• SUIT
• SHERWANI
• BRIDAL WEAR
• GOWN
• COUPLE COLLECTION
• KOTI KURTA
BRIDE & BARAAT
RENT | BUY | CUSTOMISE
+91 7573-007070
+91 75750 24696
WEST COURT
TRP mall, The Retail Park, 1077 to 1080, West Court, Bopal, Ahmedabad, Gujarat 380058
@brideandbaraatt


WWW.VWCINDIA.COM
VISHVAKARMA
WOOD CRAFTS & EXPORTER
+91 2692 246890
TEMPLE • ZULA • SOFA • BED
ALL SEWAN WOOD FURNITURE MANUFACTURER
BRANCH 1 - NR. INDRIA GHANDHI STATUE, LAMBHVEL ROAD ANAND.
BRANCH 2 - V.V. NAGAR OPP TOWN HALL ANAND, GUJARAT, 388001 - BHARAT


સંજીવની રેઈકી કેન્દ્ર
આણંદ/વલસાડ
9033446090/9824087246
શું
તણાવ મુક્ત જીવન જીવવા માંગો છો ?
તન, પ્રાણ અને મનનો વિકાસ માંગો છો ?
આજીવન સ્વસ્થ-નિરોગી અને આનંદિત રહેવા માંગો છો ?
તમારા ચૈતસિક તથા આધ્યાત્મિક વિકાસ કરવા માંગો છો ?
રેકી ઉપચાર પદ્ધતિ વિશે જાણો
રેકી એટલે-ચેતના શક્તિ/પ્રાણ શક્તિ
સર્વ વ્યાપી જીવન શક્તિ, યોગ અને પ્રાણાયામનો સમન્વય
રેકીના સેમિનાર દરમ્યાન રેકી વિશે, ચક્રો વિશે, આધ્યાત્મિક, આત્મિક ઉત્થાન વિશે ઉંડાણપૂર્વક માહિતી આપવામાં આવે છે.
કુદરતી અને નિર્દોષ અને હંમેશા માટે લાભદાયી રેકી થેરાપી વિશે અવશ્ય મુલાકાત લો.
સારવાર તથા શિક્ષણ માટે મળો
:: અન્ય હીલીંગ પદ્ધતિ ::
• રેઈકી હીલીંગ • ક્રીસ્ટલ હીલીંગ • આકાશિક રેકોર્ડસ હીલીંગ • પાસ્ટલાઈફ હીલીંગ
• ડીવાઈન યુનિયન હીલીંગ • વાસ્તુ કોઉન્સેલિંગ • તમામ પ્રકારના થેરાપી સ્ટોન


ચરોતરનો ખરો સ્વાદ...
છપ્પનભોગ
મુખવાસ એન્ડ મસાલા
પરદેશ લઈ જવા માટે ૫૦૦ થી વધુ વેરાયટીઝમાં તથા આકર્ષક પેકીંગમાં...
મુખવાસ અને મસાલા મળશે.
CHHAPPANBHOG MUKHWAS & MASALA
Factory : Plot No. 7/A/1, Anand Industrial Estate, Borsad Road, ANAND 388 001.
CUSTOMER CARE : +91 7209 56 56 56
Tower Bazar
Tower Bazar, Granary Store, ANAND.
A. V. Road
G-13, H. R. Prime, A. V. Road, Anand.
Station Road : 4, Muni. Hospital Shopping Centre, Station Road, Anand.
Vadtal : 3, Kanji Bhuvan, Nr. Tran Darwaja, Vadtal - 387 375. Ph. 0268 - 2589100
Ph.: 02692 - 268 868, 256 256 257 257, 258 258
GIRNAR
G-5, City Plaza, Nr. Sardar Gunj, Anand. +91 94276 95113
info@chhappanbhogmukhwas.com
www.chhappanbhogmukhwas.com
Follow us on


FASHION ICON
TAILOR YOUR STYLE
CUSTOM TAILORING
C.B. JETHVA
Exclusive | Fashion | Designer | Fabric
The Suit & Sherwani Maker
DESIGNER SHERWANI | DESIGNER SUIT | KURTA | KOTI | WEDDING SUIT
G-3, Ramkrishna Shopping Center, Mayfair Road, Anand
+91 94290 31811
+91 94295 43240


PLUS POINT
your cultural expression.
ESTD: 1995
• SUIT
• BLAZER
• SHERWANI
• INDO-WESTERN
• JODHPURI
• CHOLI
Bridal Choli, Pre wedding gwon, Couple collection Available on rent.
• RENT • BUYBACK • CUSTOMISE
+91 72111 12003
Ghanshyam Complex, Beside Urban Bank, Gamdivad, Anand - 388001


MEERA TRAVELS
Mo.: 94084 72272
★ 2x2, 2x1 Daily Service
★ Pushback & Sleeper
★ Volvo Luxury Bus
★ A/C non A/C
B-2, D.K. Shopping Center, G.P.O. Road, ANAND
Daily Service
MUMBAI
ULHASNAGAR
AURANGABAD
NASHIK
SHIRDI
AHMEDNAGAR
JALGAON
PUNE
MAHABALESHWAR
GOA


Idrish Vahora
+91-98982 20440
ચરોતર
ઈન્ટરનેશનલ કુરિયર્સ
Service By :
એર મેલ, સી મેલ એન્ડ પાર્સલ સર્વિસ ફોર યુએસએ, યુ.કે., કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે...
જી-૨, ડી.કે. શોપિંગ સેન્ટર, જીપીઓ રોડ, આણંદ (ગુજરાત) ઇન્ડિયા.
Email : charotar_int@yahoo.co.in Ph (O) (02692) 240404


Kamlesh
+91 99041 64972
avsar.cards24@gmail.com
AvsaR
Exclusive Wedding Card Gallery
Gift Envelopes
Wedding Cards, Invitation Cards,
Four Colour Visiting Cards Printing etc.
2, Shubhlaxmi Shopping Centra, Station Road, Anand (Guj.-India)


Shri Ayu Pharma
Place for Ayurveda
Gamdiwad Char Rasta,
ANAND 388 001. Gujarat, India.
Ph.: +91-2692-244088, 259856
GF - 3 & 4, R - Zone,
Nr. Paras Circle, NADIAD
Ph. : +91 94090 66044
shreeayupharma@gmail.com
98258 23164 | 76004 34538 | 88667 74959
All kind of Ayurvedic Medicines

પાડવામાં આવે છે. જેથી આર્થિક મર્યાદાઓ ક્યારેય દ્રષ્ટિના માર્ગમાં અવરોધ ન બને.

ઉપરાંત તમામ BMC દર્દીઓ માટે Amniotic Membrane Grafts (AMG) પણ નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવે છે, જે આંખની ગંભીર ઈજાઓ અને રોગોમાં દ્રષ્ટિ બચાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થાય છે.

EBCRCના ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ Shantilal Shanghvi Eye Institute ખાતે પોતાના પરિસરના ઉદ્દઘાટન પ્રસંગે સનફાર્મા ઈન્ડસ્ટ્રીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી દિલીપ સંઘવી સહિત પ્રતિષ્ઠિત નેત્રવિદો, દાતાઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

મુંબઈમાં દર વર્ષે હજારો લોકોનું અવસાન થાય છે, છતાં આંખદાન કરનારાઓની સંખ્યા હજુ પણ ઓછી છે. આ પડકારો અને COVID-19 જેવી મહામારીના કપરા સમયમાં પણ EBCRC એ છેલ્લા ૩૦ વર્ષોમાં ૧૩,૦૦૦થી વધુ ઉપયોગી કોર્નિયા જરૂરિયાતમંદોને પૂરા પાડયા છે.



EBCRC આઈ બેન્કિંગ ક્ષેત્રમાં આજે અગ્રણી સંસ્થા તરીકે ઉભરી આવી છે. જે ભારત સહિત એશિયા પેસિફિક રિજિયનમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. મુંબઈ ઉપરાંત સમગ્ર ભારતમાં ચક્ષુદાન પ્રવૃત્તિને વેગવંત કરવા માટે જશવંતભાઈ સતત પ્રયત્નશીલ રહ્યાં છે. આપણે ત્યાં ૧૯૯૪માં અમલમાં આવેલ THOTA હેઠળ મૃત પામેલ વ્યક્તિના શરીરમાંથી કોઈપણ અવયવ કાઢવા માટે માન્ય ડિગ્રી ધરાવતા તબીબને જ પરવાનગી આપવામાં આવી હતી. આ અવયવોમાં કોર્નિયાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

વિશ્વના મોટા ભાગના દેશોમાં કોર્નિયા કે ચક્ષુ કાઢવા માટે તાલીમ લીધેલા ટેક્નિશિયનને પણ પરવાનગી આપવામાં આવી છે. કારણ કે શરીરના અન્ય અવયવો જેમ કે હૃદય, લીવર, કિડની વગેરે કાઢવાની પ્રક્રિયા માટે માન્ય ડિગ્રી પામેલા સર્જન દ્વારા જ આ અંગો જીવંત વ્યક્તિમાંથી લેવામાં આવે છે આની સામે કોર્નિયા મૃત વ્યક્તિમાંથી લેવામાં આવે છે. જે આંખો કાઢવાની પ્રક્રીયાની સરખામણીમાં ઘણી સરળ છે એટલે તાલીમ પામેલ ટેક્નિશિયન પણ સહેલાઈથી આ કામ કરી શકે છે. ૧૯૯૪માં 'હોટા' પાસ થયા પછી જશવંતભાઈના સતત પ્રયાસોના પરિણામે ૨૦૧૨માં કેન્દ્ર સરકારે તાલીમ પામેલા ટેક્નિશિયન દ્વારા કોર્નિયા કાઢવા માટે પરવાનગી આપી જરૂરી સુધારાઓ સંસદમાં પસાર કરી કાયદો અમલમાં મુક્યો છે.

EBCRCનું ભવિષ્યનું મિશન એ છે કે, 'એવું વિશ્વ જ્યાં ચક્ષુદાનના અભાવને કારણે કોઈ વ્યક્તિ અનાવશ્યક રીતે અંધ ન રહે.' કારણ કે જ્યારે કોઈ વ્યક્તિ આંખ દાન કરવાનો નિર્ણય લે છે, ત્યારે કોઈ બીજાને જીવનભર માટે દ્રષ્ટિનું અમૂલ્ય દાન મળે છે.

# યુ.એસ.એ. - શિકાગોમાં યોજાયો ઈન્ટરનેશનલ એચિવર્સ એવોર્ડ સમારોહ - ૨૦૨૬

માઈનસ ચાલીસ ડિગ્રીમાં થથરતા શિકાગોમાં તાજેતરમાં એશિયન મીડિયા યુ.એસ.એ. દ્વારા આયોજિત ઈન્ટરનેશનલ અચિવર્સ એવોર્ડ ૨૦૨૬ અને ઈન્ટરનેશનલ ફેશન ગાલા ૨૦૨૬ સમારંભનું ભવ્ય આયોજન કરી આયોજકો સાચા અર્થમાં અભિનંદનના અધિકારી બન્યા છે. વિશ્વના ખૂણે ખૂણેથી આવેલ વિજેતાઓના ઉત્સાહની હૂંફે અને પ્રસિદ્ધ એન્કર પ્રાચી જેટલીની જોશપૂર્ણ વાણીની ઊર્જાએ સમારોહને જીવંત બનાવી દીધો હતો.

આ ભવ્ય સમારંભના મુખ્ય આયોજક 'બીઈંગ મુસ્કાન ઈવેન્ટ્સ'ના સ્થાપક મીના ઈસરાનીએ પ્રથમ વખત અમેરિકાની ધરતી પર આયોજિત કરેલ આ કાર્યક્રમે એક નવો ઈતિહાસ રચી દીધો છે.

સમારંભના મુખ્ય અતિથિ તરીકે ઈલિનોઈસ રાજ્યના પ્રતિનિધિ જવાહરલાલ વિલિયમ્સ અને હેરી બેન્ટને ઉપસ્થિત રહી વિજેતાઓને પ્રોત્સાહિત કર્યા હતાં. ઈન્ડિયન અમેરિકન બિઝનેસ કાઉન્સિલના પ્રમુખ અજીત સિંહ તથા વિશ્વના પ્રથમ OCI કાર્ડ ધારક ઈફતેખાર શરીફની હાજરીએ કાર્યક્રમની ગરિમા વધારી હતી.



ફેશન ગાલામાં ભારતીય સંસ્કૃતિ અને આધુનિકતાનો સુંદર સંગમ જોવા મળ્યો. કાંજીવરમ, બનારસી સિલ્ક, ગોટા-પટ્ટી અને ચિકનકારી જેવા પરંપરાગત વસ્ત્રોનું ભવ્ય પ્રદર્શન એવમ્ મનોરંજનમાં મીનુ વાસુદેવનના નૃત્ય અને સંગીતે ઉપસ્થિત સૌ દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતાં.

આ સમારોહમાં મીડિયા, શિક્ષણ, બિઝનેસ, સમાજસેવા અને મહિલા સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન બદલ અનેક પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવી. એશિયન મીડિયા USAના ચેરમેન શ્રી સુરેશ બોડીવાલાએ આ સમારોહને યાદગાર ગણાવતા જણાવ્યું હતું કે, 'આ પ્રથમ વાર શક્ય બન્યું છે. જ્યાં ઘણી બધી સિદ્ધિ પ્રાપ્ત હસ્તીઓ એક-બીજાને પોતાની સફળતાની વાતો શેર કરવાના હેતુથી એક જ છત હેઠળ એકત્રિત થઈ છે. એશિયન મીડિયા USA દ્વારા આ અત્યાર સુધીનો સૌથી વધુ પ્રતિષ્ઠિત પુરસ્કાર સમારંભો પૈકીનો એક છે. જેમાં સહભાગી થવા બદલ અમોને ગર્વ છે.'

સમારંભની સફળતા પાછળ શો-ડિરેક્ટર મનોજ શેટ્ટી, રેડ કાર્પેટ હોસ્ટ શ્વેતા ચિન્નારી તથા મેક ઈન્ડિયા પ્રાઉડઃ એજ્યુકેશન ફોર ચિલ્ડ્રન જેવી સામાજિક સંસ્થાનું યોગદાન પણ સરાહનીય છે.

કહી શકાય કે, આ કાર્યક્રમ માત્ર એવોર્ડ સમારોહ નહોતો, પરંતુ માનવીય એકતા, પ્રતિભા અને અડગ સંકલ્પની ઉજવણી બની રહ્યો.

# માર્ચ ૨૦૨૬નું માસિક ફળકથન

**મેષ (અ.લ.ઈ.)**

આ મહિનો તમારા માટે સારો રહેશે. તમારી આવકને ધ્યાનમાં રાખીને ખર્ચ કરવો. તમારી કેટલીક સમસ્યાઓ વધી શકે છે. નોકરિયાતવર્ગ આ મહિને થોડો ચિંતિત રહેશે, તમે પોતાના સ્વાસ્થ્યને લઈને ચિંતિત હતા, તો તમને તેમાંથી રાહત પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ તમે તમારા અભ્યાસ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી કોઈપણ પરીક્ષામાં સફળતા મેળવી શકશો.

**વૃષભ (બ.વ.ઉ.)**

આ મહિનો પ્રેમ જીવન વિતાવી રહેલા લોકો માટે ખુશીઓથી ભરપૂર રહેશે. ઘરેલુ જીવનમાં તમારી ચાલી રહેલી સમસ્યાઓના ઉકેલને કારણે તમારું મન ખુશ રહેશે. આ સમયે જરૂરી ખર્ચ કરવો. તમારે વ્યવસાયમાં સખત મહેનત કરવી પડશે. આ મહિનો સ્વાસ્થ્ય માટે સારો રહેશે. તમારા ખોરાક પર ધ્યાન ન આપવાથી તમે કોઈ મોટી સમસ્યામાં ફસાઈ શકો છો.

**મિથુન (ક.છ.ઘ.)**

આ મહિનો તમારા માટે મિશ્ર ફળદાયી રહેવાનો છે. આ મહિને પૈસાની બાબતમાં તમારી સ્થિતિ ખૂબ સારી રહેશે. તમે જે પણ કામમાં હાથ લગાવશો, તેમાં તમને સારી સફળતા પ્રાપ્ત થશે. તમારે યોગ, કસરત પર સંપૂર્ણ ધ્યાન આપવાની જરૂર છે. વિદ્યાર્થીઓએ શિક્ષણમાં સારા પરિણામો મેળવવા માટે તેમના જ્ઞાનને કેન્દ્રિત કરવાની જરૂર છે.

**કર્ક (ડ.હ)**

પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોના પ્રેમ જીવનમાં, આ મહિને બેદરકારીને કારણે સમસ્યાઓ વધશે. આ મહિને તમારા સ્વાસ્થ્યમાં કેટલીક સમસ્યાઓ વધશે. મહિનાના છેલ્લા અઠવાડિયામાં, તમે કોઈ સુંદર સ્થળ પર વેકેશન ગાળવાનું પણ આયોજન કરી શકો છો. નોકરી કરતા લોકો માટે આ સમય ખૂબ સારો રહેશે, તમને પ્રમોશન મળી શકે છે.

**સિંહ (મ.ટ.)**

આ મહિનો તમારા માટે સારો રહેવાનો છે. લગ્ન જીવનમાં થોડો સંઘર્ષ રહેશે. તમને કોઈ નવી મિલકત મળી શકે છે. આ મહિને વ્યવસાયમાં થોડી સમજદારી બતાવીને આગળ વધવું પડશે. જે લોકો નોકરી શોધી રહ્યા છે તેમને કોઈ સારા સમાચાર સાંભળવા મળશે. વિદ્યાર્થીઓને સારા પરિણામો મળવાની શક્યતા છે. આ મહિને તમારા સ્વાસ્થ્યમાં ઘણી ઊર્જાનો અનુભવ કરશો.

**કન્યા (પ.ઠ.ણ.)**

આ મહિનો તમારા માટે મધ્યમ ફળદાયી રહેશે. તમારા કૌટુંબિક સંબંધોમાં એકતા રહેશે. તમારા કામને ધીરજ અને હિંમતથી પાર પાડવાની જરૂર છે. મિલકત સંબંધિત કોઈપણ બાબતમાં બેદરકાર બનવું નહીં. વિદ્યાર્થીઓએ પણ આ મહિને પોતાનો અભ્યાસ સમજી વિચારીને કરવો જોઈએ. તમને સ્વાસ્થ્યમાં કોઈ સમસ્યા લાગે તો તમારી દિનચર્યામાં સુધારો કરવો.

**તુલા (ર.ત.)**

આ મહિનો તમારા માટે સકારાત્મક પરિણામો લાવશે. તમારા પારિવારિક જીવનમાં કેટલીક સમસ્યાઓ આવી શકે છે. નોકરી શોધી રહેલા લોકોને સારી તક પ્રાપ્ત થઈ શકે છે. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસમાં સખત મહેનત કરશે, પરંતુ તેમાં પરિણામ ન મળવાને કારણે તમે થોડા વ્યથિત રહેશો. તમારું સ્વાસ્થ્ય નબળું રહેશે. તમારી ખાવાની અમૂક આદતોના કારણે આ સમસ્યા રહેશે.

**વૃશ્ચિક (ન.ય.)**

આ મહિનો તમારા માટે ખૂબ સારો રહેશે. તમારું જીવન ખુશીઓથી ભરેલું રહેશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થઈ શકે છે. તમારા પ્રિયને નવી નોકરી મળવાને કારણે વાતાવરણ ખુશનુમા રહેશે. તમારી આર્થિક સ્થિતિ સારી રહેવાના કારણે તમે ખૂબ ખુશ રહેશો. પરિવારમાં કોઈ શુભ પ્રસંગનું પણ આયોજન થઈ શકે છે. આ મહિને તમે વ્યવસાયને લઈને થોડા ચિંતિત રહેશો.

**ધન (ભ.ધ.ફ.)**

આ મહિનો તમારા માટે ઘણી સમસ્યાઓ લાવનારો રહેશે. તમને સમસ્યાઓમાંથી સરળતાથી બહાર નીકળવામાં મદદ કરી શકે છે. તમારું લગ્નજીવન સારું રહેશે. તમારા સ્વાસ્થ્ય પર પણ સંપૂર્ણ ધ્યાન આપવું. તમારી દિનચર્યામાં સુધારો કરવો જોઈએ. તમારી બેદરકારી તમને સમસ્યાઓ આપી શકે છે. વિદ્યાર્થીઓ આ મહિને નાણાં સંબંધિત કેટલીક સમસ્યાઓથી ચિંતિત રહેશે.

**મકર (ખ.જ)**

આ મહિને, તમારા સંબંધો પર થોડું ધ્યાન આપવું પડશે અહંકારને કારણે તમારા સંબંધોમાં કોઈ સંઘર્ષ ન થાય. તમે પૈતૃક મિલકત સંબંધિત કોઈપણ મામલામાં જીત મેળવશો. તમારા કોઈ કાનૂની મામલાનું સમાધાન પણ થઈ શકે છે તે માટે પૈસા પ્રત્યે થોડી કાળજી રાખવાની જરૂર છે. તમે તમારા સ્વાસ્થ્ય અંગે ખૂબ જ સાવચેત રહેશો.

**કુંભ (ગ.શ.સ.)**

આ મહિનો તમારા માટે ઉત્તમ ફળદાયી રહેશે. નોકરીમાં પ્રમોશન મળી શકે છે. પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોને પોતાના પ્રિયનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. વેપારીવર્ગ વ્યવસાયમાં જે યોજનાઓને લઈને ચિંતિત હતા તે આ મહિને પૂર્ણ થઈ શકે છે. તમે આ મહિને ઘર ખરીદવા માટે ઘણા પૈસા ખર્ચ કરી શકો છો. વેપારીવર્ગે કોઈ અજાણી વ્યક્તિથી પ્રભાવિત થવું જોઈએ નહીં.

**મીન (દ.ચ.ઝ.)**

પ્રેમ જીવનમાં વિતાવી રહેલા લોકો તેમના પ્રિયને કોઇ સુંદર સ્થળ પર બહાર લઈ જઈ શકે છે. આ મહિનો તમને ખર્ચાઓના કારણે સમસ્યાઓ આપનારો રહેશે. તમારી કોઇ વાતને લઇને કોઇપણ મિલકત અંગે વિવાદ થઇ શકે છે. તમને કોઇ સરકારી કામ મળવાની શકયતા છે. તમારે બીજાની લાગણીઓનો આદર કરવો પડશે. નોકરિયાત લોકોએ વિશેષ કાળજી લેવાની જરૂર છે.

GaneshaSpeaks®.com
Your friend, astrologer & guide

**કેવું રહેશે ૨૦૨૬!**
જાણો, **ગણેશાસ્પીક્સ** ના
વિદ્વાન જ્યોતિષિયો પાસેથી
ગણેશાસ્પીક્સ એપ ડાઉનલોડ કરો, અને મેળવો
**₹ 100/- ના રિચાર્જ પર ₹ 200/- નું બેલેન્સ**

QR સ્કેન કરો **ગણેશાસ્પીક્સ** એપ ડાઉનલોડ કરો

આ સેવામાં જ્યોતિષીઓ 24 કલાક 365 દિવસ ઉપલબ્ધ હોય છે જેથી તમે તમારી સગવડ પ્રમાણે કોલ કરી શકો છો.

જ્યોતિષીને આપેલી તમારી માહિતી અને તેમની સાથે કરેલી ચર્ચા સંપૂર્ણ ખાનગી રહેશે.




## ભારતમાં ICC T-20 વર્લ્ડકપ-૨૦૨૬ની શરૂઆત ભારત અને યુએસએ વચ્ચેની મેચથી થઈ

યુએસએમાં પણ ક્રિકેટની રમત લોકપ્રિય થઈ રહી છે. કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં ૨૦૨૮માં યોજાનાર ઓલિમ્પિકમાં હવે ક્રિકેટનો પણ સમાવેશ કરાતાં યુએસએની ક્રિકેટ ટીમ તેમાં ભાગ લેવા ખૂબ જ ઉત્સુક છે. ૨૦૨૪ના ICC T-20 વર્લ્ડ કપમાં યુએસએની ટીમે કેનેડા સામે વિજય મેળવી મોનાંક પટેલની કેપ્ટનશિપ હેઠળ સુપર ઓવરમાં પાકિસ્તાન સામે અપસેટ સર્જ્યો હતો. આ ટીમ ૨૦૨૬ના ICC T-20 વર્લ્ડ કપ માટે કવોલિફાય થતાં સૌ પ્રથમ મેચ ભારત અને યુએસએ વચ્ચે યોજાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં ક્રિકેટને લોકપ્રિય બનાવવામાં ગુજરાતના સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગરના ચાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સિંહ ફાળો છે. જેમાં સર્વશ્રી મોનાંક પટેલ, ચિંતન પટેલ (મોનાંકના કાકા) દિલિપ પટેલ (મોનાંકના પિતાશ્રી) તથા શ્રી જતીન પટેલે દિલિપભાઈના સાથી મિત્ર તરીકે પડછાયો બનીને યુએસએની ક્રિકેટ ટીમને આજે વર્લ્ડ લેવલે પહોંચાડી છે.

તેઓની આ સિદ્ધિ બદલ ભારત સહિત ગુજરાત સવિશેષ ગર્વની લાગણી અનુભવે છે. USA ક્રિકેટ ટીમને ઉજ્જવળ ભવિષ્યની ફીલિંગ્સ પરિવાર તરફથી અનેક શુભકામના.

## ડૉ. આઈ. કે વીજળીવાળાનું બાળવાર્તા પુસ્તક 'ભોલુ'ને મળ્યું ગુજરાત સાહિત્ય અકાદમીનું તૃતીય પારિતોષિક




તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા ગુજરાતી ભાષા સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકોને પ્રથમ, દ્વિતીય અને તૃતીય પારિતોષિક અર્પણ કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત વર્ષ ૨૦૨૪માં પ્રગટ થયેલ ડૉ. આઈ.કે. વીજળીવાળાનું બાળ વાર્તા પુસ્તક 'ભોલું'ને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી તૃતીય પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. એક સફળ તબીબ બાળ સહજ બની બાળહૃદયમાં સ્થાન મેળવે તે નાની વાત નથી. તેઓના બાળવાર્તા પુસ્તક 'ભોલું'ને પ્રાપ્ત થયેલ પારિતોષિક બદલ 'ફીલિંગ્સ' પરિવાર અત્યંત હર્ષ અને ગૌરવ સાથે અભિનંદન પાઠવે છે.



વર્ષોથી 'ફીલિંગ્સ'માં નિયમિત લખતા આત્મીય સ્વજન ડૉ. આઈ. કે. વીજળીવાળાને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા.




વડોદરા એકેડેમિક એસોસિએશનનો પાંચમો વાર્ષિકોત્સવ ઉજવાયો તેમાં યુનિવર્સિટીના પૂર્વ સેનેટ અને સિન્ડિકેટ સભ્ય દીપક શાહને સોશિયલ રીસ્પોન્સિબિલિટી એવોર્ડ ૨૦૨૫ એનાયત કરવામાં આવ્યો હતો જે તસવીરમાં જોઈ શકાય છે.




## રાજાણી બંધુઓની સફળતાનું રહસ્ય આ રહ્યું...

ગૃહ ઉપયોગી વિવિધ ઉત્પાદનોમાં ધંધાકીય કુનેહ થકી સફળતાની સીડીઓ સર કરનાર જૂનાગઢ સ્થિત રાજાણી બંધુઓએ પોતાની ઓળખ સૌરાષ્ટ્રના અદાણી-અંબાણી તરીકે પ્રસ્થાપિત કરી છે.

રાજાણી બંધુઓ, જેમણે સફળતાનો ભરપૂર આસ્વાદ માણ્યો છે અને ભવિષ્યમાં પણ આ સફળતાને ટકાવી રાખવા કટિબદ્ધ છે. ધંધાકીય વિસ્તરણોના માપદંડ રાજાણી ગ્રૂપને સફળતાના ઉચ્ચ શિખરે લઇ જશે એ ચોક્કસ વાત છે. ૨૦૩૫ સુધીમાં રાજાણી ગ્રૂપ એક લિસ્ટેડ પબ્લિક લિમિટેડ કંપની બનશે જેનું ટર્નઓવર રૂા. ૨૦૩૫ કરોડનું હશે. તેવો વિશ્વાસ રાજાણી ગ્રૂપ ધરાવે છે.

૫૦ એકરમાં ફેલાયેલ અત્યાધુનિક સેવાઓથી સજ્જ ઉત્પાદન એકમની રચના કરીને ૩૦૦૦થી વધુ નોકરીઓનું સર્જન કરવાનો પણ આ ગ્રૂપનો લક્ષ્યાંક છે તથા ભારતના ૧૫ રાજ્યોમાં ૫૦૦૦ ડિસ્ટ્રિબ્યુટર્સ અને ૭,૫૦,૦૦૦ રિટેલર્સનું નેટવર્ક ઉભું કરાશે. ધંધાના વિકાસ સાથે પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ બખૂબી નિભાવતા રાજાણી ગ્રૂપના ધરોહર સમા ધર્મેન્દ્રભાઈના જન્મદિને રક્તદાન કેમ્પનું આયોજન કરી સમાજસેવાનો ઉત્તમ આદર્શ પૂરો પાડનાર રાજાણી ગ્રૂપને ફીલિંગ્સ પરિવાર તરફથી ઓલ ધ બેસ્ટ.

એ વાત સ્વીકારવી પડે કે, તમે જો કોઈ કાર્ય દિલથી કરવાનો અડગ નિર્ધાર કરો તો કુદરત પણ તમોને પૂર્ણ સહકાર આપવામાં જોતરાઈ જશે.



## મુંબઈના ગુજરાતી પત્રકાર સંઘની પિકનિક સફળતાપૂર્વક સંપન્ન

મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘ મુંબઈમાં બહુ સારું વર્ચસ્વ ધરાવનારો પત્રકાર સંઘ છે. શ્રી મુકેશભાઈ મહેતાના સહકારથી સંઘનું માંડવી હિલ રિસોર્ટમાં પિકનીકનું સુંદર આયોજન કરાયું હતું. પત્રકારો અને તેઓના પરિવારજનો સાથે યોજાયેલ આ પિકનીકમાં સૌએ વિવિધ રમત-ગમતો સાથે ક્વિઝનો આનંદ માણ્યા પછી મનભાવન હાસ્યની છોળો વચ્ચે કવિતાઓને માણી સૌ તૃપ્ત થયા હતા. પત્રકાર સંઘ પ્રમુખ કુનેશ દવેએ સંઘની ભાવિ પ્રવૃત્તિઓ અંગે સૌને અવગત કર્યા હતા. ઉપપ્રમુખ સંજય શાહે આગામી ગુડીપડવાના શુભ દિવસે પત્રકાર સંઘના મુખપત્રનો પ્રથમ અંક પ્રસિદ્ધ કરવાની ઘોષણા કરી હતી. કમિટિ સભ્ય ધર્મેશભાઈ વકીલે અંજલિ કિચનવેર અને નૈમિષ ત્રિવેદીએ mcx ના સહયોગથી વિજેતાઓને ઈનામ અને ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આમ આ પ્રવાસ કાયમી સંભારણું બની રહ્યો.



## AACA અને સ્પોર્ટ્સ કલબ અમદાવાદ દ્વારા રિપબ્લિક ડે પર ૯મો બ્લડ ડોનેશન કેમ્પ સફળતાપૂર્વક યોજાયો

અમદાવાદ એડવર્ટાઈઝિંગ વેલ્ફેર સર્કલ એસોસિયેશન AACA અને સ્પોર્ટસ કલબ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ૯મા રકતદાન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં AACA અને મીડિયા ફેટર્નિટી તથા સ્પોર્ટસ કલબના સભ્યો દ્વારા ૧૬૦ યુનિટ જેટલું બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું. એકત્રિત કરાયેલ આ તમામ બ્લડ ગુજરાત કેન્સર સોસાયટી ખાતે કેન્સર પીડિત બાળકોની સારવાર માટે દાન કરાયું હતું.

AACA હાલમાં પોતાની સ્થાપનાના ગૌરવપૂર્ણ ૩૫મા વર્ષની શાનદાર ઉજવણી કરી રહ્યું છે. તેના ઉપલક્ષ્યમાં સંસ્થા દ્વારા આવા સમાજ ઉપયોગી સેવા કાર્યો જનસેવાનું ઉત્તમ ઉદાહરણ બને છે. તે બદલ AACAની ટીમને ધન્યવાદ.

## સેવા-ભક્તિ અને આધ્યાત્મિકતાનો સમન્વય એટલે જયોતિષાચાર્ય શ્રી અતુલકુમાર જીવણલાલ શાહ



સત્તાવીસમી ડિસેમ્બર ૧૯૬૦માં આણંદ જિલ્લાના એક નાનકડા પરંતુ આધ્યાત્મિકતાની સૌરભથી સમૃદ્ધ વાલવોડ ગામમાં જન્મેલ શ્રી અતુલકુમાર જીવણલાલ શાહનું જીવન સદૈવ સેવા-ભક્તિ અને આધ્યાત્મિકતાનો અનેરો ત્રિવેણી સંગમ છે. શરૂઆતમાં વાલવોડ, બોરસદ, પાલિતાણા, ઝઘડિયા, ગોધાવી, બારેજા, જેતલપુર અને અમદાવાદ જેવા વિવિધ સ્થળોએ અભ્યાસ કરી તેઓએ પોતાના ઉમદા વ્યક્તિત્વનું ઘડતર કર્યું છે.

અતુલકુમારે ગુજરાત યુનિર્વસિટીમાંથી પ્રાકૃત ભાષામાં બી.એ. તથા કાયદાનો અભ્યાસ કરી એલ.એલ.બી.ની ઉપાધિ મેળવી હતી. પોતાની કારકિર્દીની શરૂઆત સરકારી નોકરીથી કરનાર અતુલકુમારનું જીવન હંમેશા પ્રામાણિકતા અને પરિશ્રમથી છલકાતું રહ્યું છે. આધાત્મિકતાના અગાધ સાગરમાં પોતાના જીવનને સમર્પિત કરનાર અતુલકુમારે વાલવોડ તીર્થના જીર્ણોદ્ધારની પવિત્ર જવાબદારી બખૂબી નિભાવી હતી.

આમ આ સ્થાનની દિવ્યતાને પુનર્જીવિત કરી જિનશાસનનું એક અદ્ભૂત પ્રતિષ્ઠિત કેન્દ્ર બનાવવામાં તેઓ નિમિત્ત બન્યા હતા. અતુલકુમાર આ બાબતને શ્રી સિદ્ધિસૂરીશ્વર બાપજી મહારાજની કૃપા ગણાવે છે. પોતાની આધ્યાત્મિક સેવાઓની સાથે શ્રી શાહ જ્યોતિષ-વાસ્તુભેદ અને દિવ્ય ઔષધિ તંત્રમાં પણ વિશેષ પ્રાવિણ્ય ધરાવે છે. પૂ. આચાર્ય ભગવંત શ્રી નયપદ્મ સાગરજી મહારાજની નિશ્રામાં મહત્ત્વપૂર્ણ મુહૂર્ત સંશોધનોમાં અતુલકુમારને સેવા પ્રદાન કરવાનો પણ અવસર પ્રાપ્ત થયો છે. આમ તેઓનું જીવન વિનમ્રતા, અવિરત સાધના અને ભક્તિભાવ સભર બન્યું છે. પૂ. બાપજી મહારાજની આ કૃપાના કારણે તેઓ અનેક લોકોના જીવન માટે પ્રેરણાસ્ત્રોત અને માર્ગદર્શક બની રહ્યા છે. તેઓની બહુ આયામી પ્રતિભાને ફીલિંગ્સ પરિવાર તરફથી વંદન સહ જય જિનેન્દ્ર.

અહેવાલ: ધર્મેશ વકીલ



## રેલવેના સર્વાંગી વિકાસની સાથે રાષ્ટ્ર નિર્માણને ગતિશીલ બનાવશે ભારતનું અંદાજપત્ર

આ વર્ષના અંદાજપત્રમાં રેલવેને વિક્રમસર્જક રકમ રૂા. ૨,૭૮,૦૦૦ કરોડની ફાળવણી રેલવેના સર્વાંગી વિકાસની સાથે સાથે રાષ્ટ્રને પણ આત્મનિર્ભરતાના નવા શિખરો પર લઈ જશે. મુંબઈથી પૂણે, પૂણેથી હૈદરાબાદ, હૈદરાબાદથી ચેન્નાઈ, હૈદરાબાદથી બેંગલુરુ, ચેન્નાઈથી બેંગલુરુ, દિલ્હીથી વારાણસી અને વારાણસીથી સિલીગુડી એમ દેશના ૭ મહત્વના શહેરોને એકબીજાથી જોડનારા હાઈ સ્પીડ કોરિડોરના નિર્માણનો બજેટમાં થયેલ સમાવેશ પ્રવાસ અને વેપાર ઉદ્યોગ માટે ખૂબ જ ઉપયોગી નિવડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મહત્વાકાંક્ષી મુંબઈ અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને પણ અંદાજપત્રીય જોગવાઈમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

Feelings મિર્ચી

## મુંબઈ.. મુંબઈ.. મુંબઈ

મોજીલું મસ્તીલું વહાલું અમારું મુંબઈ,
સહુની વ્હારે, સહુ કોઈને તારે,
ઓટ ને ભરતી ભાઈ,
આતો સહુ કોઈની ધરતી,
મોજ, મઝા, મસ્તી, મનોરંજન સંગે
મહેનત કરતી મુંબઈની વસ્તી,
રોડ - રસ્તા, વાહન, વહાણ, વિમાન રેલ
ટો - ટો, પીપ પીપ,
ઘરરમ - ઘુર, ઘરરઘરર, ચર... ચર,
તબડક તબડક, પમ પમ પો, ટન ટન, ઘુમ ઘુમ
શુહ..., ફૂક ફૂક, છુક છુક, છમ્ છમ્,
દરિયાધીન ધીન ધબાક,
તા... થૈયા... તા.. થૈ ના ખેલમાં હસતા રમતા
કમાતા સહુ કોઈ,
દરિયા સમું દિલ ને સાગરનું સંગીત,
અમારા 'ફીલિંગ્સ'ની લહેરાતી
લાગણીઓમાં આજે ઊજવાતું આ મુંબઈ.

– દીપા દેસાઈ



**પરણેલા અને કુંવારામાં શું ફરક હોય છે?**

**કુંવારા હોય એ ડેરીમિલ્ક લેવા જાય અને પરણેલા હોય એ ડેરી એ મિલ્ક લેવા જાય**

**બસ.. આટલો જ ફરક હોય છે.**

## અદ્ભૂત છે આ બધું! આભાર... પ્રભુ!

મને અદ્ભૂત શરીર આપનાર હે પરમેશ્વર!!
કોઈ અરજી નહોતી કરી કે નહોતી કોઈની ભલામણ કરી, છતાં
માથાના વાળથી લઈ અંગૂઠા સુધી ૨૪ કલાક ભગવાન તું રક્ત પ્રવાહિત કરે છે.
જીભ પર નિયમિત લાળ અભિષેક કરે છે. નિરંતર તું મારું હૃદય ચલાવે છે.
એને ચલાવવાવાળું એવું કયું યંત્ર તે ફિટ કર્યુ છે હે ભગવાન?
પગના નખથી લઈ માથાના વાળ સુધી કોઈ અડચણ વગર સંદેશા વહન કરવાવાળી પ્રણાલી... કઈ અદ્રશ્ય શક્તિથી ચાલી રહી છે એ જ કાંઈ સમજાતું નથી!
હાડકાને માંસમાં બનવાવાળું રક્ત કેવુ અદ્વિતીય આર્કિટેકચર છે એનો કોઈ અંદાજ નથી.
હજાર-હજાર મેગા પિકસલવાળા બે-બે કેમેરા દિવસ-રાત બધા દ્રશ્યો કેદ કરી રહ્યાં છે.
દસ હજાર ટેસ્ટ કરવાવાળી જીભ નામની ટેસ્ટર,
અગણિત સંવેદનાનો અનુભવ કરવાવાળી ત્વચા નામની સેન્સર પ્રણાલી.
જુદી જુદી ફ્રીકવન્સીનો અવાજ ઉત્પન્ન કરવાવાળી સ્વર પ્રણાલી અને એ ફ્રીકવન્સીનો કોડિંગ-ડિકોડિંગ કરવાવાળા કાન નામના યંત્ર વાહ અદ્ભૂત છે..
૭૫% પાણી ભરેલા શરીર રૂપી ટેન્કરમાં ચામડી ઉપર લાખો છિદ્ર હોવા છતાં ક્યાંયથી લીક નથી થતું.
કોઈ આધાર વિના હું ઊભો રહી શકું છું... ગાડીના ટાયર ઘસાય છે, પણ પગનાં તળિયા ક્યારેય ઘસાતાં નથી.
કેવી અદ્ભૂત એવી રચના છે. દેખભાળ, સ્મૃતિ, શક્તિ, શાંતિ આ બધું ભગવાન તું આપે છે તું જ અંદર બેસીને શરીર ચલાવે છે.
અદ્ભૂત છે આ બધું અવિશ્વસનીય.
સમજમાં ના આવે તેવાં શરીર રૂપી મશીનમાં હંમેશાં તું જ છે.
એનો અનુભવ કરાવવાવાળો આત્મા ભગવાન તેં એવો ફિટ કરી દીધો છે કે હવે શું તારી પાસે માંગું?
બસ એક જ માંગું છું...
તારા આ ખેલનો નિસ્વાર્થ પ્રેમનો ભાગ રહું એવી સદ્બુદ્ધિ મને આપો.
તું જ આ બધું સંભાળે છે એનો અનુભવ મને હંમેશાં આપો,
રોજ પળપળ કૃતજ્ઞતાથી તારો ઋણી હોવાનું સ્મરણ મને આપો.
હે પ્રભુ આ જીવ તેં આપ્યો છે
એની સંભાળ હું કરીશ પણ સારવાર તું કરજે. એવું મન મને આપો કે, જગતના સર્વ જીવો તારા તુલ્ય જ દેખાય
આભાર... પ્રભુ
કાલ રાત સુધીની સરસ જિંદગી માટે અને આજની સરસ સવાર માટે હું તારો આભાર વ્યકત કરું છું
આખું જગત નિર્દોષ લાગે અને કેવળ મારા કર્મો જ દોષી લાગે...
અને
એક આંખમાં જગતના દોષ જોવાનું બંધ થાય અને બીજી આંખમાં જગતને દોષ દેવાનું બંધ થાય.
આખું જગત ઉપકારક લાગે.
મારી આજુબાજુના સર્વેને એમના દોષોને ઓળંગીને ચાહું...

Owned & Published by Atul J. Shah
(Hi-Tech Vision) Feelings Multimedia Ltd., 102-104, Pacific Plaza, V.I.P. Road, Karelibaug, Vadodara - 390018. (M) 98253 28488 Editor : Atul Shah

# MUSIC LAUNCH | BRIGHT OUTDOOR MEDIA LIMITED














**Bright Outdoor Media** proudly steps into the spotlight as the **Strategic Partner** for the launch of **"Ranjhan"** by Kaccha Lemmon Productions in association with Desi Tadka Music.

Bright continues to expand its footprint — creating platforms where entertainment and visibility come together at scale, because every great song deserves a grand stage.

info@brightoutdoor.com +91 98193 71103

# આર.આઈ.એલ.-જામનગર : વિશ્વનું સૌથી વિશાળ રિફાઈનિંગ મથક




રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી દૈનિક ૧.૨૪ મિલિયન બેરલ ક્ષમતા ધરાવતી રિફાઈનરી વિશ્વની એક જ સ્થળે આવેલી સૌથી મોટી રિફાઈનરી તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ રિફાઈનરી વિવિધ પ્રકારના ક્રૂડના શુદ્ધિકરણની ક્ષમતા ધરાવે છે અને તે પણ વિશ્વભરમાં સૌથી ઓછી કિંમતે. આ સંકુલનો ઝડપી વિકાસ જ ભારતના પરિવર્તનના કેન્દ્રમાં રહેલો છે. આ રિફાઈનરી સ્થપાતા ભારત પેટ્રોલિયમ ઉત્પાદનોના આયાતકારમાંથી તેનું નિકાસકાર બન્યું અને તે રીતે દેશની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત બની. આર.આઈ.એલ. વિશ્વના સૌથી મોટા સંકલિત પેટ્રોરસાયણ ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે અને તેનું લક્ષ્ય વિશ્વના ટોચની પાંચ સૌથી નફાકારક કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે.

## સુનિશ્ચિત કરે છે દેશની ઊર્જા સુરક્ષા

રિલાયન્સ
ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

વૃદ્ધિ એ જ જીવન